સરસ્વતીચંદ્ર ભાગ ૧, મૂલ્ય રૂ. ૨ાા

સરસ્વતીચંદ્ર ભાગ ૨, મૂલ્ય રૂ. ૨ા

સ્નેહમુદ્રા, મૂલ્ય રૂ. ૧

ઉપર લખેલાં પુસ્તકો નીચે લખેલે ઠેકાણે તપાસ કર્યેથી મળશે.

મુંબાઇઃ—કાલકાદેવી રોડ ઉપર અગીઆરીને રસ્તે
મલ્હારરાવ વાડીમાં
કર્તાની ઑફીસમાં.
„ „ એન. એમ. એન્ડ કંપની.
„ „ પંડિત જેષ્ઠારામ મુકુંદજી.

સુરતઃ—એમ. જે. પોસ્ટવાળા, નાણાવટ.

ભરૂચઃ—જુના બજારમાં રા. રા. સંતોકભાઇ જીવણરામ.

અમદાવાદઃ—ખાડીયામાં સાકરલાલ બુલાખીદાસની કં.

સરસ્વતીચંદ્ર.

નવલકથા.

ભાગ ૨.

ગુણસુંદરીનું કુટુંબજાળ.

કર્તા

ગોવર્ધનરામ વિ. માધવરામ ત્રિપાઠી,

બી. એ., એલ્. એલ્. બી., વકીલ, મુંબાઇ હાઇકોર્ટ.

"Shalt show us how divine a thing
"A woman may be made."—

Wordsworth, To a Young Lady.

સર્વ અધિકાર સ્વાધીન.

મુંબાઇ;

નિર્ણયસાગર મુદ્રાયંત્રમાં મુદ્રાંકિત.

સંવત્ ૧૯૪૮. ઇ. સ. ૧૮૯૨.

साहित्य शोध ... २०... प्रि. सं. ... क्रमांक ... अजमेर

અનુક્રમણિકા.

પ્રકરણ.		પૃષ્ઠ.
૧	મનોહરપુરીની સીમ આગળ.	૧
૨	બ્હારવટિયું મંડળ...	૫
૩	ઘાસના બીડમાં પડેલો	૧૫
૪	ગુણસુંદરી...	૨૫
૫	ગુણસુંદરી—(અનુસંધાન)...	૭૨
૬	મનહરપુરીમાં એક રાત્રિ	૧૩૬
૭	જંગલ, અંધારી રાત, અને સરસ્વતીચંદ્ર	૧૫૫
૮	કુમુદસુંદરી સુવર્ણપુરથી નીકળી	૧૬૬
૯	પ્રાતઃકાળની તૈયારિયો	૧૭૧
૧૦	બ્હારવટિયાઓનો ભેટો	૧૭૮
૧૧	હોલાયલી આગનો બાકી રહી ગયેલો તનખો...	૧૯૧

સરસ્વતીચંદ્ર.

ભાગ ૨.

ગુણસુંદરીનું કુટુંબજાળ.

સરસ્વતીચંદ્ર.

ભાગ ૨.

ગુણસુંદરીનું કુટુંબજાળ.

પ્રકરણ ૧.

મનોહરપુરીની સીમ આગળ.

મનોહરપુરી સુવર્ણપુરથી દશેક ગાઉને છેટે છે. પુરાતન કાળમાં એ એક મહાન નગરી હતી. વિદ્વાન, સ્વતંત્ર, અને પ્રતાપી રાજાઓનું તે રાજનગર હતું. કાળબળે તે રાજાઓને મ્લેચ્છ લોકે જીતી લીધા અને મનોહરપુરીની અવદશા થઇ જતાં ત્યાં આગળ માત્ર એક ગામડું રહી ગયું અને મનોહરિયું, મનોરિયું વગેરે ક્ષુદ્ર નામોથી ઓળખાવા લાગ્યું. આજ એ ગામ રત્નનગરીના રાજાના પ્રદેશમાં હતું, અને ઇતિહાસપૂજક ચિત્તવાળા કારભારી વિદ્યાચતુરને તે પ્રિય હોવાથી તેની સવિશેષ સંભાળ લેવામાં આવતી હતી. વિદ્યાચતુરનો જન્મ પણ એ જ ગામમાં હતો. વળી બીજાં પણ ઘણાંક કારણોને લીધે તેને મન એ ગામ પ્રિય લાગતું. વિદ્યાચતુરનું મોસાળ અને ગુણસુંદરીનું પિયર આ જ ગામમાં હોવાથી, તેમ જ બાલ્યાવસ્થા તથા યુવાવસ્થાનો આરંભ આ દમ્પતીએ આ જ ગામમાં ગાળેલો હોવાથી, મનોહરપુરી ઉભયને મનોહર લાગતી અને “મનોહરપુરી” નામનો તેમણે જીર્ણોદ્ધાર કર્યો હતો.

સર્વ કૃત્રિમ વૈભવ નષ્ટ થવા છતાં ઈશ્વરે આપેલી સુંદરતા આ ગામને છોડી ગઇ ન હતી અને તેને લીધે તેમજ બીજાં કેટલાંક કારણોથી ઘણાક લોકને એ સ્થળ પરિચિત અને પ્રિય હતું. સુવર્ણપુર, રત્નનગરી, અને ઇંગ્રેજી રાજ્ય, એ ત્રણેના અધિકાર નીચેના પ્રદેશનું તે મધ્યસ્થાન હતું અને ત્રણે રાજ્યોની સીમ મનોહરપુરીની સીમ સાથે ભેટતી હતી. આ રાજ્યોની તેમજ ઈશ્વરરચનાની સીમનું પણ તે મધ્યસ્થાન હતું. પશ્ચિમમાં અર્ધ ગાઉને છેટે સમુદ્ર હતો તેથી પ-

ગ્રિમ પવનની લ્હેરો શીતળ તથા રમણીય થઇ ઉન્હાળાની દુઃસહતાને મનોહરપુરીમાંથી દૂર કરતી. ઉત્તરમાં સુંદરગિરિ નામના ન્હાના પણ સુંદર પર્વતનો આરંભ થતો. બીજી બે પાસ મ્હોટાં વન હતાં. પૂર્વમાં આંબાનાં વન, અતિ વિસ્તારી અસંખ્ય વડની ઘટાઓ, શેરડીનાં ખેતર ઇત્યાદિથી આ ન્હાના ગામડાની દૃષ્ટિસીમા રોકાઇ ગઇ હતી. ઉંચાં અને લીલાંસુકાં તાડનાં વન દક્ષિણ દિશામાં સુંદરતાની ધજાઓપઠે ફરકતાં હતાં અને તેમનાં લાંબાં તથા ફાટચાંત્રુટચાં પાંદડાં પટાવાળા ધ્વજપટથી જુદી જાતનાં ન હતાં. ભદ્રાનદીની સુભદ્રા નામની શાખા પૂર્વમાંથી દક્ષિણમાં આવી વાંકીચુકી ગતિથી ચાલતી સર્વ વનોમાંનાં પાંદડાં તથા ફળપુષ્પોને પોતાની છાતી ઉપર વ્હેતી વ્હેતી મંદ પણ સ્થિર ઝીણો સુસ્વર કરતી કરતી તાડના મૂળ આગળ આવી સમુદ્રમાં ભળતી હતી. આ નદીને લીધે તાડના વનમાં બીજી વનસ્પતિ પણ ગુંથાઇ ગઇ હતી. ચૈત્રના શુક્લપક્ષના આ સમયમાં ઉતરતા વસંત તથા આવતા ગ્રીષ્મનો સંધિ થતો હતો તે પ્રસંગે સુરંગિત મ્હોર તથા સુવાસિત કેરિયોથી ઉભરાતું આંબાનું વન અને ભરતી પામતો સમુદ્ર મનોહરપુરીની પૂર્વ પશ્ચિમમાં સુંદરતાના ત્રાજવામાં તોળાતાં હતાં.

આંબાના વન અને તાડના વનને જુદાં પાડી સુવર્ણપુરથી નીકળતો રસ્તો નદીની પેઠે ઉભય પાસનાં વનના તટ વચ્ચે વ્હેતો હતો અને મનોહરપુરી ભણી વળતો હતો.

ચારેપાસનાં વનોમાં સંતાઇ રહેલી સંધ્યાકાળે જ્યારે, ભય માત્ર તજી બહાર નીકળી પડી, ગોળ સૂર્યને તાડના વનની પાછળ ગરબડાવી પાડ્યો અને તે જ્યોતિનું તેજ અસ્ત થતું થતું પણ ઉંચાં તાડના શિખર ઉપર ટકી રહેલું દેખાયું ત્યારે સંધ્યાકાળે શીતળ કરી દીધેલા રસ્તા ઉપર રગશિયું ગાડું ઘસડાતું હતું અને વિશ્રામસ્થાન પાસે આવ્યું જાણી થાકેલા બળદને જોર આવતું હતું. જે ગાડામાં બેસી સરસ્વતીચંદ્ર નીકળ્યો હતો તેજ આ ગાડું હતું. ગાડાવાળો એનો એજ હતો, પણ અંદર સરસ્વતીચંદ્ર અથવા એના સાથમાંનું કોઇ પણ માણસ ન હતું. ગાડાની સાથે ચાલનારો દંડી સંન્યાસી માત્ર અંદર ચ્હડી બેઠો હતો. બનેલા બનાવ ન સમજનાર બળદને માથે માત્ર આ બે જણનો જ ભાર હતો.

ગાડાવાળો અને સંન્યાસી ગમત કરતા ગપાટા મારતા હતા અને

ગાડું ખખડતું ખખડતું બે વન વચ્ચેની ખીણ જેવા રસ્તાપર દોડતું હોય એમ ચાલતું હતું. સંન્યાસીના હાથમાંનો દંડ નિર્ભય સ્થિતિમાં ગાડાના પાંજરાપર આડો પડ્યો હતો અને તેની આકાશ ભણીની અણી લોહીવાળી થઇ હતી. ગાડાવાળો સ્વસ્થ હતો પણ સંન્યાસીના મનમાં કાંઇક શંકા હોય તેમ તેની આંખ સાવધાન રહેવાનો પ્રયત્ન કરતી ચારપાસ કીકી ફેરવતી હતી.

ગાડાની પાછળ જે ત્રણ સ્વાર સુવર્ણપુર આગળથી ચાલતા હતા તે અત્યારે દેખાતા ન હતા. **સરસ્વતીચંદ્ર** ચાલ્યો જતો જોઇ કુમુદસુંદરીએ પોતાને તેડવા આવેલા સ્વારોમાંથી એ ત્રણ જણને કેટલીક સૂચના આપી **સરસ્વતીચંદ્રની** પાછળ મોકલ્યા હતા. અબ્દુલ્લા, ફતેસંગ, અને **હુરભમજી** એવાં એ ત્રણ સ્વારનાં નામ હતાં.

ગાડું ચાલવા માંડ્યું ત્યારે તેની આગળ જે સ્વર તથા હોંકારા આવતા હતા તે હવે શાંત થઇ ગયા હતા અને તે સ્થળ ગાડું ક્યારનું વટાવી ચુક્યું હતું. આંબાનું વન ઇંગ્રેજી સીમમાં હતું, તાડનું વન સુવર્ણપુરના રાજ્યની સીમમાં હતું, અને બેની વચ્ચેના રસ્તાનું મુખ **મનોહરપુરીની** સીમમાં હતું. તે સીમમાં એક પૂર્વપશ્ચિમ રસ્તો હતો અને ત્યાં આગળથી દક્ષિણ ભણીનો રસ્તો બંધ થતો હતો—ભળી જતો હતો. ત્રણ દિશાના માર્ગ મળતા હતા ત્યાં આગળ આમ ત્રિભેટો થતો હતો; ગાડું ત્રિભેટા આગળ આવી અટક્યું તે સમયે અંધકાર આકાશમાંથી ઉતરી પડ્યો અને રાત્રિ પણ વિશ્વને ભેટી પડી. ચંદ્રમા ડોકિયું કરી જતો રહ્યો. ત્રિભેટાને મધ્યસ્થાને એક વડનું ઝાડ હતું તેની નીચે સંન્યાસીની ઇચ્છાથી ગાડાવાળાએ બળદ છોડ્યા અને બે જણ ગુપચુપ અંધારામાં વાતો કરવા લાગ્યા.

ગાડાવાળોઃ—“ ઠાકોર, હવે મને જવા દ્યો. આ તરભેટામાં ત્રગણો ભો, તમે તો છુટા, પણ મ્હારાં તો ઘરબાર જશે.”

સંન્યાસીઃ—“ હવે છાનો—છાનો,! પેલા હુરભમના મારથી મ્હારા જમણા પગનું હાડકું કળે છે તે મ્હારાથી ચલાય એમ નથી ને મ્હારે આ આંબાવાડિયાની પેલી પાર **વીરપર** જવું છે, ત્હારા ગાડાવિના ત્યાં નહી જવાય.”

ગાડાવાળોઃ—“ તે **વીરપરમાં** કિયો બાપ તમને સંઘરવાનો હતો જે? “ રાણો ખાચર તમને ને મને બેને બાંધી સોંપી દેશે.”

સંન્યાસીઃ—"બા, દીઠા નથી હજી સુરસંગના હાથ. આ હાથ આજ
"ભૂપસિંહની ગાદીને હલમલાવે છે ને બુદ્ધિધનને ઉજા-
"ગરા કરાવે છે. એ દિવસમાં જોઇ કે નહી ઉથલપાથલ
"કરી છે તે?"

ગાડાવાળોઃ—"ત્યારે વીરપર જઈ શું કરશો?

સુરસંગઃ—"રાણા ખાચરની અમારે મ્હોટી ઓથ છે. ત્હારે એમના
"ભણીની બ્હીક રાખવી નહી. સરકારમાં એ ગમે તે બો-
"લશે, કાગળમાં ગમે તે લખશે, પણ સુરસંગનો વાળ
"વાંકો નહી થવા દે."

ગાડાવાળોઃ—"ત્યારે પેલા વાણિયા બ્રાહ્મણ ગાડામાં બેઠા હતા તેનું શું
"કરશો?"

સુરસંગે આ પ્રશ્નનો ઉત્તર ઉડાવ્યો એટલામાં છેટે અંધકારમાં રણશીંગુ વાગ્યું, સુરસંગે ઉત્તરમાં શિયાળના જેવો વિચિત્ર સ્વર કર્યો, થોડી વારમાં કેટલાક પગનો ઘસારો સંભળાયો, સુરસંગ વડવાઇઓના મુખ આગળ ઉભો રહી ચલમ ફુંકી તેમાંથી ભડકા ક્હાડવા લાગ્યો, અને થોડાંક માણસ આવ્યાં તેને સાથે લેઇ વડનીચે અસલ જગાએ આવી પાછો બેઠો. આવેલામાંથી એક માણસ ગાડાવાળાને લેઇ આવતું જતું માણસ સાચવવાને નિમિત્તે વડવાઇ આગળ જઇ બેઠો એટલે બ્હારવટિયાઓ અંતઃકરણ ઉઘાડાં કરવા લાગ્યા.

તેમની પાસે હવે કોઇ પારકું માણસ ન રહ્યું. માત્ર સઉનાં માથાં ઉપર ડાળોનાં પાંદડાંમાં કોઇ બેઠું હોય તેમ જરાક ઘસારો થયો. સુરસંગે ચલમ સળગાવી ઉંચું જોયું અને કાન માંડ્યા. પણ તરત પાછો વાતોમાં ભળ્યો.

ચલમમાં ભડકો થતો ત્યારે ઉપરની ડાળોમાં તે તેજનું પ્રતિબિંબ પડતું હોય તેમ આગિયા કીડાની પાંખના જેવો ચમકારો સ્પષ્ટ થતો હતો પણ તેપર કોઇનું ધ્યાન ખેંચાયું નહી, અને ચારપાસના અંધકારની પેઠે નિષ્કંટક પરંતુ પવનથી હાલતાં ઉપરનાં પાંદડાંના સ્વરની પેઠે ધીમે સ્વરે બ્હારવટિયાઓની વાર્તાનો રસ કર્ણોપકર્ણ છાનોમાનો જામવા લાગ્યો.

પ્રકરણ ૨.

બ્હારવટિયું મંડળ.

થોડે થોડે વડનીચે પચાશ પોણોસો માણસ એકઠું થઇ ગયું. પણ કોઇ કોઇની સાથે બોલતું ન હતું. માત્ર પગના ઘસારા અને હથિયારોના ખડખડાટ સંભળાતા હતા. એવામાં એક જણ એક મસાલ સળગાવી ચારેપાસ ફરી વળ્યો અને સઉનાં મ્હોં તપાસી સુરસંગપાસે આવ્યો અને તે નીચે બેઠો એટલે સઉ મંડળ બેસી ગયું. ચારપાંચ માણસો મસાલો સળગાવી સઉ મંડળની આસપાસ લક્ષ રાખતા ઉભા રહ્યા, અને ચાર માણસો વડની ચારે દિશા જોતા હાથમાં બંધુકો રાખી ઉભા. સર્વ માણસ મજબુત બાંધાના હતા. કોઇ ઠીંગણા ગાંઠા જેવા, કોઇ લાંબાપ્હોળા, કોઇ એકલા ઉંચા પણ તરી આવતી નસોવાળા, પણ સર્વ શૂરવીર દેખાવના હતા અને જુનાં તથા નવાં જુદી જુદી જાતનાં હથિયાર તેમના હાથમાં હતાં. સુરસંગની આસપાસ ચાર વૃદ્ધ અને બે જુવાન ગરાસિયા અને એક બ્રાહ્મણ એટલા કુંડાળું વળી બેઠા.

"બાપા," બે જુવાનમાંનો ન્હાનો માથું ઉંચુ કરી બોલ્યો, "હવે "બુદ્ધિધન જખ મારે છે! એના દીકરાની વહુ ભદ્રેશ્વર જવા નીકળી "છે અને અંબા સહાય થઇ તો આજ વડપાસે આપણા હાથમાં સવારે "આવશે, પછી એ ધીરપુર પચાવી પડ્યો છે તે જીવતી માખ ગળ્યા "જેવું થશે."

બ્રાહ્મણ જરા પાસે આવ્યો અને બોલ્યો. "ઠાકોર, પરતાપસંગ "બાપુ બરાબર ક્હેછે, પણ મ્હારું બ્રાહ્મણ ભાઇનુંયે જરા સાંભળ્યું "જોઇએ. એ બાઇને પકડ્યાથી બીજો શત્રુ થશે. રત્નનગરીવાળાને "વેરી કરવાથી હાંસલ નહી થાય. પછી તો તમે જાણો. અમે તો "પશ્ચિમબુદ્ધિવાળા બ્રહ્મબંધુ."

પ્રતાપસિંહનો ન્હાનો પણ બુદ્ધિવાળો ભાઇ વાઘજી બોલ્યો. "બાપા, "શંકરમહારાજ ઠીક ક્હેછે. વળી સ્ત્રી અને બાળક એને હેરાન ન "કરવાં એ આપણો નિયમ છે તેથી તો આપણને બધી વસ્તીની મ- "દદ છે તે પણ ભાઇના કહ્યા પ્રમાણે કર્યાથી બંધ થશે."

પ્રતાપસિંહ ક્રોધમાં આવી બોલી ઉઠ્યો: "વાઘજી, હજી તમે "ખરો વિચાર કરી શકતા નથી. રાણા ખાચરને ભૂપસિંહ કરતાં "રાણા મણિરાજપર વધારે વેર છે. આ જ કારણથી સામત સુળુને

"ખાચર આપણા કરતાં વધારે મદદ આપે છે. સામત અને આ-
"પણે એક થઇ જઇએ તો ખાચરની મદદ વધારે થશે."

વાઘજી પોતાના ભાઇના સામું ગુંચવારા ભરેલી નજરથી જોઇ રહ્યો. મણિરાજ રત્નનગરીનો રાજા હતો અને સામત મુળુ એની સામે બ્હારવટે નીકળેલો હતો. કુમુદસુંદરી વિદ્યાચતુરની દીકરી એટલે એને પકડવાથી સામત અને સુરસંગ એનો સંબંધ ધાડો થાય એ સ્પષ્ટ હતું. પરંતુ પ્રતાપની સૂચનાનું ખરું કારણ આ ન હતું. તે વિષયી હતો અને કુમુદને પકડવામાં પિતાનો સ્વાર્થ પૂરવા કરતાં પોતાની વાસના પૂરવાની ઇચ્છા તેને વધારે હતી. સુરસંગ વાઘજીનું મન સમજી ગયો, પરંતુ તેનો પોતાનો વિચાર કંઇ જુદોજ હતો.

સુરસંગ એ જડસિંહનો ભાયાત હતો પણ શઠરાયે એના કબજામાંથી ધીરપુર લેઇ લીધું અને સુરસંગને ન્યાયનું દ્વાર ન જડવાથી બ્હારવટું લીધું હતું. ભૂપસિંહને અને સુરસંગને મૂળ સ્નેહ હતો અને ભૂપસિંહ ગાદીપર બેઠા પછી પોતાના ગ્રાસની આશા રાખી હતી. પરંતુ શઠરાય ભૂપસિંહ અને સુરસંગનો મેળાપ થવા ન દેતો. ભૂપસિંહને ખાનગી સંદેશો ગયેજ વર્ષે ક્‌હાવતાં સુરસંગને ઉત્તર મળ્યો હતો કે 'તમે ધીરજ રાખો, હળવે હળવે સઉ થશે.' આથી શાંત રહી સુરસંગે કંઇ તોફાન કર્યું ન હતું. ભૂપસિંહના મનમાં એવું હતું કે શઠરાયનો કારભાર બદલાયા પછી આ કામ કરવું. આ કારણ જાણતો ન હોવાથી સુરસંગ ધીરજ રાખી શક્યો નહી અને શઠરાયનાજ તરફથી સંદેશો આવતાં લુટફાટ કરવા મંડયો હતો. પણ તેના મનમાં એમ હતું કે આમ કરી ભૂપસિંહને ડરાવી બધી બાબતનો નીકાલ આણવો. કુમુદસુંદરીને પોતાનાં માણસો પાસે કેદ કરાવવી, પોતે છુટાં ર્‌હેવું, ઉપકાર કરતો હોય એમ બુદ્ધિધનને પાછી સોંપવી, અને એ ઉપકાર સંપૂર્ણ થઇ ર્‌હે તે પ્હેલાં બુદ્ધિધનને ઉપકારવશ તેમ જ ભીતિવશ રાખવો અને પોતાનું કામ ક્‌હાડી લેવું એવો તેના મનનો બેસ હતો. પ્રતાપ તામસી વૃત્તિવાળો અને બાપની પરવા ન કરે એવો હતો. તેની ઇચ્છામાં હાલ દેખીતું વિઘ્ન પડશે તો તે વિવાહનું વર્પી કરી બેસશે એમ પણ હતું. બે દીકરા શાંત ર્‌હે એવો માર્ગ તેણે શોધ્યો. તેણે એની વાત ઉડાવી અને પાસે બેઠેલા વૃદ્ધોને પુછવા લાગ્યો:

"ક્‌હો ભીમજી, તમે શા સમાચાર આણ્યા? ચંદનદાસ, તમે
"પણ તમારી હકીકત બોલો."

ભીમજી વૃદ્ધ ગરાસિયો હતો અને સુરસંગની સાથે નિઃસ્વાર્થી પ્રીતિને લીધે બ્હારવટે નીકળ્યો હતો અને સર્વ મંડળમાં અત્યન્ત વિશ્વાસનું પાત્ર હતો. રજપુત લોહીના પ્રવાહને વૃદ્ધાવસ્થાએ કાંઇક શાંત કર્યો હતો અને અનુભવે તેમાં ડ્હાપણનો પટ ભેળવ્યો હતો. બ્હારવટિયા સુરસંગની એક ખાસ ટોળીનો તે નાયક હતો. રત્નનગરી અને સુવર્ણપુરની સીમ તેને સોંપી હતી. ચંદ્રકાંતના રથ ઉપર તેણે હુમલો કર્યો હતો અને તે બાબતના સમાચાર તેની પાસે હતા.

ચંદનદાસ એક વાણિયો હતો અને તે છતાં કદાવર તથા લ્હડવઇયો હતો. રજપુતોના પરિચયથી તેમનો પટ તેને બેઠો હતો. જાતિગુણનો તેનામાં માત્ર એટલોજ અંશ હતો કે સામ દામ અને ભેદથી કામ થાય ત્યાંસુધી દંડસાધન ઇચ્છતો ન હતો અને સ્વાર્થવિના લ્હડી પડવું એ તેની પ્રકૃતિ ન હતી.

સરસ્વતીચંદ્રને લેઇને સુવર્ણપુરથી નીકળેલું ગાડું આંબા અને તાડનાં વન વચ્ચેના રસ્તાના આરંભ આગળ આવી પ્હોચ્યું ત્યારે પાછલા પ્હોરના ત્રણ વાગવા આવ્યા હતા અને આંબાઓની ઘટામાં ચંદનદાસ બ્હારવટિયાઓનું એક ટોળું લેઇ પડાવ નાંખી રહ્યો હતો અને સંન્યાસીને વેશે સુવર્ણપુરની સ્થિતિ તપાસી આવતા સુરસંગની વાટ જોતો હતો. સુરસંગ જેલમાં જઇ શઠરાયને મળી આવ્યો હતો, ગરબડદાસસાથે બ્હારોબ્હાર સંબંધ રાખવા ટપાલ ગોઠવી મુકી હતી, સરસ્વતીચંદ્ર બુદ્ધિધનના ઘરનો માણસ છે એ તપાસ કરી હતી, રાણાના મ્હેલમાં પ્હેલીજ રાત્રે તે ગયો હતો એ ખબર મેળવી હતી, અને તેને પકડ્યાથી લાભ સમજી તેના ગાડા જોડે ચાલતો હતો.

આંબા અને તાડના વનના મુખ આગળ ગાડું આવ્યું અને ઉઘાડું મેદાન બંધ પડયું એટલે સુરસંગ ગાડાથી આગળ નીકળ્યો. ચંદનદાસ ઝાડીમાંથી બ્હાર આવ્યો અને સુરસંગે કરેલી સાન ઉપરથી ચેતી આઠેક માણસો હથિયારબંધ લેઇ ગાડાઉપર ત્રુટી પડ્યો. એક જણે તરવારવડે જોતરાં કાપી બળદનો કબજો લેઇ લીધો. ગાડાવાળો રાશ લેઇ એકપાસ ઉભો અને ધ્રુજતો ધ્રુજતો ક્હેવા લાગ્યો. “બાપુ
“બ્રાહ્મણ વાણિયાં કાંઇ સામાં થાય એવાં નથી. અમસ્તી હત્યા ન
“કરશો—પાસે હશે તે આપશે અને ક્હેશો તે કરશે. હું તો મ્હારે
“ગાડીવાળો છું.”

ગાડીમાંથી વાણિયાને એક જણે ઉચકી હેઠે નાંખ્યો અને તે

નીચે પડી પોક પોક મુકી રોવા લાગ્યો; જુવાન વાણિયણ ગભરાઇ ગઇ અને એક જણે નીશાની કરી તે પ્રમાણે પઇડાં ઉપરથી ઉતરતાં ઉતરતાં નીચે પડી ગઇ અને તેના શરીરપરથી દાગીના એક બે સરી પડ્યા તે લેવામાં બે જણ ગુંથાયા. બાઇને ભાંય ભારે થઇ પડી—તેનાથી બોલાયું નહી–ચલાયું નહી—અને આંખમાંથી માત્ર પાણી ખરખર ચાલ્યું. તેનું ભાન ખસી ગયું અને બોલવાનો યત્ન કરતી જીભ દાંતવચ્ચે અટકી. બીચારીની બોચી ઝાલી એક જણે તેને પકડી રાખી.

સઉમાં અનુભવી ડોસી નીકળી. એક ન્હાની સરખી પોટલીમાં થોડાક રુપિયા રાખ્યા હતા તે પોટલી લુગડામાં સંતાડવી કઠણ ન પડી. સામાન માત્ર ગાડામાં ર્‌હેવા દેઇ હળવે રહી ડોસી બ્હાર નીકળી પડી અને છેટે ઉભી ઉભી બોલીઃ "ભાઇ, આ હું તો મ્હારે લુગડાભેર ગાડા "બ્હાર નીકળી. મ્હારો સામન બધો માંહ્ય છે. જોઇએ તે લેઇ લ્યો. "બ્રાહ્મણી છું—તમારી પાસેથી માગવા લાયક છું. પછી તમને ખપે "તો તમે લ્યો."

"હવે, બેસ, બેસ, બુઢ્ઢી" કરી એક જણ તેને ધોલ મારવા આવ્યો. ડોશી આઘી ખશી ગઇ અને ધોલ ચુકાવી દયામણું મ્હોં કરી બોલી; "ભા, માર્યે મારવી હોયતો. વર્ષે બે વર્ષે મોતનું મ્હોં તો મ્હારે "છે સ્તો, તે એમ જાણીશ કે આજે જ આવ્યું! તનેયે ઘડપણ આ"વજો—સો વરસનો થજે—ભા!—મ્હારા જેવો!" બ્હારવટિયો છક થઇ ગયો અને આઘો ખસી ડોસીને એમને એમ મુકી, પણ દૃષ્ટિ તેના ભણી જ રાખી ગાડા ભણી ગયો. "નાસવાનું કરીશ તો બ્હીક છે— "અંહી જ ઉભી રહીશ તો મને શું કરનાર છે?" ગણી ડોસી ગાડા આગળનો તમાસો જોતી જોતી એક પથરા ઉપર રસ્તાની બાજુએ બેઠી.

સરસ્વતીચંદ્ર ગાડામાં પગથી માથાસુધી ધોતિયું હોડી સુઇ ગએલો હતો તે આ લોકનો ગરબડાટ સાંભળી સફાળો ઉઠ્યો અને વાણિયાને મુકાવા વિચાર થયો ન થયો એટલામાં તો બીજી પાસ વાણિયણની અવસ્થા જોઇ તે પાસ કુદી પડ્યો. તેને સામો થતો જોઇ ચન્દનદાસ અને તેના માણસ એની આસપાસ વીંટાઇ વળ્યા. હથિયાર વિનાનો અને સુકુમાર પુરુષ આ લોકો સામે શું કરી શકે એમ હતું? આખા દિવસના ધૂળ અને તાપ વચેના પ્રવાસથી તેના શરીરમાં તાવ ઉત્પન્ન થયો હતોઃ કુમુદસુન્દરીના વિચારથી તેનું મસ્તિક (મગજ) ઉકળેલું હતું. સ્વપ્નોથી ભરેલી પણ નિદ્રા ભોગવવાથી તે કાંઇક શાંત થયે

હતો તે આ અણધાર્યા પ્રસંગથી બીજા વ્યાપારમાં ગુંથાયો, અને નિદ્રા છુટતાં અકસ્માત્ વાણિયણને બચાવવા કુદી પડ્યો હતો. તેને પોતાની અશક્તિ અને શસ્ત્રહીનતાનું ભાન આવ્યું, તો પણ વાણિયણને હસ્ત બળથી છોડવી અને એક હાથે તેને ઝાલી ભમ્મર ચ્હડાવી હડી ગયેલા બ્હારવટિયા સામું જોઇ રહ્યો. આ જોઇ સુરસંગ અત્યાર સુધી છેટે ઉભો હતો તે હસતો હસતો આવ્યો અને ક્‌હેવા લાગ્યો.

"ચંદનદાસ, આ ભવાઇ હવે જવા દે. આ બઇરાંને જવા દે "અને મરદોને સાથે લેઇ જા. ચંદરભાઇ, હું તમને ઓળખું છું— "જાવ આમની સાથે."

કોપાયમાન મુખવાળો પણ શું કરવું તે ન સમજનાર વિચારમાં પડેલો **સરસ્વતીચંદ્ર** બોલ્યો પણ નહી—ખસ્યો પણ નહી—માત્ર **સુરસંગ**સામો દાંત પીસી ઉભો રહ્યો.

"**ચંદરભાઇ**, તમને લુટવા નથી. હું તમને ઓળખું છું. મ્હારે "તમારું કામ છે—આમની સાથે જાવ—"

સરસ્વતીચંદ્ર ન જ ખસ્યો. **સુરસંગે** પાછળથી આવતા ત્રણ સ્વાર દીઠા અને હોંકારો કર્યો. તેની આંખ ફરી ગઇ.

"જા! જાય છે કે નહી? **ચંદન**, ખેંચી જા આ જુવાનને! "સખત જાપતો રાખજે! એકદમ ચલાવ હથિયાર, ન માને તો. સાળી "બ્રાહ્મણની જાત!—માર વગર માને જ નહી ને!"

ચંદનદાસ અને તેના માણસોએ હાથ ઉગામ્યા અને **સરસ્વતીચંદ્ર**ને ખેંચી ગયા. ખેંચતા હતા તેવામાં પાછળના સ્વારો આવ્યા. તેમને આડીવાટે દોરવા **સુરસંગ** તેમની સાથે લ્હડવા લાગ્યો અને **સરસ્વતીચંદ્ર** ખેંચતાણ કરતો પાછો ન્હાસવા જતો હતો તેને ડાંગવતે ગોધો એવો માર્યો કે તે લોહીવાળો થઇ પડી ગયો. સ્વારોની દૃષ્ટિ તો **સરસ્વતીચંદ્ર** ભણી જ હતી. તેને ઘવાયલો તથા બેભાન લેઇને દોડનાર મંડળની પાછળ તેઓ પણ દોડ્યા. પગના નળામાં વાગવાથી ચાલવાને અશક્ત **સુરસંગ** ગાડામાં બેસી વડતળે આવ્યો તે આપણને ખબર છે.

પણ **સરસ્વતીચંદ્ર**નું શું થયું? વડતળે **ચંદનદાસ** આવ્યો ત્યારે તેના સાથમાં એ ન હતો. **કુમુદસુંદરિયે** મોકલેલા સ્વારો તો ત્રણ હતા પણ તેઓ શૂરવીર અને ઉંચી જાતનાં હાથિયારો લેઇ ઘોડે ચ્હડેલા હતા અને પૂર વેગમાં બ્હારવટિયાઓની પાછળ દોડતા હતા. **ચંદનદાસના**

માણસોની સંખ્યા વધારે હતી, પણ તેઓ સર્વ પાળા હતા, ત્રણ ત્રણ દિવસના અપવાસી હતા, તેમનાં હથિયાર સારાં ન હતાં, દશ દશ વર્ષના નિષ્ફળ બ્હારવટાંથી કંટાળેલા હતા, અને માત્ર વટને ખાતર જ સુરસંગના પક્ષમાં ઘસડાતા હતા; તેમાં અત્યારે પાછળ આવા સ્વારો આવે અને બે માણસોને સાથે ખેંચી ચાલવું ભારે પડ્યું તેમ જ નિરર્થક અને પોતાને વાસ્તે હાનિકારક લાગ્યું. ચન્દનદાસે પણ વણિગ્બુદ્ધિ જ ગ્રહી. આ મુસાફરોને પકડવામાં તેમની પાસે દ્રવ્ય હોય તો તે લુટવા શીવાય બીજો અર્થ સુરસંગના મનમાં હોય એવી તેને કલ્પના પણ ન થઇ, અને "આ માણસો તો ભીખારી છે—મુકો ને પડતા" એ વિચાર કરી, એક ઉંચા ઘાસવાળી જમીનમાં ઘાસ વચ્ચે તેમને સુવાડી દઇ પડતા મુકી, પોતે ભારવિનાના થતાં સ્વારોની નજર ચુકાવી ન્હાસી ગયા. સરસ્વતીચંદ્રને આમ પડતો મુક્યો તેની સ્વારોને ખબર ન પડી અને થોડેક સુધી દોડી નિરાશ થઇ મનહરપુરી ભણી વળ્યા.

ચંદનદાસે આ સર્વ સમાચાર વડતળેની સભાના અધ્યક્ષ સુરસંગને બ્હીતે બ્હીતે કહ્યા. સુરસંગ માત્ર એટલું જ બોલ્યો: "ચંદન-"દાસ, તું ગમે તેવો શૂરવીર છે, પણ વાણિયો છે; રાજકાજનાં કામ "સમજે પણ આખરે ત્હારી નજર વેપારીની. હશે. ત્હેં ત્હારા "ગજા પ્રમાણે કર્યું. કામ સોંપતા પ્હેલાં કામ કરનારનું ગજું જોવું "અને તેનાથી કેટલું ઉપડી શકશે એ ક્યાસ કરી જોવો—એ રાજાનું "કામ છે, ત્હેં થયું તે કર્યું—ત્હારો દોષ નહી, દોષ મ્હારો કે તને કામ "સોંપ્યું. ખરી વાત. દશ દશ વર્ષ થયાં રાજા મટી ધાડપાડુનો ધંધો "લેઇ બેસનારમાં રાજબુદ્ધિ ક્યાંથી રહે? જો બુદ્ધિ હોય તો તમારા જેવા "શૂરવીર અને વટવાળા સાગ્રીતો સાથે હોવા છતાં શું શું બનવું ન "જોઇએ?" સુરસંગનું મ્હો લેવાઇ ગયું—કારણ તેને મનથી હાથમાં આવેલું એક મ્હોટું સાધન જતું રહ્યા જેવું થયું. "વારુ, ભીમજી, ત-"મારે પણ એવી જ કથા કરવાની છે કે કાંઇ બીજી? ભા, ચ્હડતાનું "નસીબ ચ્હડતું, ઉતરતાનું ઉતરતું. બોલો, બોલો, જે હોય તે." વૃદ્ધ ભીમજી આગળ આવી ભૃકુટી ચ્હડાવી તાકી જોઇ બોલ્યો; "સુર-"સંગ, ત્હારા બાપને માથે ત્હારાથી વધારે દુઃખ પડ્યું હતું પણ "તેની છાતી આવી ન હતી—ત્હારા કરતાં જબરી હતી. આટ-"લાથી તું હારી જાય છે ત્યારે હવે બીજું શું કરશે? ત્હારું કામ "તો એ છે કે આ બધાને હીમ્મત આપવી. ચાલ, ચાલ, આમ "નબળા બોલ બોલતાં રજપુતના દીકરાને શરમ નથી આવતી? થોડે

"મ્હડે તે પડે—બીજાને કંઇ પડવાનું હતું? ત્હારો આવો શત્રુ શઠરાય
"તે આજ ત્હારી મદદ માગે છે—કંઇ મ્હારી માગે છે? ત્હારો બાપ
"કોણ? ત્હારી મા કોણ? ત્હારું કુળ કોણ? તું કોણ? જા, મ્હારા
"ભા! દશને ઠેકાણે પચાશ વર્ષ આવાં થાય!—જંગલમાં તો ખાવાનું
"યે મળે છે—પણ કઠણ પ્હાડની ખોમાં બે વરસ ભરાઇ રહેવું પડે!—
"તેમાં શું થયું જે? વાણિયા બ્રાહ્મણને કંઇ એમ થવાનું હતું—રજપુતનું
"રજપુતપણું તરવાર મારવામાં ને તરવારના ઘા સ્હેવામાં જ પૂરું નથી
"થતું. રજપુત! રજપુત બધી જાતનાં દુઃખ ખમતો ખમતો હસે છે
"ને ઇશ્વર ઘા ઉપર ઘા કરે તેમ તેમ રજપુતનું લોહી વધારે વધારે
"ઉકળે છે—તેનું લોહી વધારે વધારે બળવાળું થાયછે! રજપુતને તો
"પોતાની જ ચિંતા હોય છે—પણ રજપુત રાજાને તો પારકી
"ચિંતા પણ હોય છે. બાપુ, તું જુવે છે કની કે આ વાદળાં આખા
"વાદળને કાળું અલક કરી મુકે છે અને વરસવાને સાટે ગાજવીજ
"કરી મુકે છે ત્યારે ઝાડીમાં અંધારી રાતે એકલું ઉભેલું પણ સાવ-
"જનું બચ્ચું ખીજી ખીજીને ફાળ ભરે છે ને સામું ગાજે છે! સુર-
"સંગ! તું સાવજનું બચ્ચું છે—જ્યાંસુધી આ વાણિયા બ્રાહ્મણનો વેશ
"છોડી ત્હારી જાત ઉપર—ત્હારા કુળ ઉપર—નહી આવે ત્યાંસુધી હું
"કંઇ તેને સમાચાર ક્હેવાનો નથી. ત્હારૂં મન આવું થાય ત્યારે તો
"સુરજ આથમણે ઉગવો જોઇએ—તને રજપુત કોણ કહે?—ત્હારી
"સાથે બોલું તો હું ભ્રષ્ટ થઉં—ઘરડો પણ રજપુત છું. ત્હારા બા-
"પની, અને તું રજપુત હતો. ત્યારે ત્હારી, નોકરી કરી છે. ગાજી
"ઉઠ અને જણાવ કે હજી તું એ નો એ મ્હારો શૂરો **સુરસંગ** છે.
"ત્યાંસુધી હું નહી બોલું."

આટલું બોલી **ભીમજી** એકદમ **સુરસંગ** ભણી પુઠ ફેરવી બેઠો.

"**ભીમજી**ભા!"—**સુરસંગ** ડોસાને ખભે હાથ મુકી તેને મ-નાવવા લાગ્યો.

"ભા એ નહી ને બાએ નહી. હું રજપુતનો સગો છું—બી-
"જાનો નહી! બોલ કે **સુરસંગ** હજી નાહીમ્મત નથી થયો."

સુરસંગ **ભીમજી**ના સામો આવી ઉભો અને તેનો હાથ ઝાલી
"તેને ઉઠાડી ગાજી ઉઠ્યોઃ "**ભીમજી**ભા, ઉઠો, ઉઠો! વાણિયાસાથે
"વાણિયાનો વેશ ક્હાડ્યો માટે હું વાણિયો થયો ન સમજશો. **ચં**-
"દનદાસ, ત્હારામાં ઉકળતું લોહી ન હોય તો બોલ ત્હારી નસ ને

"મ્હારી નસ ખોલી મ્હારુ લોહી થોડું લે. ખરુ છે કે સેનાધીશે ધૈર્ય
"ખોયું એટલે સેનાનો નાશ થવાનો જ. સેના એ યુદ્ધ કરનાર અંગ
"છે અને સેનાધીશ એ અંગમાં વસનાર આત્મા છે. સેનાધીશનું શૂ-
"રત્વ એ અંગને ઉકાળનાર અને કુદાવનાર લોહી છે! એ લોહી મ્હા-
"રામાં છે. ભૂપસિંહના વાયદા હવે હું સાંભળનાર નથી. તેનો કા-
"રભારી શઠરાય હો કે બુદ્ધિધન હો—મ્હારે તેની સાથે શો સંબંધ
"છે? ધીરપુર પાછું મેળવવું એ મ્હારો પુરુપાર્થ છે. આ મ્હારું
"મંડળ દશ દશ વર્ષ થયાં રખડે છે. તેનો અંત હવે આવશે એવું
"મ્હારો આત્મા મને ક્હે છે. ક્હો, ભીમજીભા! બીજી વાત પડતી
"મુકી, હવે શું કરવું અને આપણું બળ ક્યાં અજમાવવું તે બતાવો.
"જુવાન લોહી લ્હડે ખરું પણ માર્ગ ઘડપણ જ બતાવી શકે."

ભીમજી સુરસંગનો ખભો થાબડતો ઉઠ્યો અને તેને આનંદથી ભેટી પડ્યો. જુદો પડી આખરે બોલ્યો. "શું કરવું?" એ પ્રશ્નના ઉત્તરના વિચારે અનુભવી રજપુતના લોહીને કંઇક ટ્હાડું પાડ્યું.

"ભા, લ્હડવું એટલે અમસ્તકાં બળતામાં કુદી જ પડવું એમ
"નથી. રત્નનગરીથી કેટલાંક માણસ સુવર્ણપુર જતાં હતાં તેને
"સાંઝે—બરોબર રોળી ટાળીને સમે લુટ્યાં છે. પણ બ્હારવટાનું નસીબ
"પણ બ્હારવટે જ હોય. આ પેટિયો શિવાય તે માણસો પાસે કાંઇ ન
"હતું એ એ પેટિયોમાં તો આ સાહેબલોકશાહી લુગડાંનાં ચીથરાં
"અને આ કાગળિયાં છે. લુટેલાં માણસ સામન નાંખી દેઇ પાછાં
"ગયાં અને સામનમાંથી આ નીકળ્યું! જાણ્યું તું કે પંદર દિવસનું
"ભાથું મળશે—પણ કાગળ ને કપડાં તે પણ એવાં કે વાણિયો વે-
"ચાતાં પણ ન લે! મ્હારી નજરમાં તો હવે એમ આવે છે કે આ
"હવાતિયાં મારવાનું આપણે છોડી દેવું. આપણું બળ એવું નથી કે
"દેશ લુટીને રાજાને કાયર કરિયે. માણસો છે પણ પઇસા વગર પ-
"ગમાં જોર ન હોય અને હથિયારવગર હાથમાં જોર ન હોય. હવે
"આપણે જુદા રસ્તા પકડવા."

"હવે તો શઠરાયની મદદ મળે તે લેવી પણ એના પઇસા લુટ
"કરીને લેતા હતા તેને સાટે એની ગરજે આપ્યા લેવા અને ખબર
"આપે તે સંભાળીને લઇ લેવી. ભૂપસિંહ ગમે તેટલા કોલ આપે
"પણ એ ગાદીપર બેઠો એટલે આપણાં ને એનાં પેટ જુદાં થયાં. હવે
"તો ગમે તો એકાદ રાત્રે શઠરાયની મદદથી રાણાના મ્હેલમાં જઇ

"તેની પાસેથી માગ્યું લેવું—પણ આ સાહસ હજી કરવા જેવું નથી."

"મ્હારી નજરમાં પ્રતાપબાપુએ બતાવેલો રસ્તો બહુ વ્યાજબી "લાગે છે. વાઘજી કહેછે તે ખરું છે પણ બુદ્ધિધનની ચોટલી આ-"પણા હાથમાં આવી એટલે પછી એ ભૂતને ધુણાવવું હશે તેમ ક્યાં "ધુણાવાતું નથી? વિદ્યાચતુરથી પણ આપણું માગ્યું અપાવવામાં "પછી કેમ પાછાં પડાશે? એની દીકરી સારી રીતે જાળવજો એટલે "છુટ્યા પછી એ આપણું સારું જ બોલશે અને તેમ થશે એટલે દુ-"શ્મનાઇનો અંત આવ્યો સમજવો.

"કેમ વાઘજી ભા? એમાં કાંઇ વાંધો છે? બોલી જજો બધા-"માંથી જેને કાંઇ બીજી વાત સુઝતી હોય તો. હા, પછી વખત નથી."

વાઘજીએ ઉત્તર ન વાળ્યો. બીજું મંડળ પણ શાંત આતુરતાથી બેસી રહ્યું.

સુરસંગે ભીમજીના કાનમાં કહ્યું: "શઠરાય હાલ કામમાં લાગે એમ નથી એ મ્હેં કાલ નક્કી કર્યું છે."

ભીમજી મ્હોટે સાદે બોલ્યો: "ત્યારે તો ધાર્યું તે નક્કી કરવુંજ, "હવે વેળા વીતાડવી નહી."

સુરસંગ ટટ્ટાર થયો, છાતી ક્હાડી અને તેની સાથે બધું મંડળ ઉઠ્યું. સુરસંગે બુમ મારી કહ્યું.–"મ્હોટા મળસ્કામાં આ તાડો વચ્ચે "સુભદ્રાનદીની આણીપાર આપણે મળવું—ભીમજી, તમે નદીનાં કોત-"રોમાં રહેજો. ચન્દનદાસ ત્હારે એ વન વચ્ચેના રસ્તાપર ફરવું અને "માણસો આઘેથી આવતાં જણાય એટલે સાન કરવી. નદીના પુલ "આગળ કોઇ મ્હોટા જટાળા ઝાડમાં એક જણને ઢોલ આપી બેસા-"ડવો અને તેની ઢોલ બોલાવે તે પ્રમાણે બધાયે ચાલવું. પરતાપ, "તું રસ્તાની પેલી બાજુએ આંબાના વનમાં રહેજે ને વખત પડયે "આવજે. વાઘજી, તું આ વડની બાજુ સાચવજે. હું ચારે પાસ ફર-"તો રહીશ. સઉએ પોતપોતાનાં માણસ લેઇ છુટાં છુટાં ફરવું અને "વખત આવ્યે ભેળા થવું—હવે શંકર સહાય થશે અને આટલા વ-"રસનાં દુઃખનો છેડો આવશે એ નક્કી."

"ચન્દનદાસ, હું આખો દિવસ સુવર્ણપુરમાં જ હતો, આપણું "ધાર્યું થશે. એ લોકના સાથમાં માત્ર રત્નનગરીના દશેક સ્વાર જ "છે, પણ ફેર એટલો છે આપણે ચીથરે હાલ છિયે અને તે લોકો "સારા સરંજામવાળા છે. બુદ્ધિધનનાં પણ માણસ હશે. માટે સં-

"ભાળીને ચાલવું. જો કાલે લાગ ન ફાવ્યો તો જન્મારો ન ફાવ્યો
"સમજવો—પછી ધીરપુરની આશા મુકવી. મ્હારા શૂરાઓ!
"મ્હારા આટઆટલા વખત થયાં સુખદુઃખના સાથિયો! મ્હારી સાથે
"તમે ઝાડોમાં ને જંગલોમાં આથડ્યા છો; મ્હારે માટે તમે કાંટા-
"ઓમાં ચાલ્યા છો અને નદીના કાદવમાં કળતા કળતા લ્હેડ્યા છો.
"આ ઉઘાડા આકાશ તળે શિયાળા ઉન્હાળાના તહાડતડકા ખમવામાં
"કસર નથી રાખી. ઉપર વરસાદ મુસળધાર અને નીચે કીચ કા-
"દવ તેમાં તમે ભમ્યા છો. સાવજની ગર્જના સાંભળી કંપ્યા નથી
"અને તેના ભયંકર પંઝાને તમારાં બાળકો વશ થયાં છે. પંદર પંદર
"દિવસ ભુખે રહ્યા છો અને વગર દુકાળે દુકાળ વેઠ્યો છે. નહી ઘ-
"રના, નહી બ્હારના; નહી સ્ત્રીના-નહી માબાપના—એમ આટલાં
"વર્ષ ક્હાડ્યાં છે—તેનો બદલો હું શી રીતે વાળનાર હતો? પણ એ
"બધી દશામાંથી છુટવાનો વખત આવ્યો છે, તે કોણ નથી સમજતું?
"આટલું કર્યું તો હવે એટલું જ વધારે કરો કે એક પળમાં શત્રુ
"વશ થાય અને તમને સુખ આપવાનો મ્હારે વારો આવે!!! જે
"અમ્બે! જોગણી માયા! આજ ત્હારે અમારી ઓથ કર્યા વિના
"ચાલે એમ નથી. જોગણી! અંબા! ભવાની! બોલો, જે!"

"અમ્બે માત કી જે"—ચારે પાસ બુમ ઉઠી અને અંધકાર વીંધાઇ કંપવા લાગ્યો.

આ બુમની સાથે સર્વ મંડળ હર્ષવાર્તાનો ગણગણાટ કરતું બ્હાર નીકળ્યું અને ચારે પાસ વેરાઇ ગયું. મનહરપુરીની ગરીબ અજ્ઞાની વસ્તી ઘણી વખત આ મંડળને અહીં મસાલો સાથે મળતું ને હોંકારા કરતું. જોતી પણ જુના કાળમાં પોતાની નગરીની કોઇ સેના આ ભૂતાવળીરૂપે મળતી હશે એમ વાતો કરી અદ્દ્ભુત આશ્ચર્ય પામતી. આ કારણથી આ બ્હારવટિયા ભૂતાવળીમાં લેખાતા અને તેઓ જ ત્યાં મળતા હશે એવી કોઇને શંકા થતી ન હતી.

થોડી વારમાં વડતળે અંધકારનો તંબુ હતો તેવો પાછો પથરાઇ ગયો. માત્ર વાઘજી અને શંકર મહારાજ અંધકારમાં ભૂત પેઠે ઉભા રહ્યા.

"વાઘજીબાપુ, ભાઇની યુક્તિ ફાવી. કુમુદસુંદરીથી એમની દાઢ "સળકી રહી છે તે બાપા જાણતા નથી."

"શંકર, એ હું સમજ્યો છું. મ્હારાથી ધીંગાણાને ઠેકાણે હવે

"નહી જવાય—નીકર હું સંભાળી લેત. હશે. પણ હવે તો સોંપ્યું "કામ કરવું. તું જા. હું બાપાને મળું છું." વાઘજી ગયો.

"બુદ્ધિધનભાઇ, આ લોક હજી તમને ઓળખતા નથી. પણ હું "અત્યારે જઇ કુમુદસુંદરીના સાથને મળું છું. આ લોક ઉદારતા "નહી ચાખે—શિક્ષા ચાખશે—ઠીક, એ તો ઉપાય સુઝ્યો જ!" અંધકારમાં હરણની પઠે ફલંગો ભરતો રસ્તાનો ભોમિયો શૂર બ્રાહ્મણ ચાલ્યો.

ઝાડ ઉપરથી કોઇક હળવે રહીને ઉતર્યું.

પ્રકરણ ૩.

ઘાસના બીડમાં પડેલો.

"વિયોગીને યોગી કરવાનો છે આ પ્રયત્ન માંડ્યો;
"જુવે તું તે સઉ, હોય મૂર્ખ બની આમ રુવે છે પાછો!
"માયાગ્રહથી મુકાવી વિભુશું મેળવવા કર સ્હાયો;
"જુવે તું તે સઉ, હોય મૂર્ખ બની આમ રુવે છે પાછો!"

—ચિતા.

ચન્દનદાસનાં માણસ સરસ્વતીચંદ્ર અને વાણિયાને ઘાસમાં પડતા નાંખી ચાલ્યાં ગયાં હતાં. તે સમયે સરસ્વતીચંદ્રના હાથમાંથી લોહી વ્હેતું હતું અને એ મૂર્છાવશ હતો. પણ પક્કા વાણિયાનો વાળ વાંકો થવા પામ્યો ન હતો.

એ વાણિયો રત્નનગરીનો ર્‌હેવાસી હતો. મૂળ તેને ઘેર ગાંધીનું હાટ હતું, પણ સટ્ટો કરવામાં પ્રથમ લાભ મળ્યાથી તે જ બાબતનો ચડસ પડ્યો હતો અને તેમાંથી ચાળીસ પચાસ હજારનો જીવ થયો હતો. દિવસ ફર્યો એટલે મેળવેલું ગયું અને કરજ થયું. મુંબાઇમાં નસીબ અજમાવ્યું પણ ફાવ્યું નહી. બીજે ઘણે ઠેકાણે ઘણી ઘણી જાતના પ્રયત્ન કર્યા તે વ્યર્થ ગયા. એનું નામ અર્થદાસ હતું અને શ્રીમંતાઇ બે દિવસ આવી એટલે ધનકોર નામની કાળી કન્યા સાથે લગ્ન થયું. પોતાનું કુળ ઉંચું નહી એટલે આઠેક હજાર ધનકોરના બાપને આપવા પડ્યા; અને ધણીને ફોલી ફોસલાવી, છેતરી, માગી, ચોરી તથા હજાર યુક્તિઓવડે ધનકોરે આઠેક હજારનો માલ એકઠો કર્યો હતો. તેમાં અર્થદાસની આંગળી સરખી પેસવા પા-

મતી ન હતી. અધુરામાં પૂરું આજ તો ધનકોર શેઠાણી પણ ખોવાયાં—તે પણ શરીરપર દાગીના સાથે! જ્યારે સરસ્વતીચંદ્ર મૂર્છાવશ હતો ત્યારે અર્થદાસ આ બધું સંભારી હજાર સુખદુઃખના વિચારમાં લીન થતો હતો. ધનકોર તેને પરણી ત્યારે સાત આઠ વર્ષની હતી; તેને ઘેર આવી ત્યારે અગિયારેક વર્ષની કાચી વયની હતી. ન્હાનપણમાંથી તે વગદી અને વલકુડી હતી. ધણી પણ યોગ્ય જ હતો. બાઇ દોકડો ખાવા ન આપે ત્યારે બાઇ બે દોકડા સંતાડે. અર્થદાસને તેની ખબર પડે ત્યારે ધમકાવે પણ મનમાં રાજી થાય કે "રાંડ હોંશિયાર ખરી. મને છેતરે એવી ખબડદાર નીકળી. છો રાંડ ચોરતી "ને સંતાડતી. લેણદાર બધું જપ્ત કરશે ત્યારે એ માલ રહેશે." પણ ધનકોર તો એવી ખબડદાર નીકળી કે ધણીને મરવા વખત આવે ત્હોયે ધનકોરપાસેથી ફુટી બદામ કેવી નીકળે જે? અર્થદાસ ઘણું ઘણું ફોસલાવે—પણ આખરે હારે અને હારતાં હારતાં સંતોષ માને કે "રાંડ માથાની મળી—જેવી જોઇએ તેવી—જોડ-મળી." કરકસરમાં પણ ધનકોર એવી જ ચતુર હતી. ઘરમાં પણ સઉને એ કાયર કરતી. સાસુને રોવડાવે, નણંદને ઉમ્મર ન દેખાડે, જેઠાણીને ફજેત કરે, દેરાણી પાસે દળણું દળાવે, જેઠ દિયરને જોઇને હડકાઇ કુતરી પેઠે ભસે, ધણીની આગળ પોશ. આંસુ પાડી રુવે, અને મનમાં ને ઘરમાં મુકાદમ. ધનકોરનામાં એક ગુણ હતો. તેનામાં કચાલ ન હતી. વગદાપણાને લીધે છેક ન્હાનપણમાં તેની ચાલ બગડે એવો વખત આવ્યો હતો, પણ એ વગદાપણાને વધવાનો રસ્તો અર્થદાસે ઘરમાં જ એટલો બધો સવડ ભરેલો ને મોકળો કરી આપ્યો હતો કે હળવે હળવે આખો દિવસ ઘરમાં જ ગુંથાઇ રહેવાની તેને ટેવ પડી હતી અને એમ કરતાં કરતાં વિષયવાસના ધનના લોભ આગળ નિર્મૂળ જેવી થઇ ગઇ હતી. આથી ધનકોર બીજી રીતે કર્કશા જેવી હોવા છતાં ઘરમાં તેનો મોભો રહ્યો હતો અને સઉ કોઇ તે કહે તે વેઠતાં. કારણ ખરેખરી બાબતમાં ધનકોરવડુ કોઇને નમ્યું આપે એમ ન હતું. "મોઇ "રાંડ, કોણ જાણે ક્યાંએ હશે ને શરીરપર દાગીના છે!" "મનહરપુરી પાસે છે એટલે હરકત નથી;" "બાઇડીની જાત—કાયા ને "માયા એનો બો;" "રાંડ, આજ ઠીક પાંશરી થશે;" "ક્યાં આ "બ્હારવટિયાઓમાં રોતી રખડતી હશે?" "બધાને પૂરી પડે એવી "છે;" "કાચી માયા છે?" "મોઇ રાંડ" "એનું શું થશે? હું—મને એના "જેવી બીજી નહી મળે!" "છો રાંડ અથડાતી—ગાંઠ કરીને બેઠી છે તે

"મને ઝેર ખાવાને યે કામમાં નથી લાગતી;" "હશે, એના તો એના— "પણ એ દાગીના એટલા રહ્યા છે તે યે જશે!" "ગમે તેવી હોયે "આઇ માણસ તે બાળક જ કેની?" "ઓ મ્હારા બાપરે!"—એમ કરી કરી અર્થદાસ રોતો રોતો ચારે પાસે જોતો જોતો ઉઠ્યો અને બે હાથને છેટે સરસ્વતીચંદ્રને પડેલો દીઠો. એની કાંતિ તથા દશા જોઇ દયા આવી અને ઉઠાડવા તથા સ્વસ્થ કરવા ધાર્યું. વળી વિચાર થયો— "મુવો હશે કે જીવતો હશે! ઘેર જ ન જાઉં? બીજા લુટારા આવશે! "હું ક્યાં બલા વ્હોરૂ?" ધનકોરની વ્હાર કરતાં સરસ્વતીચંદ્રની આ દશા થઇ હતી તે સાંભરી અને ઉપકારને દૃષ્ટાંતે સ્વાર્થવૃત્તિને જીતી. વાણિયો બ્રાહ્મણપાસે ગયો અને તેના અંતઃકરણમાં શુદ્ધ દયા વસી.

સરસ્વતીચંદ્રને લોહી ઘણું નીકળ્યું હતું, પણ કંઇક કારણથી બંધ થયેલું જણાયું. થોડેક છેટે તળાવ હતું ત્યાંથી અર્થદાસ પાણી લેઇ આવ્યો અને સુતેલાના મ્હોંપર છાંટી તેને જગાડ્યો. સરસ્વતીચંદ્ર જાગ્યો, ચારેપાસ નવીન સ્થળ જોવા લાગ્યો; ચકિત થયો; તાવ, ઘાની નબળાઇ, થાક, ભુખ, અને સ્થળ તથા સમયની ઉપજાવેલી વૃત્તિઓથી દીન દેખાવા લાગ્યો. પિતાના વચનથી ઓછું આવ્યું હતું; કુમુદસુન્દરીની નિન્દા સહી શકાઇ ન હતી; ચંદ્રકાન્તપાસે રોવું આવ્યું હતું; અઢળક દ્રવ્ય અને વૈભવ એક ઘડીમાં છોડી દેતાં કંપારીસરખી ખાધી ન હતી; કુમુદસુન્દરીના રણકારાથી કમ્પી રહેતો પ્રેમસતાર તોડી નાંખતાં પોતાનું આખું હૃદયતન્ત્ર ચીરાયું—ચુરા થયું અને તે છતાં વૈરાગ્યના શિખરભણી દોડતા વિચારે તે જોયું પણ નહી હતું, ઈશ્વરપરેની આસ્થાએ 'કુમુદસુન્દરીનું શું થશે' એ વિચાર કર્તવ્ય સરખો પણ ગણ્યો ન હતો અને બાલ્યાવસ્થામાં જન્મ પામેલો વૈરાગ્ય આર્ય વિદ્યાથી દૃઢ થઇ અને પાશ્ચાત્ય વિદ્યાથી વિધિવિહીન બની સ્વતંત્રમાની થયો હતો. આ વૈરાગ્યને તેની ગર્ભશ્રીમંતાઇયે એવો તો ઉત્કટ બનાવ્યો હતો કે એના અનુભવવિનાના જગતને તે ઉદ્ધત લાગ્યા વિના રહેતો નહી. મ્હોટા દ્રવ્યવાન શેઠિયાઓ અને મ્હોટા તેમજ વિસ્તારી પક્ષવાળા ગૃહસ્થો, તેને મન, મ્હોટા મ્હેલોની ચોકી કરનાર અથવા તો મ્હોટા ઇંગ્રેજોપાસે વાતચીત કરવાનો હક ધરાવનાર સીપાઇઓ જેવા વસતા. ગણિકાઓ પાસે દ્રવ્ય અને પક્ષ ઉભય જોઇ, તે પોતાના દ્રવ્યથી કે પક્ષથી પોતાને તસુ પણ મ્હોટો થયો માની શકતો ન હતો. મ્હોટા મ્હોટા ઇંગ્રેજ અમલદારો—ગવર્નરો અને રાજકુમારો સહિત—"કાંળબળનાં બનાવ્યાં "પુતળાં" છે એવું તે લેખતો. વર્તમાનપત્રો અને

ગ્રન્થકારોને તે "સુધારાના ભાટચારણો"ની ઉપમા આપતો અને તેમનું ઉપયોગીપણું છે તેવું જ સ્વીકારતો, પરંતુ કોઇ પણ સામાન્ય માણસ અથવા મિત્ર અથવા વાતો કરનારના મતને જેટલું માન ધરે તેથી જરી પણ વધારે માન આપવાની સ્પષ્ટ ના ક્‌હેતો. જગતની દૃષ્ટિએ સાહસ લાગનાર પોતાના કૃત્યનો ન્યાય જુના તથા સુધરેલા સર્વ વર્ગ કેવો કરશે તે તેણે સ્પષ્ટ જોયું હતું—ચંદ્રકાંતે સમજાવ્યું હતું—તે છતાં તેણે પોતાનો વિચાર જ કાયમ રાખ્યો હતો તે આપણે જાણિયે છિયે અને એ પણ જાણતો હતો. પરંતુ કાળ-કુંભારની ઘડેલી સમ વિષમ અવસ્થાઓ ભિન્ન ભિન્ન માનવીમાં ભિન્ન ભિન્ન ન્યૂનતા ઉત્પન્ન કરે છે અને તે ન્યૂનતાના પ્રમાણમાં ન્યૂનદૃષ્ટિ બાહ્ય સંસારના ભિન્ન ભિન્ન પરિમાણનું ભાન ધરે છે—આવું સરસ્વતીચંદ્રનું ધારવું હતું. આ જગતમાં કોઇ પણ ઠેકાણે—કોઇ પણ અવસ્થામાં "હું અવસ્થિત છું" એ ભાન ન હોય ત્યાં પોતાની ન્યૂનતાનું અથવા પારકાના પરિમાણનું ભાન થવા વારો ર્‌હેતો નથી અને મ્હારે પણ એવું છે: જે એકથી મ્હોટો તે બીજાથી ન્હાનો, જેનો કોઇ પણ રીતે અવચ્છેદ તેમાં ન્યૂનતા; મૂળથી તે અંત સુધી જેનું મન પોતાની મેળેજ ભરેલું હોય તે ગર્ભશ્રીમાન્: આ વિચાર **સરસ્વતીચંદ્રે** ન્હાનપણમાં કલ્પ્યા હતા અને વય તથા વિદ્યા વધતાં વધાર્યા હતા. "જ્યાં ન્યૂનતાનું ભાન હોય ત્યાં ગર્ભશ્રીમત્તા સંભવેજ નહી" એ વિચાર તેની વિદ્યાએ—તેના કવિત્વે—તેના કુલસંસ્કારે—અને તેની સ્થિતિએ વણી ક્‌હાડ્યો હતો. "જગતના પદાર્થોને, પ્રાણીઓને, અને બનાવોને મ્હોટા ન્હાના ગણવા એ જ ન્યૂનતા, અને ભાન તથા આનંદનો પોતાના જ નેત્રમાં સમાવેશ કરવો તેનું નામ ગર્ભશ્રીમત્તા"—આ વ્યાખ્યાએ **સરસ્વતીચંદ્રની** આંખ આંજી હતી અને તે જ અંજનને બળે આ કાળીચઉદશ જેવી વિપત્તિમાં તે જાતે ધસડાઇ આવ્યો હતો. આપણી શાળાઓ અને પાઠશાળાઓ આમ કેવાં કેવાં અને કેટલાં કેટલાં અંજન આંજે છે તેની કલ્પના કરાવનાર અવતાર પ્રકટ થવાને હજી વાર છે અને તેટલા કાળમાં પડદા બ્હારના લોકને પડદામાં આવજાવ કરનારની ઝાંખી છાયાથી ચમત્કાર લાગે તો તે કાંઇ નવાઇ નથી. આજની રાત્રિરૂપ સૂત્રધારે આવતી કાલના પડદા પાછળ કેવા વેશ ભજવનાર ગોઠવી રાખ્યા છે તેની કલ્પના પણ રાત્રે ઉંઘતું જગત શી રીતે કરે ? એ વેશધરોના વર્ણનને તેઓ કાલ્પનિક ગણે નહી તો જ નવાઇ. પડદો ઉપડે અને રંગભૂમિ ઉપર નવો ખેલ જામે ત્યાંસુધી તો જોનારની કલ્પનામાં સર્વ કાલ્પનિકજ! જે જે દેશમાં આ પડદાઓ ઉપડ્યા છે ત્યાં

ત્યાં વિચિત્ર વેશ દેખાયા છે અને આ દેશમાં પણ તેમ જ દેખાશે. સંસ્કૃત અને ઇંગ્રેજી વિદ્યાના વિજાતીય લગ્નથી આ વિચિત્ર અનુભવ-વાળા દેશમાં કેવું બાળક જન્મશે અને કેવું થશે તે તો ઈશ્વર જાણે પણ **સરસ્વતીચંદ્ર** આત્મપરીક્ષા કરતાં પોતાને એક આવું જ બાળક કલ્પતો. એની વિચિત્ર ગર્ભશ્રીમત્તાને બળે એણે વિચિત્ર કામ કર્યું. પ્રથમ જેને એ વૈરાગ્ય ક્‌હેતો તેને પાછળથી "ગર્ભશ્રીમત્તા" ક્‌હેવા લાગ્યો હતો. વૈરાગ્ય છતાં રસમાં પલોટાવું, રસમાં પલોટાઇ ત્યાગી થવું, ત્યાગી થઇ પોતાના વૈરાગ્યબળની પરીક્ષા કરવા—"ચંદ્રવિરહી કાળ રાત્રિરૂપ તજી સૂર્યના કિરણયોગે દિનરૂપ ધરશે" અર્થાત્ કુમુદ નવી અવસ્થાને અનુકૂળ બની ભૂતકાળ વીસરી સુખી થશે એ પોતાની કલ્પના ખરી પડી જોવા અને સુસ્થ થવા સુવર્ણપુર આવવું:—એ સર્વ છતાં પોતાની ગર્ભશ્રીમત્તા ર્‌હેછે કે નષ્ટ થાયછે તેનો એ અનુભવ કરતો હતો. સુવર્ણપુરમાં આવી કુમુદસુન્દરીની દૃષ્ટિએ પડી તેના દુઃખનું સાધન થવું એ તેનો હેતુ ન હતો—એ તો અકસ્માત્ થયું. "મ્હેં આટલાં માણસને દુઃખી કર્યાં,–મદન આટલો દુર્જેય છે," ઇત્યાદિ અ-નુભવથી તેના મનમાં એટલું વસ્યું કે "હું મૂર્ખ છું—મ્હારી ગર્ભ-"શ્રીમત્તામાં ન્યૂનતા છે—માનવ નિર્બળ છે." ઘર છોડતી વખત ઘ-ણાક વિકારોનો અનુભવ થવા છતાં, રાગદ્વેષ હોવા છતાં, ક્રોધ ચ્હડવા છતાં, **સરસ્વતીચંદ્રનો** અંતઃસંન્યાસ જ તેના બાહ્યસંન્યાસનું મૂળ હતું અને તેથી જ અત્યાર સુધી શોક છતાં દીનતા તેણે અનુભવી ન હતી. મૂર્છા જતાં તે દીનતા અત્યારે તેણે અનુભવી અને ઉપર આકાશ ને નીચે ધરતી બેની વચ્ચે જડ ઝાડો વિના કોઇનો સાથ ન દેખાતાં, કુમુદસું-દરી સાંભરી આવતાં, જન્મમાં પ્રથમ વિયોગ એને જણાયો—**વિપ-ત્તિનું પ્રથમ દર્શન** થયું. શરીરયંત્રનાં સર્વ ચક્ર આર્ત્તનાદ કરવા લાગ્યાં અને "મનની ગર્ભશ્રીમત્તા" ધૂમાડા જેવી લાગવા માંડી.

"એ તો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે
"લાવો, બાળક માગે અન્ન, લાગું પાયજી રે"

સુદામાની સ્ત્રીનું આ બોલવું ખરેખરું સમજાયું અને પોતાના ઘા ભણી દૃષ્ટિ ફેરવતો, ક્ષુધાર્ત, તાવવાળો, નબળો, થાકેલો, દુઃખી પુરુષ દીન વદનથી **અર્થદાસના** સામું જોઇ રહ્યા અને

"હાથનાં કર્યાં તે વાગ્યાં હૈયે"

એ શબ્દ વાણિયો ક્‌હેતો હોય એવો ખાલી પડી ગયેલા મસ્તિકને આભાસ

થયો. પોતાના ઉપર કોઇને દયા સરખી પણ શી બાબત આવે અથવા આવવી જોઇએ એ વિચારથી મસ્તિક ફરી ગયું અને આટલા મ્હોટા આકાશમાંથી મને ઉગારવા કોઇ આવી શકે એમ નથી એ વિચારથી ઈશ્વર જો કોઇક ઠેકાણે હોય તો તે પણ મ્હારો નથી એ વિચારે શોકસીમા ઉત્પન્ન કરી.

આ જ સમયે ઇંગ્રેજ કવિનું મર્મચ્છેદક વાક્ય[1] સાંભરી આવ્યું:

"પલટાતી દશા વર્ષો જાતાં ઉરે!
પલટાય દશા, દીન ઉર ઝુરે!
નહીં પાસ સખા વ્રણ[2] રુઝવવા—
જડતા ન ઉરે વ્રણ ભુલવવા!
કવિ કોણ શક્યો સઉ એ કથવા?"

કુબેરના જેટલો ભંડાર, ઇન્દ્રના જેવો વૈભવ, વિદ્વાનોમાં માન અને મુંબાઇનગરીમાં પ્રતિષ્ઠા; ચન્દ્રકાંત જેવા મિત્રનો સતત સહવાસ અને કુમુદની દિવ્ય સુગન્ધ; વૈરાગ્યનું દૃઢ બળ અને પ્રીતિરસનું ઉત્કૃષ્ટ કોમલ ગાન; આ સર્વ વચ્ચે જે એક વાર હતો તે અત્યારે કેવો હતો? માગવાનું પણ હામ નહી તેથી ભીખારીથી પણ ભીખારી; બાવાની પણ લ્હાકતડકાથી રક્ષણ કરનારી વિભૂતિ વિનાનો; મૂર્ખમાં પણ માનહીન અને જંગલમાં પણ પ્રતિષ્ઠાહીન—કે મરેલા શિયાળની પઠે અંહી નંખાવું પડ્યું; મિત્રને સ્થળે વાણિયો અને કુમુદને ઠેકાણે વિયોગથી ભરેલું અનુકંપાહીન ઘોર અરણ્ય; વૈરાગ્યને ઠેકાણે તન અને મન ઉભયની અનાથતા અને પ્રીતિરસને ઠેકાણે હૃદય ચીરતો પશ્ચાત્તાપ; આ સર્વ વિપર્યયના વિચારે સરસ્વતીચન્દ્રનું મસ્તિક ચકડોળે ચ્હડાવ્યું. "કીટ્સ! કીટ્સ! ત્હેં ખરું કહ્યું છે! તને આ અનુભવ ક્યાં મળ્યો?" આ સ્વર મ્હોટેથી થઇ ગયો અને વાણિયો હબક્યો.

વાણિયો ધીમે રહી સરસ્વતીચંદ્રને ઉઠાડવા લાગ્યો અને ઉઠાડી બેઠો કર્યો. "તમને આ બ્હારવટિયા ઓળખે છે કે શું?—પેલો સંન્યાસી જેવો તમને તમારું નામ દેઇ બોલાવતો હતો". આમ કહેતો કહેતો અર્થદાસ સરસ્વતીચંદ્રના ઘા તપાસવા લાગ્યો અને ત્યાંથી લોહી વ્હેતું બંધ થયું હતું ત્યાં આગળથી રુ જેવું કાંઇ હાથમાં લેઇ આંખો ચળકાવી સુરસંગે ચંદરભાઇ નામ કહ્યું હતું તે સંભારી, વધારે અપભ્રંશ કરી બોલ્યો.

---

૧ કીટ્સ કવિનું કરેલું. ૨ વ્રણ=ઘા.

"ચાંદાભાઇ, જુવો તો ખરા આ ઠાકોરજીની માયા! તમારો ઘા રુઝી ગયો સમજવો—લ્યો આ."

રુઝતા ઘાની કલ્પનાથી જ બળવાન્ થઇ ગયેલા મનવાળો બની પોતાનું ત્રીજો અપભ્રંશ પામેલું નામ સાંભળી ચમકી સરસ્વતીચંદ્ર ટટ્ટાર થયો: "એ શું છે, ભાઇ?"

વાણિયો બોલ્યો; "આનું નામ ધાબાજરિયું; તમે આ ઘાસમાં પડ્યા હતા તે ઘાસ ભેગું ઉગેલું તમારા લોહીથી ઘામાં એ વળગી ગયું અને લોહી બંધ થઇ ગયું."

"તે એમાં કાંઇ ગુણ છે?"

"હા, એથી ઘા રુઝે છે. આ તમારો ઘા રુઝ્યો હવે તમારે "સમજવો; તમેજ જુવો ને—હવે કાંઇ દરદ છે?"

"ના, છે તો નહી:" સરસ્વતીચંદ્ર પળવાર નીચું જોઇ રહ્યો, વિચારમાં પડ્યો, અને ગળગળો થઇ, છાતીપર હાથ મુકી ભીની આંખવડે આકાશભણી જોઇ મનમાં બોલ્યો.

"પ્રભુ, આમ જ આપદ તું હરતો!—
"અમ મૂર્ખપણું ઉર ના ધરતો.
"વનમાં વણ-ભાન પડી હું રહ્યો—
"તૃણદ્વાર વીંશે, પ્રભુ, ત્યાં તું ઉભો!!"

આ સ્તવન જાતે જ થઇ ગયું અને નેવા ઉત્કંપમાં, અચિંત્યા રોમાંચમાં, દુ:ખી આંખમાં, દીન હ્રદયમાં, અને ઉશ્કેરાયલા મસ્તિકમાં, ઈશ્વર પ્રત્યક્ષ થતો લાગ્યો.

આ **પ્રથમ ઈશ્વરદર્શન** કરાવનાર વિપત્તિનો અર્થ એના મનમાં આજ સાકાર થયો; કારણ પુસ્તકોમાં, સમાજોમાં, અને મન્દિરોમાં, પ્રાર્થનાઓ તેને કેવળ શુષ્ક અને નિરર્થક લાગી હતી. આર્દ્ર હ્રદય અને લોચનથી તે વાણિયાના સામું ઉપકૃત દૃષ્ટિથી જોઇ રહ્યો, તૃણનું ભાન કરાવનાર તે વાણિયો હતો એ સાંભર્યું, અને આ ઈશ્વરોપદેશ કરનાર મ્હારો ગુરુ આ વાણિયો છે એ નિશ્ચય સર્વાંગે આ દત્તાત્રેય જેવાને ચિત્તવશ થયો. વાણિયા ભણી જોઇ તે બોલ્યો: "ભાઇ, તમારું નામ શું?" તાલીમપિ ન દદ્યાત્ એ સંપ્રદાયના વણિક્ને આ પ્રશ્ન વસમો પડ્યો. "પેલો સંન્યાસી આનું નામ જાણતો હતો—મ્હારો વ્હાલો આયે બ્હારવટિયો હશે ત્યારે? નામ બામ આપે એવો કાંઇ

અર્થદાસ કાચો નથી," એ વિચાર મનમાં કરી વાણિયો હસી પડ્યો, અને ઉત્તર ઉડાવી સામો પ્રશ્ન પુછવા લાગ્યોઃ "હેં! હેં! હા! ચાંદા-
"ભાઇ, વારુ, ત્યારે તમે આ લોકમાં ક્યાંથી આવી પડ્યા, તમે શો
"ધંધો કરો છો? તમારૂં ગામ કિયું ને ક્યાં જવાનું છે?—હવે તો ત-
"મને જરુર કરાર વળશે—જરા વાર તો લાગશે સ્તો."

"હું ક્યાંથી આવું છું તે તમે જાણો છો અને આ લોકમાં શાથી આવી પડ્યો તે તમે જાતે નજરે જોયું છે."

"પણ તમે ધંધો શો કરો છો?"—

"ધંધો?—ખાવું, પીવું, ને ફરવું."

"એમ કે?"—વધારે વ્હેમમાં પડેલો અર્થદાસ હૃદયમાં ધ્રુજતો વળી પુછવા લાગ્યો. "ને જાવ છો ક્યાં?"

"ભાગ્ય લેઇ જાય ત્યાં—તમે લેઇ જાવ તો તમારે ત્યાં આવું—
"ભુખ મને ને તમને સરખી લાગી હશે."

અર્થદાસ મનમાં બોલ્યોઃ "જો બ્હારવટિયો ખરો! મ્હારે ઘેર
"આવવું છે, ત્યારે પેલીને બચાવવા શું કરવા લ્હડ્યો ને ઘવાયો? કોણ
"જાણે. બ્હારવટિયાઓનો ભેદુ થઈ એમ કર્યું કેમ ન હોય?" સ્વાર્થજાળના માછલાએ પરમાર્થબુદ્ધિની કલ્પના ન કરાઇ.

સરસ્વતીચંદ્રે ફરી પુછ્યું: "ભાઇ, તમારે ઘેર મને લેઇ જશો?
"હું તમને કામ લાગીશ. આ દેશનો હું ભોમિયો નથી ને તમે સઉ
"રસ્તાના ભોમિયા હશો."

"મ્હારે ઘેર તે મરવાને લેઇ જાય?—અર્થદાસ પણ ખરો કે
"તને પણ ચપટીમાં લે!" એટલું મનમાં બોલી મ્હોટેથી બોલ્યો;
"હા—શા વાસ્તે નહી? પણ એટલી સરતે જો કે મ્હારી ઘરવાળી
"પાછી આપવી!"

"ભાઇ, તે તો હું શી રીતે કરૂં? પણ તમારે ઘેર ચાલો એટલે
"હું તપાસ કરવા લાગીશ."

"જો લુચ્ચો!" અર્થદાસ આટલું મનમાં કહી વળી મ્હોટેથી બોલ્યો, "વારુ ભાઇ ચાંદાભાઇ! આપણે અંહિયાં ક્યાં સુધી પડી રહીશું?
"ચાલો ગામભણી જઇએ!"—મનમાં બોલ્યોઃ—"પોલીસમાં પ્હો-
"ચાડું—પછી એ તો રત્નનગરીની પોલીસ છે ને વાણિયા સાથે કામ છે."

બે જણ ઉઠ્યા અને મનહરપુરી ભણી ચાલવા લાગ્યા. ચાલતાં

ચાલતાં અર્થદાસે ખેલ માંડયો. અચિંત્યો રસ્તાવચ્ચે બેઠો અને રોવા લાગ્યો:

"ઓ મ્હારી મા રે! ત્હારું શું થશે? ઓ"—

સરસ્વતીચંદ્ર અચકી આભો બની આસનાવાસના કરતો બોલ્યો; "શું છે?—તમારી માને શું થયું?"

"અરે મ્હારી બાયડીને પેલા લેઇ ગયા—બીચારી રવડી મરશે—ઓ મ્હારી મા રે—બાયડી રે!"

"ધીરજ ધરો, ભાઇ, ગામમાં ચાલો અને રસ્તો કરીશું."

"પણ એની પાસે દાગીના છે તે!—એ તો મ્હારું સર્વસ્વ! હવે "હું ખાઇશ શું? મ્હારા ઘરમાં તો ઝેર ખાવા જેટલી ફુટી બદામ "નથી! ઘરવાળાને ભાડું કયાંથી આપીશ! મ્હારાં તો હાંલ્લાં ને લાકડાં "એ વેચાશે!—ને હું મોદીને શું આપીશ ને બાયડી ખોળવા સરકા"રમાં શું આપીશ?—ઓ ચાંદાભાઇ, હું તો અહિયાં જ મરીશ."

ઘણું સમજાવ્યો પણ અર્થદાસ ઉઠ્યો નહી. આખરે આંખો ફાડી રોઇ બોલ્યો; "હું તો હવે ફાંસો ખાઇ મરવાનો. દૈવે મને બ્રા"હ્મણ પણ ન ઘડ્યો કે લોટ માગી પેટ ભરું. મ્હારા તો પેટમાં "ગુંચળાં વળે છે—ઉઠાતું એ નથી ને બોલાતું એ નથી. ઓ ચાંદા"ભાઇ!—અબબબબ!"—જીભ અટકી હોય એમ અર્થદાસ લાંબો થઇ સુઇ ગયો, આંખો ચગાવવા લાગ્યો, ને મ્હોમાંથી ફીણના પરપોટા ક્‌હાડવા લાગ્યો.

સરસ્વતીચંદ્રને અત્યંત દયા આવી ને વિચારવશ થઇ ગળગળો થઇ ગયો. "ઓ ઈશ્વર, હું બીચારાને દુઃખથી છોડવવા શું કરું? આના "દુઃખમાં મ્હારી ભુખ તો મરી ગઇ. આને સ્ત્રીનું દુઃખ નથી પણ "પઇસાનું દુઃખ છે. એનું દુઃખ ભાગવા જેટલો પઇસો તો મ્હારી પાસે "હતો, તે મ્હેં છોડ્યો. દ્રવ્યનો આવા પ્રસંગે ઉપયોગ હશે તેનું મને "ભાન ન રહ્યું. આને ઈશ્વરે વિદ્યા આપી નથી—ગર્ભશ્રીમંત પણ "નથી! મ્હારી ગર્ભશ્રીમત્તાપર ધુળ વળી! આનું ઔષધ દ્રવ્ય તે હું ક્યાંથી "આપું? દ્રવ્ય છોડ્યું ન હત તો આ પ્રસંગ ન આવત!" વળી અર્થદાસના સામું જોઇને શાંત પડી વિચાર્યું; "દ્રવ્ય છોડ્યું ન હત તો અ"ર્થદાસના દુઃખ જેવાં દુઃખ લોકને થતાં હશે એ હું કેમ જાણત?"

શાન્તિએ સ્મરણને સ્ફુરવા દીધું અને પોતાને જનોઇએ બાંધેલી મણિમુદ્રા સાંભરી આવી. સાંભરી આવતાં મુખપર આનંદ અને ઉ-

ત્સાહ દીપવા લાગ્યા; "હા! આના ઉદ્ધારનો માર્ગ સુઝયો." મણિમુદ્રા છોડી હાથમાં લેઇ તેપર જોઇ રહ્યો: "મણિમુદ્રા! કુમુદસુંદરીની લ- "લિત આંગળિયે વસવા—તેના ચિત્તને આનંદ આપવા મ્હેં તને આટલા "મોહથી ઘડાવી હતી! તે સર્વ હવે વ્યર્થ થયું. આ દીન વણિક્‌ને "આનંદનું સાધન તું હવે થા! આ ક્ષિતિજરેખા ઉપર સૂર્યમંડળ "શોભે છે તેમ તું કુમુદની આંગળી પર દીપત! સૂર્ય હવણાં ક્ષિતિ- "જથી ભ્રષ્ટ થશે!—હું અને તું કુમુદથી ભ્રષ્ટ થયાં! તું હજી ગરીબનું "ઘર ઉઘાડશે!—એ ત્હારું ભાગ્ય!—પણ ક્યાં કુમુદ અને ક્યાં આ "વણિક્?—પણ હું તો ત્હારા યોગ્ય નથી જ! દુષ્ટને છોડી ગરીબનું "ઘર ઉઘાડ! મણિમુદ્રા! લક્ષ્મીના છેલ્લા અવશેષ! પ્રિય કુમુદની "સ્મારક એકલી એક મ્હારી જોડે રહેલી છેલ્લી બ્હેન! મ્હારા પિતાના "વિભવના છેલ્લા પ્રસાદ! પ્રિય કુમુદના આજ ચીરાઇ જતા અંતઃકર- "ણમાં રસળતો મ્હારો દુષ્ટ હાથ ત્હારે યોગ્ય નથી! મ્હારું જનોઇ "ભ્રષ્ટ છે—મ્હારું શરીર દુરાત્માનું ઘર છે! મણિમુદ્રા! લક્ષ્મીના છેલ્લા "અવશેષ! પ્રિયતમ પિતાના વિભવના છેલ્લા પ્રસાદ! પ્રિયતમ કુમુદની "પ્રિયતમ બ્હેન! મ્હારા સ્નેહની સ્મશાનવિભૂતિ! મ્હારા આંસુથી "કલંકિત કર્યા શીવાય તને તજું છું! જા! ગરીબનું ઘર દીપાવ!" સરસ્વતીચંદ્ર અર્થદાસની પાસે બેઠો—તેની આંગળિયે મુદ્રા પ્હેરાવી;—અને ભુખથી, દુઃખથી, દયાથી, વિરહથી, નબળો પડેલો વિકલ અને ગદ્‌ગદ બનતો તરુણ ઢળી પડ્યો.

સરસ્વતીચંદ્રને બ્હારવટિયો કલ્પતો, ઘડીકમાં તેને રત્નનગરીની પોલીસને વશ કરવા યુક્તિ શોધતો, ઘડીકમાં તેની પાસેથી છુટો થવા ઇચ્છતો અને આખરે છેલ્લી ઇચ્છાને વશ થતો અર્થદાસ નિર્ધનતા અને દુઃખનો ઢોંગ લેઇ પડ્યો હતો તે એવું ધારી કે એને નિર્માલ્ય ગણી બ્હારવટિયો પોતાની મેળે પોતાને રસ્તે પડે. તેમ કરતાં આ તો નવું નાટક નીકળ્યું. ચગાવેલી દેખાતી આંખોવડે તે મુદ્રા જોઇ, મુદ્રામણિની પરીક્ષા કરી, નજર આગળનો દેખાવ સમજ્યો નહી, અને મુદ્રા આંગળીમાં બેઠી અને સરસ્વતીચંદ્ર ઢળી પડ્યો કે એકદમ વીજળીની ત્વરાથી ઉભો થઇ ચોર ચિત્તવાળો પોતાને સમયસૂચક ગણતો, પાછું જોયા વગર અને વિચાર કરવા ઉભા રહ્યા વગર, મુઠી વાળી નાઠો.

પ્રકરણ ૪.

ગુણસુંદરી.

જે દિવસે બ્હારવટિયાઓયે મનહરપુરીની પાડોશમાંના ત્રિભેટામાં આટલી ધામધુમ મચાવી મુકી તે દિવસે એ ગામડામાં પણ કેટલીક ધામધુમ મચી રહી, થોડીક સરખી વસ્તીમાં ઉમેરો થયો અને તેને લીધે ગામના લોકને એક નવો ધંધો જાગ્યો.

બ્હારવટિયાઓયે ત્રિભેટામાં સંકેતસ્થાન રાખ્યું હતું તેનાં કેટલાંક કારણ હતાં. ત્રણ રાજ્યની સીમ આગળ એ લોકોને પકડવા, એ કામ કઠણ પડતું હતું, કારણ આ રાજ્યનાં માણસ પકડવા આવે તો આ રાજ્યની સીમમાં જવાતું. એ ઠેકાણે ઘણાક રસ્તાઓનો સંગમ હતો એટલે એ લોકને પોતાને પણ વેરાઇ જઇ એકઠા થવામાં ઘણી સવડ પડતી હતી. મનહરપુરીના ગામડામાં વસ્તી પણ આછી અને નિર્દોષ હતી અને બ્હારવટિયાઓ તેને કનડતા ન હતા. પાસે સમુદ્ર, પર્વત, આંબાવાડિયું, તાડનાં વન, ઉંચા ઘાસનાં ખીડ, નદી, વગેરે હોવાથી નાસવામાં, એકઠાં થવામાં, સંતાઇ જવામાં, ભરાઇ રહેવામાં, હુમલા કરવામાં, અને બચી જવામાં બહુ સવડ પડતી હતી.

જે સાયંકાળે લુટાયલા સરસ્વતીચંદ્રે લુટાતાં આખર બાકી રહેલી મણિમુદ્રા અર્થદાસને પ્હેરાવી દીધી અને અર્થદાસ પોતાના મનમાં ચોરી કરી નાસી ગયો, તે જ સાયંકાળે બ્હારવટિયાઓયે ચંદ્રકાંતને લુટ્યો હતો તે આપણને ખબર છે. રત્નનગરીથી સુવર્ણપુર આવવા ચંદ્રકાંત નીકળ્યો ત્યાર પછી તેને રસ્તામાં અચિંત્યો વિદ્યાચતુરભણીથી સંદેશો મળ્યો કે સુવર્ણપુરના કેટલાક બ્હારવટિયા સર્વે રસ્તાઓ રોકી તોફાન કરે છે માટે હું તમારી જોડે બીજા સ્વાર મોકલું ત્યાંસુધી આગળ ન જશો. ગુણસુંદરીને ભદ્રેશ્વર જવું હતું અને તે રસ્તે બ્હીક ન હતી માટે એ પણ ત્યાં જવા પોતાના કુટુંબને સાથે લેઇ નીકળી હતી અને કુમુદસુંદરીની વાટ જોવાના વિચારથી મનહરપુરીમાં પોતાના બાકીના કુટુંબ સાથે રોકાવાની ધારણાથી આજ જ બપ્પોરે આવી પ્હોચી હતી.

રત્નનગરીના સ્વાર આવી પ્હોચતાં ચંદ્રકાંતને બીજા સમાચાર મળ્યા કે બ્હારવટિયાલોક ઘણા પાસે ભમે છે તે છતાં સરસ્વતીચંદ્રને મળવાની આતુરતાથી ભયને ન ગણી તે નીકળ્યો, લુટાયો, અને સારે ભાગ્યે સ્વારોની મદદથી બચવા પામ્યો. સ્વારોની શીખામણથી એને

પણ મનહરપુરી જવું પડ્યું અને સાયંકાળે પાછો ગુણસુંદરીનો અતિથિ થયો.

મનહરપુરીમાં ગુણસુંદરી અને ચંદ્રકાંત એના તથા એ ગામના થાણાના સઉ મળી ચાળીશેક હથિયારબંધ સ્વાર ભેગા થયા.

કુમુદસુંદરીએ મોકલેલા ત્રણ સ્વાર સરસ્વતીચંદ્રને ખોવાથી ખેદ પામી મનહરપુરી ભણી વળ્યા. ત્રિભેટાના વડનીચે બ્હારવટિયા મળવાના છે એવો કંઇક સ્વર માર્ગમાં કાને પડવાથી હરભમજી આખી રાત વડપર ગાળવાનું માથે લેઇ વડની ડાળોમાં ચ્હડી સંતાઇ રહ્યો અને બીજા બે જણ મનહરપુરી ગયા.

વિદ્યાચતુર અને તેનું કુટુંબ આ ગામની વસ્તી ઉપર બહુ મમતા રાખતું અને વસ્તી પણ તેમના ઉપર મમતા રાખતી હતી. ગામની ગરીબ વસ્તી પોતાના પ્રિયપ્રધાનની ગુણિયલ પત્નીની ખાતર કરવા ઉપરનીચે થઇ રહી હતી. તેને પોતાની વચ્ચે જોઇ ઉત્સાહમાં આવી હતી. વિદ્યાચતુરનો એવો સખ્ત નિયમ હતો કે ગામના લોક પાસેથી વેઠ વૈતરું કે કાંઇ ચીજ ગમે તે થાય તોપણ અમસ્તી લેવી નહી. હાથનીચેના અધિકારીઓને પોતાના કુટુંબની જ વર્તણુકથી દૃષ્ટાંત આપતો. આથી આ કુટુંબ વસ્તીને ઘણું પ્રિય થઇ પડ્યું હતું. ગુણસુંદરીની પાસે પોતાનાં સુખ-દુઃખની વાતો કરી જવી, ગુણસુંદરીના પોતના ઘરની ન્હાની ન્હાની વીગત જાણી આશ્ચર્ય પામવું, પોતાની ન્હાની મ્હોટી ઇચ્છાઓ ખુલ્લાદીલથી જણવવી, આવાં આવાં અનેક કાર્યથી ગુણસુંદરીનો વખત ગામની સ્ત્રિયો રોકતી. ગરીબ અને ધર્મિષ્ટ બ્રાહ્મણિયો, ઉદાર ગરાસિયણો, કરકસરથી ઘર ચલાવવાની આવડત્રેવડવાળી વાણિયણો, અને ઉદ્યોગી કણબણો ગુણસુંદરી આવ્યાની ખબર પડતાં જ નિત્ય પેઠે તેના ઉતારા ભણી ચોમાસાની નદીના પૂર પેઠે વળવા લાગી. ભીખારી ભંગિયણો પણ એના ઉતારાની પછીતની બારી પાછળ છેટે ઉભી ઉભી કંઇ કંઇ આનંદના કોલાહલ કરવા લાગી.

ગામમાં વસ્તી ત્રણચાર હજાર માણસની હતી. વધારે ભાગ કણબી વર્ગનો હતો. તે લોક ઉદ્યમી અને હીમ્મતવાન હતા. થાણદારો તથા વહીવટદારો તેમની સાથે હેતભાવથી વર્તતા અને પ્રમાણિક રહી ઘણી સૂચનાઓ કરતા. આથી એ લોક હમેશ ઉત્સાહમાં રહેતા અને મનહરપુરીના જમીનદારો તથા ખેડુઓનો ઘણે ઠેકાણે દાખલો લેવાતો. અધિકારીયોના સહવાસથી આત્મપ્રતિષ્ઠા તેમની બુદ્ધિમાં દાખલ થઇ

હતી, અને તેથી તેમની નીતિ પણ ઉંચા પ્રકારની બની હતી. ગામમાં એક ન્હાની સરખી નિશાળ સારી રીતે ચાલતી હતી અને એક બે છોકરા તો છેક મુંબાઇની પાઠશાળા સુધી અભ્યાસ કરવા ગયા હતા. આ સર્વ લોકને વિદ્યાચતુરઉપર કુટુંબપ્રીતિ હતી અને ગુણસુંદરી સાથેના ચાળીશે સ્વારો સાથે કણબી લોક રસભેર આનંદમાં પડી વાતો કરતા હતા. પઇસા મળતા તે તો લેતા પણ ઉંચામાં ઉંચી ચંદી સ્વારોના ઘોડાઓ સારુ આપી, ઘોડાને થાબડી, ઘોડાઓના ઇતિહાસ પુછી, કોઇ કોઇ સ્વારના ઘરનાં સુખદુઃખની વાતો ક્હાડી, વિદ્યાચતુરના રત્નનગરીમાંના ચાકરોની ખબર પુછી, સાદા અને ભલા કણબીઓ ગાતા, ગવરાવતા, અને ચૈત્રી બીજની રમણીય સંધ્યાકાળે ગામને પાધરે ગોરજની ઉડતી ધુળમાં ભળી જઇ ગરબડાટ મચાવી મુકતા; તે ગામને છેવાડે આવેલા પોતાના ઉતારામાં ઉંચી ઓસરિયે ઉભી ઉભી ગુણસુંદરી લાંબી નજર નાંખી જોતી હતી અને ઓસરી નીચે આવતી સ્ત્રિયોની ઠઠને આવકાર દેતી હતી.*

વાણિયા બ્રાહ્મણની પણ થોડીક વસ્તી હતી. ખેતીની પેદાશ પાસેના બંદરમાર્ગે અથવા જમીનમાર્ગે થઇને પરદેશ જતી હતી અને તેથી કેટલાક વાણિયા વ્યાપારીયો ગામમાં આવી વસ્યા હતા. આ ગામમાં પ્રથમ તો આસપાસના ગામોના વાણિયા સાહુકારો ખેડુઓને દ્રવ્ય ધીરતા અને માત્ર ઉઘરાણી સારુ જ જતા આવતા રહેતા. ખેડુઓમાં વિદ્યા કાંઇક દાખલ થવાથી, અધિકારીયોની શીખામણથી, પ્રધાનના ઉત્તેજનથી, અને ઉંચી નાતોની દેખાદેખીથી, ખેડુ તેમજ જમીનદાર વર્ગ મરણપરણનાં ખરચ કમી કરતાં શીખ્યા હતા તેમજ પોતાના ધંધામાં ઉદ્યોગ, કરકસર, વેતરણ, અને વિચાર દાખલ કરતા હતા. ગામમાં કર માત્ર જમીનનો જ હતો અને તે પણ ઘણો જુજ હતો. આથી આ લોક પઇસો એકઠો કરતાં શીખ્યા હતા અને પ્રધાનની સૂચનાથી કણબી લોક અરસપરસ ધીરધાર કરતાં પઇસાની કીમ્મત સમજવા લાગ્યા અને તેમાંથી પોતે પોતાના નાણાવટી થતાં થતાં દેવાદાર મટી ધીરનાર થવા લાગ્યા હતા. આનાં મુખ્ય પરિણામ ઘણાં થયાં. ખેડુઓનો ધંધો સ્વતંત્ર અને હોંસ ભર્યો બન્યો. નવા પ્રયોગ કરવા અને બુદ્ધિ અજમાવવી એ એક સારો ચેપ આખી વસ્તીમાં ફેલાયો. ખેડુઓના દીકરા પોતાના માબાપની સ્થિતિ ઉચ્ચ જોઇ તેમના ધંધામાં પડવાનું અભિમાન રાખતાં શીખ્યા અને તેમની વિદ્યા ખેતીના સુધારામાં ખરચાવા લાગી.

---

* આ ભાગનું અનુસંધાન પ્રકરણ ૬ સાથે છે.

તેમના ઉપર કર ઘણો જુજ હતો તેથી પ્રધાનનો તેઓ ઉપકાર માનતા અને આસપાસનાં ઇતરેતર ગામો કરતાં પોતાના ગામને ભાગ્યશાળી ગણતા. તેમનો કર ઓછો કરવાથી સંસ્થાનને લાભ એ થયો કે દુકાળ અને એવા હરકતના પ્રસંગમાં મનહરપુરની વસ્તી સંસ્થાનના આશ્રયવગર સુખી રહેતી. એ જોઇ વિદ્યાચતુર અતિસંતોષ પામતો. ગામ અને ગામની સીમના લોકોપયોગી ખરચ લોકો ખુશીથી કરતા અને રાજ્યને માથે ભાર અને ગાળ રહેતાં નહી. આર્યદેશમાં કુવા, ધર્મશાળાઓ, ચોતરા, તળાવો, અને એવી હજારો વસ્તુઓ પ્રજાએ ધર્મનિમિત્તે કરી છે અને એ ધર્મવાસનાને ઉત્તેજન આપવામાં ચતુર પ્રધાન પોતાના પ્રધાનપણાની એક સાર્થકતા માનતો હતો. મનહરપુરીની પ્રજા પોતાના પ્રધાન ઉપર આથી પ્રેમ રાખે તો કાંઇ નવાઇ ન હતી. તેના બદલામાં તેને પોતાને કાંઇ ખપે એમ નહતું; બદલામાં એ એટલું માગી લેતો હતો કે રાજ્યને જરુર પડે અને કર વધારવો પડે ત્યારે કોઇએ મન ચોરવું નહી અને આપ્યાવગર તો છુટકો નથી તો તે ખુશીથી આપવું. તેમનો નિઃશ્વાસ રાજ્ય જપ્ત થાય તે કરતાં વધારે ભયંકર છે અને તેમનો આશીર્વાદ એ પોલીટિકલ એજંટની કૃપાના કરતાં અને સરકારના ઈતાબો કરતાં વધારે કલ્યાણકારક છે એવું વિદ્યાચતુર માનતો અને મણિરાજના મનમાં વસાવતો. રાજ્યના ભંડારમાં ખરચ કરતાં ઘણું વધારે પડી રહે એ પ્રજાના ભંડારમાંથી ઓછું થયા જેવું છે. એવા સંચયનો દુરુપયોગ કરવાને રાજા લોભાય છે અને અધિકારિયો ચોર બને છે. રાજા લોભાય છે તો આ દ્રવ્ય તેની વિષયવાસના પૂરી પાડવા, તેની મૂર્ખતા સંતોષવા, તેના છોકરાવાદીપણાને જાળવવા અથવા તો તેની કીર્તિનું પોલાણ વધારવા સ્ત્રિયોમાં, ઢોંગસોંગમાં, રમતગમતમાં, કારીગરોમાં, પરદેશમાં અને પરદેશિયોમાં ઢોળાય છે. એ દ્રવ્યથી દેશના રાજાનું મન ચમકે છે અને પરદેશના રાજાનો ડોળો ચસકે છે. પ્રજાના ભંડારમાં રહ્યું હોય તો પ્રસંગ પડ્યે થોડા દિવસ કર વધારી ક્યાં લેવાતું નથી? અર્થ સર્યે એ કર ઓછો થાય તો પ્રજા કેમ વિશ્વાસ નહી રાખે? આપણા ભંડાર કરતાં પ્રજાના ભંડારને ઓછો ભય છે માટે એ ભંડારનેજ આપણી “બેંક” કરી રાખવી. આવા આવા પાઠ વિદ્યાચતુર મણિરાજને ભણાવતો અને ઉદાર અને જિતેન્દ્રિય રાજા સ્વતંત્ર અને શાણા પ્રધાનનું કહ્યું યથાર્થ સમજતો. એના રાજ્યમાં ઘણાંક ગામ બીજા અધિકારિયોની દેખરેખ નીચે મનહરપુરી જેવાં બન્યાં હતાં અને મનહરપુરી પ્રધાનની પોતાની દેખરેખ નીચે

હોવાથી દૃષ્ટાંતરૂપે રૂહેતી અને એ દૃષ્ટાંત જોઇ બીજા અધિકારિયો રાજાપ્રધાનની ઇચ્છા શી છે અને પોતે શું કરવું તે સમજતા. ગુણસુંદરી રાજ્યકાર્યમાં માથું ઘાલતી ન હતી, પરંતુ **મનહરપુરી** તે પોતાની ગણુતી અને રાજ્યકાર્યમાં માથું ઘાલ્યા વિના એકેલી **મનહર**પુરમાં સ્વામીનું કામ કર્યા જેવું કરતી.

વિદ્યાચતુરે ઇંગ્રેજી અને દેશી રાજ્યનો અનુભવ કરી એક સિદ્ધાંત એ બાંધ્યો હતો કે, પોતાનામાં સરસ્વતી, બુદ્ધિ, નીતિ અને વૃત્તિ હોય તો દેશી રાજ્યના તંત્રિયો પોતાની પ્રજાનું કલ્યાણ અને રાજ્યની ઉન્નતિ એટલે સુધી કરી શકે કે ગમે એટલા પરમાર્થી હોવા છતાં પોતાના પેટઉપર અચુક લક્ષ્ય આપનાર ઇંગ્રેજી રાજ્યકર્તાઓને વશ થયેલી દેશી પ્રજા સ્વપ્ને પણ દેખી ન શકે. માથે અનીતિ અને અન્યાયનો જુલમ હોવા છતાં ઘણાંક દેશી રાજ્યોની પ્રજા દ્રવ્યનું સુખ ભોગવે છે એવું ઇંગ્રેજી અને દેશી હદનાં ગામડાં સરખાવનારના મનમાં આવ્યા વિના રૂહે એમ નથી—તો જુલમવિનાની પ્રજા દેશી હદમાં કેવી ઉન્નતિ પામી શકે તે જગતને દેખાડી આપવું એવો વિદ્યાચતુરનો ઉત્સાહ હતો. તેના મુખથી આવી આવી વાતો ઘણીકવાર ગુણસુંદરી સાંભળતી અને પતિના ઉત્સાહનું વીર્ય સ્વાભાવિક રીતે પત્નીના હૃદયમાં ઢોળાતું અને ગર્ભજેવા પ્રતિધ્વનિરૂપે અંતર્માં ને અંતર્માં સ્ફુરતું. આવી સગર્ભાનું દોહદ **મનહરપુરી**ની પ્રજાના કલ્યાણુના ઉપભોગથી પુરાતું. આવું આવું જોઇ પ્રધાન પોતાની સ્ત્રીને આપેલી વિદ્યા સફળ થઇ માનતો અને પુત્રપ્રાપ્તિનાથી અધિકતર આનંદ પામતો. તેને આનંદ પામતો જોઇ પત્ની વધારે ઉત્સાહી બનતી. પતિપત્નીનાં હૃદય એક જ રસથી ઉભરાય, એક જ વિષયથી આનંદ પામે, પરસ્પર આનંદને વધારે અને ભોગવે: આ પરિણામથી ગુણસુંદરી પોતાનું લગ્ન સફળ થયું માનતી.

જેમ મિત્રો એક બીજાની છાની વાતો જાણી ખરી મિત્રતા બંધાઇ સમજે છે; જેમ શેઠના દ્રવ્ય અને વ્યાપારનો મંત્ર જાણી સદ્ગુણી મુનીમ પોતાને શેઠનો ખરો વિશ્વાસપાત્ર સમજે છે; જેમ રાજાના અત્યંત વિશ્વાસનું પાત્ર બનતાં સત્પ્રધાન પોતાની સદ્બુદ્ધિ વાવરવામાં સ્વતંત્ર બને છે અને રાજ્યસેવાનો ઉત્સાહી થાયછે; જેમ ધાર્મિષ્ઠ અને બુદ્ધિમાન્ રાજાના પાલનથી પ્રજા ખરેખરી રાજભક્ત થાયછે; જેમ શુદ્ધઅંતઃકરણ સાથે ઉચ્ચ સંસ્કારનો યોગ થતાં ભિન્ન ભિન્ન રૂપે પરમાનંદ ઉદ્દીપ્ત થાયછેઃ તેમજ વિદ્યાચતુરનાં સુખદુઃખ સમજવાની ઇચ્છારૂપ

બીજ વિકાસ પામતાં વધવા પામેલું ગુણસુંદરીનું સ્નેહી હૃદય પતિના હૃદયની સર્વ છાની વાતો જાણવા અને સમજવા પામ્યું, પોતે તેના પૂર્ણ વિશ્વાસનું પાત્ર છે તે અનુભવવા લાગ્યું, પોતાના અભિલાપ પુરવામાં સ્વતંત્ર અને પતિના સ્નેહનું ઉત્સાહી બન્યું, પતિભક્ત થયું, અને શારીર વાસનાઓથી ભિન્ન રહેતા ઉચ્ચ અને માનસિક પ્રેમના આનંદના ચમકારાથી ચમકવા લાગ્યું. અશિક્ષિત પણ બુદ્ધિશાલી સ્ત્રિયોની બુદ્ધિ જેવી રીતે ઘરકામમાં અને સંસારવ્યવહારમાં આગળ પડી આવે છે તેમ જ આખી મનહરપુરીને પોતાના ઘર જેવું માનતી ગુણસુંદરી ન્હાના સરખા ગામડામાં વારે ઘડિયે આવી જતી અને ત્યાંની ગરીબ અને અજ્ઞાની વસ્તીને પોતાના ગજા પ્રમાણે સુખી કરવા પ્રયત્ન કરતી તે જણાઇ આવતું. મ્હોટી વયનાં માણસનું અનુકરણ કરવા જતાં ન્હાનાં બાળકો પોતાનાં રમકડાંને જીવતાં કલ્પી તેમાં ખરા સંસારના જેવો સંસાર ચલાવવાનું ભાન પામી પ્રફુલ્લ-હૃદય રહે છે તેમ જ રાજ્યવ્યવહારમાં બાળક જેવી પત્નીને મનહરપુરીમાં જુદા જુદા પ્રયોગ કરી આનંદમાં રહેતી જોઇ, એ પ્રયોગનાં સૂક્ષ્મ અવલોકન કર્યાથી વિનોદ પામી, કદી કદી સ્મિત કરી, ને કદીક સૂચના પામી વિદ્યાચતુર ગુણસુંદરીના સામું જોઇ રહેતો, તેનો હાથ પોતાના હાથમાં હોય તો જોરથી દાબી દેતો અથવા તો પોતાના અધરપુટ ઉપર મુકતો, કોઇ પ્રસંગે તેનો વાંસો થાબડતો, અને એકાંત હોય ને અત્યંત ઉમળકો આવે ત્યારે હૃદયદાન કરતો. મનહરપુરીમાં આવ્યાથી આજ ગુણસુંદરીમાં આ સર્વ સંસ્કારનું સ્મરણ આવ્યું અને પવનથી મોરનો કલાપ ફરફર થઇ ચમકે તેમ આ સ્મરણથી તેનું હૃદય થવા લાગ્યું.

ગુણસુંદરીનું વય આજે પાંત્રીશેક વર્ષનું હતું, પરંતુ તેને સંતતિમાં માત્ર બે જ પુત્રિયો હોવાથી અને તે પણ ઘણાંક વર્ષઉપર જન્મેલી હોવાથી તેનું શરીર સુંદર હોવા છતાં નબળું પડ્યું ન હતું અને માત્ર છવ્વીશ સત્તાવીશ વર્ષની તે દેખાતી હતી. ત્હોયે ચતુર જોનાર તેની મુખમુદ્રાઉપરથી ખરું વય કહી આપતાં. એ શરીરે મધ્યમ કાઠાની એટલે જાડીએ નહી અને દુબળીએ નહી એવી હતી. એનો વર્ણ છેક સોનેરી નહી તેમજ છેક રુપેરી પણ ક્હેવાય નહી એવો હતો. મ્હોં ભરેલું હતું. વાળ કાળા, સુંવાળા, ચળકતા, ઝીણા અને અંબોડો છુટો હોય ત્યારે છેક ઢીંચણ સુધી આવે એટલા લાંબા હતા. કપાળ મ્હોટું હતું. આંખો ચળકતી ચંચળ અને ચકોર હતી પણ બહુ મ્હોટી ન હતી. તેનો સ્વર છેક કુમુદસુંદરીના જેવો ન હતો

તોપણ તેમાં સ્ત્રીસ્વરની કોમળતા શુદ્ધ સ્પષ્ટ હતી અને ગાનસમયે કુમુદના જેવોજ સ્વર ક્‌હાડી શકતી. ઉંચાઇમાં પણ તે એના જેટલી જ હતી. તેનું મ્હોં હમેશ હસતું રૂહેતું અને ઘણાંક માણસ પ્રાતઃ-કાળે એનું મ્હોં પ્રથમ જોતાં અને આજનો દિવસ ખરા આનંદમાં જશે એવી શ્રદ્ધા રાખતાં. તેનો સ્વભાવ પોતાના પતિના જેવો કાર્ય-ગ્રાહી હતો તેથી તેનું મન ઘણું સુખી રૂહેતું. “કામ સાથે કામ” એવું જ તે સમજતી. કુમુદસુંદરીમાં જે સહનશીલતા અને સુશીલતા હતી તે પણ ગુણસુંદરીની જ હતી. તેનો ઉત્સાહ ન્હાના બાળકના જેવો સ-પક્ષ હતો અને ન્હાની કુસુમસુંદરીમાં તેનો આ ગુણ ઉતર્યો હતો. પિયર તથા સાસરાની ડોસિયોના પ્રસંગથી તેનું હૃદય કુટુંબવત્સલ અને ક્ષમાધર[1] થયું હતું, પરંતુ પતિના સહવાસથી આખા પરિચિતમંડળને આ ગુણનો અનુભવ કરાવતી. આખી મનહરપુરી એમ કલ્પતી કે ગુણસુંદરીની અમારાપર અમીદૃષ્ટિ છે. તોપણ કોઇ તેની આર્દ્રતાનો દુ-રુપયોગ કરી શકતું નહી, કારણ એને ખેદ થતો તે સામું માણસ ખમી શકતું નહી. આ શિક્ષાપ્રભાવ તેના પુરુષગુણી પતિમાં ન હતો, કારણ પ્રજાની ન્યાયતુલા હાથમાં રાખનારને પ્રત્યક્ષ શિક્ષાનો દંડ રાખવો પડતો હતો.

ગુણસુન્દરીનું પિયર આ જ ગામમાં હતું, વિદ્યાચતુર તેનાથી માત્ર પાંચ સાત વર્ષે મ્હોટો હતો અને મોસાળમાં ઉછર્યો હતો. એનું મોસાળ અને ગુણસુન્દરીનું પિયર ઉભય પડોશમાં સાખોસાખ હતાં. ગુણસુ-ન્દરીની મા પોતાની દીકરીના જન્મ પ્હેલાં બાળક વિદ્યાચતુર ઉપર બહુ હેત રાખતી, તેને રમાડતી, તેનું માથું હોળતી, ખાવાનું આપતી, અને લડાવતી. પોતાને પેટ દીકરી થતાં જોષીને પણ પુછવાની વાટ ન જોતાં વિવાહ કરી દીધો. ન્હાનો જમાઇ મસ્તીખોર, લડાક, અને બો-લકણો હતો અને સાસુ વરકન્યાને સાથે બેસાડી જોઇ રૂહેતી અને લજ્જા ન સમજનાર બાળકોને મુગ્ધવચન બોલાવી વિનોદ પામતી. એમ કરતાં કરતાં વિદ્યાચતુર જરી મ્હોટો થતાં તેના સંતાનહીન મા-માએ તેને રત્નનગરીમાં વિદ્યાભ્યાસ સારુ બોલાવી લીધો. મુંબાઇ જઇ ત્યાંની પાઠશાળામાં ઠેઠ સુધી અભ્યાસ કરી ત્રેવીશેક વર્ષની વયે એ પાછો રત્નનગરી આવ્યો તે પ્રસંગે ગુણસુન્દરીને સોળસત્તર વર્ષ થયાં હતાં, અને સાસરે ત્રણેક વર્ષ થયાં જતી આવતી થઇ હતી. પતિને વિદ્યાસારુ પરદેશ રૂહેવું થયું તે પ્રસંગમાં તેની સાથે પત્રવ્યવહાર રાખતી અને પત્રોમાં દુહા, સાખિયો, ગરબિયો, વગેરે લખતી અને અતિ આનંદ

---

[1] ક્ષમા ધરનારું.

પામતી. પોતાના પત્રો પોતાની સહિયોમાં વંચાવી આનંદને વધારતી પણ ખરી. પાઠશાળામાં શૃંગારરસ અને પ્રીતિરસનાં ભરેલાં ઈંગ્રેજી તથા સંસ્કૃત કાવ્યોનો રસિક અભ્યાસી પતિ આવાં પત્રોનો રસ ભોગવતો અને આવાં સાધનદ્વારા અભ્યાસસમયની વિરહાવસ્થાએ પતિપત્નીનો સ્નેહ ઘણોક વધાર્યો. બાળલગ્નથી હાનિને બદલે આવી રીતે સુખ અનુભવતો અને તે સુખનું મૂળ પોતાના બાલ્યપરિચયનેજ ગણતો પતિ ઘણી વાર એવું વિચારતો કે બાળલગ્ન સામેનો મ્હારો વિરોધ નિર્મૂળ તો નહી હોય ? આપણા વિદ્યાનિકપ સમાજે[1] આપણા જુવાનિયાઓના હાથમાં શૃંગારાદિથી ભરેલાં પુસ્તકો મુકેલાં છે તેનું ફળ એક એ થાય છે કે તેઓમાં એક જાતનું કૃત્રિમ દાક્ષિણ્ય ઉત્પન્ન થાય છે. આ દાક્ષિણ્ય ન્હાનપણથી સહચારિણી બનેલી ઉપર સ્વાભાવિક રીતે ઢોળાય છે. આપણી અભણ પણ ભણેલાઓને પરણેલી સ્ત્રિયોના સુખનું મૂળ આવી રીતે રોપાય છે અને ગુણસુંદરીને પણ તેમજ થયું હતું. પતિપત્નીને એકઠાં રહેવાનો પ્રથમ સમય આવ્યો તે પ્રસંગે અભણ ગુણસુંદરી કેવી રીતે ભણી તે આ પુસ્તકના પ્રથમ ભાગમાં વાંચનારને વિદિત કરેલુંજ છે.

પતિના અભ્યાસના સમયમાં જુદાં રહેવા પડવાથી ગુણસુંદરીના શરીરે પત્નીપણું મ્હોટી વયે અનુભવ્યું અને તેથી તેના શરીરનો બાંધો પણ યોગ્ય વયે પામવા જોઇતા વિકાસને પામી શક્યો.

પાઠશાળા છોડી કે તરત વિદ્યાચતુરને રત્નનગરીમાં શાળાના માસ્તરની જગા મળી અને તે જ પ્રસંગે સંસારમાં પડેલાને સારુ પત્નીનાં તનમન પણ આવી રીતે તેના નવીન સંસારનું વાહનપણું કરવા યોગ્ય બન્યાં. “અડોઅડ કપોળ લાગો રહેલ” ઇત્યાદિ ન સમજનારી મુગ્ધા આ પ્રસંગે સર્વ સમજવા શક્તિમતી બની અને બેત્રણ વર્ષ લગી સંતતિ ન થઇ અને વિદ્યાચતુર માત્ર શાળાના માસ્તરની નિશ્ચિન્ત અને નિઃસ્પૃહી નોકરી પર રહ્યો ત્યાંસુધીના કાળમાં આ યુવાન દમ્પતીએ શૃંગાર અને સ્નેહની પરિસીમા ભોગવી.

ઘણીવાર રાત્રિના દશ વાગતાં સુધી આ સમયમાં વાળુ પછી દમ્પતી સાથે બેસી અનેક પુસ્તકો વાંચતાં; રાજકીય અને સાંસારિક વિષયોપર વાર્તા ચાલતી, તરુણી ન્હાના ન્હાના પણ સૂચક પ્રશ્નો પુછતી, તરુણ તે સર્વઉપર ચર્ચારૂપે વ્યાખ્યાન કરી પ્રશ્નોનું નિરાકરણ કરતો, અને પોતાના કરેલા સિદ્ધાન્તોમાં નવીવિદ્યાની મુગ્ધ શં-

1 વિદ્યાની કસોટી કરનાર સભા, યુનિવર્હસિટી.

કાઓ ઉત્પન્ન કરતી અને તે શંકાઓ ઉપરથી કોઇ કોઇ પ્રસંગે સિદ્ધાન્ત ફેરવવો પડતાં પત્નીની બુદ્ધિનું ઉચ્ચપણું મપાતું; અને આ સર્વ માનસિક સ્નેહભોગને અંતે માનસિક વિહારની શિખરક્રીડા થતી હોય તેમ શય્યાખંડનાં દ્વાર બંધ કરી પાછળના એકાંત ઉદ્યાનમાં પડતી મ્હોટી બારી ભણી તરુણ તરુણીને ખેંચી જતો જતો વ્હાલની ઊર્મિ ઉછળતાં અધરે અધરદાન કરતો કરતો ધીમે રહી ગાતો.—

"નિદ્રાતણા કર સુકોમળ તુજ જેવા,
"તેનાજ સ્પર્શથકી મોહિત વિશ્વ સુતું;
"આ શાંતિઉપર ક્ષપાપતિ[1] સ્મિતભોગી—
"જો ફેરવે મૃદુ અનેક કરો ધીમેથી! ૧
"જો! જો! પ્રિયે! ધીમી ધીમી વિકસાવ આંખ્યો!
"તેજસ્વી ચન્દ્ર નભકણ્ઠશું બાઝી ચાલે!
"રહે ઉભી, પ્રિય! ધર કાન ચકોર ત્હારા—
" શી વાત ચંદ્રશ્રવણે કરતી સુતારા?" ૨

ઘણા દિવસ લાગટ આ રમણીય પ્રસંગ અનુભવતી અને ઘણા દિવસ આ ગાન પતિમુખે સાંભળતી ગુણસુંદરી તેનો અર્થ જ સમજી એટલું નહી, તે ગાનરસ પીતી હતી એટલું નહી, પણ તેના હાર્દનો હૃદયમાં ઉપભોગ કરવા લાગી. કવિતાના શબ્દાર્થ અથવા વાક્યાર્થ સમજવા, કવિતાનો મર્મ સમજવો, કવિતામાં રસિક બની કવિતાના રસથી આનંદ પામવો—એ સર્વથી કવિતાનો ઉપભોગ એ એક જુદો જ અનુભવ છે. ગાનથી ચિત્ત લય પામે છે—જેમ સર્પ પણ ગાન સાંભળી ડોલે છે અને ભાન ભુલી જાયછે; શૃંગારવશ માનવી તલ્લીન થઇ જાયછે—જેમ ગોપિયો વાંસળીના સ્વરથી ઘેલી બનતી હતી; સ્નેહવશ માનવી અભેદયોગ અનુભવે છે—જેનું જયદેવ અને પદ્માવતીની આખ્યાયિકા એ દૃષ્ટાન્ત છે; ભક્તિરસમાં નિમગ્ન માનવી સંસારને ભુલી જ જાયછે—જેનાં દૃષ્ટાંત અનેક ભક્તરાજનાં ચરિતમાં રહેલાં તે આર્યલોકને સુપરિચિત છે; બ્રહ્માનંદ પામતા આત્મા પાસે સંસાર અંધકારજેવો અભાવ બને છે અને શુદ્ધ જ્યોતિ એ એકજ અદ્વિતીય પદાર્થ બને છે: તે સઉ અને તેવો જ કવિતાનો ઉપભોગ છે— આવાં વ્યાખ્યાન રસીલી સ્ત્રીની પાસે વિદ્યાચતુર ઘણી વાર કરતો. ઘણીવાર ફરી ફરી સાંભળ્યાથી, વધેલી વિદ્યાએ ઉઘાડેલાં લોચનથી, મહાકવિયોએ તેના હૃદયમાં નવા

---

૧ ચંદ્ર.

સળગાવેલા રસદીપથી, શૃંગારવયની પરિપક્વ અવસ્થા પામવાને લીધે, શય્યાનો સમય અને શય્યાનું સ્થાન એ ઉભયના કરેલા ઉદ્દીપનથી, અને અંતે ઈશ્વરપ્રસાદથી, પતિમુખમાંથી નિત્ય પડતા ગાનસ્વરોમાં આજ જ નવો જીવ આવ્યો હોય અથવા તો પોતેજ અહુણાં નવી જન્મી હોય તેમ પતિએ ગાયેલી કવિતાનો ઉપભોગ ગુણસુંદરીને એકદમ અચિન્ત્યો થયો, તેનું મુખ મલકાઇ ગયું, રોમોત્કમ્પ થયો; નેત્ર વિકાસ પામ્યાં, અંતમાં વળી રહ્યાં, અને અંતે સ્નેહના ઉલ્લાસને બળે પતિનેત્ર સામું અનિમિષ જોઇ રહ્યાં. જાતે ચળકતાં અને ચન્દ્રિકાથી પ્રકાશિત થયેલાં એ સ્ત્રીનેત્રની કાળી કીકિયોની વચ્ચોવચ પોતાના આકારનું પ્રતિબિમ્બ પડેલું હતું તેના ઉપર સ્નેહસમાધિસ્થ વિદ્યાચતુરની દૃષ્ટિ પડી. પત્નીની ન્હાની કીકિયોમાં પોતે ન્હાને રૂપે સંક્રાત થયો જોઇ—“આજ ત્હારા “હૃદયમાં પણ હું ન્હાને રૂપે—કવિતારૂપે—સંક્રાત થયો છું, અને ત્હારી “કીકિયોની પેઠે—ત્હારા સર્વાંગ પેઠે ત્હારૂં હૃદય પણ અનિમિષ બની મ્હારા “પ્રતિબિમ્બનું ધારણ કરે છે” એવું સૂચવતો હોય તેમ પતિ પણ ગમ્ભીર આનન્દમય વદનથી પત્નીસામું જોઇ રહ્યો. માનસિક સ્નેહનો આજ પ્રથમજ ઉભયને અનુભવ થયો. નવો ગર્ભ ધરનારીની પેઠે પત્નીએ બીજો દિવસ પ્રફુલ્લ વિચારમાં ગાળ્યો અને અંતે અભણ અવસ્થામાં ગરબીઓ રચનારીએ આજની અવસ્થાએ પ્હોચી પતિના શ્લોકના પ્રતિધ્વનિરૂપ—પ્રત્યુત્તરરૂપ—નવી કવિતા વાલ્મીકિની પેઠે ઈશ્વરપ્રેરણાથી રચી કહાડી. પાછો રાત્રિએ એજ પ્રસંગ આવતાં શુદ્ધ-સ્નેહના નવા ચાખેલા રસના લોલુપ વિલાસી પતિએ એજ શ્લોક ફરી ગાયા—એજ હૃદયસંયોગ ફરી ભોગવ્યો; પણ ગઇ કાલનાથી આજ અધિક અનુભવ મળવા વારો આવ્યો. મુગ્ધજેવી પત્ની પતિઉત્સાહનો પ્રતિધ્વનિ કરવા ધૃષ્ટ બની.[1] પતિએ ગાયેલા ગાનને અંતે થયેલું તારા-લગ્ન દૃઢતર કરી, ઉદયમાન ચંદ્રકલા પોતાના કર સામા ઉભેલા અને નવા તેજથી ચલકતા મેઘ ઉપર ટેકવે તેમ પતિના સ્કન્ધ ઉપર સુકુ-માર અને ગૌર કર ટેકવી, ચન્દ્રતેજના સ્પર્શથી ચંદ્રકાંત રસ ઝરવા લાગતો હોય, પતિના સ્પર્શે પોતે જ શૃંગાર ઝરવા લાગી હોય, તેમ નવરસિક લલના પોતાની નવી કવિતા એકદમ આરંભી ધીમા મૃદુ

---

१ अन्यदा भूषणं पुंसां क्षमा लज्जेव योषिताम् ।
पराक्रमः परिभवे वैयात्यं सुरतेष्विव ॥ माघ–

(તે ઉપરથી સૂચિત.)

સ્વરથી ગાવા લાગી અને ગાતી ગાતી ચંદ્ર અને તારા ભરેલા આકાશની સમક્ષ નવી શશિકલા જેવી ખીલવા લાગી:—

"ચમક ચમક તારા થાય આ વ્યોમમાં આ—
"મુજ ઉર સ્વર થાતા પ્રિયના આજ જેવા;
"શશીતણું ધોળું રેલે તેજ આ વ્યોમમધ્યે—
"તમ ઉરથકી મ્હારે જેમ આનન્દ રેલે.
"શશીપદઅંકે બેઠી આ શાંતિ કરે સ્મિત, નાથ!
"જુવો! જુવો! પ્રિય! ગોઠડી કેવી એ બે કરે એકાંત!
"એવી ગોઠ મુજશું કરોની!
"શશીઉરમાં લપટાઇ આ શાંતિ ધરે પ્રકાશ!
"જુવો! જુવો! પ્રિય ગાંઠ એ બેની કેવી પડી આ આજ!
"એવી ગાંઠ મુજશું રચોની!"

આ સાખિયો ગવાઇ તેટલી વાર તો વિદ્યાચતુરે તેનો ઉપભોગ કર્યો. ગવાઇ રહેતાં, તેના હાર્દનો વિચાર થતાં,—અચિન્તી કાંઇ નવી શોધ થઇ ગઇ હોય, શુદ્ધ કન્યાઉપર મદનાવસ્થાનો પ્રથમ અવતાર પ્રથમ જ વ્યક્ત થયો હોય, મુગ્ધાનું લજ્જાદ્વાર ઉઘડતાં તેના અંતર્માં વસતા દૈવતનું નવલ દર્શન થયું હોય, તેમ પત્નીનું ગૂઢ રહેલું કવિત્વ પુષ્પપેઠે સહસા વિકાસ પામેલું જોઇ વિદ્યાચતુર અદ્ભુત આશ્ચર્ય, ઉત્સાહ, અને આનંદનો ભોગી થયો. પોતાની કવિતા કરતાં પણ સ્ત્રીની કવિતા વધારે કોમળ અને વધારે ઉત્સાહી લાગી અને તે ભાનથી હૃદય આનન્દગર્વમાં ઉછળવા લાગ્યું, અને તેનો હાથ પોતાને ઓઠે મૂક્યો.

સાત્વિક આનંદના પ્રસંગ વિરલ હોય છે. આ બનાવ વિદ્યાચતુરને પ્હેલો તેમ જ છેલ્લો થયો. આવી રાત્રિ વીતતાં બીજે દિવસે તેના મામા જરાશંકરે તેને બોલાવ્યો. રત્નનગરીના હાલના રાજા મણિરાજના પિતા મલ્લરાજપાસે જરાશંકર ખાનગી મન્ત્રીનું કામ કરતો હતો. બાળક મણિરાજને ઇંગ્રેજી શીખવવા બસ્કિન્સાહેબ તરફથી તાકીદ આવતાં વિશ્વાસુ માણસ જોઇતો હતો અને તે કામ ઉપર જરાશંકરની ભલામણથી વિદ્યાચતુરની નીમણુક થઇ. તેના મનમાં એવું હતું કે આ જગાનું કામ પણ માત્ર પુસ્તકશિક્ષકનું હશે; પરંતુ એ કામ તો માત્ર ગૌણપક્ષનું જ નીવડ્યું. મલ્લરાજને ઇંગ્રેજી વિદ્યામાં પ્રવેશ ન હતો એટલે તે વિદ્યાનું મૂલ્ય પણ ન હતું. મલ્લરાજ શરીરે તેમ

સ્વભાવે શુદ્ધ ક્ષત્રિય હતો. આખા રજવાડામાં શુદ્ધ રાજબીજના દૃષ્ટાં-
તમાં સઉ તેને પ્રથમ ગણતા. ઇંગ્રેજી સત્તાના આરંભમાં થયેલાં યુદ્ધ,
સામદામ આદિથી ભરેલી રાજનીતિ, રાજ્યવ્હારના અને રાજ્યમાંના
શત્રુઓ, ઇત્યાદિનો તેને ન્હાનપણમાંથી અનુભવ હતો. પોતાનું અન્ત્ય
સાધ્ય શું છે તેનો વિચાર કરતો અને પછી સાધન ખોળતો. રાજવિ-
દ્યાને ચતુરંગ (શેતરંજ) ની બાજી જેવી ગણી ખેલ રમ્યાં કરતો
અને તેમાં સર્વ સાર માનતો. ઇંગ્રેજી વિદ્યાને તે એક સાધન ગ-
ણતો અને મણિરાજને તે સાધન પ્રાપ્ત થાય તેમાં તેને બાધ ન હતો.
મલ્લરાજ તરફથી વિદ્યાચતુરને પ્રથમ સૂચના એ થઇ કે ભલે આને ભ-
ણાવો પણ તમારું કામ ચુકશો માં. "મ્હારા કુંવરપાસે તમને રાખું છું
"તે કંઇ એની બુદ્ધિ ઇંગ્રેજી કરવા નથી રાખતો. એનું વય આજ
"કોમળ છે માટે બહુ સંભાળથી એને ઉછેરજો. સરત રાખજો કે
"એને મ્હારે તમારા જેવો બ્રાહ્મણ નથી કરવો કે વૈશ્ય નથી કરવો.
"બ્રાહ્મણ, વૈશ્ય, મ્લેચ્છ, ઇંગ્રેજ અને એવા એવા સર્વ લોકની વિદ્યા
"એ સમજી જાય અને સર્વની કળા જાણી જાય, સર્વની સાથે પો-
"તાના ધર્મ પાળવા સમજે, એવું એવું સર્વ એને શીખવજો. પણ
"યાદ રાખજો કે ઇંગ્રેજ, બ્રાહ્મણ, કે બીજા કોઇનો કે તમારો પોતાનો
"કંઇ પણ ગુણ એનામાં આવ્યો દીઠો તો તમારી નોકરીમાં કસુર
"થઇ ગણીશ. તમારું એક કામ એ કે એનામાં શુદ્ધ રજપુતના ગુણ
"ભરવા. એ કુમાર મ્હારી વૃદ્ધાવસ્થામાં મ્હારે ટેકવાનો દંડ છે,
"મ્હારા રાજ્યની આશા છે, મ્હારા વંશનું ભવિષ્ય છે, મ્હારા કુલની
"પ્રતિષ્ઠા છે, અને તમે એના શિક્ષક છતાં નોકર છો, અને એ પ્રજા
"નહી પણ રાજા થવા સરજેલો છે, તે સર્વ ધર્મને યોગ્ય એને કરજો.
"એનું શરીર ખીલવવા, એનું શૌર્ય વધારવા, મ્હારા ક્ષત્રિય યોદ્ધાઓ
"હું તમને સોંપું છું. એને રાજવિદ્યા શીખવવા તમારી મરજી પડે
"તે સગવડ માગજો. એને રાજા કરજો. બ્રાહ્મણને હાથે રજપુત સ્વ-
"ધર્મ શીખે એ આપણા દેશમાંની જુની પ્રનાલિકા છે અને તે પ્ર-
"માણે હું એને તમારા હાથમાં મુકુંછું. તમારા બીજા વખતમાં શું
"કામ કરવું તે તમને જરાશંકર બતાવશે. તમારું કામ અંહી નિ-
"શાળના માસ્તરનું નથી. સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે તે જુવો.
"છોકરાંને ઉછેરવાં, કુટુંબનાં વડીલોનું કામ ઉપાડવું, ચાકરોઉપર સત્તા
"રાખવી, ઘરધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સં-
"ભાળ રાખવી, ઘરમાં આવતાં જતાં માણસ આગળ ઘરનું નાક રા-

"ખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું! અને દિવસ વીત્યે
"શૃંગારશાળામાં પતિના ઉપર રાજ્ય ચલાવવું! આટલું તો એક સા-
"માન્ય સ્ત્રી કરે છે; અને તેની સાથે લોકના બોલ સહી જવા, ઘરમાં
"જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઇ જવી, પોતાના દુઃખને
"ગણવું નહી, મન અને પેટ બે મ્હોટાં રાખવાં; એ બધું પણ સ્ત્રીને
"કરવું પડે છે અને તેટલું જો તે કરે તો જ સ્ત્રીને સ્ત્રી કૂહેવી. ન
"કરે તો તે પુરુષ તો નથી જ ને સ્ત્રી પણ નહી જ—તેને તો જેમ
"અનંગરંગમાં શંખણી કહી છે તેમ આપણે સંસારરંગમાં શંખણી
"કૂહેવી. કૂહો—હવે એક સ્ત્રીને માથે આટલા ધર્મ છે તો સ્ત્રીના
"ધણી પુરુષના કેટલા ધર્મ હોવા જોઇએ? જે પુરુષને આટલું સ્ત્રીનું
"કામ આવડે નહી તે સ્ત્રીના કરતાં પણ નપાટ ને મ્હારા રાજ્યમાં
"નોકરી કરવા નાલાયક. સ્ત્રી અને પુરુષ બેનું કામ આવડે તે મ્હારી
"નોકરીને યોગ્ય અને એ યોગ્યતા તમારે મેળવવી. જેનામાં આ સઉ
"યોગ્યતા વધારેમાં વધારે હોય તે મ્હારો કારભારી થવા લાયક છે.
"બીજું. લોભ ન કરવો એમ હું નથી કૂહેતો પણ સ્હામાનું ઘર સા-
"ચવી લોભ કરવો. અમારા પુરાણી એક શ્લોક કૂહેછે કે વાછડાને
"ધવરાવી ગાયને દૂહોવાની છે તેમજ રાજાએ પણ પ્રજાને સંતોષ
"આપી રાજભંડાર ભરવાનો છે.[1] હું તમને તેજ રીતે કહું છું કે રાજા-
"પ્રજાનો સ્વાર્થ સંભાળી તમારા સ્વાર્થના વિચાર રાખજો, નીકર મ્હારે
"તમારે સગાઇ નથી તે સરત રાખવી. તમે પ્રમાણિક છો તે હું
"જાણું છું, પણ પ્રમાણિકપણું પઇસા ન ખાધામાં જ આવી જાયછે
"એમ નથી, પણ બીજી ઘણી બાબતોમાં જોઇએ છીયે તે તમને અ-
"નુભવ શીખવશે. તમને એ પ્રમાણિકપણું હાલ વાત કરતાં સ્હેલું
"લાગશે પણ અધિકારે ચ્હડતાં "માયા દેખી મુનિવર ચળે" એ તમે
"હળવે હળવે જોશો. મણિરાજને કાચી અવસ્થાને સમયે તમારા
"હાથમાં મુકું છું તેથી છલકાઇ કે છેતરાઇ ન જશો ને હમેશ યાદ
"રાખજો કે એ મણિ છે પણ નાગને માથે છે ને તમારે નાગની
"સાથે કામ છે. નાગ પ્રસન્ન થાય તો રત્નનો ભંડાર ઉઘાડો મુકે પણ

---

१ राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेनाम् ।
तेनाद्य वत्समिव लोकममुं पुषाण ॥
तस्मिंश्च सम्यगनिशं परिपुष्यमाणे ।
नानाफलैः फलति कल्पलतेव भूमिः ॥

"તે કોપે તો તેની દાઢમાં યમના દૂત નિરંતર સજ્જ છે તે યાદ રા-
"ખજો. મલ્લરાજ એ નાગના જેવો છે."

રાજકુમારના શિક્ષક થનારના અંતર્માં શબ્દેશબ્દ જડાઇ ગયા, પ્રત્યેક શબ્દમાં ઉપદેશના ગ્રન્થ ભરેલા લાગ્યા, પ્રથમ જ જાતે મ્યાન ઉઘાડનારને તરવારનું મૂળ નીકળતાં જ આંગળિયો સંભાળવી પડે એવો અનુભવ થયો, અને ઘેર ગયા પછી પણ આ નવા સંસારે તેના તાર્કિક મસ્તિકને એવું તો ચકડોળે ચ્હડાવ્યું કે તે દિવસથી ગુણસુંદરી સાથેના સાત્વિક પ્રસંગો સ્વપ્ન જેવા થઇ ગયા, કવિતા કરવી ભુલી ગયો, અને રાજસંસારના તીવ્ર ભ્રમણમાં પડેલી આંખ સ્નેહ-સંસારને નિત્ય ખરતા તારા પેઠે પળવાર જ જોવા પામતી.

આ જ પ્રસંગે ગુણસુંદરીને પણ તેને યોગ્ય વિષમ સંસારજાળમાં લપટાવું પડ્યું અને પૂર્વાવસ્થામાં વિદ્વાન પતિ અને વિદ્યાએ આપેલી કળા તે જાળ ઉકેલવામાં ઉપયોગી થવા લાગી. વિદ્યાચતુરે મલ્લરાજના શબ્દ અમૂલ્ય ગણી એક પુસ્તકમાં ઉતારી રાખ્યા હતા તે વાંચી ગુણસુંદરીએ પણ પોતાના નવા વ્યવહાર સંબંધી ઘણો બોધ લીધો. બુદ્ધિવાળાના અનુભવ વિદ્વાનોને પણ બોધ આપે છે; એટલુંજ નહી પણ સામાન્ય મનુષ્યો કરતાં વિદ્વાનો તે અનુભવમાંથી વધારે બોધ લે છે. વિદ્યાનું સાધન પુસ્તકભંડાર માત્ર અનેક બુદ્ધિમાનોના અનુભવનું રહસ્ય શીખવે છે અને આ રહસ્ય ગ્રહી લેનારને જ વિદ્વાન ગણવા અને બીજાને કેવળ પુસ્તકપંડિત ગણવા એવો વિદ્યાચતુરનો મત હતો અને તેથી બુદ્ધિવાળાના અનુભવને તે પુસ્તક જેવો જ ગણતો. અભણ પણ અનુભવી મલ્લરાજની પ્રથમ આજ્ઞામાં વસેલો ક્ષાત્ર ઉદ્રેક તેને અતિપ્રિય લાગ્યો, તેમાંનું રાજ–અભિમાન તેને નમવા યોગ્ય લાગ્યું, અને આવી સુંદર લાગતી આજ્ઞામાંથી સર્વેને માત્ર સુંદર લાગતા પુષ્પમાંથી મધમાખી મધ લે તેમ—તેણે અનુભવબોધ લીધો અને એ બોધથી તેનું પોતાનું નીતિબીજ બંધાયું એટલુંજ નહી પણ ગુણસુંદરીએ પણ તે બીજ સ્વીકાર્યું. માત્ર એકને એ બીજ રાજકાર્ય આદિ અનેક સ્થળે કામ લાગ્યું અને સ્ત્રીને તે ગૃહકાર્યમાં કામ લાગ્યું.

પોતાના મામા જરાશંકરને સંતતિ ન હોવાથી વિદ્યાચતુર મોસાળમાં ઉછર્યો હતો. એ જન્મ્યો ત્યારે તેના બાપ માનચતુરનું વય પાંત્રીશેક વર્ષનું હતું અને તેને ઇંગ્રેજી રાજ્યમાં એક ન્હાના ગામમાં મામલતદારના કારકુનની નોકરી હતી. તે સાધારણ ભણેલો હતો પરંતુ બુદ્ધિશાળી ગણાતો અને જ્યા

બુદ્ધિ સતેજ હોય છે ત્યાં યુવાવસ્થાનુ ઉત્કટપણું પણ તેવુંજ હોય છે એ વાત સાચી માનનાર વર્ગ **માનચતુર**નું દૃષ્ટાંત બતાવતા. વૃદ્ધાવસ્થા પર્યંત ન છુટેલી લંપટતામાંથી મહાન અને અસાધ્ય રોગને વશ થઇ નોકરી છોડી ઘેર આવવું પડ્યું. **વિદ્યાચતુર** શીવાય **માનચતુર**ને બીજો પણ કુટુંબ-વિસ્તાર પુષ્કળ હતો. **વિદ્યાચતુર**ના પ્હેલાં **માનચતુર**ને બીજા બે પુત્ર અને બે પુત્રિયો થયાં હતાં, સઉથી મ્હોટો પુત્ર સુંદરગૌરી નામની રૂપવતી બાળવિધવા મુકી ગુજરી ગયો હતો. સુંદરગૌરી પોતાને પિ-યર રહેતી હતી પરંતુ તેનાં માબાપ ગુજરી ગયાં અને ભાઇભાભીના ઘરમાં એ વધારે પડી. એક દિવસ તો તેને મારી ક્હાડી મુકી આખી રાત્ર ભુખી તરસી બારણે ઓટલે બેસાડી મુકી. ગુણસુંદરીને આ વાતની ખબર થતાં ત્યાં ગઇ અને ચોધાર રોતી નિરાધાર જેઠાણીને પોતાને ઘેર લેઇ આવી. બીજા જેઠનું નામ **ગાનચતુર** હતું તે **વિ-દ્યાચતુર**થી દશ બાર વર્ષ મ્હોટો હતો અને એને ભણાવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો હતો; કારણ ન્હાનપણમાંથી મોજશોખમાં પડેલા બાપે લડાવ્યો અને બાપના જેવી સોબત વળગી. આખરે મામલતદારને ત્યાં ઘણી કડાકુટ કરતાં તેને એક તલાટીની જગા મળી. પણ જાતે વ્યસની તથા ખરચાળ હોવાથી કોડી બચતી ન હતી. વળી ગામના મુખીની સ્ત્રી સાથે એની ચર્ચા ચાલતી હતી તેથી મુખી વેર રાખતો. એમ કરતાં કરતાં એક દિવસ એક ખેતરના ધણી પાસે ચાર પાંચ આના પાનસોપારીના લીધા હશે તે બાબત મામલતદારપર 'રીપોર્ટ' કરી મુખીએ એને બરતરફ કરાવ્યો અને **ચંડિકા** નામની પોતાની સ્ત્રી તથા ચાર છોકરાંના વિસ્તાર સાથે રત્નગરી આવ્યો અને ગુણસુંદરીભા-ભીનો અતિથિ થયો. **વિદ્યાચતુર**ની મ્હોટી બ્હેન **દુઃખબા**ના પતિ **સા-હસરાય**ને વ્યાપાર કરતાં દેવું થયું, દેવામાંથી છુટવા લોભનો માર્યો સટ્ટામાં પડ્યો, તેમાંથી છુટાય નહી એટલું ઋણ થયું, અને દુઃખને લાજનો માર્યો છાનોમાનો ગામપરગામ નાસવા લાગ્યો અને ન ચાલ્યે **દુઃખબા**ને એના ભાઇને ત્યાં મોકલી દીધી. **દુઃખબા**ને સંતતિમાં માત્ર એક કુમારી નામની કુમારી કન્યા વયે પ્હોચવા આવેલી હતી. જેવું પતિનું દુઃખ મ્હોટું હતું તેવુજ કુમારીને ક્યાં પરણાવવી અને શાવતે પરણાવવી એ દુઃખ પણ બીચારી **દુઃખબા**ને થોડું ન લાગતું. એ દુઃખ ભાઇભાભીને ન ક્હેવાતું અને કન્યાવસ્થા ત્યજતી કુમારીને જોઇ તેની મા રાતદિવસ સોસાઇ જતી. **વિદ્યાચતુર**ની બીજી બ્હેન **ચંચળબા** આ અરસામાં વિધવા થઇ. તે કામકાજમાં નામ પ્રમાણે ચંચળ હતી

પણ તેનામાં અભિમાનનું પાસું હતું તેમજ જુહુંસાચું કરવાની ટેવ હતી. આથી તે સાસરિયામાં સમાય એમ ન હતું પણ સાસરામાં બીજી કોઇ આધેર સ્ત્રી ન હોવાથી તેની ત્યાં ગરજ હતી. આખરે એની દેરાણી ઘર ઉપાડે એવી થઇ એટલે દિયરને ભાભીની ગરજ ના રહી. ચંચળબાનું નિત્ય અપમાન થવા લાગ્યું અને આખરે થાકીને અને દેરાણીનાં મ્હેણાં ન ખમાતાં ભાભીની બોલાવી ભાઇને ત્યાં રહેવા આવી. એને પંદરેક વર્ષનો યશપ્રસાદ નામનો દીકરો હતો તેની વહુ સાલસબા ન્હાતીધોતી થઇ હતી પણ ચંચળબા ભાઇને ઘેર આવી એટલે સાલસબાને સાસરે રાખવાનું બંધ રહ્યું.

જે વર્ષમાં વિદ્યાચતુર મણિરાજનો શિક્ષક થયો તે જ વર્ષમાં થોડા થોડા દિવસને અંતરે માનચતુર, સુન્દરગૌરી, ગાનચતુર, ચંડિકા, દુઃખબા, અને ચંચળબા પોતપોતાના પરિવાર લેઇ વિદ્યાચતુરને ઘેર ઉભરાયાં. એ સઉ ભાર એકદમ અને અચિંત્યો ગુણસુંદરીને માથે પડ્યો. સઉનાં જુદી જુદી જાતનાં દુઃખની સંભાવના કરવી, સઉના જુદા જુદા સ્વભાવની સાથે પાલવતું કરવું, અને સઉની કટેવો વેઠવીઃ— આ સઉ કારભાર ને આ સઉ ચિંતા ઉપાડતાં શુદ્ધ યુવાવસ્થામાં ખીલવા લાગેલી ગુણસુંદરીને ભોગવિલાસનો ત્યાગ કરવો પડ્યો અને વૃદ્ધાવસ્થાનું ધૈર્ય અને શાણપણ શોધવું પડ્યું. એનું ઘર ન્હાનું હતું, એના પતિની આવક આ સર્વ ખર્ચના પ્રમાણમાં જુજ હતી, અને સર્વના મનમાં એની પાસેથી સંભાવનાની અપેક્ષા તથા આશા વિદ્યાચતુરની પદવીના પ્રમાણમાં મ્હોટી રાખવામાં આવતી. તે અપેક્ષા અને આશા પૂરતાં જાણ્યે અજાણ્યે ચાલ્યે ન ચાલ્યે જેટલી ન્યૂનતા રહી જતી તેટલો અસંતોષ થતો અને તેટલા દોષ વિદ્યાચતુર અથવા ગુણસુંદરીને માથે મુકાતા.

આ સર્વ કુટુંબભાર ઉગતી ગુણસુંદરીને માથે પડ્યો તે પ્રસંગે તેને જગતનો અનુભવ ન હતો અને એ ભાર નીચે કેટલાં કચડાવું પડશે અને તે પ્રસંગે કેટલું બળ રાખવું પડશે તેની એને કલ્પના પણ ન હતી. પ્રથમ વીશીની જુવાનીમાં પતિ સાથે એકલી રહેલી માણસની ભુખી હતી અને કુટુંબની સંભાવના કરવામાં પોતાની ઉદારતા અને મમતા દેખાડવાથી જન્મારો સફળ થયો માનતી હતી. પતિની સાથે વિકસેલો સ્નેહ કુટુંબજન સાથે વિકસવા ઇચ્છતો હતો. પોતાના જેવાં જ પારકાંનાં અંતઃકરણ કલ્પતી હતી અને વત્સલ ડોશિયોમાં વસી વત્સલ થયેલી ગુણિયલ યુવતિ કુટુંબભારની ધુરન્ધર થવા ઇચ્છતી

હતી. સંસારનું એક જ પાસુ તેણે અનુભવેલું હોવાથી પોતાના સદ્‌ગુણના વિકાસને સંસાર સર્વથા અનુકૂળ પડશે એવી તેણે આશા રાખી હતી. આ સર્વ ઉત્સાહ ભરેલી બાળાને કુટુંબભારની દુર્વહનીયતાનાં પડ અનુભવે ધીમે ધીમે ઉઘાડી આપ્યાં.

ઘરમાં માણસો ઉભરાયાં ત્યારે પ્રથમ તો ગુણસુંદરીને ઘણી સગવડ અને ઘણો આનંદ થયો. કેટલીક ન્હાની ન્હાની અગવડો પડી તેનો બદલો તો વસ્તીમાં રહેવાના આનંદથી જ મળી ગયો.

ન્હાના સરખા ઘરમાં જરા સંકડાશ પડવા લાગી, પણ આખો દિવસ ભર્યા રહેતા ઘરમાં કલ્લોલ જેવું લાગવા માંડયું. પરસાળમાં સર્વ સ્ત્રિયોને તથા તેમનાં છોકરાંને સુવાબેસવાનું રાખ્યું. પરસાળપરની મેડીમાં જેઠ જેઠાણીને વાસ્તે એકાંત શયનગૃહ કરી આપ્યું. પરસાળ પાછળ ઓરડો હતો તેમાં જોખમ રહેતું અને તેને હવે ચામડાનું તાળું થયું ગણાયું. ઓરડાપરની મેડીમાં દાણાની વખાર હતી તે પ્રસંગે લેવા જવું પડે ત્યારે જ માત્ર જેઠાણીની મેડીમાં જવું પડે. પરસાળની આગળ ચોક હતો. ચોકની એક પાસ રસોડું, પાણિયારું, વગેરે હતાં અને બીજી પાસ બે ઓરડિયો હતી તેમાંની એકમાં વડીલ **માનચતુરને** એકાંતવાસ આપ્યો ને બીજી વૃદ્ધ સાસુ **ધર્મલક્ષ્મીને** સારુ રાખી. ચોક આગળ ખડકી હતી અને તેના ઉપર મેડી હતી. બાકીના ભાગ ઉપર અગાશી હતી. સઉ આવ્યાં પ્હેલાં પોતાને સુવાનું પરસાળની મેડીમાં હતું અને ખડકીની મેડીમાં **વિદ્યાચતુરની** કચેરી હતી. હવે સુવાનું ઠેકાણું ખડકીની મેડીમાં કર્યું અને કચેરી ખડકીમાં કરી. ખડકી ને ચોક વચ્ચે પડદો ભરી લીધો એટલે સ્ત્રિયોને મર્યાદા થઇ. પરસાળની જોડે ન્હાનો સરખો ચોકો હતો તેમાં રસોડાનું બારણું પડતું હતું. એ ચોકમાં જમવા બેસવાનું હતું. ચોક પાછળ ગજાર ને તેની પાછળ છીંડી હતી. ચોકમાં રસોડા જોડે પાણિયારું અને ટાંકાની ઓરડી વગેરે હતું. ન્હાની સરખી જગામાં થોડે ખરચે ઘણો સમાસ કેમ કરવો તે આપણાં ઘર બંધાવનાર વડીલો આપણા કરતાં વધારે સમજતા હતા એવું **વિદ્યાચતુર** હમેશ ક્હેતો, અને પોતાના મ્હોટા કુટુંબને પોતાના ન્હાના ઘરમાં સર્વને અનુકૂળ સમાસ કરી આપનારી પત્નીએ આ ઘર બંધાવનારની બુદ્ધિને સફળ કરી આપી જોઇ પતિને અત્યંત સંતોષ થયો, અને બદલામાં પોતાને સુવાના નવા સ્થાનમાં સાન કરી સ્ત્રીને બોલાવી હૃદયદાન દીધું. આ પ્રીતિદાય લેતાં લેતાં પત્ની બોલીઃ “જુવો, વડીલ શરીરે સારા રહેતા નથી અને ન્હા-

"નડિયામાં એમને હરકત પડે માટે એમને એકાંત જોઇયે, પણ તેની "સાથે એમને જો મેડિયે ન્હડાવિયે તો કંઇ જોઇતું કરતું હોય તો "બુમો પાડવી પડે માટે એમનું નીચે ઠેકાણું રાખ્યું. એમાં મ્હારું "બેસવાનું ઠેકાણું ઓછું થયું પણ એમને ઠીક પડશે. ખડકીની મેડીમાં "મ્હોટા ભાઇને ખડકીનો ગરબડાટ નડત. એમને એકલાં બેઠાં બેઠાં "ગાયા કરવાની ટેવ તે આ ગોઠવણ ઠીક પડશે. ખડકીમાં લોકો બેઠા "હોય એટલે મ્હારાથી વારેઘડિયે હવે ખડકીની મેડીમાં નહી અવાય, "પણ આખી રાત આપણી કયાં નથી?" પોતે હરકત વેઠી કુટુંબને સમાસ કરી આપનારી સ્ત્રીની પોતાનો સ્વાર્થ તજવાની આ બુદ્ધિ જોઇ આનંદમાં આવી પતિએ તેને ફરી પોતાના પ્રફુલ્લ હૃદયનું દાન દેઇ, "બહુ સારું કર્યું, મ્હારી ગુણિયલ" એમ કરી ફરી હૃદયદાન દીધું. આ ધન્યવાદના શબ્દ પત્નીને ઘણાં વર્ષ સરત રહ્યા અને કેટલીક વાર તો તેના ભણકારા વાગતાં આનંદથી ચમકતી. આ હૃદયદાન પણ તે ભુલી નહી. આ શબ્દ અને આ હૃદયદાન કેટલાક દિવસ સુધી તો ગુણસુંદરી એકલી પડે ત્યારે સંભારી સંભારી તેમાં લીન થતી. વિદ્યાચતુર એને ગુણિયલ કહી રોજ બોલાવતો, પણ આજનું "ગુણિયલ" કાંઇક જુદા જ અર્થવાળું લાગ્યું. કુટુંબસંસાર ચલાવવો એ રાજ્ય ચલવવા જેવું છે. તે ચલવનારી ગૃહિણીનું કામ રાજ્ય ચલવનાર પ્રધાનના જેવું ગહન છે. દીર્ઘદૃષ્ટિ, સ્વાર્થત્યાગ, સહનશીલતા, ઉદ્યોગ, ઉદારતા, વ્યવહારકુશળતા, સેવ્યબુદ્ધિ, સેવકબુદ્ધિ, ઇત્યાદિ અનેક મહાગુણોનો ઉપયોગ ચતુર ગૃહિણીને પ્રધાનના જેટલો જ છે. ગૃહિણીનું કામ ભાડુતી ચાકરોથી થવાનું જ નથી અને ગૃહકાર્યને હલકું ગણી તેમાંથી ઉદ્ધારવાને બ્હાને સ્ત્રીને બાહ્યસંસારમાં ધકેલવી એ પાશ્ચાત્યબુદ્ધિ વિદ્યાચતુરને ઘણાં કારણથી રુચતી ન હતી. એ કારણોનો ટુંકામાં સમાસ એક પ્રસંગે તેને ગુણસુંદરીયે જ કરી બતાવ્યો હતો. એક પારસી વર્તમાનપત્રમાં સ્ત્રિયોને બ્હાર પાડવા વિષે નિબંધ હતો તે વાંચી રહી પત્ર પતિના હાથમાં મુકતી મુકતી પત્ની બોલી: "મ્હારા ચતુર વ્હાલા! "આ લોકો લખે છે તે શું તમે ખરું ધારો છો? અમારે અમારું શું "ઓછું છે? અમારાં શરીર તેમ અમારાં મન સંસારના ગર્ભ ધારણ "કરવાને જ સરજેલાં છે. અમારાં શરીર છે તે સંસારને ઉછરવાનું "સ્થાન છે. એ શરીરને પુરુષના સંસારને ધક્કેલે ન્હડાવવાં તે જીભની પાસે દાંતનું કામ કરાવવાના પ્રયત્ન જેવું છે. તમે દાંત—અમે "જીભ. તમે તમારું કામ કરો. અમે અમારું કરીશું. તમે કમાવ,

"અમે ઘરસંસાર નીભાવીશું. સ્ત્રીવિના તમારી કમાઇનો અર્થ કોણ
"સરાવશે? તમે પણ પેટની સેવા સારૂ જીવશો અને અમે પણ તેમ
"કરીશું, ત્યારે તમારી સંતતિની, તમારા કુટુંબની, તમારા ઘરની, ત-
"મારા મનની, તમારા આનંદની, તમારા ધર્મની, સંભાળ કોણ લેશે?
"શું ઈશ્વરે જગત એવું નિર્મેલું છે કે સ્ત્રિયે પણ ધનની સેવા કરવી?
"અમને અમારૂ કામ જે આવું મ્હોટું છે તે શીખવવામાં મદદ આપો.
"તમારી પાસે દ્રવ્ય વધે તો અમને અમારા કામમાં ઉંચી પદવી
"આપો. કુમારા પુરુષો ગરીબ હોય છે ત્યારે પોતે પોતાના ચાકર
"ને રસોઇઆ બને છે તેવીજ રીતે ગરીબ પતિની સ્ત્રી બને છે. રસો-
"ઇનું કામ સોંપી સ્ત્રીને હલકી કરી નાંખી એવું બોલનારા વગર વિ-
"ચાર્યું બોલે છે, કારણ તે કામ તો સ્થિતિ પ્રમાણે પુરુષ અને સ્ત્રી
"ઉભયને કરવું પડે છે. દશ રુપીઆ કમાવા બજારમાં મજુરી ક-
"રવી અથવા બસો રુપીઆ કમાતા ડાકતર બની દવા ઉકાળવી અને
"ગુમડાંનાં પરુમાં હાથ બોળવા તેના કરતાં રસોઇને કિયા ઈશ્વરે હ-
"લકી કહી છે જે? અમે અમારી બુદ્ધિ રસોઇમાં ચલવીશું. ત-
"મારાં સાધન વધશે ને રસોઇઓ રાખી આપશો તો તમારા ઘર ને
"ઠેકાણે અમે મ્હેલ રચીશું, તમારા પુત્રને તમારા જેવા કરી આ-
"પીશું, તમને જે વિદ્યા સેવવાને અવકાશ નહી મળે તે અમે સેવીશું;
"તમારી રસવાસનાને, તમારા કવિત્વને, તમારા જ્ઞાનને, તમારા શૌર્યને,
"તમારી દેશભક્તિને, ઋણાનુબંધ પ્રમાણે ઉછેરીશું અને વધારીશું.
"જીભ કોમળ કામ કરશે ને દાંત કઠોર ચાવણું ચાવશે. તમારાથી અમારું
"કામ નહી થાય. અમે અમારું કામ યોગ્ય રીતે કરીશું તો જ ત-
"મારો સંસાર આગળ ચાલશે. તમારો સંસાર આગળ ન ચાલે તો
"અમને પણ હાનિજ છે. મ્હારી તો એવી બુદ્ધિ છે." આ સાંભળી
વિદ્યાચતુર હસ્યો અને બોલ્યોઃ "ઠીક, તને પણ ભલું મનવતાં આ-
"વડે છે. આપણામાં સ્ત્રિયો પોતાને પતિની દાસી કહેવડાવે છે,
"સેવકનું કામ છે કે સેવ્યને મ્હોટપ આપવી. પણ, અમે તો હવે
"ઇંગ્રેજી ભણ્યા એટલે આપણા હક સરખા!"

ગુણસુંદરી—"કોણ કહે છે જે હક સરખા નથી? ખાવું, પીવું,
"સર્વ તમારે ને અમારે સરખું જોઇયે છિએ. પણ સરખા હક કરીને
"તમારાથી ગર્ભ ધરાવાનો નથી ને અમારાથી અમારું કામ છોડાવાનું
"નથી. સેવ્ય સેવક એ નામથી કોઇ મ્હોટું ન્હાનું બનતું નથી. શેઠ
"નોકરને વાસ્તે મજુરી કરે છે ને નોકર શેઠને સારૂ મજુરી કરે છે.

"દેખાવમાં શેઠ ઉપરી ને નોકર હાથ નીચે, પણ ઉભયને પરસ્પરની
"ગરજ. હાથ ઉપર ને પગ નીચે—એથી ઈશ્વરને મન હાથ વધારે
"નથી ને પગ ઓછા નથી. શાના વગર ચાલશે ? સ્ત્રીપુરુષને પણ
"એમ જ છે. મ્હારા ને તમારા સરખા હક, પણ મને ઈશ્વરે તમારા
"કરતાં ચાર તસુ નીચી કરી તે કંઇ ઉંચાં થવાશે ને સ્ત્રી મટી પુરુષ
"થવાશે ? અમારા કામમાં તમે અમને અયોગ્ય હરકત કરતા હો, અમને
"માણસને ઠેકાણે ઢોર ગણતા હો ત્યારે તમારો દોષ. આ તો શું ?
"પુરુષ તો પુરુષનું કામ કરેસ્તો ને સ્ત્રિયે ઘરની ચિંતા ન ઉપાડવી, ને ડાહ્યાં
"ડમકાં બની ટાપટીપ કરી ગપાટા મારવા ને બેસી રહેવું ને ધણીને
"ક્‌હેવું કે મ્હારે તો ખાવાનું જોઇએ, પ્હેરવાનું જોઇએ, રસોઇયો
"જોઇયે, ને તમારાં માબાપ વૃદ્ધ થયાં માટે હું કાંઇ મ્હારું જોબન
"જવા દઉં ?—એ તો કેવું કે ત્હારું મ્હારું સહિયારું ને મ્હારું મ્હારું
"પોતાનું. આપણે એવાં થઇ આપણું ઘર બગાડવું ને દીકરિયોને એવી
"કરી જમાઇનાં ઘર બગાડવાં. એ તો બહુ સારો ધંધો માંડ્યો. તમે
"બ્હાર દીવાન થાવ તો તમારું ઘર દીવાનના જેવું કરવું, તમારા
"કુટુંબને દીવાનના કુટુંબનું સુખ આપવું, ને તમે તમારા બ્હારનાં
"કામના વમળમાંથી થાકી ઘેર આવો ત્યારે તમારી પદવી જેટલા ઉંચા
"સુખસંસારમાં તમને લઇ લેવા એ અમારું કામ ને એમાં અ-
"મારી વડાઇ."

"વારું, હું દીવાન થઉં તો એમ કરજે. હાલ તો આપણા આ
"ન્હાના ઘરમાં ત્હારી ચતુરાઇ કેટલી પ્હોચે છે તે દેખાડજે. પણ હાલ
"અભ્યાસ કેમ ચાલે છે ?" વિદ્યાચતુરે પુછ્યું ને ગુણસુંદરી નરમ
જવાબ આપશે એમ ધાર્યું.

ગુણસુંદરીઃ "અભ્યાસ ? આ બધો યે અભ્યાસ જ છે કની ?
"કાગળનું પુસ્તક કે સંસારનું પુસ્તક. જેમાંથી શીખિયે તેમાંથી શી-
"ખાય !—વંચાશે હળવે હળવે–ત્યાર સોરું બધું રસ્તે પડશે એટલે.
"હાલ તો ઘરમાં ગમ્મત છે. ચાર વાગે કુકડો બોલતાં ઉઠી તમારી
"પાસેથી નીચે જાઉંછું તે તમને ખબર છે. જઇને પ્હેલું કામ એ કે
"ઘરમાં દીવા કરુંછું એટલે તમારા ઘરમાં અંધારાનું અજવાળું થાયછે.
"ચાકર બીચારો બાર વાગે સુવા પામે છે તેને ઉંઘમાંથી ઉઠાડવાનું
"પાપ વ્હોરવું એ સવાર થતાં પ્હેલાં મ્હારું બીજું કામ. શું કરું ?
"કોઇ જાગે નહી એમ ધીમે ધીમે ઉઠાડવાનું કરુંછું, તે કોઇ વખત તો
"ઉઠે અને કોઇ વખત તો દયા આવે છે એટલે સુવા દેઉં છું. પછી

"એ ગરમ પાણી મુકે કરે એટલામાં હું મ્હારી મેળે દાતણ બાતણ
"કરી, મ્હારી જાતનું કામ કરી, ન્હાઇ ધોઇ, ચોટલો ચાંલ્લો કરી,
"પરવારુંછું. ત્યારપછી સાસુજીની પૂજાની સામગ્રી તૈયાર કરી. એ ઉઠયાં
"હોય એટલે એમને સ્વાધીન કરુંછું. એ કામ બીજા કોઇને સોંપું પણ
"એમનો સ્વભાવ ચટવાળો ને આકળો ને તેથી જેને સોંપું તેને ને
"એમને બેને દુ:ખ થાય એવું છે માટે હુંજ કરુંછું. એટલામાં ઘરમાં
"સઉ ઉઠયાં હોય તો પોતપોતાનું કામ કરવામાં રોકાય તેટલી વારમાં
"રસોઇનો સામન હું તૈયાર કરુંછું. દુ:ખબા બ્હેન ઘણું ખરું દીલગીર
"રહ્યાં કરે છે એટલે કામ કરતાં કરતાં વિચારમાં પડી જાય છે ને
"એમનાથી હેરાફેરા થતા નથી એટલે રસોઇમાં ન્હાવાનું એમને ઠીક
"પડે છે ને કુમારીને સાથે શીખવાને ન્હવડાવું છું. આપણે શીખવિયે
"ત્યારે ઠીક ન પડે ને બ્હેન શીખવે ધમકાવે તેથી હરકત નહી. ઘરમાં
"હાલ છોકરાં બહુ થયાં છે તેમને ન્હવરાવવાં, શણગારવાં વગેરે કામ
"સુંદરભાભીને ગમે છે ને એમની મેળે કર્યાં કરે છે. ચંચળબ્હેન
"સવારનો વખત વડીલને સારુ ચ્હા, ઓસડ, વગેરે તૈયાર કરવામાં
"ગાળે છે અને હું ઘરમાં સઉને સારુ હેરાફેરા કરુંછું ને સામન સુમ-
"નની ગોઠવણ કરાવી ચાકર ઉપર દેખરેખ રાખું છું. એનાપર દયા
"રાખું છું ખરી પણ દેખાડતી નથી કારણ દયા દેખાડિયે તો બગડી
"જાય. આમને આમ આખો દિવસ ચાલ્યો જાય છે ને ઘરમાં
"આનંદ વર્તે છે."

"એમાં તમારી શી ચતુરાઇ?" વિદ્યાચતુરે હસીને કહ્યું.

ગુણસુંદરી ચિન્તાતુર મુખ કરી બોલી: "એતો ઈશ્વર જાણે.
"પણ હવે મ્હારે સાતમો મહીનો જાયછે એટલે મ્હારાથી જોઇયે તે-
"ટલું નીપજતું નથી ને સુવાવડમાં હું નકામી થઇશ તે પ્રસંગની બહુ
"ચિન્તા રહે છે. જોઇયે હવે શું થાયછે."

આટલું બોલે છે એટલામાં નીચે કોઇએ એને બોલાવી તેથી એ ગઇ. પણ એને ચિન્તા પડી હતી તે ખોટી ન હતી. જુદાં જુદાં સ્વભાવનાં ઘરનાં માણસોને જરા પણ તકરાર ન પડે એ રીતે પોતે ચતુરાઇથી સઉને અનુકૂળ બની જઇ રાખતી હતી અને જાતે છડી હોવાથી ખરેખરું કામ તો પોતેજ કરતી હતી. પણ સુવાવડ આ-વશે એટલે માળાવગરના મણિકા જુદા પડશે, કામકાજમાં વાદ પડશે, ઘરમાં બગાડ થશે, અને કુટુંબમાં "વિખવાદ" (વિષવાદ) થશે એવી

ગુણસુંદરીની સંપૂર્ણ ખાતરી હતી. સુવાડવામાંથી પરવાર્યા પછી પણ પોતે છડી મટાવાની એટલે આ સઉ ગુંચવારો મટાડવા પોતાને જોઇતી સવડ નહી પડે તેની પણ એને બ્હીક હતી. સઉના સ્વભાવ અને ગુણદોષ તે થોડા અનુભવથી જાણી ગઇ હતી અને હાલતો ગુંચવારો જન્મજ ન પામે અને પાણી પ્હેલી પાળ જ બાંધવી એટલું કરવું તેમાં, ગુંચવારો જન્મ્યા પછી મટાડવા જેટલી મુશ્કેલી ન હતી. મીઠા અને મધુર સ્વરથી, વિજ્ઞપ્તિ (વિનંતી) ના આકારની આજ્ઞાથી, કોમળ સૂચનાથી, કોને અનુકૂળ શું કામ પડશે તે શોધી ક્હાડી તેને તે જ કામ સોંપ્યાથી, પોતે કોઇના ઉપર સીરજોરી તો કરતી જ ન હોય એવી વર્તણુકથી, કેડે છેડો બાંધી આખો દીવસ ખરેખરી માથાકુટનું કામ જાતે ખરા ઉદ્યોગથી અને વણવિસામે ઉપાડી લેઇ તે કામ કરતાં તેનામાં દેખાઇ આવતા ઉત્સાહના દ્દષ્ટાંતથી, અત્યંત શાન્તિ અને સહનશીલતા રાખી સામાને જણાય નહી પણ તેના મનમાં રમી જ જાય એવી રીતે શીખામણ આપવાની કળાથી, અત્યંત કુટુંબવત્સલતાથી, ઉદારતાથી, આત્માર્પણથી અને બીજી અનેક જાતની ચતુરાઇથી, ન્હાની વયની ઉગતી ગુણસુંદરીયે ઘણાં માણસથી ભરેલા ઘરનું નાવ સંસારસાગરમાં વેગથી ધપાવ્યું હતું અને તેના ઘરમાં આનંદ અને સંપની સીમા ન હતી. ગુણની કીમ્મત ગુણ ન હોય ત્યારે થાયછે, સુખની કીમ્મત દુ:ખમાં થાયછે, અને સારાની કીમ્મત નરસું કરાવે છે તેમ ગુણસુંદરીને સુવાવડ આવી ત્યારે સઉને તેની ખોટ જણાવાનો પ્રસંગ આવ્યો. ઈશ્વરદત્ત બુદ્ધિ અને પતિદત્ત વિદ્યા, સ્વાભાવિક અને ઉદાર સદ્દગુણો, અવિરામ ઉદ્યોગ, યૌવનયોગ્ય ઉત્સાહ, અને વૃદ્ધજનના જેવી નિર્મળ વત્સલતા: આ ઉત્તમ ગુણભરેલી ગુણસુંદરીથી ભાગ્યવાન વિદ્યાચતુરને તેની પરીક્ષા કરવાનો પ્રસંગ સમીપ આવતો હતો. પોતે એને મ્હોડે એનાં વખાણ કરતો ન હતો પણ જેમ જેમ બ્હોળા કુટુંબની સારભરા કરવામાં તેના નવા નવા ગુણ પ્રકાશમાં આવતા હતા અથવા પરિચિત ગુણ વિકાસ પામતા હતા તેમ તેમ સંતોષ પામતો હતો અને ઈશ્વરનો ઉપકાર માની પોતાની રાજસેવાના પ્રસંગોમાં મલ્લરાજની આજ્ઞા સ્મરી એ જ ગુણોનું ઉપયોગીપણું પરખતો હતો. રાજ્યસંબંધમાં પડેલાં માણસો જેવાં હોય તેવાં જ નીભાવવાં પડે છે, તેને જ ઉપયોગી કરી લેવાં પડે છે, તેમની સાથે સહનશીલતા અને ઉદાર ચિત્ત રાખવાં પડે છે, ઇત્યાદિ અનુભવ પોતાને થતો હતો તેમાં અને ગુણસુંદરીને થતા અનુભવમાં ઘણુંક સરખાપણું લાગ્યું.

ગુણસુંદરીના સીમન્તવિધિનો પ્રસંગ આવ્યો તે સમયે ઘરમાં વધેલી વસ્તી ઘણી કામમાં લાગી. પરંતુ તે જ રીતે તેમનાં મન જાળવવાં એ મ્હોટું કામ ગુણસુંદરીને કરવું પડ્યું અને તેમ કરવા શીવાય એ પ્રસંગની સર્વ ચિંતા તો પોતાને જ રાખવી પડી. જ્ઞાતિભોજનની ખટપટ કરવામાં, બ્હારનો સામાન લાવવાના કામની ચિંતામાં, ગાનચતુરે ઘણો ભાગ ઉપાડી લીધો અને જરાશંકર અને બીજા સમ્બન્ધિયો કામ લાગ્યા તથાપિ તે સર્વ કારભારમાં અંધેર થતું અટકવું તે ગુણસુંદરીની સંભાળથીજ થયું. કારણ કામ કરવા સર્વ તત્પર રહેતાં અને ઉલટ બતાવતાં પણ કિયું કામ કોણે કરવું અને કાળક્ષેપ ન થતાં જે કામ જે ઘડિયે જોઇયે તે વખતે જ કરાવવાની ચિન્તા ગુણસુંદરીને રહી. આ સર્વનું કારણ એ જ કે "આ ઘર અને આ કામ તો મ્હારૂં પોતાનું જ છે અને મ્હારે પોતે જ પાર ઉતારવાનું છે" એ ફીકર કોઇને ન હતી. ઘરમાંથી સામગ્રી જોઇયે તે આણવામાં સર્વ સ્ત્રીમંડળ તત્પર હતું, પરંતુ કેઇ સામગ્રી કોને જોઇયે અને ક્યાં મુકેલી હશે અને ક્યારે તેનો શો ઉપયોગ કરવો એ સર્વ કામ ગૃહિણીનું જ રહ્યું. વળી સામગ્રીનો આ મહાસભારંભમાં વખતો વખત બીગાડ થતો હતો તે કોઇ પ્રસંગે અટકાવાય અને કોઇ પ્રસંગે મ્હોટું પેટ રાખી થવા દેવો પડતો હતો તે પ્રસંગોનો વિવેક ઘરમાં કોઇ સમઝતું ન હતું અને ઘડી ઘડી ક્લેશના અને તકરારના પ્રસંગ આવતા તે ગુણસુંદરી સમયસૂચકતાથી જાળવી લેતી હતી અને બીગાડ થતો અટકાવતી હતી. જ્ઞાતિવ્યવહાર જાળવવા એ પણ એક વિકટ કામ હતું. એ શાસ્ત્રમાં ધર્મલક્ષ્મી સાસુ પ્રવીણ હતાં, પણ અવસ્થાને લીધે તેમનું શરીર જર્જરિત થયું હતું એટલે ઘરબ્હાર નીકળતાં ન હતાં કે સઉ બાબતની ખબર રખાય. પરંતુ બધી વાતની બેઠાં બેઠાં પુછપરછ કરતાં હતાં. એમને મ્હોટું પદ આપવા અભિમાન વિનાની ગુણસુંદરી બધી બાબતમાં તેમનો અભિપ્રાય લેઇને કામ કરતી હતી. તોપણ પોતાના અભિપ્રાયનો અમલ કેમ થાય છે, શામાં શામાં પોતાને પુછ્યા વગર વહુ આગવું ડ્હાપણ ચલાવે છે, શામાં શામાં સારૂં નરસું બોલાય છે, વગેરે તપાસ ડોશી ચંચલ મારફત કરતાં; ચંચળ છાશમાં પાણી ઉમેરતી; અને ડોશી સમજુ હોવાથી વહુની કીમ્મત સમજતી તોપણ કોઇ કોઇ વખત મનમાં એની ભુલ ક્‌હાડતી, કોઇ વખત ચંચલ આગળ મ્હો મરડતી, અને કોઇ વખત ગુણસુંદરીને ધીમે રહીને શીખામણ દેતી અને કોઇ વખત વ્હાડા ડ્હામ દીધા જેવું પણ કરતી. કોઇ વખત મનમાં ખોટું તો

લાગતું પણ આખરે "હશે, મ્હોટાં છે" કરી ઉદાર વહુ સઉ વાત ભુલી જતી અથવા સહી જતી. પોતાના સીમંતની ચિંતા સ્વાભાવિક રીતે વડીલોને માથે હોવી જોઇયે તે છતાં સીમન્તિનીને જ માથે આવી, અને જે સમયે તેના તનમનને આરામ અને આનન્દ જોઇયે તે સમયે તેને પ્રભાતથી મધ્યરાત્રિ સુધી કળ વાળી બેસવાનો વારો આવતો ન હતો અને તેમ છતાં તેને "જસમાં જુતિયાં" જ મળતાં. દુઃખી દુઃખબાને શ્રમ ન પડે જાણી તેને માત્ર ઘરમાં આવતાં જતાંને આવકાર દેવાનું અને જમાડવાનું કામ સોંપ્યું હતું અને એક ઠેકાણે બેસી રહી છોકરાંને વસ્ત્રાલંકાર પ્હેરાવવા ઉતારવાનું તથા ઉતારી સંભાળી મુકવાનું સોંપ્યું હતું, પરંતુ સાહસરાયની આપત્તિ જાણે ગુણસુંદરીયે જ આણી મુકી હોય અને તે પરદેશ હતો તે સમયે સીમન્તનું મંગળકાર્ય કરવાનો પ્રસંગ આવ્યો તે દોષ ગુણસુંદરીનો હોય તેમ તેની સમક્ષ દુઃખબા નિઃશ્વાસ મુકતી અને તેની પાછળ રોતી અને જોડે બેસનારાંપાસે કંઇ કંઇ બોલતી તે વાતો ગુણસુંદરી પાસે વધઘટ પામી જતી, પરંતુ ધીર અને શાંત ગૃહિણી સઉને ગંભીર અને અનુકંપક ઉત્તર આપી ખોટું ન્હોતી લગાડતી. આ ગરબડાટને પ્રસંગે માંદા માનચતુર અને ધર્મલક્ષ્મીને જોઇતી સવડમાં ખામી ન આવે તેની સંભાળ રાખવી અને અવકાશ મળે તો સવડ પ્રમાણે દીઠું કામ કરવું એ ચંચળબાને માથે હતું અને તે રીતે ચંચળ નણંદ ભાભીનું ઘણું કામ ઓછું કરી દેતી હતી, તોપણ પોતાનાં છોકરાંને ખાવાપીવામાં અથવા વસ્ત્રાલંકારમાં ખામી આવે એટલે દુઃખબાને ઠેકાણે ભાભીનો દોષ નીકળતો અને ધર્મલક્ષ્મીપાસે ફરિયાદ જતી. મોડો વ્હેલો ભાભીને ઠપકો પણ મળતો પરંતુ સામો ઉત્તર દેવાને ઠેકાણે અથવા દુઃખબાનો દોષ ક્હાડવાને બદલે ગુણસુંદરી વધારે સારી વ્યવસ્થા કરવાનું માથે લેતી. લોકને ન્હોતરાં દેવાનું અને ઘરના સર્વ પરિવાર સાથે શૃંગાર સજી બ્હાર જ્ઞાતિજનમાં ફરવાનું અને શોભા લેવાનું કામ ચણ્ડિકાને સોંપ્યું હતું. આ કામ તેને ગમતું અને કરતી, પરંતુ તે વિવેકમાં ભુલતી, અથવા રસ્તામાં સ્ત્રિયો સાથે વાતો કરવામાં રસળતી, અથવા કોઇની લ્હડવાડ ઘરમાં લાવવા ચુકતી નહી. એનો દોષ ક્હાડ્યાવિના ગુણસુંદરીને માત્ર કોઇને મ્હોયે આ સાંભળવાનો બળાત્કારે પ્રસંગ આવે એટલે પારકાએ મુકેલો આરોપ તેણેજ મુકેલો ગણાતો, અને ઉપયાગી કામમાંથી ખોટી થઇ ચણ્ડિકાનાં મ્હેણાં દિવસમાં એક બે વાર સાંભળવાં પડતાં. જેઠાણીના ઉભરા શમે એટલે ડાહી દેરાણી તેને શાંત પાડે; અને "અત્યારે

મ્હારી વાત સાચી નહી વસે—ત્હાડાં પડવા દ્યો ” એવો મનમાં વિચાર કરી, મલકતે મ્હોયે જેઠાણિયે કરેલાં કામમાંથી કાંઇ સારું કામ શોધી ક્હાડી, તે કામ બાબત સાબાશી આપી, કાંઇક આનંદવાર્તા ક્હાડી, ક્રોધવાર્તા ભુલાવી, ચતુર દેરાણી જેઠાણીને હસતી કરી કંઇ કામ કરવા મોકલી દેતી અને પોતે પોતાને કામે વળગતી. સુંદરગૌરીને ઘરના દાગીનાની તથા સામાનના ઓરડાની સંભાળ લેવા રાખી હતી. એના ઉપર ગુણસુંદરીનો પૂર્ણ વિશ્વાસ હતો અને તેને બદલે એ અનાથ વિધવા કૃતજ્ઞ અને ઉપકારવશ બની ઓછી ઓછી થઇ જતી. પરંતુ આ જ સંબંધને લીધે ઘરનું સર્વ સ્ત્રીમંડળ તેની અદેખાઇ કરતું અને તેને માથે દોષ આવે એટલે રાજી થતું. ગુણસુંદરી એ સર્વ સમઝતી અને અનાથનું રક્ષણ કરવા સદા તત્પર રહેતી; પરંતુ સામાથી કળાય નહી એમ એ રક્ષણ કરતી, કારણ પોતે એનો પક્ષ લે છે એવું સ્પષ્ટ થતાં સુંદરગૌરીને વધારે ખમવું પડશે એવી તેની ખાતરી હતી. સુંદરગૌરીનાં ભાઇભોજાઇ સીમન્તભોજનમાં આવતાં અને “ બ્હેનને એની “ ભાભીનું ઉપરાણું મળ્યું અને આપણું નાક નીચું થયું ” સમઝી એ ભાઇભોજાઇ ઉઘાડો ખાર કરતાં અને વૈર રાખતાં. એક વખત તો જ્ઞાતિભોજન સમયે કાંઇક કામ સારુ સુંદરગૌરીને બ્હાર આવેલી દેખી લાગ જોઈ એના ભાઇએ હાથ ઝાલી ઘસડવા માંડી. ગાળો દેતો બોલ્યો કે “ રાંડ, મ્હારું કુળ વગોવ્યું, હું કિયે દ્હાડે ખાવા નથી આપતો કે “ દિયરને ઘેર જઇ રહી ? ” ગરીબ બીચારી સુંદરગૌરી અનાથ થઇ રોવા લાગી. ગુણસુંદરીને ખબર પડતાં માણસો લેઇ આવી એને છોડાવી અને બંદોબસ્ત કર્યો કે ગમે તે થાય તોપણ સુન્દર બ્હેનને કોઇએ બ્હાર ન મોકલવાં. આ સઉના બદલામાં ગુણસુંદરીને સુન્દરનાં ભાઇભોજાઇયે અગણિત ગાળો દીધી. પોતે ઘરમાં જઇ બેઠી એટલે એ ગાળો તો બંધ પડી; પરંતુ “ આ શાં સુન્દર બ્હેનનાં માન ! “ રાંડ અપશકુનિયાળ એ તે શીદ ઘરમાં જોઇયે ? ” “ એના વિના તે “ શું ઉણું રહ્યું હતું ? ” ઇત્યાદિ નિર્દય વચન છાનાં છાનાં ઘરમાં બોલાતાં હતાં, ચંચળ મ્હોં મરડતી હતી, ચણ્ડિકા ઓઠવડે પૂકાર કરતી હતી; એ અને એવું ઘણુંક સાંભળ્યું અને જોયું અને તેથી ગુણસુંદરીનું અંતઃકરણ ચીરાતાં પોતાના હાથમાં હજાર ઉપયોગી કામ હતાં તે જેમનાં તેમ પડતાં મુકી ચોકવચ્ચોવચ પાટઉપર સુન્દરગૌરીનો હાથ ઝાલી બેઠી. સુન્દર શરીરે ગોરી અને અત્યંત લાવણ્યવાળી કોમળ કાન્તિવાળી હતી. સુવર્ણકાન્તિવાળા એના ગાલ અત્યારે તપાવ્યા જેવા દે-

ખાતા હતા અને તેઉપર ઉકળતાં આંસુ ઉપરા ઉપરી ગરતાં હતાં. ડુસકાંથી તેની કોમળ છાતી ધડકતી હતી. રાખોડીના ઢગલા નીચે સંતાઇ રહેલા દેવતાના અંગારા સાથે દીવાસળીનો સંયોગ થતાં તે ભભુકવા માંડે તેમ વિધવાવસ્ત્ર નીચે સંતાઇ રહેલું કાન્તિવાળું શરીર દુઃખસંયોગથી કંપતું ધડકતું જણાયું. મ્હોયે અને આંખોયે કોમળ હાથ દેઇ તે ઝીણે સ્વરે રોતી હતી. પોતે પાટઉપર બેસી, એને જોડે બેસાડી તેનું માથું ખોળામાં લેઇ; એક હાથ એના માથાતળે રાખી, બીજો હાથ તેને વાંસે મુકી, તેને છાતી સરસી ગુણસુંદરી ચાંપવા લાગી અને આંખમાં પાણી આણી મધુર અને મીઠાં વચનથી આશ્વાસન કરવા લાગી. ઘરનાં સર્વે માણસ આશપાશ ભરાઇ ગયાં અને અત્યારસુધી ચાળા કરતાં હતાં પણ હવે સઉને દયા આવી અને ગુણસુંદરીની જોડે આશ્વાસક વચન બોલવામાં ભળ્યાં. બોપાગાળા વેડા ન કરે એવું ઇચ્છી સર્વ ભરાઇ જતાં સુન્દરગૌરી, આંસુ લ્હોઇ બેઠી થઇ અને કામે વળગી. ગુણસુંદરીના સીમંતમાં આમ કંઇ કંઇ નાટક થયાં. દરબારમાં અત્યારે સાહેબ આવેલા હોવાથી વિદ્યાચતુરને ઘેર રહેવા નવરાશ ન હતી અને આવે પ્રસંગે એ ચિન્તા રાખી શકત તે ચિન્તા પણ ગુણસુંદરીને રાખવી પડી. સીમન્તપ્રસંગમાં સઉ વાતમાં સઉતરફથી જસ આવ્યો અને તે સારુ પુરુષવર્ગમાં ગાનચતુરને જસ મળ્યો અને સ્ત્રીવર્ગમાં ધર્મલક્ષ્મીને જસ મળ્યો. ગુણસુંદરીને તો કોઇએ લેખામાં જ ન ગણી. છતાં પોતાને મળવાનો યશ સાસુ અને જેઠને મળ્યો અને તેથી તેમને સંતોષ વળ્યો જોઇ ગુણસુંદરી પોતાને જ યશ મળ્યો સમઝી અને રાચી.

બે માસ વધારે ગયા. સુવાવડના દિવસ સુધી ગુણસુંદરી ઘરકામમાંથી છુટી નહી. ઘર એનું કહેવાય એટલે સઉ કોઇ એમ જાણતું કે એ કામ કરે તો તેમાં નવાઇ નહી અને સપાડું યે નહી. પોતે જેમ જેમ કામ કરવા અશક્ત થઇ અને ઘરમાં સઉનાં મન સાચવવાનું બનતું તે શરીરની સ્થિતિને લીધે ઓછું થયું તેમ તેમ સઉયે પોતપોતાનું કામ આછું કરવા માંડ્યું, અવ્યવસ્થા વધવા લાગી, અને કામમાંથી બચતો વખત કુટુંબક્લેશનાં બીજ રોપવામાં રોકાતો થયો. ગરીબ સ્વભાવની દુઃખબા પણ બદલાઇ. તેની જ દયા જાણી તેને માત્ર રસોઇનું કામ સોંપવામાં આવ્યું હતું, પણ હવે તે કહેવા લાગી કે હું તો ઘરની ભઠિયારી છું—લચકો ધાન ખાઉછું ને ભઠિયારું કરુંછું. ધર્મલક્ષ્મીએ પણ એ વેણમાં હાજિયો ભણ્યો. આ વાત ગુણસુંદરીને ખબર પડતાં, ખોટું લગાડ્યું નહી પણ ધીમે ધીમે પોતે રસોઇમાં દા-

ખલ થઇ અને તેને નવમો માસ હોવાને લીધે સઉને ખોટો વિવેક ક-રવો પડતો પણ આખરે તેને રસોઇ કરવા દેતાં. સ્હાડા નવ મહીના પુરા થવા આવ્યા હતા તેવામાં છેક છેલ્લે દિવસે તેણે ઘરનાં સત્તર અ-ઢાર માણુસની રસોઇ કરી અને રસોઇ વખત પણ એની પાછળ હે-રેફેરે કરવા કોઇ કામ લાગતું નહી તેથી મેર ભરી પાણી પાણિયા-રેથી રસોડામાં આણી મેર હેઠળ મુક્યો ને પેટમાં દુઃખ થયાથી સઉ પડતું મુકી ગજારમાં પોતે ખાટલો તૈયાર રાખ્યો હતો તેમાં પડતું મુક્યું અને ઓછું આવતાં રોઇ પડી. એની પાછળ એની દયા જાણનારી **સુન્દરગૌરી** દોડી. **ચંડિકાએ** પોતાની મેડીમાંથી એને જતાં જોયાં, પણ તપાસ ન કરી. **ચંચળ** એની સાથે ગપાટા મારવાના ધ્યાનમાં હતી. **ધર્મલક્ષ્મી** પૂજાના ધ્યાનમાં હતાં. દુઃખબા ખડકીમાં માથે હાથ દઇ બેઠી હતી. ગુણસુંદરીની દયા જાણનાર બીજું માણસ વૃદ્ધ **મા**-નચતુર હતો. માંદો માંદો તે સઉ તાલ જોયાં કરતો, દીકરિયોને ધ-મકાવતો, ને ડોશીને ખીજતો. પોતાના ખાટલામાં સુતે સુતે ગુણસુંદ-રીને જતાં જોઇ તે કારણ ચેતી ગયો અને મંદવાડ ન ગણી લાકડી ઝાલી ઓરડી બ્હાર આવી ગાજી ઉઠ્યો: "દુઃખબા, **ચંચળ**, રાંડો કરો છો શું? મોઇ તમારી મા ને એની પૂજા! પેલી બીચારીની ખબરે કોણ રાખે છે જે? ઉઠો!" વડીલને હોંકારે ઘરમાંની સર્વ ભરતી ગજાર ભણી વળી. પૂજા એમની એમ રૂહેવા દેઇ જાગૃત થયેલાં ડોશી વૃદ્ધ શ-રીરમાં જુવાનીની ત્વરા મુકવા પ્રયત્ન કરી દોડ્યાં. **ચંચળ** દોડતી દો-ડતી ઉતરી. દુઃખબા ખડકીમાંથી ધીમે ધીમે આવવા લાગી તેને વ-ડીલે રીસ કરી ધમકાવી: "ઓહો! ઓહો! આ તે કાંઇ તનેજ દુઃખ હશે! "પગ શા ભાગી ગયા છે જે? દોડ, નીકર પછવાડેથી ધક્કો મારીશ "કેની એટલે વેગ આવશે!" પોતાના ઉપર અન્યાય અથવા જુલમ ગુજરતો હોય એવું મ્હો કરી એણે પગલામાં ચેઠે ઉતાવળ આણી. **ચં**-ડિકા સઉની પાછળ ડોસાઉપર મ્હો મરડતી મરડતી ઉતરી અને કી-ડીને વેગે ચાલી. પરસાળના બારણામાં નજર પડતાં ડોસાએ તેનો ચાળો જોયો અને બડબડ્યો: "કોણ જાણે ક્યાંથી એ કુભારજા મળી "છે! ભાઇને કમાવું નહી ને બાઇનું શરીર જરી જરીમાં ઘસાય છે!"

ગજારમાં સઉ એકઠાં થઇ ગયાં. ખાટલામાં ગુણસુંદરી બેભાન જેવી પડી હતી અને સુંદરીગૌરી ઇસપર તેનું શરીર ઝાલી બેઠી હતી તેમની આસપાસ સઉ વીટાઇ વળ્યાં. **ચંચળે** મ્હોટા ભાઇને બુમ પાડી સુઇયાણીને તેડવા મોકલ્યો. ભાંગ અને ગાનના ઘેનમાંથી જાગી તે

ચાલ્યો અને તેને ચાલતો જોઇ તેની પાછળ માનચતુરે નિઃશ્વાસ મુક્યો. વૃદ્ધ અને અશક્ત, ધર્મધ્યાનવાળાં અને વ્હેમી પણ પ્રસંગે સઉ આઘું મુકનારાં, બોલે ખરાં પણ માંહ્યથી વ્હાલવાળાં, ડોશી વહુના ખાટલાની પાંગતપર જઇ બેઠાં અને કામ કરવામાં તત્પર દીકરી ચંચળ પાસે હેરાફેરા કરાવી વહુની સરભરા પોતાના અનુભવ પ્રમાણે કરવા લાગ્યાં. ગુણસુંદરીનું દરદ વધતું ગયું, તે ત્હાડી થઇ જતી હતી, અને ખરેખર બેભાન થતાં થતાં ભાન આણી અંબોડે કુંચી હતી તે ઉપર હાથ મુકી આંખમાં આંસુ આણી સુન્દર ભણી નજર કરી "લ્યો, આપજો." એટલું બોલી પોપચાં ઢાળી દેઇ આંખ મીચી બેભાન થઇ ગઇ અને કુંચી છોડતી છોડતી સુન્દરગૌરી અત્યન્ત રોવા લાગી. એનાપર ગુણસુંદરીનો આવે વખતે પણ આટલો વિશ્વાસ જોઇ એક ચંડીકાનાં ચસમાં ફરી ગયાં પણ એના શીવાય સઉનાં કાળજાં ધડકવા લાગ્યાં અને નકામી જેવી દુઃખબા પણ કામની થઇ. બધાં વચ્ચેથી ઉઠી વડીલ પાસે આંખ લ્હોતી લ્હોતી એ ગઇ અને હળવે રહી તેમની ઓરડીના ઉમ્મર પર ઉભી રહી બોલી: "ભાઇને કોણ બોલાવશે? મને ભાભીની આશા નથી" કહી રોહી પડી. સુન્દરને બીચારીને આવા પ્રસંગનો અનુભવ ન હતો તે સાસુ અને નણંદો સામું રોતી રોતી જોઇ રહી અને શું કરવું તે સુઝયું નહી. અનુભવી ચંચળ અગ્નિ કરી ગરમ ઔષધો આણી આણી સુન્દરની મદદથી શેક કરવા લાગી અને શરીર પર ગરમ ઔષધો ઘસવા લાગી.

માનચતુર ચાલી શકતો ન હતો, છતાં લાકડી લેઇ ઉઠયો અને વિચાર કરવા-લાગ્યો કે હું છોકરાને તેડવા જઇશ તો ઘરમાં કોઇ પુરુષ નથી. એકદમ વિચાર નક્કી કરી બારણા આગળ બેસવાનું દુઃખબાને સોંપી તે જાતે બ્હાર નીકળે છે એટલામાં સુઇયાણી મળી અને આઘે વિદ્યાચતુરને લેઇ ગાનચતુરને આવતો દીઠો. ગાનચતુરને આટલું સુઝયું જોઇ પિતાને સંતોષ વળ્યો. સુઇયાણી દુઃખબા જોડે ગજારમાં ગઇ અને બે ભાઇઓ ઘરના બારણામાં ઉતાવળા ઉતાવળા પેઠા. સુન્દરને સઉનો ધસારો લાગ્યો એટલે ઉતાવળી આંખે હાથ દેતી દેતી બ્હાર આવી, વિદ્યાચતુરના હાથમાં કુંચી મુકી, અને ભય ઉપજાવનાર સમાચાર કહી વીજળીની પેઠે પાછી ચાલી ગઇ. વિદ્યાચતુર ભાઇને ડાક્તરને તેડવા મોકલી પોતે મેડીપર ગયો, અત્યન્ત શોકના પ્રથમ અનુભવથી ચમકવા લાગ્યો, શરીર ધ્રુજવા અને ત્હાડું થવા લાગ્યું, કંઠ ગદ્ગદ થયો, ગાલ બેસી જતા હોય એમ અવસન્ન થયા, કપાળ સંકો-

ચાઇ જતું અનુભવ્યું, નાસિકામાં ઉષ્ણ પવન ઉત્પન્ન થયો, જીભ સુકાઇ ગઇ, અને મગજમાં ગુંચવારો થયો. આંખ ભેજવાળી થઇ, શું કરવું તે સુઝયું નહી. હીન્દુસંસારની રીતપ્રમાણે ગજાર આગળ જઇ આ વખત પ્રિયાનું મુખ જોવાય—ખબર પુછાય—તે પણ મર્યાદાહીન થાય. અચિન્તી હાથમાની કુંચી ઉપર નજર પડી, કેમ મોકલી તેનો વિચાર થતાં કંઇ કંઇ તર્ક ઉત્તરરૂપે ઉઠયા, અંતે ગુણસુંદરીની પેટી ઉઘાડી, તો ઉપલા ખાનામાં જ પોતાને લખેલો એક પત્ર! તે ઝડપથી લીધો અને વાંચ્યો.

"મ્હારા ચતુર વ્હાલા! આજ હું રસોઇ કરવા નાહુ છું પણ "મ્હારું શરીર કહ્યું નથી કરતું. મને લાગે છે કે આજ સાંજ સુ-"ધીમાં હતી ન હતી થઇશ. ઘરકામને લીધે બે માસ થયાં દિવસે "તમારી સાથે વાત કરવાને પાકલાક સરખો મળ્યો નથી અને રા-"ત્રિયે તમે થાકયા પાકયા નિદ્રા શોધતા હો તે પ્રસંગે તમને મ્હારાં "ટાયલાં સંભળાવતાં મને કંપારી છુટતી હતી એટલે હું તમને સુવાજ "દેતી. આથી ઘણી ઘણી વાતો તમને કહેવાની હતી તે મનમાંની "મનમાં જ રહી ગઇ છે ને કાગળમાં તે શું લખું? લખવાની યે મ્હા-"રામાં આજ સત્તા નથી. ટુંકામાં બે બોલ કહીશ."

"ઓ મ્હારા વ્હાલા! મ્હારી પાછળ તમારી શી વ્હલે થશે? "તમે મ્હારાઉપર આટલો વ્હાલ શું કરવા રાખ્યો કે તમને આટલું "દુઃખ થવા વારો આવ્યો? અરેરે! હું અભાગણી મરતી મરતી "યે તમને દુઃખ દેવા સરજેલી છું. હું ધારું છું કે હું ગર્ભસુદ્ધાં પાર "પડીશ. પણ જો છુટા છેડા થાય તો તે બાળકની હું ચિન્તા નથી "રાખતી. તમારા વ્હાલનો મને પુરો વિશ્વાસ છે અને હું ગઇ "એટલે મ્હારી નામનીશાનીમાં જ તો એટલું એસ્તો! તેની સંભાળ "તમે રાખ્યાવિના કેમ રહેશો? તમારું વ્હાલ બીજે ઠેકાણે ઢોળાશે "તોપણ, ઓ મ્હારા વ્હાલા, તમે ડાહ્યા છો, ગંભીર છો, નિષ્પક્ષપાતી "છો, જોઇ વિચારીને સઉ કરો એવા છો,—તમારા વ્હાલને બાદ કરું "તોપણ ઓ ઘણાક ગુણના મ્હારા ભંડાર! તમારા ગુણ ઈશ્વર અમર "રાખો અને તમારા બાળકની સંભાળ રાખશો એવી પુરી ખાતરી "રાખી હું નિશ્ચિન્તપણેથી જમની જાળમાં લપટાઉં છું. મને એક "બીચારી સુન્દરની ચિંતા છે—એ બીચારીનું પલ્લું પણ એનો ભાઇ "ખાઇ ગયો છે ને એને રોવાસરખું પણ ઠેકાણું નથી. એની સંભાળ "રાખજો—આપણા ઘરમાં સઉ સારાંજ છે તોપણ એની સંભાળ રા-

"ખજો—કારણ એવું કોઇ નથી. મ્હારું ઘરેણું એને આપી દેજો
"એટલે મ્હારો જીવ ગતે જશે. ને મ્હારી નામ નીશાની—જો બા-
"ળક જીવે તો—સુન્દરનેજ ઉછેરવા સોંપજો—વ્હાલા! એટલું મ્હારું
"કહ્યું કરજો."

"ઓ મ્હારા વ્હાલા! તમારી શી વ્હલે થશે? તમે મ્હારાપર
"આટલો વ્હાલ શું કરવા રાખ્યો કે તમને આટલું દુઃખ થવા વારો
"આવ્યો? શું કરિયે કે એ દુઃખ તમને ન થાય? મ્હારું એક કહ્યું
"નહી કરો? મ્હેં મ્હારી યશોદાને કહી મુક્યું છે ને એની કન્યા દશ
"વર્ષની છે—મ્હારા કરતાં સારી નીવડશે—એનો સ્વીકાર મ્હારા પછી
"નહી કરો? એ મને તમારા મનમાંથી ખસેડશે ને સઉની સંભાળ
"રાખશે. ઓ મ્હારા વ્હાલા! મને તમારી બહુ ચિન્તા રહેછે—તમે
"એટલું કરજો. જન્મથી કુમારા હોય તેની ચિંતા નહી, પણ સ્ને-
"હમાં રહેલું માછલું બીજે ઠેકાણે ન જીવે!—ને વ્હાલા મને ભુલી
"જજો! આપણે જે જે આનન્દ ભોગવ્યા છે તે સઉ અત્યારે મ્હારી
"આંખ આગળ તરી આવે છે—તમને પરણી મ્હારો જન્મારો સફળ
"થયો—ઓ ઈશ્વર, આવતે અવતારે પણ મને પાછા મ્હારા વ્હાલા
"ચતુર જ આપજે—પણ ઓ વ્હાલા! તમે એ સઉ ભુલી જજો!—
"જાણે કાંઇ થયુંજ નથી એમ! હો!—અરેરે! પણ વ્હાલા! શું
"આપણે છુટાં પડીશું! જેમ ઈશ્વરની ઇચ્છા.

"મ્હારા વ્હાલા! વ્હાલ વિસરજો રે! દુખ સઉ ડુબવજો!
"માયાની ભુલામણી રે એમાં ભમ્યું ભુલવજો!"

"લા. તમારી ગુણહીન ગુણિયલ."

કપાળે હાથ ફેરવી વિદ્યાચતુરે ઉંચું જોયું. મરણ પાસે જોનારી પ્રિય સ્ત્રીના પત્રથી તેના હૃદયપર બહુ અસર થઇ અને અશ્રુપાત પણ થઇ જાત. પરંતુ પત્રમાં લખેલી વીગત ઉપરથી અને તેમાં સ્ફુરી આવતી નિર્બળતા ઉપરથી ભૂત વર્તમાન અને ભવિષ્યના વિચારમાં મન પડી ગયું અને હૃદયે ધૈર્ય ધર્યું.

"મ્હારા જેવો કઠણ પુરુષ નહી હોય. બબ્બે માસ થયાં ઘરમાં
"ને ઘરમાં છતાં એની સાથે મને બોલવા વારો આવ્યો નથી એ
"એને લાગે ખરું. હું આ મ્હારી જંજાળમાં લપટાયો અને એ એની
"જંજાળમાં લપટાઇ. મને પણ અવકાશ નહી અને એને પણ અવ-
"કાશ નહી. એને કામમાં ને ચિંતામાં પલોટવી એ હેતુથી આ સઉ
"થવા દીધું—પણ હું જરાક હદ કરતાં વધારે ગયો ખરો. છેક આ-

"ટક્ષે સુધી આવવા દેવું જોઇતું ન હતું. કેવી બ્હાદુર સ્ત્રી! હજી તો
"ઉગતી અવસ્થા છે એટલામાં મને ઘરની બાબત નિશ્ચિંત કરી દીધો!
"પણ એના મનમાં નિર્બળતા આવી ગઇ છે—ના, ના, એ ધારે છે
"એવી કાંઇ બ્હીક નથી. જો એ ગઇ તો મ્હારું કર્મ ફુટશે—જો એ
"મ્હારો ભાઇ હોય તો કારભાર કરે એવી સ્ત્રી છે. હું એનાથી ભા-
"ગ્યશાળી છું—ઈશ્વર! તું જે સારું હશે તે જ કરીશ. ત્હ્દય બળવાન
"કેમ રાખવું તેની આજ મ્હારી પણ કસોટી છે. શું એનું ત્હ્દય!
"મ્હારા ઘરની—મ્હારી—એ કેવી ચિંતા રાખે છે! ગુણિયલ! મ્હારી
"ગુણિયલ! હું ત્હારે સારુ શું કરું?—તું મ્હારે સારુ કરે છે. એમાંનું
"ત્હારે સારુ મ્હારાથી કાંઇ બનતું નથી. હું કૃતઘ્ન છું. હે હરિ!"

ડાકતર અશરણશરણ બાબુની ગાડીનો ઘોષ સંભળાયો.

"ગુણિયલ! રે! ગુણિયલ!"

"ઓ રે મ્હારી ગુણિયલ! રે! ગુણિયલ!"

એવું વિચાર ને શોકમાં લીન થઇ ગાતાં ગાતાં ગાડીના ઘોષથી જાગી વિદ્યાચતુર ઉઠયો ને ઉઠતો ઉઠતો છાતી ઠોકી બોલ્યો: "બસ, આ પ્હેલું
"તો એ કરીશ કે લોકલજ્જા છોડી ડાકતરની સાથે જઇ મ્હારી
"ગુણિયલની પાસે જઇ ઉભો રહીશ ને ડાકતરને મદદ આપીશ. લાજ
"મુકવી એ અત્યારે કર્તવ્ય છે તે કરીશ ને મ્હારી ગુણિયલ કરતાં
"લાજને વધારે વ્હાલી નહી કરું."

ડાકતર ઉપર આવતો હતો તેને લેઇ સ્ત્રીમંડળ વચ્ચોવચ્ચ થઇ ચાલ્યો અને સ્ત્રિયો જોતી ને જોતી રહી અને એ ગજાર આગળ આવી ડાકતર સાથે ઉભો અને લાજ છોડી બોલ્યો: "કેમ, સુંદરભાભી, શી ખબર છે તે જરા ડાકતર સાહેબને ક્હેો." કમાતું માણસ તેને કોણ ઠપકો દે કે "અંહી સ્ત્રિયોનું જ કામ ને આમ લાજ ન મુકાય?" ગાનચતુરે આ કામ કર્યું હત તો એનાપર વાદળ તુટી પડત. સઉ વિદ્યાચતુરને અનુકૂળ થઇ ગયાં, ગુણસુંદરીપર દયા બતાવવા મંડી ગયાં, અને સુન્દરીગૌરી એનું માથું ખોળામાં રાખી નીચું જોઇ હકીકત ક્હેવા માંડે છે એટલામાં તો ગુણસુંદરી બેભાન અવસ્થામાં બેઠી થઇ અને ઘેનવાળી દેખાતી અર્ધી મીંચેલી આંખે પણ જાણે ભાન હોય અને જીવ કાંઇ ઉંડાણમાં પડ્યો હોય ને ત્યાંથી બોલતી હોય તેમ ધીરે અને તણાતે સ્વરે ગાવા લાગી અને છાતીપર હાથ નાંખી ડોક અર્ધી નાંખી દઇ દયામણે મ્હોએ ગાતાં ગાતાં શોકરસની સીમા ઉત્પન્ન કરવા લાગી:

[1] "દયા ના દીસે રજ પણ, જમ, તુજ આંખમાં રે; ખીહામણું ઝાંખમાં રે
"ઉભો રહે પળવાર તું આજે! જોઇ લેવા દે પ્રિયને નીરાંતે! (ધ્રુવ)
"મરણપ્રસંગે પણ ના ખસતો કનકરેખ એ તો છે જડી જ્યમ દાંતમાં રે
" દયા ના૦ ૧
"જરી હજી જોવા દે વ્હાલાને, જોયો છે પણ મન ન ભરાયે,
"મીંચાતી મ્હારી આંખ મરણથી ત્હોય રહે એ કીકી જ્યમ મીંચી આંખમાં રે;
" દયા ના૦ ૨
"ઉભો રહે, ઉભો રહે, જમ, તું! નથી આવવું મુજને ગમતું,
"વ્હાલ મુકી વ્હાલાનું આવું શી રીતે તું રાક્ષસ કેરી સાથમાં રે? દ૦ ૩
"હાર મુજ હૈયાનો એ તો! નથી એ ત્હારી પેઠે નમ્હેરો;
"રોવા દે, રોવા દે મુને, રોઇ લેવા દે જઇને એની બાથમાં રે! દ૦ ૪
"વ્હાલા! વ્હાલ વીસારો તમારું, જમ આ કહ્યું ન માને મ્હારું,
"તમને જપતી મરતી મરતી રોતી રોતી પણ હસતી હું આ આશમાં કે
"પામીશ મ્હારો ચતુર અવર અવતારમાં યે!
"દયા હરિ આંખમાં રે! દયા ના૦ ૫

ધીમી પડતી પડતી ગુણસુંદરિયે ગાઇ ર્‌હેતાં ર્‌હેતાં આંખ ઉઘાડી અને ભાન આવ્યું હોય તેમ વિદ્યાચતુર સામું તાકી જોઇ રહી અને હાથ પાછળ કરી બોલી: "સુન્દરભાભી! મને બેશરમી ન ક્‌હેશો હોં! "મરવા સુતું તેને વ્હાલામાં વ્હાલાને બે બોલ ક્‌હેવા જેટલી શરમ મુ- "કવાનો યે છેલ્લવ્હેલો અધિકાર નહી?" એમ કહી તે પાછી પથારીમાં પડી ગઇ અને સુન્દર વધારે હકીકત ક્‌હેવા લાગે છે એટલામાં હૃદયમાં કાંઇક આવેશ થઇ આવ્યો તે ડાબ્યો ન ર્‌હેવાથી, "આવું છું" એટલું ડાક્તરને કહી, વિદ્યાચતુર ઉતાવળથી દોડવા જેવું કરી પોતાની મેડીપર ચ્હડ્યો, પલંગમાં માથું મુકી અશ્રુપાત કરી, મ્હો ધોતાં ધોતાં ફરી ફરી અશ્રુપાત થતાં ફરી ફરી ધોઇ ધોઇ, નીચે જવાનું યોગ્ય ન ધારી, નિઃશ્વાસ મુકી, બેઠો, પોતાના ધૈર્યનું અભિમાન ઉતરી ગયું, અને અંતે બારીમાં ડોકું ક્‌હાડી નીચે કુમારી ફરતી હતી તેને કહ્યું કે "ડાક્તર સાહેબને ક્‌હે કે પરવારો ત્યારે ઉપર આવજો, હું બેઠો છું." ડાકતરને આવતાં વાર થઇ તેટલો વખત વિચિત્ર વિચારોમાં ગાળ્યો. "મલ્લરાજના પ્રિયતમ મિત્ર યુદ્ધમાં મરી ગયા ત્યારે શત્રુપર ધસ- "વાની જરુર હોવાથી મિત્રના શબઉપર પગ મુકી એમને દોડવું પડ્યું: "એ તે ધૈર્ય—ક્યાં આ મ્હારી વિકલતા અને ક્યાં એ ધૈર્ય? ક્ષત્રિય

---

૧ કામણ દીસે છે અલબેલા ત્હારી આંખમાં રે ઝીણું ઝાંખમાં રે—એ રાગ.

"તે ક્ષત્રિય અને બ્રાહ્મણ તે બ્રાહ્મણ ! પણ વ્યવહારનો કાર્યભાર અને "સ્નેહની દીનતા એકઠાં શોભતાં નથી એવું જરાશંકર મામા પણ ક્‌હે "છે તે પુરુષાર્થનું કાર્યગ્રાહી વચન છે. કર્તવ્ય કર્મમાં ધપવા શોક લ-"જવો એ એક પુરુષાર્થનો ધર્મ. ગુણિયલ ! એમાં પણ તું મ્હારાથી "મ્હડી ! અરેરે, ત્‍હેં પણ એક કષ્ટતપ જ તપ્યું. કેવું એનું કર્તવ્ય-"ભાન[1] ! આટલું આટલું કામ કરવા છેલા કાળસુધી દૃઢ વ્યવસાય, ને "શોક ન થવા દેવા તે સઉ મ્હારાથી છાનું રાખવું, આટલો ઉદ્યોગ, "અને આટલો સ્નેહ ! શું કહણું થવું અને વ્યવહારને મ્હોટો ગણી "આ સમયે ખિન્ન ન થવું—એ શું આટલા સ્નેહનો યોગ્ય બદલો ગ-"ણાય ? ક્ષત્રિયો ગમે તે કરે, પુરુષાર્થ ગમે તે હો, ધર્મ ગમે તે ક્‌હો— "પણ, ઓ મ્હારી ગુણિયલ, ત્‍હારે સારુ ઘડીવાર હું બાયલો બની "અશ્રુપાત કરીશ !—મરતાં મરતાં પણ ત્‍હારે ત્‍હારો ચતુર !–"પામીશ "મ્હારો ચતુર અવર અવતારમાં રે !"—"દયાહરિ—આંખમાં રે !" "હરિની આંખમાં દયા છે જ !—ગુણિયલ, તું જીવવાની છે. હરિ "ત્‍હારાઉપર ને ત્‍હારા ચતુર ઉપર—એ ઉપર દયાળુ છે !" જે ધૈર્ય પુરુષાર્થના વિચારથી ન આવ્યું તે "હરિ દયાળુ" ના વિચારથી આવ્યું. તે ઉઠ્યો, આશા અને ઉત્સાહથી તેની આંખો ચળકવા લાગી, "પુ-રુષ થઈને રોવું શું ?" એ બુદ્ધિ સતેજ થઈ તેના હ્રદયમાં ઉત્કટ બળ મુકવા લાગી, અંતે એ હસ્યો, અને દાદર ઉપર ઉતરતાં ઉતરતાં આ-નંદગર્વથી મનમાં બોલ્યો: "મ્હારી ગુણિયલ, હરિની દયાનું મને ભાન "કરાવનારી પણ તું જ ! ત્‍હારી પ્રીતિને કોરે મુકિયે તોપણ ત્‍હારા "ગુણકર્મની મનમાં આવૃત્તિ કરવાથી જ આમ આ અને આવતા "સંસારને તરાવે—કારભાર કરતાં શીખવે અને ઈશ્વરનો માર્ગ બતાવે "એવી તું છે. મલ્લરાજે મંગળાચરણમાં ઉપદેશ એ કર્યો કે કારભાર "કરવો હોય તેનામાં સ્ત્રીના પણ ગુણ હોવા જોઇએ. જો એ મર્મ-"વચન ખરું હોય તો મ્હારે તો નક્કી કારભારે મ્હડવું જોઇએ— "ગુણિયલ !" પક્ષપાતવિના પ્રીતિ નથી. ગાઢ પ્રીતિનો પ્રેર્યો ધૈર્યવાન પતિ પત્નીના ગુણ જપતો જપતો નીચે આવ્યો તો ડાક્તર ખડ-કીમાં બેઠેલા.

કેટલાક લોક વૈદ્ય હકીમનો આદર કરી ડાક્તરનો તિરસ્કાર કરે છે અને કેટલાક એથી ઉલટું કરે છે અને ડાક્તરનો આદર કરે છે. જરાશંકર ને મલ્લરાજ સરખા વચના હતા અને રાજા પાસે નર્મવચન

1 Sense of duty.

બોલવાનો અધિકાર ધરાવનાર જરાશંકર રોજ ટોળ કરતો કે “ આમ “લોકો કરે તેમાં તેમનો દોષ નથી, કારણ ડાક્તરો અને વૈદ્યો એક “બીજાનો તિરસ્કાર કરે એટલે લોક પણ તેમ કરવું શીખે! વૈદો લ્હડે “ત્યારે રોગીને થોડા પઇસામાં કામ કરનાર મળે—લોકોનો તો એ “લ્હડવાડ વધારવામાં જ સ્વાર્થ!” મલ્લરાજને મન બે સરખા હતા અને દરદ મટાડે તે ખરો એ બુદ્ધિ હતી. અકબર બાદશાહ ઘણા ધર્મવાળાને એકઠા કરતો એ દાખલો આપી મલ્લરાજ ડાક્તર, વૈદ્ય, હકીમ, અને હજામ સઉને એકઠા કરતો, સઉને ઉત્તેજન આપતો, અને એમ ક્હેતો કે એમની ચડસાચડસીમાં લોકોને સુખ થશે અને એમની સઉની હોશિયારી વધશે. પણ બે ત્રણ રાજસ્થાનમાં એવા દાખલા બન્યા હતા કે પોતાની ઇંગ્રેજી વિદ્યાનો લાભ લેઇ એજન્સીમાં સત્તા મેળવી ડાક્તરોએ કારભારમાં માથું ઘાલ્યું હતું અને તે જોઇ મલ્લરાજનો મીજાજ જતાં બોલતો કે “ એ ડાક્તર ઇંગ્રેજી ભણ્યો માટે કારભાર કરશે ત્યારે તો તેમનું જોઇ કાલ સ્હવારે હજામ ઇંગ્રેજી ભણશે તો તેનો યે કેમ કારભારનો વારો નહી આવે?—એવા ડાક્તરો ને હજામો હોય તો તો રાજ્યનું ઉંધું વળે! પોતાનું કામ મુકી બધામાં “હમબી કુચ” કરનારા માણસો ન જોઇએ—ને આ દક્ષણી ડાક્તરો તો એવાજ—ને દક્ષણી વગર કોઇ ડાક્તર નહી! આપણે ડાક્તર વગર ચલવીશું.” વિદ્યાચતુરને સ્વાભાવિક રીતે ઇંગ્રેજી વૈદ્યોઉપર પક્ષપાત હતો અને મલ્લરાજને વાંધો ન પડે તે માર્ગ શોધી ક્હાડી બંગાળી બાબુ ડાક્તરને જગા આપવામાં સાધનભૂત વિદ્યાચતુર જ હતો. બાબુ ડાક્તરને બોલાવવાનો વિચાર એને સુઝ્યો તે મલ્લરાજને ઘણાં કારણથી ગમી ગયું. બાબુ વિદ્વાન અને પ્રવીણ હતો, પ્રમાણમાં થોડા પગારમાં આવ્યો હતો, દૂર છેટેથી સગાંવ્હાલાં ઘણું ખરું આવે નહી એટલે એના પોતાના જ પેટનો રાજ્યમાં સ્વાર્થ, મુંબાઇ સરકારમાં માથું ઘાલવાનો એને લાગ નહી, બોલવે વાઘ પણ અંદરથી ગાય, ઇત્યાદિ અનેક કારણોને લીધે બાબુને મલ્લરાજે પસંદ કર્યો અને બાબુ આણવાનો વિચાર શોધનારને જશ આવ્યો. વિદ્યાચતુર પોતાને નોકરી અપાવનાર હતો તે જાણી તેમજ એને કેળવાયલો સમજી બાબુ એની સાથે મિત્રતા રાખતો. વિદ્યાચતુર ગજાર આગળથી ગયો તેનું કારણ તે સમજી ગયો હતો પણ ગુણસુંદરી વાસ્તે પોતાને નીચે ર્‌હેવા વખારે જરુર હતી તથા વિદ્યાચતુર એકલો પડવાથી ઉભરા ક્હાડી શાંત પડી પાછો આવશે જાણી બાબુ નીચે જ ખડકીમાં બેઠો.

સઉ બેઠાં છે એટલામાં દુઃખબા ધીમે ધીમે આવી અને ગુણસુંદરીને પુત્રીનો પ્રસવ થયાના સમાચાર કહ્યા. બહુ વધામણીની વાત ન ગણાઇ તે છતાં આર્યલોકનો સ્વાભાવિક સંતોષ સઉમાં જણાયો, "ચાલો, લક્ષ્મી પધાર્યાં" કહી સઉએ સંતોષ વાળ્યો અને પૃથ્વીપર નવા આવેલા બાળકને સત્કાર આપ્યો. **માનચતુરે** બાળકની માના સમાચાર પુછ્યા અને તેનું આરોગ્ય જાણી સર્વ આનંદ પામ્યાં. ડાક્તર કેટલીક સૂચના આપી ઘેર ગયો અને તે બારણા બ્હાર નીકળતા સુધી **વિદ્યાચતુર** તેની સાથે સંતોષભર છાનોમાનો વાતો કરતો કરતો ગયો, અને ડાક્તરને વીદાય કરી પાછો પોતાની મેડીપર ગયો.

ગુણસુંદરી સુવાવડમાં સ્વાભાવિક રીતે ખાટલાવશ રહી. સઉયે પોતપોતાનું કામ તે વખતમાં ઉપાડી લીધું અને બેચાર દિવસ તો કામ સારી રીતે ચાલ્યું પણ ધીમે ધીમે ગૃહયંત્રનાં સર્વ ચક્ર શિથિલ પડ્યાં અને એ યંત્રની સંભાળ રાખનારીની ખોટ અને કીમ્મત જણાવા લાગી. પ્રથમ તો ઘરનાં સર્વ માણસને પોતપોતાની બાબતમાં જરી જરી અગવડ લાગવા માંડી. **માનચતુરની** સરભરા ઓછી થઇ, કારણ સરભરા કરનારને બીજાં કામમાં ગુંથાવું પડ્યું; એટલુંજ નહી પણ એ સરભરાપર દેખરેખ રાખનારી સુવાવડમાં પડી અને તેની ચતુરાઇ, ધીરજ, મ્હોંની મીઠાશ અને અંતર્નું વ્હાલ, વગેરે દેખાડનાર કોઇ રહ્યું નહી અને ડોસો અકળાવા લાગ્યો. ઘરનાં કામમાં વાદ થવા લાગ્યો અને સુવાવડીની પણ સંભાળ એવીજ રહેતી. ધર્મલક્ષ્મીથી હેરોફેરો થતો નહી અને જરી જરી હેરોફેરો ગુણસુંદરી સારુ કરતી, પરંતુ પોતાની દેવસેવામાં હરકત પડવાથી એ હેરોફેરો કોઇ વખત થતો નહી; અને સઉનું કામ તે કોઇનું નહી એમ થતાં સુવાવડીને ખાવાપીવાનું પણ મોડું વ્હેલું થતું એટલું જ નહી, પણ તેના બાળકની પણ સંભાળ લેવાતી નહી. એક પ્રસંગ એવો બન્યો કે **માનચતુરનું** ઔષધ બપોર થતા સુધી કોઇએ તૈયાર કર્યું નહી, જમવાની વખત તો થાય શાની, અને ડોસો આકળો થઇને લાકડી લેઇ છાનોમાનો ઘરમાં સર્વ શું કરેછે તે જોવા ફરવા લાગ્યો. પ્રથમ તો **વિદ્યાચતુરની** મેડીએ ચ્હડ્યો. **વિદ્યાચતુર** પોતે બ્હારથી આવેલો પણ ભુખ લાગવાથી પલંગમાં સુઇ રહ્યો હતો અને ઉંઘી ગયો હતો. તેના પલંગપર માફણની હાર હતી, ચાદર મેલી થઇ ગઇ હતી, અને મેડીમાં વાસીદાનો કચરો એકઠો થયલો. સઉને ગાળો દેતો દેતો ડોસો નીચે ઉતર્યો અને રસોડે ગયો તો દુઃખબા રસોઇ કરવા ન્હાઇ હતી અને સઉ તૈયાર જેવું હતું પણ શાક સમાર્યા વિના પડી રહેલું અને

સામું જોઇ દુઃખભા પણ બેસી રહેલી. ડોસો વધારે ક્રોધમાં આવી ત્યાંથી ચાલ્યો અને પરસાળ ભણી ગયો તો ત્યાંની મેડીમાંથી ગાનચતુરનું ગાયન સંભળાયું અને નીચે ચંડીકા હીંચકાપર સુતી હતી તેની સાથે હાથમાં સાવરણી લેઇ ચંચળ વાતો કરતી હતી તે બેમાંથી કોઇએ વાતના રસમાં ડોસાને દીઠો નહી. ગજાર ભણી જાયછે તો સુન્દર ખીચારી એકલી ઘડીમાં સુવાવડીનું ઔષધ તૈયાર કરે અને ઘડીકમાં ઘોડિયામાંના બાળકની સંભાળ રાખે, અને ગુણસુંદરી ખાટલામાં સુતી સુતી ભુખે પેટ ડાબતી સુન્દરને સૂચના આપે. ક્રોધ હતો તેમાં દયા ઉમેરી ડોસો પરસાળ બ્હાર નીકળ્યો તો અગાશીમાં છોકરાં ધમ્માચકડી કરે, ઘરનું બારણું ઉઘાડું તેમાં આવી શેરીનું કુતરું જીભ ક્‌હાડી હાંક્તું હાંક્તું ઉભેલું, અને બારણે સામે કુવો હતો ત્યાં પાણી ભરવા ગયલો ચાકર કોઇની સાથે ગપાટા મારે. ડોસો, કુતરાને હાંકી, બારણું વાસી, ધર્મલક્ષ્મીની ઓરડી ભણી ગયો. ડોસી દેવસવામાં હતાં. દ્‌હાડો ઘણો ન્હલ્યો હતો તેથી દેવના દીવામાંથી ઘી અને વાટ બે થઇ રહ્યાં હતાં, દીવો ઘેર ગયો હતો, અને દ્‌હેરાસર પરના પાટિયાપર ડોશી રુ, ઘી, અને દીવાશળી શોધતાં હતાં અને ડોસો બારણામાં ઉભો હતો તેના ભણી એની પુઠ હતી. સઉની રીસ ડોસાએ ડોસી ઉપર ક્‌હાડી. બોલ્યા ચાલ્યા વિના વગરન્હાયલા ડોસાએ દ્‌હેરાસરના પાલખાને અડકી બધા દેવ ઉપાડી લીધા અને પોતાનો ધસારો માલમ ન પડે એવી રીતે નીકળી જઇ ઘરના ટાંકા આગળ જઇ તેમાં દેવને પધરાવવા વિચાર કર્યો. પણ કાંઇક વધારે શાંત વિચાર થવાથી તેમાં ન નાંખતાં પાણી પીવાની ગોળીમાં બધા દેવને નાંખી દેઇ છાનોમાનો પોતાને ઠેકાણે જઇ સુઇ ગયો અને શું તાલ થાયછે તે જોવા લાગ્યો.

ડોસાડોસીના સ્વભાવમાં ઘણીક જાતનો ફેર હતો. છતાં તેમનો સંસાર નિર્માલ્ય ન હતો. ડોસો ન્હાનપણમાંથી બુદ્ધિવાળો હતો; અને કાંઇ પણ કામમાં પડે તે તેને આવડી જતું; એટલુંજ નહી, પણ તેની સાથે જે કામ હાથમાં લે તે ત્વરાથી આટોપવાપર તેની દૃષ્ટિ ર્‌હેતી અને તે કરી દે તે શીવાય તેને જંપ વળે નહી. કામ કરવા બેસે તે પ્રસંગે ગમે તે હરકત આવે તેને દૂર કરતાં કદી આચકો ખાતો નહી; પછી તે હરકત કોઇના સ્વભાવની હો કે પોતાના સ્વભાવની હો, દૈવી હો કે માણસની હો, ધર્મની હો કે નીતિની હો, સ્વાર્થની હો કે પરમાર્થની હો—ડોસાને મન તો એટલી જ વાત કે તે હરકત દૂર કરી ધારેલો અર્થ સિદ્ધ કરવો. માણસના સ્વભાવની હરકત આવે અ

તે માણસ પારકું હોય તો તેને સમજાવી, ફોસલાવી, ઉંધું ચતું સમજાવી, ને જરુર પડે તો આશ ને ફાવે તો ત્રાસ આપી, તેના સ્વભાવને પોતાને વશ કેમ કરી દેવો તેનો અભ્યાસ **માનચતુરે** ન્હાનપણમાંથી કર્યો હતો. તે માણસ પોતાનું હોય તો સીરજોરીથી કામ કરાવતો. પોતાના સ્વભાવની હરકત દૂર કરવાની હોય તો, અને ધારેલું કામ કરવા જતાં ખરેખરી ન જ ગમે એવી વસ્તુ કરવી પડે તો, તેમ કરતાં જરી પણ અચકાતો નહી, અને મ્હાવત હાથીના કુંભસ્થળપર અંકુશ વાપરે તેમ પોતાના મર્મસ્થળમાં પેશી તેને પ્રસંગવશ કરી નાંખે એવી અર્થાનુસારી બુદ્ધિ રચી દેતો અને અણગમતી વાત કરવી પડે તે અણગમાના બદલામાં ધારેલો અર્થ ઝટ પાર પાડવામાં પુરુષાર્થ અને યશ માનતો. એ કાંઇ જાતે નાસ્તિક અથવા અનીતિને રસ્તે ચ્હડેલો ન હતો અને કામમાં હરકત ન થાય ત્યાંસુધી ધર્મ અને નીતિ ઉભય સાચવતો, પણ પોતે આવો દૃઢ અને બળવાન સ્વભાવનો માણસ હોવાથી પ્રસંગ પડચે એ કશાને ગાંઠતો નહી એમાં કાંઇ નવાઇ ન હતી. ધર્મઉપર અત્યન્ત આસ્થાવાળી અને વૃદ્ધાચાર તથા લોકાચારના હવાપાણીમાં જન્મથી વસવા પામેલી ધર્મલક્ષ્મી ઉઠે ત્યાંથી સુતા સુધી ડગલે ડગલે ધર્મના નિયમ જાળવતી અને ધર્માચારના પ્રશ્નોનું નિરાકરણ કરતાં શાસ્ત્રિયોને પ્રવીણતા વાપરવી પડે તેટલીજ પ્રવીણતા અને શ્રમ લોકાચારનો નિર્ણય કરવામાં વાપરતી. ગામની અને જ્ઞાતિની સ્ત્રિયો લોકાચારના પ્રશ્ન લેઇ ધર્મલક્ષ્મીપાસે આવતી; તેમને ઉત્તર દેતી વખત ડોશી જુના કાળનાં કંઇ કંઇ દૃષ્ટાંત ક્‌હાડતી, કંઇ કંઇ પાનાં જીભઉપર ઉથલાવતી, કંઇ કંઇ નિયમ શોધી ક્‌હાડતી, અને સામાના મનમાં બેસી જાય એવા કંઇ કંઇ માર્ગ દેખાડી આપતી હતી. **માનચતુર** આ સઉ જોઇ ખુશી થતો, નવા નવા પ્રશ્ન ઉઠાવવામાં અને ડોશીની ચતુરાઇ કસી જોવામાં ગમ્મત માનતો, અને “બૈરક શાસ્ત્ર” ની શાસ્ત્રિણીની નાતમાં પ્રતિષ્ઠા જોઇ જરીક ગર્વ પામતો. નાતમાં કંઇ પ્રશ્ન ઉઠે એટલે સઉ કોઇ એમ ક્‌હેતું કે “જાવ, ધર્મલક્ષ્મી એનો માર્ગ બતાવશે.” આવી સ્ત્રીના વ્હેમ હદ કરતાં વધારે થાય, ન્હાની ન્હાની બાબતમાં આંટીવાળે આવે, અને મ્હોટી બાબતોમાં પણ પ્રસંગે પત્થરની ભીંત રસ્તાવચ્ચે ચણી લીધી હોય તેમ આડે આવીને ઉભા રહે એ સ્વાભાવિક હતું. આ સ્વભાવથી હરકત ન થાય ત્યાં સુધી તો **માનચતુરને** ગમતું, પણ હરકત થાય ત્યારે એ હરકત દૂર કરવા તત્પર થતો. ઘણું ખરું મશ્કરીઓ કરી કરી, કેટલીક વખત આજ્ઞા કરી, કેટલીક વખત

સમજાવી, કેટલીક વખત સ્વામી નાખુશ થશે એમ જાતેજ સમજીને સ્ત્રી ચાલે એવી વગરબોલ્યે યુક્તિયો કરી, કોઇ વખત તો બીજાજ બોઇ વિવાહનું વર્ષ કરી મુકી, અને એવી અનેક પણ ગમે તે રીતથી માનચતુર ધર્મલક્ષ્મી ભણીની સર્વ હરકતો ખંખેરી નાંખતો. ગુણસુંદરીની સુવાવડમાં પોતાના ઘરમાં જે જ્યાં ને તે ત્યાં થયું જોયું. ધર્મલક્ષ્મી વગર રથનું ચક્ર હવે ચાલે એમ નથી અને એ તો પોતાના જ ખટકર્મમાં પડેલી તેથી કાંઇ જલદ ઉપાય વગર એને ભાન નહી આવે એવું ધારી ડોશીના દેવને ગોળીના પાણીમાં ઝબકોળી પોતાની ઓરડીમાં સુતેલો ડોસો, જામગરી સળગાવી બન્ધુકનું નીશાન બરોબર વાગે છે કે નહી તે જોતો હોય તેમ, નીરાંતે પડેલો દેખાતો છતાં અત્યંત આતુરતાથી શું થાયછે તેની વાટ જોવા લાગ્યો, જોતો જોતો નીચલો ઓઠ દાંત તળે ચુસવા લાગ્યો, અને આંખો ચગાવી મુછે તાલ દેવા લાગ્યો.

ડોશીને દીવાશળી જડી અને તેણે દીવો પ્રકટાવ્યો અને પાલખાપાસે દીવો મુકે છે તો દેવ ન મળે. ડોશીના દીલમાં ત્રાસ પડ્યો અને ચમકી પાલખાની તળે તથા ચારે પાસે શોધવા લાગ્યાં. ભક્તિવાળી ડોશીને સમજણ ન પડી કે આ શો ચમત્કાર થયો. ડોશી દેવસેવાની ઓરડી બ્હાર આવ્યાં પણ ત્યાં કોઇ હતું નહી. "બારણું ઉઘાડી અંદર "આવી દેવને કોઇ છાનુંમાનું ચોરી તો નહી ગયું હોય? મ્હારું ધ્યાન "બીજી પાસ હતું"—આ વિચાર થતાં વધારે ફાળ પડી અને બારણું ઉઘાડે તો ડોસાએ ક્હાડી મુકેલો કુતરો ઉભેલો અને કુવે ચાકર ગપાટા મારે. "કોઇ ઘરભણી આવ્યું હતું?" એમ ચાકરને પુછ્યું અને ધમકાવી તેને ઘરમાં બોલાવ્યો. ઘરમાં પાછાં ફરી અકળાઇ બુમ પાડી: "ચંચળ! ચંચળ! આ જોને મ્હારા દેવ ક્યાં ગયા?" બુમ સાંભળી હાથમાં સાવરણી ઝાલી ચંચળ આવી, તેની પાછળ ચંડિકા, તેની પાછળ સુંદર, બીજી પાસથી દુઃખબા, અને ઘરનાં છોકરાં સઉ આવી ચોકમાં ભરાઇ ગયાં. પુછાપુછ અને શ્હોર બકોર થઇ રહ્યો. એક પાસથી ગાવાનું બંધ કરી ગાનચતુર આવ્યો અને બીજી પાસથી વિદ્યાચતુર સફાળો જાગી દાદરપરથી ઉતર્યો. દેવ ક્યાં ગયા તે વીશે ઉપરાઉપરી પ્રશ્નો અને ઉત્તર થવા લાગ્યાં અને સૂચનાઓ તથા શોધાશોધ થઇ રહી. દુઃખબા ક્હે કોઇ છોકરાં દેવને રમવા લેઇ ગયાં હશે. ચંચળ અને ગાનચતુરને એમ વિચાર થયો કે ઉંદર તાણી ગયા હશે, વિદ્યાચતુર ક્હે "પાલખામાંથી ગરબડી ગયા હશે—આશપાશ ફરી શોધો."

છેવટે ડોસો આંખો ચોળતો ચોળતો લાકડીપર ટેકી બ્હાર આવ્યો અને ગુસ્સે થઇ બોલ્યો: "આ શું તોફાન માંડ્યું છે? ઘરમાં ન કોઇને "ખાવાની ચિંતા ને ન કોઇને ખવરાવવાની ચિંતા. એક વાગી ગયો "ત્યાંસુધી જાણે ઘરમાં બઇરું જ ન હોય તેમ નથી કોઇ પુછતું, કે "ખાવાની કેટલી વાર છે અને નથી કોઇ કહેતું કે જમવા ઉઠો!" વિદ્યાચતુર કહે "પિતાજી, માતુઃશ્રીને દેવ નથી જડતા તેની આ "ભાંજગડ છે. અચિન્ત્યા પાલખામાંથી ક્યાં ગયા તે જણાતું નથી."

માનચતુર—દેવ એના જડવાના હશે તો જડશે ને નહી જડવાના હોય તો નહી જડે. પણ આ બધા જીવતા પરમાત્માના પેટની ચિંતાફીકર હોય કે ન હોય? એવી ચિંતા ન રાખે તેનાપર તો દેવ ન કોપતા હોય તો કોપે અને દ્હેરાસર વાસેલું હોય તેમાંથી અદૃશ્ય થાય તો ઉઘાડા પાલખાનું શું પુછવું? ચાલ, દુઃખબા, અમને જમાડ તરત. એને તો દેવ જડશે ત્યાંસુધી લાંઘણો કરવી પડશે.

ડોશીને એક દુઃખમાં બીજું દુઃખ આ વચન સાંભળવાનું આવ્યું. કઠોર તીક્ષ્ણ વચન અને તેમાં પણ ઇષ્ટદેવને તિરસ્કાર: આ સાંભળી ચારપાસ અને પોપચે કરચલિયો વાળી આંખોમાં ધર્મલક્ષ્મીને આંસું ભરાયાં, અને કાન ઉપર હાથ દેતી દેતી, બોલી, "અરેરે, આવાં ના- "સ્તિક વચન ન બોલતા હો તો શું થાય? સતજુગમાં દેવની સેવા કર્યાનું "ફળ છે તેથી વધારે ફળ કળજુગમાં દેવસેવા કરાવ્યાનું છે. આ "અવતાર આટલું આટલું દુઃખ તમે ખમો છો અને હુ ખમુંછું ને "આવતે અવતારે પણ ખમવું છે? આપણે તો એક બીજાનાં પુ- "ણ્યપાપનાં ભાગિયાં છિએ. તમારાથી થતું નથી ને મ્હારે હાથે થવા "દેતા નથી! બળ્યું આ પેટ ને બળ્યા આ ધોળા વાળ! પેટે દેવની "નિન્દા કરાવીને ધોળા વાળે પણ દેવનું સ્મરણ ન કરાવ્યું.! દેવસેવાનું "પુણ્ય હશે તો આ છોકરાં પણ સારાં ઉઠશે. કંઇ તો વિચાર કરો. "દુઃખબા! **ચંચળ**! **ચંડીવહુ**! આ તમારા પાપને લીધે મ્હારે આ "વચન સાંભળવાં પડ્યાં! ન્હાની વહુ ઘરમાં હરતી ફરતી હોય તો "મ્હારે આ વખત ન આવે!—તમે મહીનો માસ પણ ઘરની સંભાળ "ન રાખી શક્યાં—**ચંચળ**! દેવ ક્યાં ગયા તે હું સમજી છું; ત્હારા "બાપનો સ્વભાવ તને ખબર છે. જા. એમને અને સઉને જમાડ, "મ્હારે તો દેવ જડે ત્યાંસુધી જમવું નથી." આંખે આંસુ ન માય એમ રોતાં રોતાં ડોશી દેવના પાલખા આગળ બેસી રોયાં અને આખરે પાલખા આગળ નાકલીટિયો તાણી દેવને કાલાંવાલા કરવા લાગ્યાં:

"મહારાજ, ક્ષમા કરો—એમના કર્યા સામું જોશો નહી—એમનું પાપ "મને આવજો ને મ્હારું પુણ્ય એમને જજો! પણ ક્ષમા કરો!"

ઘરમાંનું સર્વ મંડળ ભરાયું હતું તેમાં સઉની સાથે લ્હડતો લ્હડતો ડોસો સઉને ધમકાવવા લાગ્યો. દુઃખબા સામે આંખો ક્હાડવા લાગ્યો, ચંચળ સામે ઓઠ કરડવા લાગ્યો, ચંડીકા સામે દાંત પીસવા લાગ્યો, ગાનચતુર સામે ચાળા કરવા લાગ્યો, ચાકર સામે દૂરથી હાથ ઉગામવા લાગ્યો; વિદ્યાચતુર ઉપર પક્ષપાત દેખાય નહી માટે તેની પુઠ કરી તેને ન દેખતો હોય તેમ ઉભો, સુન્દરગૌરીના સામું જોયું નહી; અને ઘરની અવ્યવસ્થા બાબત પોતે જેટલું સુતાં સુતાં જોયાં કર્યું હતું અને જેટલા જેટલા જેનાં અપલક્ષણ હતાં તે તે તેમને સઉને ધમકાવી ધમકાવી કહી બતલાવ્યાં અને ગાળો ઉપર ગાળો દીધી. આખરે સુન્દરગૌરીને ગુણસુંદરીની તપાસ રાખવા ગજારમાં મોકલી દીધી અને ચંડીકાને તથા પોતાની બે દીકરિયોને લાકડી ઉગામી ઘરબ્હાર ક્હાડી મુકી સાંકળ દેઇ, ગાનચતુરને હુકમ કર્યો કે "આપણે "સઉને સારૂ જમવાનું તૈયાર કર—રાંડોને તો આમ જ ઘટે." વિદ્યાચતુર ન્હાનપણમાંથી પરદેશ રહેલો એટલે પિતાનું આવું ઉગ્ર સ્વરૂપ જોવાનો વારો તેને આજ જ આવ્યો, અને આશ્ચર્યથી આભો બની, હડપચીએ હાથ દેઇ, શું કરવું કે ક્હેવું તે ન સુઝવાથી દિઙ્મૂઢ જેવો બની પોતે ઉભો હતો ત્યાં ને ત્યાં જ ઉભો રહ્યો. બ્હાર લોકો ભરાઇ ગયા અને બારણાં હચહચાવી મુક્યાં. નાટક વધી ગયું જોઇ, ડોસો હાથમાં નથી એવું સમજી, આખરે ડોશી દેવમન્દિર છોડી પાછાં બ્હાર આવ્યાં. આંસુ લોહી નાંખ્યાં. મહાદેવના ગુણ તપોધન જાણે તેમ ડોસાનો સ્વભાવ વર્તી જનારી ડોસીને પોતાનો સ્વભાવ બદલવો પડ્યો. ધર્મ અને આચાર ઉભયને ઠેકાણે વ્યવહારને આગળ કરવામાં આગ્રહ ધરનારો પતિનો સ્વભાવ છે અને એ સ્વભાવ સમુદ્રના મોજાપેઠે અત્યારે ઉછાળા મારી રહ્યો છે, તેના સામા થવા કરતાં તેને વશ થવાથી તેના હેલારાનું બળ ઓછું લાગશે એ ભાન ડોશીને આવ્યું. એ ભાન આવવાની સાથે ડોશીની સ્વાભાવિક બુદ્ધિ સ્વચ્છ બની, ડોસાના વચનમાં સત્ય હતું તે સમજાયું, ઘરની અવ્યવસ્થા દૃષ્ટિ આગળ તરવા લાગી, તેનો ઉપાય પોતાના જ હાથમાં આવે એવો હતો તેને લીધો, હૃદયને શાંત કર્યું, મુખ ગંભીર કર્યું, કુટુંબનું હિત જાળવવું એ પણ એક ધર્મ છે એવો વિચાર થયો, એ ધર્મ સાચવવાથી ઘણા જીવને સુખ થાય છે એ દેખાયું, ઘણા જીવનું કલ્યાણ થાય એવા ધર્મને સર્વ ધર્મથી

મ્હોટા કેમ ન ગણવો એવો પ્રશ્ન મનમાં ઉભો થયો, સર્વ સૃષ્ટિ જેને વ્હાલી છે અને સઉ સૃષ્ટિના સુખનો ભરનાર વિશ્વમ્ભર તેને એજ ધર્મ સઉથી વ્હાલો હોવો જોઇએ એવી શ્રદ્ધા ઉત્પન્ન થઇ, શ્રદ્ધા થતાં તે ધર્મમાં પ્રવૃત્તિ થઇ, અને એ ધર્મની ઉત્સાહી ડોસી દેવનું દુઃખ ભુલી પતિદેવ ભણી ચાલી; ઘરની અવ્યવસ્થા, પતિનાં વચન, ઘરણ્હાર જામી જતો ફજેતીનો ખેલ, અને કુટુંબનાં સર્વ મંડળનું દુઃખ—આ સર્વ સરોવરમાંથી નીકળતી કુટુંબવત્સલતાના પવિત્ર પ્રવાહમાં ડોશીની બુદ્ધિ ન્હાવા લાગી, અને નદી સમુદ્રપાસે જતાં પોતાનો પટ વધારે વધારે પ્હોળો કરે તેમ પતિની પાસે જતી જતી અને પતિની ઇચ્છા જાણી વળતી વળતી ડોશી પોતાના અંતઃતકરણને વધારે વધારે ઉદાર કરવા લાગી. તેનામાં થયેલો ફેરફાર તેને આવતી જોતાંજ તેનો પતિ સમજી ગયો. ડોસાના મનનો અર્થ મનમાં સિદ્ધ થયો જણાયો.

ડોશી ન્હાનપણથી ધર્મસંસ્કારનું બન્ધન પામી હતી. પુરુષો કરતાં સ્ત્રી જાતિમાં કેટલાક ગુણ વધારે વિકાસ પામે છે, અને પુરુષો કરતાં તેમની બુદ્ધિ—તેમનાં શરીર પેઠે—વ્હેલી પકવ થાય છે, તેનું ધર્મલક્ષ્મી એક દૃષ્ટાંત હતું. છેક ન્હાનપણમાંથી તેના હૃદય ઉપર જે જે સંસ્કાર પડતા તે તરત એ ગ્રહી લેતી. એના બાપ ધર્માંધ હતા અને તેના ઘરમાંથી ધર્મના સંસ્કાર ધર્મલક્ષ્મીપર કુમળી વયમાંથીજ વજ્રલેપ થયા હતા. એનું દશેક વર્ષનું વય હતું ત્યારે તો શેરીની સર્વ કન્યાઓમાં ધર્મલક્ષ્મી જેવું બીજું કોઇ ધાર્મિક ગણાતું ન હતું. એનામાં સારી બુદ્ધિ છતાં આ ધર્મસંસ્કાર જડ થાત અને એ છેક ધર્માન્ધ બનત તો તેના ઘરપ્રમાણે કાંઇ નવાઇ ન હતી. પણ **માનચતુરના** ઘરમાં ગયા પછી એને, **માનચતુરને** દેશપરદેશ નોકરીમાં આથડવું પડતું, તેની સાથે ફરવાનું થતું અને પરદેશમાં **ધર્મલક્ષ્મીના** સંસ્કાર સાચવવા કઠણ હતા. તેમાં વળી **માનચતુરનો** સ્વભાવ ઉગ્ર હતો એટલે ગૃહિણીને વખત જોઇ ગીત ગાવાં પડતાં હતાં. આ પતિનો સ્વભાવ વેઠવો એ તરવારની ધાર ઉપર ચાલવા જેવું હતું, અને કન્યાવયમાંથી જ ઈશ્વરે સૂક્ષ્મ બુદ્ધિ આપી ન હત તો ધર્મલક્ષ્મીનો પતિસાથે એક રાગ થાતજ નહી. લોક એવું ક્હેતા કે “આવા “**માનચતુરનો** મીજાજ ધર્મલક્ષ્મી જ જાળવે—બીજી હોય તો એના “ઘરમાં પળવાર પણ ટકવા ન પામે.” ધાર્મિક છતાં ધર્માન્ધ ન બની, દુર્વાસા જેવા પતિના ઘરમાં વૃદ્ધાવસ્થાપર્યંત રહી શકી, અગ્નિ જેવા પતિની પ્રીતિ મેળવી છેવટ સુધી સાચવી શકી અને તેના ઉપર પોતે પ્રીતિ રાખી શકી, અને વળી તે સર્વ સાથે પોતાના ધર્મસંસ્કાર

છેવટ સુધી જાળવી રહી; આ સર્વ અદ્ભુત પરિણામ ધર્મલક્ષ્મીની શુદ્ધ વત્સલતા, પૃથ્વી જેવી ક્ષમા, વિષ્ણુ જેવી શાન્તિ, સૂક્ષ્મ બુદ્ધિ, અને ઉંચી કુલીનતા: તે સર્વનું દુર્લભ ફળ હતું. એ સર્વ ગુણોનો આ પ્રસંગે આવિર્ભાવ થતો વિદ્યાચતુરે આજ પ્રથમ જ જોયો અને એ જોતાં જોતાં આ ગુણવાળી સ્ત્રી પોતાને મળી છે એ વિચારથી એનું હૃદય ગર્વવડે ફુલવા લાગ્યું.

ડોસો ક્રોધથી રાતો થયો હતો અને તેનાં અવયવ માત્ર કંપતાં હતાં. તેની આંખમાં લોહી તરી આવ્યું અને કપાળે ભ્રુકુટિ ચ્હડી આવી,—જાણે નરસિંહાવતાર પ્રકટ થયો. દેવને થયેલા અપમાનથી ડોશીને તીવ્ર વેદના થતી હતી એટલે બળાત્કાર કરતાં પણ તેના મુખપર સ્મિત તો ન ફરકી શક્યું, પણ એ પોતાની વેદના ઢાંકી શકી અને પતિનો ક્રોધ શમાવવા ચાલી. તેનું શરીર વૃદ્ધ પણ બાંધી દડી જેવું હતું. ધીમાં પણ સ્થિર પગલાં ભરી, ગંભીર આકાર ધરી, તે પતિ પાસે આવી. તેનું વૃદ્ધ હૃદય ધડકતું દેખાતું હતું, દાંતના આધાર વગરના ગાલ અંતર્ના વિકારથી ભરાવા લાગ્યા દેખાયા, જુવાનીના તેજ વિનાની પણ બુદ્ધિની તીવ્રતાએ અંદરથી ચળકતી આંખ ઉપર પાણીનું પડ બંધાયું, અને નિષ્કલંક ધોળા કેશ નીચે કેશ જેવીજ વાંકી ચુકી કરચલિયો ભરેલા ગોરા કપાળ ઉપર પરસેવો વળ્યો તેણે સૌભાગ્યચિન્હનું કુંકુમ ભીનું કરવા માંડ્યું.

"હા, હું તમારો ભાવાર્થ સમજી. હું શું કરું ? મ્હારો સ્વભાવ
"છે તે દેવસેવામાં ચિત્ત પરોવાય છે ત્યારે ઘરસેવાપર રહેતું નથી.
"મ્હારો વાંક હું કબુલ કરુંછું. પણ આટલો બધો કોપ ન ઘટે—
"ત્રણ જણિયોને બ્હાર ક્હાડી તે ધેડફજેતી થાય છે ને લોક બારણે
"ભરાયા છે."

ડોશી ધીમે ધીમે ચાલી અને બારણાં ઉઘાડી ત્રણેને ઘરમાં બોલાવી લીધી, ડોસો દ્વાર ભણી જોઇ રહ્યો, ગયો, અને લોકને ધમકાવી ક્હાડી, બારણાં બંધ કરી, પાછો આવ્યો.

"જા ! દેવને પાણીની ગોળીમાંથી ક્હાડી લે ! આજ તો ગોળી-
"માં નાંખ્યા, પણ હવે ભુખે મારીશ તો કુવામાં નાંખીશ:" ડોસો વિકરાળ અને રાતીચોળ આંખો કરી બોલ્યો. એના ક્રોધને શમતાં શમતાં કલાક લાગતો હતો. ડોસી બીચારી પાણી ભરેલી ગોળીમાં હાથ ઘાલી દેવને લેઇ આવી—બીજાં બધામાંથી કોઇને ડોસીનું એટલું

કામ કરવું ન સુઝયું. દેવને દ્હેરાસરમાં લેઇ જઇ, અશ્રુપાત કરતાં કરતાં છાતીસરસા ચાંપી, પાછા પાલખાપર પધરાવી, ઘરકામમાં વળગી અને આજથી ધર્મલક્ષ્મીની દેખરેખ નીચે આ ઘરનો સંસાર પાછો ઠેકાણે આવી રસ્તે પડ્યો દેખાયો. પણ દેવને અપવિત્ર સ્થળે નાંખ્યા તે વાતનો ડંખ ડોશીના દીલમાંથી મરણસુધી ગયો નહી.

પણ ઘરનાં કામકાજની ચિંતાથીજ ઘરસંસારની સિદ્ધિ પુરી ન થઇ. ડોશી તો સઉની પાસે કામકાજ લેતી, પણ અવસ્થાનું શરીર તેથી જાતે ફરી વળાતું નહી અને તેની આજ્ઞાઓ કેટલી પળાતી તે જાણવાનું સાધન તેની પાસે ર્‌હેતું નહી. "શેઠની શીખામણ ઝાંપા સુધી પ્હોચે" એ ક્‌હેવત પ્રમાણે થતું. જુવાન સ્ત્રીમંડળમાં ધીમે ધીમે ડોશી કોહ્યાં અને કચકચિયાં ગણાવા લાગ્યાં. સર્વના હ્રદયપર ડોશીની સત્તા ઓછી થઇ, તેની સાથે તેનો આજ્ઞાભંગ થવા લાગ્યો, તેને અંતે સઉ તેને પ્રથમ મનમાં ગાળો દેવા લાગ્યાં અને ધીમે ધીમે ક્વચિત્ ઉઘાડું અપમાન તથા નિન્દા કરવા લાગ્યાં. ડોશી અકળાવા લાગી, ડોસા-પાસે ફરિયાદ કરવા લાગી, અને ગજારમાં ગુણસુંદરી પાસે જઇ વ-ખતોવખત રોવા લાગી. સુવાવડી વહુએ સાસુની શુદ્ધ પ્રીતિ મેળ-વવામાં આ પ્રસંગનો લાભ લેઇ લીધો અને બુદ્ધિશાળી, વૃદ્ધ અને અ-નુભવી સાસુ કરતાં જુવાન અને ઉગતી વહુની બુદ્ધિ ચ્હડિયાતી છે એવું આથી સિદ્ધ થયું. જે વ્યવસ્થા સાસુથી ન થઇ શકી તે વ્ય-વસ્થા કરવાની મ્હારે કરવી પડશે એવું વહુને લાગ્યું અને વૃદ્ધ સાસુને માથેથી ભાર ઉપાડી લેવામાં હું ફાવીશ એવી આશાની હોંસીલી વહુ કામકાજ કરવા હું ક્યારે શક્તિવાળી થઇશ એ વિચાર આતુરતાથી ક-રવા લાગી. આ ભાર તો ગુણસુંદરીને માથે મૂળ હતો તે જ પાછો પડ-વાનો હતો પણ બીજી કેટલીક જાતનો ભાર એવો પડવાનો હતો કે તેનો તેને અનુભવ સરખો ન હતો.

હીંદુ સંસારમાં સુખદુઃખનાં રૂપ ભાતભાતનાં છે. અનુભવ અ-થવા અવલોકન વિના તેની કલ્પના પણ કઠણ છે. ગુણસુંદરીના મ-નમાં એક વખત એમ હતું કે મને સઉ વાતનો અનુભવ વીતી ગયો છે પણ જ્ઞાન તેમ જ અનુભવની સીમા નથી એટલું જ નહી, પણ ઉભય વિષયમાં ઉગતાં બાળકને કલ્પના જ થતી નથી કે દેખીતા જ્ઞાન અને અનુભવની પાછળ બીજું કાંઇ હશે. જેમ જેમ અભ્યાસ અને વય વધતાં જાયછે તેમ તેમ નવી નવી જાતનાં જ્ઞાન અને અનુભવ પર્વતના શિખર પાછળના શિખરો પેઠે—સમુદ્રના મોજા પાછળના મોજા

પેઠે—દૃષ્ટિમર્યાદામાં દૃષ્ટિ આગળ ખડાં થાયછે અને મન એ ચમત્કારનું સાક્ષી બનતાં બનતાં ઈશ્વરની અનંતતામાં તલ્લીન અજાણતાં થઇ જાયછે—અનંત અનુભવનાં એક પછી બીજાં પગથિયાં જુવે છે અને તેપર ચ્હડે છે. પોતાના ઘરમાં દિવસે દિવસે વધતી રચના જોઇ, નવરી પડેલી સુવાવડીનું મગજ આવા આવા વિચારોથી ભરાઇ ઉચ્ચગ્રાહી વિષયોનું ગ્રાહક થતું અને ડગલે ડગલે કહેતું કે “ આ પણ એક નવો “ અનુભવ—હવે કાલ બીજો—શો અનુભવ થવા સરજેલો હશે ? ” ક્ષુદ્ર ઘરસંસારમાં પણ પર્યેષક બુદ્ધિને જોઇએ તેટલા વિચાર જડી આવે એમ છે અને મનને કેળવણી આપવા ચારે દિશારૂપી મુખોમાંથી ઈશ્વરનું બ્રહ્મસ્વરૂપ શ્રુતિયો સંભળાવી રહેછે. સુવાવડના ખાટલાઉપર, અને ગજારનાં અંધારામાં, આધિવ્યાધિથી ઉકળતા મગજમાં આવી તીવ્ર કવિતા ઉભરાતી હતી અને નવા જન્મેલા બાળકની સમોવડિયણ બનતી હતી.

જે દિવસે માનચતુરે તોફાન મચાવી મુકયું તેને બીજે દિવસે ગુણસુંદરીની સહિયર યશોદા ખબર જોવા આવી અને એકાંતમાં ગામમાં સંભળાતા સમાચાર કહ્યા: “ એવી વાત ઉડી છે કે વિદ્યાચતુરે “ ગઇ કાલ ઘરમાંથી બે બ્હેનોને અને ભાભીને કહાડી મુકયાં, ડોશીએ “ તેમને મનાવીને ઘરમાં આણ્યાં, અને તે બાબત બાદીકરો લ્હડયાં “ અને વિદ્યાચતુરે ચ્હીડાઇને પાલખામાંથી ડોશીના દેવને નાંખી દીધા ! ” નિર્દોષ પતિની નિન્દા સાંભળી પતિવ્રતાને અત્યંત દુઃખ થયું અને મ્હોડે તો શાંત રીતે સઉ વાતનો ખુલાસો કર્યો; પણ મનમાં બધા કુટુમ્બ ઉપર તિરસ્કાર થયો, પળવારમાં મટી ગયો, અને સઉ ગયાં એટલે મ્હોંપર ઓઢી સુઇ ગઇ અને બે કલાક સુધી તેવી સ્થિતિમાં છાનુંમાનું રોઇ અને તેથી અંતે તાવ આવ્યો તે કોઇએ જાણ્યો પણ નહી.

એ ત્રણ દિવસ થયા એટલે નવું ધતીંગ જાગ્યું. ઘરનો સામન પરસાળની પાછળની મેડીમાં રહેતો, તે સામન લેવા લાવવા સુંદરગૌરીને જવું પડતું. એ અનાથ વિધવાનું આ ઘરમાં ગુણસુંદરી શીવાય બીજું કોઇ ન્હોતું. સર્વ સ્ત્રીમંડળ એના ભણી કડવી આંખે જોતું, અને પુરુષવર્ગને એની કાંઇ પડી ન હતી. તે છતાં દેરાણીની મમતા એને સુખી રાખતી. એક દિવસ નીચે સર્વ સ્ત્રીમંડળ જમવા બેઠેલું હતું અને પુરુષવર્ગ જમી કરી પોતપોતાને સ્થાનકે વેરાઇ ગયો હતો. તેવામાં ગુણસુંદરી સારૂ ઔષધની સામગ્રી લેવા વ્હેલી વ્હેલી જમી સુંદરગૌરી પરસાળની મેડિયે ચ્હડી. બપોરના બાર વાગ્યા હતા, અને અગાશીમાં

તપતો તડકો ધીમે ધીમે મેડીની બારીમાં ખસતો ખસતો આવતો હતો. એ તડકામાં વિધવા યુવતિ પળવાર ઉભી રહી અને તેના ગૌર ગાલ તડકાથી રાતાચોળ થતાં વાર ન લાગી. બારીની પાછળનાં હાંલ્લાંમાંથી નીચી વળી તે સામન ક્‌હાડવા લાગી, સૂર્ય ઉપર આવેલા વાદળાં પેઠે તેનું સાદું કાળું વસ્ત્ર બારીના પવનથી જરી જરી ઉડતું હતું, અને વાદળાંમાંથી સૂર્યનું બિમ્બ કોઇ કોઇ ઠેકાણે દેખાઇ આવે તેમ એનો વાંસો દેખાતો હતો. મેઘના ધનુષ્ય પેઠે એ વાંકી વળી હતી. માથાની એક લટ સરી પડી આલમ્બમાન પયોધરભારને ટેકવી રાખવા સ્હાઇ લેતી લાગતી હતી. વસ્ત્રની નીચલી કોર અને તડકાવાળી પૃથ્વી, એ બેની વચ્ચે આવી ગયેલી પગની સોનેરી મ્હાનિયો ચળકારા મારતી હતી અને જોનારને જો બે આંખો હોયે તે બેયે આંખોને એ ચળકારાથી ભરી નાંખી—આંધળી કરી દેવા—યત્ન કરતી હતી. આમ આંધળી થનારી પણ આંખો દૂર ન હતી અને પોતાનું કામ કરવામાં લીન થયેલી નિર્દોષ સ્ત્રી જાણતી ન હતી કે અત્યારે મ્હારાપર કોઇની દૃષ્ટિ પડે છે.

પુરુષ ભોક્તા અને સ્ત્રી ભોગ્ય, એ બુદ્ધિ મનુષ્યના મ્હોટા ભાગને અને પશુપક્ષિયોને, સામાન્ય છે. પશુ પક્ષિયોમાં નર માદાની પાછળ શીકાર કરવા દોડતો હોય તેમ દોડે છે; ફેર માત્ર એટલો રહે છે કે ઉપભોગાર્થે શીકારનો નાશ કરવામાં આવે છે ત્યારે માદાનું પાલન કરવામાં આવે છે. સોનાનાં ઇંડાં મુકનારી કુકડી જેવી માદાને નર જાળવી રાખે છે. ઉચ્ચ યોનિમાં આ પાલકબુદ્ધિ વિશેષ રહે છે, તેનું દૃષ્ટાંત મનુષ્યજાતિ છે. પારકા ઘરની સ્ત્રી—નહી સગી—નહી વ્હાલી—તે સગામાં સગી થઇ રહે છે—વ્હાલામાં વ્હાલી થઇ રહે છે. લગ્નાદિકની રૂઢિ એ આ પાલકબુદ્ધિનું જ પરિણામ છે. મનુષ્યના પશુભાગપર એના મનુષ્યભાગનો જય થાય છે ત્યારે આ પાલકબુદ્ધિ રહે છે, અને પશુભાગ વિજયી હોય છે ત્યારે ઉપભોગાર્થે સ્ત્રીને શીકાર જેવી ગણતો પુરુષ સ્વાર્થે અથવા પરમાર્થે કાંઇ પણ વિચારી શકતો નથી, કારણ મનુષ્યભાગની સાથે વિચાર પણ પરાભવ પામે છે. કેટલેક ઠેકાણે આ ઉભય ભાગનો સંયોગ સૂક્ષ્મ હોય છે અને એક ભાગ બીજાપર પરાભવ કરી શકતો નથી; મૃગયા કરવા નીકળી પડેલો હોય તેવી રીતે સીતાને પકડી પોતાની સત્તામાં આણ્યા છતાં વર્ષોનાં વર્ષો સુધી રાવણે સીતાને અખંડિત રહેવા દીધી તેનું કારણ આવો જ સૂક્ષ્મ સંયોગ હતો. એના પશુભાગે બળાત્કારથી હરણ કર્યું; એની ઉચ્ચ રસિક વૃત્તિયે તેને શીખવ્યું કે,

॥ अनादरोत्कंठितयोः प्रसिध्यता समागमेनापि रतिर्न मां प्रति ॥

પુરુષમાત્રમાં આ મનુષ્યભાગ થોડો ઘણો પણ હોયછે અને અ-નાથ અબલાઓનો પાલક થઇ પડેછે. સ્ત્રી-બહુમાન (chivalry) પુરુષના ચિત્તમાં ઉદય પામે તો પુરુષ અને સ્ત્રી ઉભયની વિશુદ્ધિ સ્વાભાવિક રીતે વજ્રલેપ થવા પામે અને સ્ત્રી નિર્ભય થાય તેનું કારણ આવુંજ છે.

તડકામાં ઉભી રહેવાથી વધારે સુન્દર થયેલી, નીચી વળી ઉભા રહેવાથી દૃષ્ટિમાં નવતા ભરવા માંડતી, સુન્દરગૌરી ઉભી થાય છે તો તેની જોડાજોડ આવી ગાનચતુર ઉભેલો ! જમી રહેલો તેથી ભ-રેલા પેટનો એને નીશો ચ્હડેલો હતો—તેનું શરીર અને મુખ અન્નના તેજથી ચળકતું હતું અને એ ચળકાટમાંજ ઘેન ભરેલું દેખાતું હતું. એજ અન્નના ભારથી—ઘેનથી—તેનું મનુષ્યત્વ શાંત થઇ ગયું હતું અને પશુભાગ મગજમાં આવી ઠરી ગયો હતો. પોતાની મેડીમાં સુતાં સુતાં કાંઇક ધસારો લાગ્યો અને બ્હાર આવ્યો તો સુન્દરગૌરીને એકાંતમાં રમણીયરૂપે સ્થિર ઉભેલી દીઠી, તેને જોતાંજ પશુભાગે પુરુ-ષના મગજપર બળાત્કાર કર્યો, અને શુદ્ધબુદ્ધિનો ઉપભોગ કરવામાં નપુંસક બનેલો પુરુષ એકદમ પણ છાનોમાનો સુન્દરગૌરી પાસે આવી ઉભો હતો—તેને ન થયો વિશુદ્ધિનો વિચાર, ન રહ્યું સગપણનું ભાન, અને ન લાગ્યું વસ્તીવાળા ઘરનું ભય ! પરંતુ પશુભાગે આટલું બળ કર્યું ત્યારે છેક મોડો પણ મનુષ્યભાગ મુગો ન રહ્યો. સુન્દરની પાસે આવી ઉભો રહેવા છાતી ચલવનારની છાતી વધારે ન ચાલી, તેનાં હાથપગ સ્તબ્ધ થયાં, તેના ઓઠ ઉઘડી શક્યા સરખા નહી, અને મનુષ્યભાગ ભ્રષ્ટ થતાં પશુભાગ દેખાયો તેમ પશુભાગનો પરાભવ કરી જડભાગ છવ્યો હોય તેમ ગાનચતુર કેવળ જડ જેવો ઉભો રહ્યો અને માત્ર તેની આંખના જરી જરી ફરકતા ડોળામાં આવી એનો ભ્રષ્ટ મનોદય જણાવા લાગ્યો. એના ઉપર દૃષ્ટિ પડતાં સુન્દર લેવાઇ ગઇ, તેના હોંસકોંસ ઉડી ગયા, એના નખથી શીખસુધી કેવળ ભય વ્યાપી રહ્યો, અને સઉને અંતે સામન એમનો એમ રહેવા દેઇ અચિન્તી દોટ મુકી દાદરપરથી નીચે ઉતરી પડી, ઉતાવળમાં ને ઉભવળમાં છેલું પગથિયું ચુકી, પડી, વાગ્યું તે ગણ્યું નહી, અને ગુણસુન્દરીવાળી ગજા-રમાં જઇ ઉભી રહી અને ભય ગયો દીઠો તે છતાં ભય સમક્ષજ હોય તેમ થરથર ધ્રુજવા લાગી અને આંસુ સારવા લાગી. તેનો ધ્રુજારો કેમે કર્યો બંધ થાય નહી અને ફાટક્યા જેવું તેનું કાળજું ધડકતું મટે

નહી. પણ ગુણસુંદરી જમવા ગઇ હતી તેથી આ દશા જોનાર કોઇ હતું નહી અને તે આવી તેટલામાં તો પોતે સ્વસ્થ થઇ સુન્દરગૌરી કામે વળગી અને એના ચિત્તને સદાનો ભય વળગ્યો. કે "આ વાત હું હવે કોને કહીશ? આ ઘરમાં હવે કેમ ર્‌હેવાશે? અને આ ઘર મુકી ક્યાં જવું?" શરીરરૂપ પશુભાગ ધારણ કરનારે એ ભાગને હાથમાં રાખવા નિરંતર સાવધાન ર્‌હેવાનું છે—એ હાથમાં ન ર્‌હે તો પછી મનુષ્યત્વ સર્વથા નષ્ટ થયું જ સમજવું, અને મનુષ્યરૂપ આવું પશુ પશુરૂપ પશુ કરતાં અનેકધા ભયંકર છે. આ ભયંકર પ્રાણીનો ભય અનાથ વિધવાના કોમળ ત્દ્દયમાં શલ્ય પેઠે પેંસી ગયો. એ શલ્ય ત્દ્દયને વીંધવા લાગ્યું અને ત્દ્દયમાંથી બ્હાર ન ક્‌હડાયું, "કોને ક્‌-
"હેવું? શી રીતે ક્‌હેવું? જીભ શી રીતે ઉપડે? છાતી કેમ ચાલશે?
"કોણ માનશે? અરેરે! આમને આ શું સુઝ્યું? હવે શું કરશે? શું
"થશે? શું કરું? શું બોલું? ક્યાં જઉં?" એવા એવા અનેક પ્રશ્નો ત્દ્દયમાં દિવસરાત્ર ઉઠવા લાગ્યા, પ્રશ્ને પ્રશ્ને મુખમાંથી નિઃશ્વાસ અને આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં, કામમાં ચિત્ત ગોઠતું બન્ધ થઇ ગયું. જેનું જગતમાં કોઇ ન હોય તેની નિદ્રા તો હોયજ તે પણ આ અનાથ સ્ત્રીની મટી ગઇ, શરીર નિસ્તેજ થવા લાગ્યું, મુખારવિંદ કરમાઇ સુકાઇ જવા લાગ્યું, શરીરનાં માંસરુધિર અંતર્ધાન પામવા માંડ્યાં, હાસ્યવિનોદ અને શૂન્ય સ્મિત પણ અશક્ય થઇ ગયાં. ગુણસુંદરી પાસે પાસે નીચું જોઇ આંખ પાણીથી ભરાઇ જતી અને ઉચ્ચાર નીકળવા પામે ત્યાર પ્હેલાં ચતુર જોનાર વગર કોઇને જણાય નહી એવા નિઃશ્વાસ નીકળી જતા. આ સર્વ ફેરફાર કોઇને જણાશે તેનો પોતાને તો વિચાર પણ થયો નહી અને ભાન પણ રહ્યું નહી. ગાનચતુરે પસ્તાતા અંતઃકરણથી એ ફેરફાર જોયો પણ પોતે નિરુપાય જેવો થઇ ગયો. ગુણસુંદરીના હેતસ્વી ત્દ્દયને એ ફેરફાર થયો સમજાતાં વાર લાગી નહી, પણ ફેરફારનું કારણ સમજાયું નહી, અને ઘરના બીજા મંડળને તો એ જાણવાની જરુર પણ ક્યાંથી હોય? ગુણસુંદરી વિના સુંદરગૌરીનું આખા ભરેલા જગતમાં કોઇ ન હતું. ગુણસુંદરીએ ઘણું પુછ્યું, ઘણા દીલાસા દીધા, ઘણી આજીજી કરી, ઘણું કર્યું, ત્હોયે એટલો જ ઉત્તર મળ્યો કે "ના, ના, કાંઇએ નથી, એ તો અમસ્તો તમને વ્હેમ આવે
"છે. બીજું કાંઇ કારણ નથી. મને જરા બે દિવસથી શરીરે
"અસુખ ર્‌હે છે, તે શીવાય બીજું કાંઇ નથી." ગુણસુંદરીને એ ખુલાસો ખરો ન લાગ્યો. આખરે પોતાના અને પોતાના બાળકના સમ

ખવરાવ્યા, અને સુન્દરગૌરી ખરી વાત ક્‌હે ત્યાં સુધી હું ખાઇશ નહી એવી હઠ લીધી, ત્યારે સુંદરગૌરી બળાત્કારે હસવું આણી બોલી: “વારું, અમસ્તાં એમ શું કરો છો? તમને નહી કહું ત્યારે બીજા કોને “કહીશ? આપણા બાયડીઓના જીવ, તેને કંઇ અંત સુધી પેટમાં ને “પેટમાં સમાઇ ર્‌હેવાનું છે? પણ હું તમારું કહ્યું કરીશ ત્યારે તમે “મ્હારા સમ ખાઇ હા ક્‌હો કે એક વાતમાં તમે મ્હારું કહ્યું માનશો, “એટલે આ વાતમાં હું તમારું કહ્યું માનીશ.” ગુણસુન્દરીએ હા કહી સમ ખાધા, એટલે સુન્દર બોલી. “બહુ સારું, ત્યારે હું તમને ક- “હીશ. પણ તમારે મ્હારું કહ્યું માનવાનું એટલું કે હું તમને મ્હારી “મેળે કહું ત્યાં સુધી તમારે મને એ વાત પુછવી નહી. તમે મ્હારા “સમ ખાઇ બંધાયાં છો—હું તમારા સમ ખાઇ બંધાઉં છું.”

“પણ હાલ ક્‌હેવામાં કંઇ નુકસાન છે?”

“કંઇ હશે ત્યારે સ્તો.”

“હું જીવુંછું ત્યાં સુધી તો તમારો વાંકો વાળ નહી થવા દેઉં.”

“એ તો હું જાણું છું સ્તો. તમારાવિના મ્હારે બીજું કોણ છે? “પણ આટલું મ્હારું કહ્યું કરો.”

“ત્યારે બહુ સારું. જો જો, હાં! ક્‌હો, સાંજે ક્‌હેશો કે રાતે?”

“હવે તે મને ઠીક પડશે ત્યારે. બે ત્રણ દિવસ પછી પુછજો.”

આ રગઝગ ચાલી. પણ ન ક્‌હેવા ધાર્યું હોય તો કોઇ શું ક્‌- હેવરાવનાર હતું? આ વાતમાં સુન્દરના ઓઠ ઉઘડે એવું એનું કહ્યું એનું હૃદયજ કરે એમ ન હતું.

ગુણસુંદરી ન્હાઇ, ઘરમાં હરતી ફરતી થઇ, સઉ જાતે જોવા લાગી, પણ હજી સુતક હતું અને કંઇ સ્પર્શ થાય એમ ન હતું. જાતે જોવા લાગી એટલે વળી ઘરમાં કંઇ કંઇ નાટક નજરે પડ્યાં.

પ્રકરણ ૫.

ગુણસુંદરી—(અનુસંધાન.)

“જગ! રૂપ ધરે તું નવાં જ નવાં.” કુસુમમાળા.

સુતકને લીધે ઘરમાં કોઇ ઠેકાણે સ્પર્શ થાય એમ ન હતું; અને બીજા લોકના ઘરમાં તો કોરાં વાસણ કપડાં વગેરેને અડકાતું, પણ આ ઘરમાં તે ધર્મલક્ષ્મી એટલું પણ થવા ન દેતાં. આવી રીતે મળતો અવકાશ ગુણસુંદરી બીજી રીતે રોકવા લાગી.

ઘણું ખરું તો આખા ઘરનાં સઉ માણસનાં મનની સ્થિતિ જાણવામાં તે રોકાતી. માનચતુરની ઓરડીમાં એ કેટલોક વખત ગાળવા લાગી; ડોસાની ન્હાનપણથી તે અત્યાર સુધીની અથ-ઇતિ પુછતી; એ નિમિત્તે આ ઘરમાં ડોસાને શું શું ઓછું વત્તુ પડેછે, તેને શા શા સંતોષ અસંતોષ છે, વિદ્યાચતુર અને પોતાનેવીશે ડોસો શા શા વિચાર રાખે છે, વગેરે વાતો પુછી પુછી ડોસાના મનના ઉંડા ઉભરા બ્હાર ક્‌હડાવતી, તેની ઇચ્છાઓ જાણી લેતી, તેના મનને સંતોષ વળાવતી, પોતાથી અને પતિથી થાય એવી બાબતમાં ડોસાની ઇચ્છા પૂર્ણ કરવા વચન આપતી, ઘરનાં બીજાં માણસઉપરનો ઉકળાટ ડોસો ક્‌હાડે તેને શાંત પાડતી, પોતાના અને પતિના ઉપર કાંઇ અમળાટ છે કે નહી તે જાણી લેવા ચતુરાઇથી એવો પ્રયત્ન કરતી કે ડોસો જાણી જાય નહી ને પોતાનો અર્થ સિદ્ધ થાય, કાંઇ પણ અમળાટ અનુમાન સરખાથી માલમ પડે તો પોતાના ઉપર વિશ્વાસ બેસારી ખુલાસો કરતી, અને એવા એવા અનેક પ્રકારથી ગુણસુંદરીની બુદ્ધિ અને પ્રીતિએ ડોસાને વશ કરી નાંખ્યો, શાંત કરી દીધો, સંતોષ વળાવી દીધો, અને તોફાની મહાસાગરના જેવા ક્રોધને લીધે જેનો રોગ મટતાં મટતાં ઉપડતો હતો એવા ડોસાને મન અને તનની શાંતિને માર્ગે ચ્હડાવ્યો. એકલા ડોસાને નહી પણ ઘરનાં સર્વ માણસને તેણે આમ વશ કરી દીધાં. ધર્મલક્ષ્મી પૂજા કરે ત્યારે તેની પાસે બેસે, દુઃખબા રસોઇ કરે ત્યારે તેની પાસે બેસે, ચંચળ બપોરે નવરી પડે ત્યારે તેની સાથે બેસે, ચંડિકા એકલી પડે ત્યારે તેની સાથે બેસે, ઘરમાં સઉ ન્હાનાંમ્હોટાં છોકરાંને પણ કદી કદી પોતાની આશપાશ એકઠાં કરી તેમને કંઇ કંઇ પુછે, કંઇ કંઇ ઉપદેશ કરે, કંઇ કંઇ વિનોદ આપે, અને આવી રીતે કુટુમ્બનાં સર્વ માણસોમાં મ્હોટાં સાથે મ્હોટી અને ન્હાનાં સાથે ન્હાની થઇ જે સાધનથી ડોસાને વશ કરી લીધો તે જ સાધનથી ઘરનાં સર્વ માણસોને ગુણસુંદરીએ થોડાજ કાળમાં વશ કરી લીધાં. ગુણસુંદરી પાસે સઉ પોતપોતાની વરાળ ક્‌હાડવા લાગ્યાં, સઉ એને પોતાની માનવા લાગ્યાં, દરેક જણના ચારે હાથ એનાપર થયા, એને ખુશી રાખવી એવો સઉના અંતરમાં ભાવ થયો, એનું દીલ દુખાય નહી એની સઉને થોડી ઘણી ચિંતા રહેવા લાગી, અને થોડાક વખત ગુણસુંદરી ઘરમાં સઉ વેરાયલા મણિકાની માળા જેવી બની ગઇ. આ સુખસ્વપ્ન આધાર વગરનું ન હતું, અંત વગરનું પણ ન નીવડ્યું.

એક દિવસ બપોરે એકલી બેઠી બેઠી પોતાના ઘરના ઇતિહાસનો તે વિચાર કરતી હતી. બાલ્યાવસ્થાનાં સુખદુઃખ સાંભર્યાં. ઉગતી જુવાનીમાં પતિનું મન સમઝાતું ન હતું અને પતિની સાથે એ વાતમાં ભેદભાવ હતો, તેથી પોતાને તીવ્ર વેદના થતી, પતિનીજ કૃપાથી એ વેદના મટવા વારો આવ્યો. પતિને શાળાની નોકરી હતી અને દમ્પતી એકલાં રહેતાં તે પ્રસંગે પોતાનો અભ્યાસ ઝપાટાબંધ ચાલતો. ઘરમાં પોતાને કામ થોડું હતું, પતિના અત્યંત પ્રેમનો અનુભવ કરવાનો અવકાશ મળતો, કોઇ જાતની ચિંતા ન રહેતી, યુવાવસ્થાની વાડી વધારે વધારે ખીલવા લાગી તેમ તેમ શરીરપક્ષીના ભોગવિલાસ અને પંડિત હૃદયના અત્યંત સ્નેહનો વસંત-ઉદય થયો હતો—આ સર્વ વાતો ગમે તેવી પણ અબળાના હૃદયમાં ઉપરા ઉપરી ઉભરાવા લાગી. હાલમાં કુટુંબભારની વેઠ વ્હેવામાં એ સર્વ વાતો સ્વપ્ન જેવી થઇ ગઇ લાગી. એ સ્વપ્ન ફરી નહીંજ આવે એવી નિરાશા ક્રૂર લ્હેણદારની પેઠે હૃદદ્વારની વચ્ચોવચ ઉમ્મર રોકી બેઠી, અને પાંચ પાંચ માસ થયાં પતિ ઘરમાં ને ઘરમાં છતાં તેની સાથે વાત સરખી થઇ શકતી ન્હોતી તે વિચાર થયો. એ વિચાર થતાં એકાંતે આંખમાં આંસુની ધાર ચાલી રહી. ખોળામાં બાળક કુમુદસુંદરી હતી તેને પોતે પંપાળતાં બાળકપર આંસુનાં ટપકાં પડ્યાં તે લોહ્યાં. “અરેરે સુખી દેખાતી દીકરી! ત્હારે યે શું મ્હારા જેવું થશે?” એમ કહેતાં કહેતાં ન્હાની કુમુદને ઉંચી કરી પોતાના મુખ આગળ ધરી, કુમુદ જગતમાં જન્મ્યા પછી આ વખતે જ પ્હેલવ્હેલું હસી, ગુણસુંદરીએ તેને છાતી સરસી ડાબી. ડાબતાં ડાબતાં માનું હૃદય ભરાઇ આવ્યું, અને સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી આગળ જતાં એકજ ઘરમાં અત્યંત સ્નેહ છતાં પરાયાં જેવાં રહેવાનાં હતાં, તે સૂચવનાર અમંગળ શકુન થતા હોય તેમ દીકરીને છાતી સરસી વધારે વધારે ડાબતી ગુણસુંદરી, ઘરમાં પોતાને એકલી જાણી, ન રહેવાયું તેથી મોકળું મુકી, રોઇ. એ રોઇ તે કોઇએ સાંભળ્યું હોય અને આવતું હોય તેમ પગનો ધસારો થયો, અને ગુણસુંદરી આંસુ લ્હોઇ એકદમ ચુપ થઇ ગઇ.

આજ જરાશંકર મામાને ત્યાં જમવાનું હતું. સૂતકી ગુણસુંદરીને ઘર સોંપી સઉ જમવા ગયાં હતાં, એટલે બારણું અમથું વાસી તે એકલી બેઠી હતી. વિદ્યાચતુર કામમાં રોકાયલો હોવાથી અવકાશે જમવા જવાનો હતો. અવકાશ મળ્યો એટલે એ ઘેર આવ્યો. બારણું ધીમે રહી અડકાવી વાસ્યું ને સાંકળ દીધી તે ગુણસુંદરીએ જાણ્યું નહી.

ઘરમાં બીજા કોઈને ન દેખી પરસાળ ભણી તે આવ્યો. આવતાં આવતાં ગુણસુંદરી રોતી હોય એવો ભણકારો લાગ્યો. અંદર આવ્યો તો એ આંસુ લ્હોઇ બેઠી હતી. ઘણે મહીને આજ દમ્પતી એકાંતમાં મળ્યાં—જાણે ગુણસુંદરીનું દુઃખ તેનું મન જાણવાના અધિકારીને પોતાની મેળે માલમ પડ્યું હોય, ને એ દુઃખમાંથી છોડવવા સારુ જ છોડવવાનો અધિકારી આવ્યો હોય એમ અત્યારે વિદ્યાચતુર એને સંભારી સંભારી રોનારીની પાસે આવ્યો. એને જોતાં હર્ષશોકના હીંચકા-પર બેઠેલી પતિવ્રતા હીંચકો બંધ કરી સફાળી ઉઠી, અને પતિનું મુખ જોવાની પણ ઢીલ ખમી શકી નહી. સૂતકનું સ્મરણ ઉછળતા ઉત્સાહના વેગ આગળ પાછું પડ્યું, હાથમાં બાળકી હતી તેને એ હાથે પોતાની મેળે ભૂમિપર મુકી દીધી, અને ચંદ્રકળા મ્હોટા વાદળામાંથી અચિંતી નીકળી આકાશને કંઠે લટકી પડે એમ પરસાળના અંધારામાંથી ઉછળી ગુણસુંદરી વિદ્યાચતુરને કંઠે એકદમ વળગી પડી—લટકી રહી !

પોતાના કંઠથી ચરણ સુધી પળવાર લટકી રહેલી આ * મોહન-માળાને હાથવડે ઉચકી લેઇ—સંકેલી લેઇ—વિદ્યાચતુર હીંચકા ભણી ગયો. આનંદની નૌકા જેવા હીંચકા પર તેને બેસાડી, જોડે પોતે બેઠો. ભૂમિપરથી બાળકને ઉપાડી હાથમાં લીધું, અને હસતે મુખે બોલ્યો: "આજ કાંઇ આમ એકદમ ઊર્મિ ઉછળી આવી ?" ઉત્તર ન દેતાં ગુણસુંદરીએ એક હાથ એના ખભા ઉપર મુકયો, બીજાવડે એની હાથેલી પોતાના મ્હોંપર મુકી રાખી થોડીવાર પતિને નીહાળી રહી, પછી પતિના બીજા હાથમાં તેના કામના કાગળો હતા તે પોતાના હાથમાં લીધા, અને જુવે છે તો તેમાંના એક ફાડેલા પરબીડિયાની પીઠે પતિના અક્ષરનો લેખ માલમ પડ્યો તે વાંચ્યો:—

"વિયોગે પામે નાશ ભુલાતી પ્રીતિ: એમ સઉ કહે છે,
"તે ખોટું ! ખોટું ! ઓ વ્હાલી ! અનુભવ થકી પ્રમાણી લેજે !
"દિન દિન રસ જે વપરાય, જુનો થઇ જતો ખુટી તે જાતો;
"વણભોગવ્યો સંચિત થતી પ્રીતિનો નવો રાશિ બની જાતો !"

વાંચી બોલી: "મને પ્રશ્ન પુછ્યો તો ઉત્તર એ કે આપને આ લખવું ક્યાથી સુઝ્યું ?"

"એ તો કચેરીમાં કામપર બેઠો તો ત્યાં જરાક વિચારમાં પડ્યો "અને વિચારમાં ને વિચારમાં મેઘદૂતનો આ ભાગ સાંભરતાં લખી કહાડ્યો."

* વિષ્ણુને મોહનમાળા ધરાવવામાં આવે છે તે કંઠથી ચરણસુધી લટકે છે.

"પણ આ જ ભાગ ક્યાંથી સાંભર્યો?"

"તું તો વકીલની પેઠે મને સામા પ્રશ્ન પુછવા લાગી!"

"હાસ્તો! સીદ્ધો ઉત્તર ન આપે તેને આડા પ્રશ્ન!"

"ચાલો, પુછો ત્યારે,"

"કચેરીમાં કામની વખતે બધું મુકીને આ ભાગ ક્યાંથી સાંભર્યો? "ને સાંભર્યો તો સાંભર્યો પણ આ કામના કાગળપર કોઇને હાથ જાય "એમ લખી ક્હાડ્યું એવા હૈયાસુના ક્યાંથી થઇ ગયા? ચાલો, "બોલોજી!—જુવો, આ બાળક પણ તમારા સામું જોઇ રહી છે તે "સાક્ષી છે;" હસતી આંખોએ અને હસતે મ્હોયે ગુણસુંદરી વિદ્યાચતુરના સામું જોઇ રહી, પોતે જીતી હોય એવો ડોળ કર્યો, અને પતિના ખભા ઉપર હાથ મુક્યો—જાણે કે પ્રભાતની હસતી શોભાએ સામા પર્વતપર ઇન્દ્રધનુષ્યનો લાંબો કડકો ટેકવ્યો હોય.

"ચાલ, તુ જીતી ત્યારે,"

"ના, એમ નહી—એટલેથી કાંઇ વળે? હવે તો બંધાયા તે "ઉત્તર ઘો. તે વગર છુટકો નથી. હમે પણ તમારી કળા થોડી ઘણી "શીખ્યાં છિયે."

વિદ્યાચતુર ખડખડીને હસ્યો.

"ક્હો કે જેવી મને ઊર્મિ થઇ આવી તેવી તમનેયે થઇ "આવી—મને તમને જોઇને થઇ આવી, તમને હું સાંભરતાં થઇ આવી."

"વારું, એમ સારે. હવે કંઇ?"

"જેવી ગત આપણી, તેવી ગત પારકી. ફરી પુછશો કે આવી "ઉર્મિ ક્યાંથી થઇ આવી, તો ફરી આમ ને આમ બંધાશો."

આ વિનોદવાર્ત્તા કેટલીક વારસુધી ચાલી, વાર્તામાં ને વાર્તામાં એક રસમાંથી બીજા રસમાં સંક્રાંતિ થઇ. યૌવનકથા ચાલતાં ચાલતાં કુટુંબકથા ચાલવા માંડી. હાસ્યવિનોદનો પ્રવેશ પુરો થતાં ગંભીરતાનો પ્રવેશ પ્રકટ થયો. વિદ્યાચતુરે કુટુંબનાં સર્વ માણસની સ્થિતિ પુછવા માંડી. તેમની સ્થિતિનાં વર્ણન કરતાં તેમના પ્રતિ ગુણસુંદરી પોતે કેવો ભાવ ધારે છે તેનું અંતરમાં અવલોકન કરવા લાગ્યો. એ અવલોકનથી ગુણસુંદરીના પોતાનાં સુખદુઃખનાં હાર્દ સમજવા પ્રયત્ન કરી કરી પતિ પત્નીના હૃદયપર બંધાયલાં પડે પડ ઉકેલવા લાગ્યો, તેને અંતે એ હૃદય ખરેખરું ઉઘાડું થઇ ગયું એટલે એ હૃદયનું શુદ્ધ સ્વરૂપ આતુર મનથી નીહાળવા લાગ્યો. જેમ ચર્મચક્ષુ બાહ્ય શરીરની

સુંદરતાથી મોહ પામી તેનો ઉપભોગ કરે છે તેમ પતિનું મનચક્ષુ પત્નીના હૃદયની નિઃશંક અને ઉદ્ભિન્ન સુંદરતાથી મોહ પામી પામી તેનો ઉપભોગ કરવા લાગ્યો; એ હૃદયનો અનુપમ પતિપ્રેમ, વૃદ્ધ **માનચતુરના** જેવી કુટુંબવત્સલતા, ધર્મલક્ષ્મીના જેવી ક્ષમા, **ચંચળ** ન્હેનના કરતાં પણ વધારે ઉદ્યોગપર આસંગ, **સુન્દરગૌરી** કરતાં પણ વધારે મૃદુતા, પોતાના કુટુંબભારની ધુરંધરતા, ઘરમાંનાં છોકરાં જેવી કરતાં પણ વધારે રહેતી આનંદવૃત્તિ, અને પોતાના હાથમાં હતી તે નિર્દોષ બાળકીના જેવી નિર્દોષતા: આ સર્વ સદ્ગુણોની સુંદરતાથી ભરેલા પ્રિયાના હૃદયનો નીવિબંધ શિથિલ કરી દઇ, તે નીવિબંધ સાચવવા વિનયમુગ્ધાના પ્રયત્ન વ્યર્થ કરી દેઇ, હૃદયસુંદરતાના વિલાસનો અભિલાષી પતિ, વાર્તા કરતાં કરતાં અને અચિન્ત્યો સ્નેહાવેગ ચ્હડી જતાં, પત્નીના શરીરને સહસા બળથી હૃદયદાન દેવા લાગ્યો અને હીંચકા ઉપરની પીંઢો જોઇ બોલી ઉઠ્યો:

नीवीबन्धोच्छ्वसितशिथिलं यत्र विम्बाधराणां
क्षौमं रागादनिभृतकरेष्वाक्षिपत्सु प्रियेषु
अर्चिस्तुङ्गानभिमुखमपि प्राप्य रत्नप्रदीपान्
ह्रीमूढानां भवति विफलप्रेरणा चूर्णमुष्टिः

હાથ શિથિલ કરી દેઇ પુછવા લાગ્યો.

"ગુણિયલ! આપણે પણ આવી **અલકાપુરીજ** છે સ્તો! પાંચ
"મહીના સુધી એક બીજા સાથે બોલ્યાં નથી, પણ ક્હે, આજ એ
"સઉનો ખંગ નથી વાળી દીધો? મને તો વળી ગયો છે. અરે,
"મને તું ન મળી હત તો મ્હારા આ મ્હોટા કુટુંબમાં આ સુખશાંતિની
"અમૃતવૃષ્ટિ ક્યાંથી થાત? પુરુષ ગમે તે કરે પણ ઘરની સંભાળ
"તેનાથી કદી લેઇ શકાવાની નથી. મ્હારાં વૃદ્ધ માતાપિતાની અને
"અણસમજુ ભાંડુની સંભાળ લેનારી આવા મ્હોટા મનવાળી ગુણિ-
"યલ મને મળી—પણ મ્હારાથી ત્હારા સારુ કાંઇ બનતું નથી, ત્હારે
"સારુ મ્હેં શું કર્યું? ત્હારા વિદ્યાવિનોદના દિવસ બંધ થયા! ક્ષુદ્ર
"રંધવારી અને ચાકરડીનું કામ તું કરે ત્યારે મ્હેં ત્હારા ગુણનો શો
"બદલો વાળ્યો? અરેરે! એ તે મ્હારાં સાધન ટુંકાં કે મ્હારી ઉદા-
"રતા ટુંકી?" નિઃશ્વાસ મુકી, ગુણસુંદરીને છોડી દેઇ, હાથ ઉંચો કરી હીંચકાની સાંકળો ઝાલી, વિદ્યાચતુર ચિંતાતુર અને ઉંચું મુખ કરી જોઇ રહ્યો.

પતિના હાથમાંથી બાળકને લેઇ લેતી સ્ત્રી બોલી: "મ્હારી એક "ભુલ થઇ. તમારી પાસે આ ઇતિહાસ કહ્યો તો તમારે મ્હોયે મ્હારાં "પોતાનાં વખાણ સાંભળવાનો વખત આવ્યો. તમે પોતાનાં વખાણ "કરતા નથી ને મ્હારાં કરો છો એટલો તમારા મનમાં મ્હારી તમારી "વચ્ચે એક ભેદ રહ્યો ત્યારે હવે આ વાત કરવી પડતી મુકું છું,"

એક ઉત્તરવડે ચતુર પત્નીએ બે અર્થ સાર્યા. પોતાની સ્તુતિ કરતો તેને અટકાવ્યો અને બીજું આ વચન સાંભળી પોતે કરેલો ખેદ ભુલી એ પુષ્કળ હરખ્યો અને બોલ્યો "બહુ સારું, મડમ સાહેબ, મને "પણ મ્હારી ભુલ યાદ આવી. હવે વખાણ નહી કરું. ચલાવો કુટુંબકથા."

કુટુંબકથાની અરઘટ્ટઘટિકા[1] પાછી ચાલવા માંડી અને તેનો અંતભાગ નીચે પ્રમાણે આવ્યો:

"મ્હે ઘરમાં બધાંની જોડે વાત કરી જોઇ છે. પ્રથમ તો તમે "કમાવ છો ને મ્હોટા ભાઇનો કાંઇ જોગ ન થાય તે તમને સારું "દેખાય નહી. વડીલ પણ એ વાતથી નારાજ છે. બીજું, તમારા "ઘરમાં સઉને આનંદ ને દુઃખબા બ્હેન દુઃખમાં રૂહે એ શોભે નહી. "સાહસરાયને બે પઇસાની મદદ કરશો ને એ ન્હાશભાગ કરતા મટી "ગામમાં આવી બે પઇસા કમાતા થશે તો એ પણ તમારું ભાંડુ છે. "કુમારીને વર છે પણ લગ્ન કરવાનું ખરચ ક્યાંથી ક્હાડવું, તેના "વિચારમાં દુઃખબા બ્હેન સોસાઇ જાય છે ને કોઇને ક્હેવાતુ નથી. "હવે આ આપણું બાળક હોડશે પ્હેરશે ને ચંચળ બ્હેનનાં છોકરાં "વગરઘરેણે ફરશે એ સારું દેખાય તો તમે જાણો. માતુઃશ્રીને પણ "આ બધી બાબત મનમાં થાય છે. વળી એમના દેવનો લાકડાનો "પાલખો બદલી રુપાનો કરાવો તે એમનો પોતાનો પણ એક અભિ- "લાપ પુરો થાય. આટલું કરો તો હવણા ચાલશે. બાકીનું પછી થઇ "રૂહેશે."

"હજી બાકી છે કે? તો તે કહી દે ને!" હબકી ગયા જેવો થઇ વિદ્યાચતુર બોલ્યો. ગુણસુંદરી તે સમજી ગઇ. પતિની કમાઇ ટુંકી હતી, તેમાંથી એકદમ સર્વ કુટુંબભાર વ્હેવાનું માથે પડતાં, ખરચ પણ એકદમ વધી ગયું હતું. પોતાના સીમંતનું મ્હોટું ખરચ હવણાંજ ક્હાડ્યું હતું અને બચાવેલું દ્રવ્ય તેમાં ઘસડાઇ ગયું હતું. આ વગેરે સર્વ સાંભરી આવતાં ઢીલી પડી જઇ બોલી, "જેને જે વીતે તે જાણે

---

[1] પાણી ક્હાડવાનો રૂહેંટ.

"ને જેને માથે ભાર હોય તે તાણે. તમારી સ્થિતિ મને એકદમ પ્ર-
"થમથી ન સુઝી. મ્હારાં વખાણ કરો છો ત્યારે તમારે જે ભાર
"ખેંચવો પડે છે તેનું કેમ કાંઇ બોલતા નથી ને તમારાં પોતાનાં
"વખાણ કેમ કરતા નથી? ખરે, અમારાં દુઃખ ઉઘાડાં, પણ તમારાં
"તો ઢાંક્યાં. તમે ક્‌હો છો કે ત્‌હારે સારુ મ્હારાથી કાંઇ થઇ શકતું
"નથી, ત્યારે તમારે સારુ મ્હારાથી શું થાય છે? પાંચ પાંચ માસ
"થયાં ઘરમાં આવી ઘડીભર જંપી બેઠા દેખતી નથી. મ્હારા હૈયાની
"વરાળ તો કંઇક પણ ક્‌હાડતી હઇશ, પણ તમારે તો વાત કરવાનું
"પણ ઠેકાણું નથી. તેમાં વળી આટલે દિવસે આજ ઘડી જંપીને વાત
"કરવા આવ્યા ત્યારે મને પાપણીને તમે ઘડી આનંદમાં જ ર્‌હો એટલી
"વાત કરતાં ન આવડી—" વાક્ય પુરું થયું નહી એટલામાં સાંકળ
ખખડી ને ઉઘાડી જુવે છે તો સુંદરગૌરી જમીને હાંફતી હાંફતી આવી,
ને બારણું ઉઘડતાં ઉતાવળથી અંદર દોડી પેઠી. વિદ્યાચતુર ખેદ-વાળે
મ્હોંયે પાઘડી પ્‌હેરી જમવા જવા બ્‌હાર નીકળ્યો. ગુણસુંદરી પસ્તાતી
ખેદ પામતી પતિની પુઠે દૃષ્ટિ નાંખતી ઉભી રહી. તે દૃષ્ટિ બ્‌હાર થયો
એટલે રોવા જેવે મ્હોંયે, બારણું વાસી, બીજી પાસ જુવે છે તો સુન્દર-
ગૌરી ગભરાયલી અને રોવા જેવી ધ્રુજતી ધ્રુજતી ઉભેલી.

"કેમ સુંદરભાભી, આ શું અચિંત્યું? આટલાં બધાં ધ્રુજો છો
"કેમ?" આ પ્રશ્નનો ઉત્તર અપાઇ શકે તે પ્‌હેલાં એકદમ બારણું
ઉઘડ્યું. ગાનચતુર ઉતાવળો ઉતાવળો અંદર આવ્યો. આવતામાંજ
બારણા અંદર તરત પેંઠેલી સુંદર ઉભી હશે એમ જાણી ભુલમાં ગુણ-
સુંદરીને ખભે હાથ મુકયો. ગુણસુંદરીએ ચમકી પાછું જોયું. પાછું
જોયું કે તરતજ ગાનચતુર પોતાની ભુલ સમજ્યો, અને ભુલ સમ-
જાતાં જ હાથ ખેંચી લીધો અને લેવાતે મ્હોંયે બોલ્યો "તમે કે?
"મ્હારા મનમાં કે તમારી જેઠાણી ઉભી હશે!" પાપના પોપડા ઉ-
પર જુઠાણાનું લીંપણ થતું જોઇ ક્રોધમાં આવી ભમ્મર ચ્‌હડાવી ગુણ-
સુંદરી ક્‌હેવા જતી હતી કે "કેઇ જેઠાણી?" પણ એટલામાં તો
વીજળીની ત્વરાથી ગાનચતુર ચાલ્યો ગયો અને દાદરે ચ્‌હડી પોતાની
મેડીમાં દાખલ થઇ ગયો. ગુણસુંદરી શાંત પડી, ચોળાચોળ કરવાનું પ-
રિણામ સારું નથી જાણી જેઠનો કેડો લેવાનું છોડી દીધું, અને વધારે
ધ્રુજતી સુંદર ભણી દયાળુ મ્હોં કરી બોલી.

"તે દિવસ તમારું રોવાનું કારણ આ હશે અને આજ ધ્રુજવાનું
કારણ પણ આ જ હશે! હવે હું સમજી."

સુંદરની આંખમાં આંસુ માયાં નહી, લજ્જા અને ભયથી કંપતા ઓઠને નીકળવા પ્રયત્ન કરતી વાણી ઉઘાડી શકી નહી, દુખિયારી વિધવાને પોતાનું ભાન રહ્યું નહી, તેના માથાપરથી છેડો પાછળ ઉતરી પડ્યો, અને પાંદડાંવડે ફુલ ઢંકાય તેમ બે હાથવડે આંખો ઢાંકી દેઇ ભીંતને અઢીંગી અનાથ સુંદરગૌરી બોલ્યા ચાલ્યા વિના માત્ર ઉભી રહી. આ પ્રકરણ પુરું નથી થયું એટલામાં ધસતી ધસતી ચંડિકા બ્હારથી આવી. એનો મીજાજ કાંઇક કારણથી ગયો હતો તેથી જણાતું હતું કે સઉ જમવા ગયાં હતાં ત્યાં કાંઇ નવી જુની થઇ હશે. “રાંડ, નાયકા, આજ ત્હારાં લક્ષણ જાણ્યાં” એમ કહી, રોતી ધ્રુજતી સુંદર ઉપર કોપેલી ચંડિકા કુદી પડી અને તડી તડી તેને ભીંત સાથે ડાબવા લાગી. “વાહરે ભાભીજી! આ શું? છોડો એને” કહી ગુણસુંદરી વચ્ચે પડી, સુંદરને છોડવી, અને ગાળો દેતી દેતી અને મ્હોટે સાદે મ્હોં વાળતી ચંડિકા મેડિયે ચ્હડી અને ધણી સામી ઉભી રહી છાજિયાં લેવા લાગી. ચંડિકાનો ક્રોધ જોઇ “શું આમાં સુંદરનો તો દોષ નહી હોય?” એમ વિચારી “ના, ના, કંઇક આંધળે બ્હેરું કુટાયું છે” એમ મનમાં ક્હેતી ક્હેતી ગુણસુંદરી સુંદરને વધારે પુછવા જાય છે એટલામાં ઘરનો બાકીનો સઉ સ્ત્રીવર્ગ તથા છોકરાં આવ્યાં, એટલે કાંઇ ન થયું હોય એમ ગુણસુંદરી જમણના સમાચાર પુછવા લાગી અને કોઇ કાંઇ વાત ક્હાડે છે કે શું કરે છે તેની વાટ જોવા લાગી. કોઇનું ધ્યાન ન ખેંચાય એમ સુંદર હળવે હળવે પોતાને કામે વળગી. ગુણસુંદરીને ઉત્તર મળે એમ ન લાગ્યું. ધર્મલક્ષ્મીનું મ્હોં ચ્હડ્યું હતું, અને ચ્હડેલે મ્હોયે એક ઠેકાણે બેઠી. દુઃખબા ગભરાયલા જેવી દેખાઇ કંઇ કામ ન જડતાં હીંચકે સુતી. ચંચળ પોતાને કામે લાગી, પણ કામ કરતાં વચ્ચે વચ્ચે મનમાં ને મનમાં કંઇક બડબડતી હતી. આ સઉ તાલ ગુણસુંદરી જોઇ રહી. એકદમ આમ સઉના સ્વભાવ ફ્રી જતા આજ જ જોયા.—આવો અનુભવ પ્રથમજ થયો. “શું કાંઇ મ્હારા ઉપર સઉના મનમાં કાંઇ આવ્યું હશે?” “શું કોઇએ કાંઇ સાચાં જુઠાં કર્યાં હશે?” “શું “સ્વામીનાથના ઉપર આ સઉ હશે?” “ઓ ઇશ્વર! સઉની મરજી “ઉઠાવતાં ઉઠાવતાં પણ આવું જોવું રહ્યું!” “ઘરનો ભાર વેઠવામાં આ “વેઠવાનું પણ ખરું કે?” “શું મ્હારાથીજ કાંઇ ખરેખરી કસુર થઇ ગઇ હશે?” આમ હજારો વિચાર કરતી કરતી, ઘડીમાં એકના મ્હોં સામું અને ઘડીમાં બીજાના મ્હોં સામું જોતી જોતી, ગુણસુંદરી ધર્મલક્ષ્મીની દેવસેવાની સામગ્રી કરવા જવા લાગી, એટલે જમણો

હાથ લાંબો કરી ડોશી તબડકો કરી ઉઠ્યાં. "ના, બાપુ, ના, "એ બધું મ્હારે છે તેમનું તેમ રહેવા ઘો એટલે ઘણું— મ્હારે "તો કાંઇ કરાવવું યે નથી ને જોઇતું યે નથી." કાંઇ બોલ્યા વિના, બોલેલું સાંભળતી ન હોય તેમ ગુણસુંદરી હાથમાં લીધેલું કામ કરવા લાગી એટલે ચંચળ દોડતી દોડતી આવી અને એનો હાથ ઝાલી એની પાસે કામ પડતું મુકાવી, રીસમાં ને રીસમાં પોતે તે કામ કરવા લાગી. ગુણસુંદરી તે કામ પડતું મુકી છાનીમાની દુઃખબા પાસે જઇ હીંચકે બેઠી અને એના સ્પર્શથી અભડાતી હોય તેમ દુઃખબા એકદમ ઉઠી પરસાળને ઉમ્મરે બેઠી. ગુણસુંદરીએ પુછ્યું: "મ્હોટી બ્હેન, આજ આ બધું શું છે?" તેના ઉત્તરમાં તેને પાંશરો જવાબ ન દેતાં નણંદ બોલી, "બળી એ વાત! જવા ઘોને એ પંચાત! તમે તમારું કામ કરો." ગુણસુંદરી બધે ઠેકાણેથી છોભીલી પડી ગઇ. તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, અને સૂતક ઉતર્યું ન હતું તે છતાં ક્રોધમાં ને ક્રોધમાં કોઇને ન ગણી, બધાની પાસે કાંઇ વધારે આછું ન બોલાઇ જવાય તેટલા માટે અને ઘડીક એકાંતમાં ઉભરાં શાંત થાય એ ઇચ્છાથી, એકદમ કુમુદને લેઇ પોતાની મેડિયે ચ્હડી ગઇ. તે જોઇ પોતાનું દુઃખ ભુલી જઇ સુંદરગૌરી બડબડી. "બધાની ગરજ તમારે—તમારી ગરજ કોઇને નહી—ખરી જ વાત તો!" એમ કહી ગુણસુંદરીને શાંત પાડવા સઉના ઉપર મનમાં ક્રોધ આણી સુંદરગૌરી ગુણસુંદરી પાછળ ચ્હડી. દાદરના છેલા પગથિયાંપર ચ્હડતાં ચ્હડતાં ઘણે દિવસે પોતાની મેડીપર ગુણસુંદરીની નજર પડી, અને પોતાની કે પારકી સંભાળ વગર બધી રીતે બદલાયલી અને અવ્યવસ્થામાં પડેલી મેડી અને તેમાંનો સામન જોઇ, વિદ્યાચતુરને એમાં કેમ નિદ્રા આવતી હશે એ વિચાર થયો. વિચાર થતાં હૈયું ભરાઇ આવ્યું, અને એ દુઃખ ઉત્પન્ન થતાં પળવાર ઉપર થયેલાં સઉ દુઃખ પળવાર ભુલી ગયા જેવું થયું. મેડીમાંનો પલંગ એકટશે જોતી જોતી છેલા પગથિયાપર ઉભી રહી, અને પાછળ ચ્હડતી સુંદરનો સ્પર્શ થતાં એ સ્વપ્નમાંથી જાગી. જાગતામાં જ તરત ઉપર ચ્હડી, ચ્હડીને પોતે પલંગ પર બેઠી. કુમુદને પણ પલંગપર સુવાડી અને એને અઢીંગી સુંદર પાસે ઉભી રહી. તેનો હાથ પોતાના બે હાથની હાથેલિયો વચ્ચે ડાબી રહી. બેમાંથી કોઇ બોલ્યું નહી. સુંદર ભોંય ઉપર જોઇ રહી. અને ગુણસુંદરી સામી ભીંત ભણી જોઇ રહી અને અધ ઘડી એ દશામાં રહી. અંતે વિચારમાં ને વિચારમાં બોલી ઉઠી

अपारसंसारसमुद्रमध्ये निमज्जतीनां शरणं किमस्ति
गुरो कृपालो कृपया वदैतत् विश्वेशपादाम्बुजदीर्घनौका ॥

આ શ્લોક બોલાતાં જ ગુરુ પ્રસન્ન થયા હોય એમ વિદ્યાચતુરનાં પુસ્તકોપર દૃષ્ટિ પડી, અને ઉઠી તેમાંથી એનાં ખાનગી ટિપ્પણનું પુસ્તક ઉપાડી ઉઘાડે છે તો અનાયાસે મહારાજે આપેલી પ્રથમ આજ્ઞાનાં વાક્યવાળુંજ પાનું ઉઘડ્યું.

“સુન્દરભાભી, આ જુવો તમારા દિયર મહારાજની નોકરીમાં રહ્યા “તે પ્રસંગે મહારાજે એમને કરેલી પ્રથમ આજ્ઞા. એમાં જુવો કે “સ્ત્રિયોના કેટલા કેટલા ધર્મ લખ્યા છે? પુરુષોને એથી વધારે ધર્મ “પાળવા પડે છે. મહારાજની આજ્ઞા આપણે પણ પાળવા જેવી છે.”

સુન્દરે સઉ વાંચી જોયું: પુસ્તક પાછું આપતી આપતી બોલી, “ન્હાનાં ભાભી, એ બધું ખરું, પણ આપણે યે માણસ છિયે. એમને “ખોટું લાગે ને તમને ન લાગે, ન્હાના ભાઇ કમાય ને ન્હાનાં ભાભી “વૈતરું કરે અને તબડકા વેઠે; પણ એની તો કોઇને ગુણઓશીંગણ “નહી, નહી તો નહી પણ સામું વગર વાંકે આરોપ મુકાય ને “ન્યાય અન્યાય તો તમારો તોળાય નહી—એ તે કંઇ રીત છે? એવું “એવું ખમવાની આજ્ઞા તો મહારાજ પણ ન કરે.”

નીચું જોઇ વિચારમાં પડી આખરે ગુણસુંદરી બોલી: “સુન્દર-“ભાભી, તમે ધારો છો એમ નથી. ઈશ્વર માણસને માથે હજારો “જાતની વિપત્તિયો નાંખે છે તેનો કંઇ હેતુ નહી હોય એમ નહી “હોય. દુઃખથી માણસ ઘડાય છે”—

“ઉંધ્યો તમારો ઈશ્વર!” સુન્દર અકળાઇને બોલી; “જોને વાત “કરે છે તે! આ ન્હાનપણમાંથી મ્હારે તો સુખ દેખવા વારો આવ્યો “નથી અને આ અવતારમાં આવનાર નથી. હેવાતન ગયું તેને મરતા “સુધી દુ:ખ. પછી એ દુ:ખથી તે કિયા અવતારમાં ઘડાઇ રુહેવાનું “છે ને સુખ દેખવાનું છે? એમ ક્હો કે પાછલે અવતારે કર્યું હશે, “ત્યારે આ અવતાર ભોગવિયે છિયે તે ખરું, અને આવતા અવતા-“રની વાત ખોટી. આશા એટલી નિરાશા. દુઃખ, દુઃખ ને દુઃખ!”

“તમે ક્હો છો એ વાત સમૂળગી ખોટી નથી. પણ પાછલો “અવતાર ખરો માનવો ત્યારે આવતો અવતાર કેમ નહી? લખચોરા-“શીની ઘટમાળ ફર્યા કરે છે. તપેશ્વર તપ કરે છે તે આવતા અવ-“તાર માટે. આપણે યે જે દુઃખ ખમવાં પડે તે પણ એક જાતનું તપ!”

"એને તે તપ કેમ કરીને ક્‌હેવાય! તપેશ્વર તો જાણી જો-ઇને હાથે કરી તપ વેઠે છે; અને આપણે તો વેઠો કે ન વેઠો, પણ માથે પડી શિવાય નમઃ"

"પણ આપણે પણ માથે પડ્યું વેઠવાના બે રસ્તા છે. ગમે તો "બડબડી ઇશ્વિરને માથે આરોપ દેઇ વેઠિયે ત્‍હોયે વેઠાય; ને ગમે તો "ઈશ્વર જે કરતો હશે તે સારા સારુ જ હશે એમ જાણી વેઠિયે તે "પણ વેઠાય. પણ એકનું નામ તે ન ચાલ્યે વેઠવું, અને બીજાનું "નામ તે ઇશ્વિરની ઇચ્છાને આનંદથી અધીન થવું એટલે આનંદથી ઈ-"શ્વરનું કિંકરપણું કરવું અને એનું નામ પણ તપ જ સમજવું. ઘરમાં "બંધાયે અત્યારે અકળાયાં છે તે ઘડીસોરાં આજ નહી તો કાલ શાંત "થશે, અને તે જાણ્યા છતાં તેટલીવાર સુધી હું ને તમે પણ અમસ્તાં "અકળાઇશું તેમાં કંઇ ફળ છે? તમારે જન્મારાનું દુઃખ છે તેના આ-"ગળ તો આ કંઇ ગણુતરીમાં નથી. મ્હોટાં અકળાય ત્યારે એમ "સમજવું કે "હશે! મ્હોટાં છે—આપણે ન્હાનાં, તેણે સઉની મરજી "સાચવવી જોઇયે." ન્હાનાં વાંક કરે ત્યારે એમ જાણવું કે "હશે! "ન્હાનાં ને મ્હોટાં બેય સરખાં થશે, ત્યારે મ્હોટાનું મ્હોટાપણું શામાં?" "મને તો સુખનો રસ્તો આ લાગે છે."

"હાસ્તો. જ્યાં ત્યાં મનનું સમાધાન કરવું."

"ના, સઉને સુખ થાય એવો રસ્તો ક્‌હાડવાનું આપણા હાથમાં હોય "ત્યારે તેનો વિચાર કરવો કામનો. બાકી તો દુઃખ ગણીશું ત્‍હોયે "દુઃખ આવશે ને સુખ ગણીશું ત્‍હોય આવવાનું આવશે. એમ હોય "ત્યારે તો દુઃખને પણ સુખ ગણી લેવામાં શાણપણ છે."

સુન્દર જોઇ રહી, તેના મનમાં સમાધાન થયું, એનું પોતાનું દુઃખ પણ નરમ પડ્યું, અને ગુણસુંદરીના હાથમાંનું પુસ્તક ઉઘાડી તેમાં જોતી જોતી, જરાક મ્હોં મલકાવી બોલી.

"ખરું છે. આ બધું શાણપણ મ્હારા દિયર પાસેથી આણ્યું હશે. "વારુ, એમણે તમને સમજણ આપી તો આજ મ્હારે કામ લાગી. "પણ એવા ભાયડા બધાંને ક્યાંથી હોય? પાંચે આંગળિયે પરમેશ્વર "પૂજ્યા હશે ત્યારે મ્હારા દિયર જેવો ભાયડો મળ્યો છે. બાકી તો "આ તમારા જેઠ જીવે છે તેવા ભાયડા હોય તેના કરતાં તો મ્હારી "દશા સારી છે. આ જુવો એમની મેડીમાં ભવાઇ ચાલી છે તે અ-"હિંયાં સુધી સંભળાય છે."

"બળી એ ભવાઇ! પણ આજ આ બધું શું થયું? તમને "ખબર હશે."

આના ઉત્તરમાં હા કહી સુંદરગૌરીએ સર્વ વાત ક્‌હેવા માંડી. જરાશંકર મામાને ત્યાં સઉ જમવા ગયાં ત્યારે તેણે માનચતુરને ઘરના સમાચાર પુછ્યા. ઘરમાં સુતો સુતો માંદો ડોસો નિત્ય ઘરનો તાલ જોયાં કરતો હતો, ગુણસુંદરી પાસે સઉ વાતો કરતાં તે પણ થોડી ઘણી સાંભળી શકતો, અને ઘરનાં સઉ માણસપર એને કંટાળો આવ્યો હતો. એ ક્રોધ ડોશી ઉપર ક્‌હાડ્યો અને ભાઇ બ્‍હેનને ધમકાવશે જાણી માનચતુરે જરાશંકર પાસે ધર્મલક્ષ્મીના વાંક ઉપરા ઉપરી ક્‌હાડવા માંડ્યા. તે પ્રસંગે સર્વ કુટુંબ બેઠેલું હતું અને તેમના સર્વના દેખતાં પોતાના ભાઇ પાસે આટલા ઘડપણને વખતે પતિને મુખે પોતાના ખરા ખોટા દોષ નીકળે તે ડોશીથી ખમાય નહી એ સ્વાભાવિક હતું. હું પતિનું કહ્યું નથી માનતી અને મ્‍હારા ઉપર પતિને સંતોષ નથી એવું ભાઇ ધારશે જાણી બ્‍હેનને સવિશેષ દુઃખ થયું. ગુણસુંદરીવિના ઘરનાં બીજાં સર્વ માણસનો દોષ ડોસાએ ક્‌હાડ્યો તેથી ડોશીના મનમાં એમ વસી ગયું કે વહુ ડાહિલી થઇ બધાંની સાથે બધાની થઇ છાનીમાની વાતો કરતી હતી તે વાતો પાછી એણેજ ડોસાને કહી દીધી હશે. ડોશીને પાલખાનો ખપ છે ને ફલાણાને ફલાણી વાત કરવી છે એ સઉ બાબતની માહીતી ડોસાને ગુણસુંદરીથી મળી હશે જાણી એનાપર ડોસીને તિરસ્કાર થયો, અને સ્ત્રીમંડળ એકલું પડ્યું તે વખતે ડોસીએ પોતાની દીકરીઓને મ્‍હોંયે ન્‍હાની વહુ બાબત આ હકીકતની ફરીયાદી કરી અને આવેશમાં ને આવેશમાં બોલી જવાયું કે "ખરી વાત, દીકરાનું "કમાયલું ખાઇયે પણ તે વહુને જ હાથે કની? ઘડપણ ઓશિયાળું "થયું ત્યારે વહુરોના ટુમ્બા ખાવા પણ પડે. હોય, એમાં એ શું કરે? "આપણાં બધાંનો ભાર એમને વેઠવો પડે તે શાં વ્‍હાલાં લાગિયે?" ડોશીને આ પ્રમાણે ઓછું આવી ગયું, દીકરીઓએ વાતોમાં ટાપશી પુરી, ને માના દુઃખમાં દીકરીઓ પણ ભાગ લેતી હોય તેમ તેમને પણ ભાભી ઉપર ખોટું લાગ્યું. ડોશીની આંખમાં આંસુ આવી ગયાં અને ચંચળ તે લ્‍હોતી લ્‍હોતી બોલી, "મા, શું કરવા અકળાય છે? "જેનો વખત હોય તેનાં ગીત ગાવાં પડે એ તો સંસારનો રસ્તો જ "છે." દુઃખભા રોઇને બોલી "આ સઉ મ્‍હારે સારુ થાય છે." જરાશંકરના ચોક આગળ પરસાળીમાં આ પ્રમાણે વાતો થતી હતી તે પરસાળમાં રાઇતાં કરવા બેઠેલી સુંદરે સાંભળ્યું હતું અને એણે સઉ

અત્યારે ગુણસુંદરીને કહી દીધું. ગુણસુંદરીને હવે સઉ વાત સમજાઇ અને ગંભીર મુખથી બોલી.

"એમનો કોઇનો વાંક નહી. ટાકસંચો એવો થયો કે એમના "મનમાં આવું વસી જ જાય, અને મ્હારો વાંક નથી તોપણ વાંક "વસે. એમાં નવાઇ નથી. વડીલને મ્હારા ઉપર પ્રીતિ અને દયા એ-"ટલી બધી છે કે બધાંનો વાંક ક્‌હાડ ક્‌હાડ કર્યાં કરેછે. શું કરિયે કે "મ્હારા ઉપરથી એમનો ભાવ ઓછો થાય? હવે આ બધું તો સમ-"જાયું, પણ મને ક્‌હેવાને વચનથી બંધાયાં છો તે વાત ક્‌હોને !"

સુંદર પાછી લેવાઇ ગઇ, તેના ઓઠે ન ઉપડ્યા, અને આંખમાં આંસુ આણી ગુણસુંદરી સામું ટગર ટગર જોઇ રહી આખરે બોલી.

"શું આ વાત પુછ્યા વગર તમારે નહી જ ચાલે ? હવે એ "વાત જવા ઘો તો તમારો પાડ."

"પાડ બાડ મ્હારે જોઇતો નથી. ઓસંગાયા વગર જે હોય "તે કહી ઘો. મને તમારી બ્હેન સમજજો. જુવો, મ્હારી વાતો હું "તમને કહું છું કે નહી ?"

સુંદર વાત ક્‌હેવા જતાં જતાં વળી અચકી અને બોલી, "બળી "એ વાત જવા ઘો. કહીશ કોઇ દ્‌હાડો વળી."

"ના, આવો વખત નહી મળે. હવે સાંભળ્યા વગર મ્હારું મન "કહ્યું નહી કરે. અત્યારે ને અત્યારે બધું કહી ન ઘો તો આ તમારી "દીકરીના સમ. એ વ્હાલી હોય તો ક્‌હો." ગુણસુંદરીએ ન્હાની કુમદસુંદરીને પલંગપરથી આણી સુંદરના ખોળામાં મુકી દીધી. સુંદરને સ્મરણ થતાં ચમકીને બોલી.

"વારુ, તમે સૂતકી છો ને મને ને આ પલંગને ને બધા ઘરને "બધાંને સૂતકી કરી દીધાં તમે તો ?"

સૂતકને મનના આવેશે ભુલાવ્યું હતું: વિદ્યાચતુર આવ્યો ત્યારે હર્ષના ઉછાળાએ ભુલાવ્યું, અત્યારે દુ:ખના ઉછાળાએ ભુલાવ્યું. સ્મરણ થતાં ગુણસુંદરી પણ ચમકી.

"હવે તો શું કરિયે ? તમે ન્હાઇ નાંખજો, પલંગને કંઇ ન્હવ-"રાવાય એમ છે? પણ એ બ્હાને તમે વાત ઉડાવો છો."

"હું શું કરું ? તમને ક્‌હેતાં જીભ ઉપડતી નથી, બાકી જાણું "છું કે તમે જાણશો ત્યારે જ મને કરાર વળશે ને ત્યારે જ— તમે

"સમજ્યાં જ છો સ્તો! હવે વધારે શું પુછોછો? મ્હારે રોજ પરસા-
"ળની મેડિયે સામન લેવા જવું પડે છે, અને કોણ જાણે શું એમને
"ભૂત ભરાયું છે કે રોજ મ્હારે ત્યાં જવું ને. રોજ ત્યાં એમનું આ-
"વવું થાય છે ને મને કનડે છે. અત્યાર સુધી તો હું છટકી જવા
"પામી છું અને ઈશ્વિરે મ્હારી લાજ રાખી છે. પણ અરેરે! રોજ
"હવાડે એસે તેને કોઇ વખત કુવામાં પડવાની બ્હીક."

"તમે હવેથી ઉપર ન જશો. કાલે મ્હારે ન્હાવાનું છે એટલે
"કાલથી હુંજ જઇશ. પણ આજ આ શું બન્યું ને તમારા ઉપર
"ભાભી કેમ રીસે ભરાયાં?"

"બળી એ વાત. એ સધવા ને હું વિધવા. એમનો ધણી પુ-
"રુષ ને હું તે બાઇડીમાણસ. મ્હારું રાંકનું લોહી તે હલકું હોય એમાં
"શી નવાઇ? એ બે ક્‌હે કે કરે તે ખરું, ને મ્હારું સઉ ખોટું. હું ક-
"હીશ તે યે નહી મનાય ને નહી કહું તે યે નહી મનાય. મને શું-
"કરવા પુછો છો? જો હાથે આવરદા ટુંકો કરાતો હત તો આ વ-
"ખત શું કરવા આવત? કુવો હવાડો યે કરાય ને ગળે ફાંસો ઘાલું
"તોયે થલાય. પણ એથી કાંઇ મ્હારા કપાળમાં લખેલું હશે તેથી
"છુટાવાનું છે? એમ જાણું કે આ અવતારમાં દુઃખથી છુટું તો આપ-
"હત્યારી થાઉં ને બીજા સાત અવતાર એવું ને એવું ખમવું પડે—જો
"એમ ન હત તો ભાઇને ત્યાં એ શું કરવા ઓશીયાળી થાત ને ત્યાંથી
"અહિયાં પણ શું કરવા આવત? પાપ કરતાં કાંઇ પાછું જોયું હશે ત્યારે
"તમારા હૃદયમાં આમ હરિ વસે છે ને મ્હારાપર દયા રાખો છો!
"બાકી તમે તે મ્હારે સારુ શું કરવા આટલું કરો? હું તે તમારી શી
"સગી? પણ આજ તો સગાં તે સગાં નહી ને આશ્રેનાં તે સગાં
"થાય છે. ઓ ન્હાનાંભાભી! જાતે તો મરાતું નથી પણ કુવા આગળ
"જઇએ છિયે ત્યારે કોઇ ધક્કો યે મારતું નથી ને સ્હેજમાં અથડાઇ
"એ પડાતું નથી! તમે મને શું કરવા પુછો છો?" આટલું બોલતાં
બોલતાં સુંદર ગળગળી થઇ ગઇ, અને ન ર્‌હેવાતાં ગુણસુંદરીના
ખોળામાં માથું નાંખી રોઇ પડી અને એને ગળે હાથ નાંખી રોતી
રોતી બોલી: "ઓ ભાભી! તમે તો મ્હારી મા છો! તમે જ મ્હારાં
"જનેતા! ઓ મ્હારી મા રે!"—આમ કરી સુંદર વધારે વધારે
રોવા લાગી, અને અંતે અમુઝણથી છાતીમાં ડચુરો ભરાયો કે કંઇ
થયું હોય એમ તેનું આખું શરીર ખેંચાવા અને તણાવા લાગ્યું, ધ્રુ-
જવા લાગ્યું, અને અંતે એક છેલી જબરી હેડકી આવી હોય તેમ

થઇ તે હાલતી ચાલતી બંધ થઇ, બોલતી રહી ગઇ, અને શબજેવી બની ગુણસુંદરીના ખોળામાં હતી તેવી સજડ થઇ ગઇ. ગુણસુંદરી પણ અત્યંત દયાથી સુંદરનો બોલેબોલ પડતાં રોતી હતી, એને છાતી સરસી ડાબતી હતી, અને રોવામાં પોતાનાથી પણ બોલાતું નહી તેથી માત્ર એને વાંસે હાથ ફેરવતી હતી, તે એને આમ બોલતી બંધ થઇ ગઇ જોઇ એનું માથું ઉંચું કરવા લાગી અને રોતી રોતી બોલવા લાગી: "સુંદરભાભી, સુંદરબ્હેન, આમ શું કરો છો? ઉઠો—તમને મ્હારાં "સમ! હું મરું જો ઓછું આણું તો—આ છોકરી મરે! સુંદરબ્હેન! "સુંદરબ્હેન! હશે–ન ક્‌હેવાય તો ન ક્‌હેશો—"

સુંદર ઉઠી અને ફરી વળગી પડી—"ઓ મ્હારી બ્હેન—ઓ "મ્હારી મા—હું સગા ભાઇને વધારે પડી તેને તમે સંઘરી તે તમે "મ્હારી મા નહી તો બીજું કોણ?—આમ તો માયે ન કરે!—ત- "મને નહી કહું ત્યારે તે કોને કહીશ?"— એમ કહી મ્હોટે સાદે રોઇ પડી. તે નીચે સંભળાયું પણ ક્રોધને માર્યે કોઇએ તેપર ધ્યાન આપ્યું નહી. માત્ર માનચતુર ઘરમાં આવી સઉના ક્રોધનો તાલ જોતો હતો તે એકદમ લાકડી ઝાલી ઉપર આવ્યો.

ડોસાને ઉપર આવ્યો જોઇ બે જણ સફાળાં ઉઠયાં અને આંખો લોહી નાંખી સામાં ઉભાં રહ્યાં. ડોસાએ પુછ્યું: "કેમ સુંદર! કેમ રડેછે? "ગુણસુંદરી, શું છે?"

સુંદરે તો ઉત્તર ન દીધો ને નીચું જ જોઇ રહી; પણ ક્રોધ ડાબી રખાયો નહી અને ખરી વાત ક્‌હેવાનો લાગ ઠીક આવ્યો છે તે જવા ન દેવો જાણી જરા ઉંચે સ્વરે ગુણસુંદરી બોલી—"કોણ જાણે શાથી "રુવે છે તે! જમીને અચિંતાં બારણું ઉઘાડી એ આવ્યાં અને પાછળ "ઘસતા ઘસતા મ્હોટાભાઇ આવ્યા ને મને દેખી ઉપર ચાલ્યા ગયા— "તે વખતથી સુંદરભાભી રુવે છે ને કારણ ક્‌હેતાં નથી. બધાંને પુછિયે "પણ આજ તો હું યે પણ કાંઇ વાંકમાં જ આવી હઇશ એટલે કોઇ "મ્હારી સાથે યે બોલતું નથી એટલે કોને પુછવું? મ્હારો વાંક ક્‌હે "તો હુ સુધારુ, પણ ક્‌હે નહી ત્યારે તો શું કરુ?—રોશો નહી, સુંદ- "રભાભી!"

"ઠી—ક! એ તો સમજ્યો બધું." ડોસાને ક્રોધ ચ્હડયો, ને પાસે કોણ ઉભું છે ને શું બોલવું ને શું ન બોલવું તેનું ભાન ન ર્‌- હેતાં મ્હોટે સાદે બોલતો બડબડતો મુછે હાથ દેતો એક પછી બીજા પગ-

થિયા પર લાકડી જોરથી ધબધબ મુકતો મુકતો નીચે ઉતરવા લાગ્યો:
"રાંડનાને બ્હાર કોઇ ન મળ્યું તે ઘરમાં ને ઘરમાં નખોદ વાળવા
"બેઠો—હરામખોર! વિચાર નથી કરતો કે એ તો ત્હારી **મા** થાય!"
મા શબ્દ પર ભાર મુકી દાંત કચડયા. "મને ત્યાં ને ત્યાં જ વ્હેમ પડયો
"હતો!" ડોસો ચાલ્યો ચાલ્યો પરસાળની મેડિયે ચ્હડયો, ચંડિકાને
મેડીમાંથી બ્હાર બોલાવી પોતે અંદર પેઠો, ગાનચતુર ચમકી સામું
જોઇ રહી ઉભો થયો, ને ડોસાની સામે આવ્યો કે ડોસાએ દાંત ને
હોઠ પીસી લાકડી ઉગામી દીકરાને લગાવી. ગાનચતુર આઘો ખસી
ગયો, લાકડી વાગતી વાગતી રહી ગઇ, અને નીચે ખાટલા પર પડી
તે ખાટલાની ઇસ ભાગી ગઇ. ડોસાએ પોતાનું બધું જોર ફ્હાડ્યું.

ડોસાની રીસ જરીક શમી ગઇ અને ગાનચતુરનો ખભો ઝાલી,
એના મ્હોં સામું જોઇ, એની આંખો ઉપર પોતાની આંખોમાંથી તીક્ષ્ણ
કટાક્ષ નાંખી, ભમર ચ્હડાવી, બોલ્યો: "કેમ, સુંદર ત્હારી મા ન થાય
"કે?" બીજા હાથની તર્જની વીંઝી દાંત કચડી વળી બોલ્યો: "જો
"જો બચ્ચા, આજ તો જવા દેઉં છું પણ ફરી એનું નામ દીધું તો હું
"માંદો માંદો પણ તને તો પુરો કરી દેઉ એટલી આ શરીરમાં સત્તા છે."
એને છોડી દેઇ ડોસો પાછો જતો રહ્યો અને જતાં જતાં પાછો વળી
બોલતો ગયો: "ગમે તો સરત રાખજે-નીકર ત્હારા જેવા કુળ—અં-
"ગારને ભાંયભેગો કરતાં તું મ્હારો દીકરો છે એમ મને થવાનું નથી ને
"દરબાર ફાંસિયે ચ્હડાવે તેની બ્હીક નથી—પણ તને તો એક વખત
"જેવો જન્મ આપ્યો તેવો મારી નાંખનાર પણ હું જ થાઉં ત્યારે
"ખરો." ક્રોધથી આખે શરીરે લાલ લાલ થઇ ગયો, ધોળા ચળકતા
વાળ ઉપર પરસેવાનાં ટીપાં ભરાયાં અને મોગરાના ફૂલ ઉપર ઝાકળ
જેવાં દેખાયાં, વૃદ્ધ અને જર્જરિત છાતી અને બીજાં સર્વ અવયવોમાં
અચિંત્યું ઉભરાવા માંડેલું બળ આવેગ[1]થી સમુદ્ર પેઠે ખળભળવા લાગ્યું.
એ મેડિયે ચ્હડયો તે વખત જ તેનીપાછળ ચંચળ, ધર્મલક્ષ્મી અને
દુઃખબા દાદર પર આવી સંતાઇ રહ્યાં હતાં તે તેનાં પાછાં ફરતી વખ-
તનાં પગલાંના ધબકારા સાંભળી ખરખર નીચાં ઉતરી પડ્યાં, એ પોતે
દાદર પરથી નીચે ઉતરી આવ્યો, બળવાન રાજાને આવેશ ભરેલો
જોઇ આસપાસનાં માણસ ચડીચૂપ થઇ ઉભાં રહે તેમ ડોસો દાદર ઉ-
તરી પોતાની કોટડી ભણી ગયો તે વખત તેની એક પાસ ઘરનું સર્વ

---

૧ જુસ્સો.

મંડળ પલટણ પેઠે હારદોર છાનુંમાનું તેના સામું જોતું ઉભું રહ્યું, અને તે કોટડીમાં પેશી લાકડી નીચે નાંખી દેઇ ખાટલામાં બેઠો. તે બેઠો તેની સાથે તેના પ્રતાપ અને ભયથી શાંત થયેલી ધર્મલક્ષ્મીની સૂચનાથી ચંચળ ગુણસુંદરીની મેડિયે ગઇ, અને મનનો આવેશ સંતાડી મલકતું મ્હોં રાખી આવડવાળી નણંદ બે ભાભિયોને નીચે લેઇ આવી, સઉ શાંત થઇ ઘરમાં કામે વળગી ગયાં. ડોસે આ સર્વ જોયું, તે પોતે પણ શાંત થયો, પોતાનો અર્થ સર્વ રીતે સિદ્ધ થયો લાગ્યો, અને કરચલીવાળી ફીક્કી આંગળિયોવડે ધોળી મુછો આમળતો બોલ્યો: "વારુ, "તમારી મ્હેરબાની કે સઉયે આટલાથી જ સમજી ગયાં—બાકી બીજે "ઠેકાણે તો "ત્રાહિ દીનાનાથ"—એવાં માણસ દીઠાં છે કે સામ દામ "ભેદ દંડ ગમે તે કરો પણ ધુળમાં આળોટવા પડેલાં જાડી ચામડીનાં "ગધેડાં સમજે તો એ સમજે. એમ લાગે છે કે ઈશ્વર હજી મ્હારા "ઘર સામું કંઇ જુવે છે." ડોશીને હરતી ફરતી અને ગુણસુંદરીને મિષે મિષે મનાવતી જોઇ ડોસો એકલો એકલો ખુશ થયો, હસ્યો, અને બોલ્યો: "હાં, આ બધાં શાંત થયાં તેનું કારણ આ ડોસલી ! "ભૈરવકાળકાનો ક્રોધ શમાવવા શિવજી એના પગતળે સુઇ ગયા હતા "તેમ મ્હારો ક્રોધ શમાવવા ડોસલી કરે એવી છે. ખરે, જેને જેવું "તેને તેવું કાંઇ મળી જ રહે છે—નીકર મને આ મૂર્ત્તિ ક્યાંથી મળે? "ન્હાનપણમાંથી દુર્વાસા જેવો આ હું તેને ન્હાનપણમાંથી આવી શાંત "અને લાતો પર લાતો પડે ત્હોયે પુછે કે લાત મારતાં તમારે પગે "વાગ્યું તો નથી ? એવી—આ ધર્માત્મા ન મળી હત તો એક બે "બાયડીનાં તો મ્હેં ઠેર ખુન કર્યાં હત !—પણ આનો આવો સ્વ"ભાવ ઘડનાર એનાં માબાપ સ્વર્ગમાં બેઠાં હો ત્યાં પણ એમનું કલ્યાણ "થજો ! અરે !" —આમ બોલતો બોલતો અને વિચાર કરતો ફરતો માનચતુર શાંત થઇ સુઇ ગયો અને નીરાંતે નિદ્રામાં પડ્યો.

આ દિવસ પુરો થઇ રહ્યો. દિવસે ભારે જમણ જમેલાં તેથી રાત્રે કોઇને જમવું ન હતું. માત્ર ગુણસુંદરી વાળુ કરવાની હતી; પોતાને એકલીને વાસ્તે ક્યાં ખટપટ કરાવવી જાણી એ પણ આળસી જવા જેવું બોલવા લાગી. પણ ડોસો ઉંઘી ગયો ત્યારથી તે અત્યારસુધીમાં ઘરનો સર્વ સ્ત્રીવર્ગ શાંત થઇ એકબીજા સાથે ઘણા દિવસના એકઠા થયેલા ખુલાસા કરવા મંડી ગયો હતો, સઉ અન્યોન્યને મનાવવાને આતુર બન્યાં હતાં, પરસ્પર પ્રીતિ બતાવવા લાગ્યાં હતાં, અને નિત્ય દીઠેલો કંકાસ જાણે સ્વપ્નમાં જ થઇ ગયો હોય એમ ગઇગુજરી ભુલી

જઇ આ સર્વ મ્હોટું કુટુંબ કલ્લોલ કરતું દેખાયું. સઉ મનોમનસાક્ષી થયાં. ધર્મલક્ષ્મીએ ગુણસુંદરીને વાળુ કરવા આગ્રહ કર્યો, ચંચળે પોતાના હાથની રસોઇ ભાભીને ચખાડવા આગ્રહ કર્યો, દુઃખબા સુંદર જોડે ઘરને ઉમરે બેસી વાતો કરવા લાગી, ચંડિકા હીંચકે બેસી ન્હાની કુસુદને રમાડવા—હાથ ઉપર કુદાવવા—અને બાલકસામે બાળચેષ્ટા કરવા લાગી, અને કુટુંબનાં સર્વ છોકરાં તેની આશપાશ રમવા લાગ્યાં.

આ આનંદમાં એકલો ગાનચતુર ભાગ લેઇ શક્યો નહી. તે કાંઇ સ્વભાવેજ દુષ્ટ હતો નહી, તેનામાં બુદ્ધિ ન હતી એવું હતું નહી, તેનામાં અંતઃકરણની શૂન્યતા હતી નહી. પરંતુ માનચતુરના હાથ નીચે એ ઉછર્યો હતો; એની સાથે પરદેશમાં ન્હાનપણથી રહ્યો હતો; એની ટેવોનો ન્હાનપણથી જ સાક્ષી થયો હતો; અને માનચતુરની કચેરીમાંનું એનું આશ્રિતમંડલ ન્હાના ગાનચતુરને બોલાવતા—ગમે તેવું તેની પાસે બોલાવતા—ગમે તેવું તેને ક્હેતા—ગમે તેવી વાતો તેની પાસે કરતા. કચેરીમંડળને દેશાંતરમાં આથડવાનું થતું ત્યારે થાકેલું મંડળ એને પોતાની સાથે ફેરવતું; પોતે હલકા હલકા આનંદવિનોદ કરતું અને તેમાં એને ભેળવતું; એ મ્હોટાં દેખાતાં માણસોના દોષમાં દોષ જોવા જેટલી સમજણ બાળકમાં ન હતી તેથી દોષને ન્હાનો છોકરો ગુણ જોવા સમજતો; એ મ્હોટાં માણસો લાંચ લે, અપશબ્દ ભરેલી વાતોના અપરસમાં રસ માની લીન થઇ જાય, એકલા કુમારા જેવા એ લોક પરદેશમાં આથડતાં લંપટવૃત્તિને નિર્લજ્જતાથી નિરંકુશ બનાવે, પોતાના ઘર આગળ—પાડોશમાં—રસ્તામાં સ્ત્રિયો આવે તેની મશ્કરીયો કરે, ખાનગી પ્રસંગે આડોશીપાડોશીની વયમાં આવતી છોકરિયો સાથે—કજોડાને દુઃખે વિહ્વળતા ન ખમાતાં લોકલજ્જાનો ભાર નાંખી દેવા આતુર બનતી બ્હારના પુરુષો ખોળનારીઓ સાથે—ભોળા માણસોની સ્ત્રીચરિતભરેલી સ્ત્રિયો સાથે—સ્વભાવે જ કરેલી કુલટાઓ સાથે—રહેલડ ઘેલિયો સાથે—છોકરાં શોધનારી વંધ્યાઓ સાથે—નોકરીમાં હાથનીચે રહેલા પુરુષોની સ્ત્રિયો સાથે—સ્ત્રીદ્વારા કામ કહડાવનારાઓની સ્ત્રિયો સાથે—વિશ્વાસુ મિત્રોના ઘરની સ્ત્રિયો સાથે—કુમાતાઓ અને દુષ્ટ સહીપણીઓ અને કુટણીઓના હાથમાં સપડાયલી બુદ્ધિહીન મુગ્ધાઓ સાથે—માનચતુરનું કચેરીમંડળ ગામપરગામમાં પ્રસંગો ખોળતું—પ્રસંગમાં આવતું, અને તેમની કુત્સિત ચેષ્ટાઓનો ગાનચતુર અનાયાસે અથવા પોતાની કે પારકી ઇચ્છાએ સાક્ષી બનતો; આ સર્વ પુરુષો એક જાતની બ્હાદુરી કરેછે, પુરુષાતન બતાવે છે, અને તેમના જેવું શીખે ત્યારેજ છો-

કરાં હોશિયારમાં ખપે—એવી બુદ્ધિ ઉગતા બાળકમાં આવતાં વાર ન લાગી અને આવા ખરાબ ભેજવાળી હવાનો સહવાસી બાળક મ્હોટો થયા પછી પણ તે હવાવિના તેને ગ્હેન ન પડતું. ક્ષુદ્ર અધિકારનો અમલ અને દોર, પઇસાની કુમાર્ગે કમાણી અને કુમાર્ગે જ તેનો નાશ, દુષ્ટ પ્રસંગોપર પ્રીતિ, અને દુષ્ટ કર્મની ભાવના: આ સર્વથી ભરેલા કચેરીમંડળ પર માનચતુર રાજ્ય ચલાવતો—એ સર્વ મંડળને સરકારી નોકરો હોવા છતાં પોતાના નોકરો હોય તેમ પોતાના હાથમાં રાખતો—અને એ જ સંબંધને લીધે એનો પોતાનો પુત્ર એમની રીત ભાતનો નોકર બની ગયો અને તેમની વચ્ચે રહી તેમનાથી જુદા ગુણ અને જુદી શક્તિવાળો પોતે હતો તે પોતાના ગુણ પુત્રને તેની ઉગતી અવસ્થામાં આપવાનું ભુલી ગયો. માનચતુરનો સ્વભાવ જુદો જ હતો અને એની શક્તિ પણ કાંઇ અસાધારણ હતી. એ લંપટતાને વશ ન હતો પણ લંપટતા એને વશ હતી. લંપટ થવું ધારે ત્યારે એ થતો, અને ન થવું ધારે ત્યારે ઇન્દ્રની ઇન્દ્રાણી પણ એને ચળાવી શકતી ન્હોતી. ધારું તો ઈશ્વર જેવો થાઉં અને ધારું તો સેતાન થાઉં, એવું એને ગુમાન હતું. ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, પોતાના ઉપરી, પોતાના હાથ નીચેનાં માણસ,—કોઇનો પણ હું દાસ નહી—એ સર્વ મ્હારાં દાસ: એ વાત સિદ્ધ કરવા કરી આપવામાં માનચતુર પોતાનું પુરુષત્વ માનતો. અત્યંત સુખ એને લોભાવી શકતું નહી, અત્યંત દુઃખના ભારનીચે ડબાતો ડબાતો પણ તે હસતો. ષડ્વિકારોના તરંગ એની મરજી હોય ત્યારે ઉછળતા—એની મરજી હોય ત્યારે શાંત થઇ જતા. અવસ્થામાત્રને એ તૃણવત્ લેખતો. પોતાની શક્તિ દેખાડવાનો એને શોખ હતો; અને ઉપરીને, હાથ નીચેના માણસને, અને તેમજ પોતાની જાત ઉપર પણ પોતાની શક્તિ દેખાડી એ આનંદ માનતો. જો ઉપરી માનચતુરના કહ્યામાં રૂહે અને માનચતુરને માન આપે તો એવા ઉપરીને સંકટપ્રસંગે પોતાની બુદ્ધિ સત્તા અને દ્રવ્યના સાધનવડે સંકટમાંથી છોડવવા યત્ન કરતો અને સફળ થાય ત્યાંસુધી વિરામ પામતો નહી. કંઇક ઉપરીઓપર લાંચના અથવા બીજી રીતે કસુર કરવાના આરોપના પ્રસંગ આવેલા; કંઇકને પોતાના કામમાં ગુંચવારા ભરેલા અને આંટીના પ્રશ્ન ઉઠેલા; કંઇક પ્રજાવર્ગના રાગદ્વેષના પાત્ર થયેલા અને તેમના પર તરકટ ઉઠેલાં; કંઇક પોતાના ઉપરી અમલદારોના અભિ-ાન અથવા દુર્ગુણ અથવા દ્વેષના બલિદાન થયેલા;—એવા એવા સર્વ ‑રીઓને માનચતુરે પોતાની બુદ્ધિથી સવળા માર્ગ બતાવેલા અથવા

ખરેખરી સહાયતા આપી સૂક્ષ્મ પ્રસંગોમાંથી ઉગારેલા હતા. તેઓ **માનચતુર**ની બુદ્ધિની પ્રશંસા કરતા અને ઉપકારના બંધનથી એના દાસ થતા. જો કોઇ ઉપરી **માનચતુર**થી વિરુદ્ધ થયો તો **માનચતુર**ની બુદ્ધિ અને સત્તા તેને ફસાવ્યા વિના રહેતી નહી. એવા ઉપરીની સ્ત્રીને વશ કરવામાં પોતે પરાક્રમ માનતો. અને પરાક્રમ ઉઘાડી રીતે દર્શાવતો ત્યારે જંપતો. એ ઉપરીના કુટુંબમાં કંકાસ રોપાતો, એ ઉપરીની સામે તેના ઉપરી પાસે ફરિયાદો જતી, એ ઉપરી પોતાના ઉપરીનો વિશ્વાસ ખોતો, લોકમાંથી પ્રતિષ્ઠા ખોતો, તેને હજારો વેરિયો ઉભા થતા, તેના સામે અપવાદ અને અપકીર્ત્તિ આવતાં, ઘરમાં અથવા રસ્તામાં માર ખાવાનો તેને નિરંતર ભય ઉત્પન્ન થતો, તેના મિત્રો ફુટતા અને શત્રુ જેવા બનતા, અને તે કાયર કાયર બની જઇ **માનચતુર**ને પ્રસન્ન કરે ત્યારસુધી સ્વસ્થ થવા પામતો નહી. જે માણસ ઉપરીને આ પ્રમાણે સતાવે તેનાથી હાથનીચેનું મંડળ કંપે તેમાં નવાઇ શી ? હાથ નીચેનાં માણસોને એ બકરાં જેવાં ગણતો, ચાલતાં સુધી તેમને સતાવવા એ બહુ હલકું માનતો, અને તેમને આશ્રય આપવામાં પોતાની વડાઇ લેખતો. તેમની ખુશામતથી છેતરાતો નહી પણ ખુશામતથી આનંદ માનતો તેમજ તેમનું કલ્યાણ કરવામાં પણ આનંદ અને મ્હોટાઇ માનતો. લુટવો તો રાજાને ને મારવો તો હાથીને એ એનો સિદ્ધાંત હતો. ગરીબ માણસો પાસેથી અથવા દ્રવ્યવાન પણ ધર્મિષ્ઠ અને ભલાં માણસ પાસેથી તે કદી પઇસો સરખો લેતો નહી અને તેનું કામ વ્હાઇને મફત કરી આપતો. કોઇ લુચ્ચા કે એવા માણસ મળ્યા તો તેની પાસેથી ચુસી ચુસીને પઇસા કહડાવી લેતો અને તેને ત્રાહિ ત્રાહિ ક્હેવરાવે તે વગર તેનું કામ કરતો નહી, અને કામ થયા પછી પણ જન્મારા સુધી એ લોક પોતાના દાસ થઇ બંધનમાં રહે એવી રચના કરતો. સગાંસંબંધી અથવા મિત્રમંડળનાં ઘરમાંની સ્ત્રિયો સામું જોવું એ **માનચતુર** ઘણી હલકી વાત ગણતો અને તે બાબત એને અતિશય તિરસ્કાર હતો. જેણે પોતાના ઉપર રજ પણ વિશ્વાસ મુક્યો હોય તેની સ્ત્રીને ફસાવવી એમાં નામરદાની અને નાદાની માનતો. કુલટા સ્ત્રિયો સાથે વ્યવહાર રાખવો એ તો કોઇને ફસાવવાનું કામ નથી—એ તો એક હલકી સ્ત્રીને હાથે પુરુષ ફસાયા જેવું છે અને તેવા પુરુષને દમવિનાના ગણવા એવું એ માનતો. કોઇ સ્ત્રી ગમે તેવી સુંદર હોય તો પણ તેની સુંદરતા ઉપર મોહ પામી જવું એ તો રાંડને જોઇ બુદ્ધિ ખોવાનું કામ ગણતો. અને તેવી બા-

બતમાં પઇસા ખોવા એના જેવી મૂર્ખાઇ તો એને બીજી એક પણ વસતી નહી. એનું લંપટપણું માત્ર મમત અને વૈરથીજ ઉત્પન્ન થતું, અને મમત અને વૈરની શાંતિ સાથે શાંત થતું. કોઇ સ્ત્રીએ એની બાબતમાં તિરસ્કાર બતાવ્યો તો ત્યારથી થોડા દિવસમાં એ સ્ત્રી પોતાને એને ઘેર ગઇજ દેખતી અને **માન**ચતુરની દાસી થઇ જતી. ડાહી પતિવ્રતાઓ એની આ શક્તિ જોતી અને એની આગળ અભિમાન ન બતાવતાં એને કાકા મામા અથવા ભાઇ કહી બોલાવતી તો એ તેના સામું પણ ન જોતો, એટલુંજ નહી પણ તેવી સ્ત્રિયો કદીક ચળતી તો તેને સવળે માર્ગે દોરી કુછન્દમાંથી બચાવતો. જે પુરુષો **માન**-ચતુર સામી બાકરી બાંધે અથવા તેના આગળ અભિમાન બતાવે તેની સ્ત્રિયો પણ એની જાળમાં ફસાતી. પોતે દેખાવમાં ભવ્ય હતો. જાતે ઉંચો પ્હોળો અને ગોરો હતો. જુવાનીમાં તેના વાળા કાળા, ઝીણા, અને ચળકાટ મારતા હતા તે ઘડપણમાં ધોળા થતા ગયા તેમ એ ધોળાશમાં પણ ચળકાટ લાગવા માંડ્યો અને જુવાનીમાં તેમ ઘડપણમાં પણ આ પુરુષનો દેખાવ ટાપટીપ વગરનો હોવા છતાં સ્ત્રીઓને એક પળમાં વશ કરી દેવામાં સમર્થ હતો. કદીક તો એ બોલતો ત્યારે કોઇ રાજા બોલતો હોય તેમ લાગતું અને એનું અપમાન કરતાં ઉપરીઓની પણ જીભ ઉપડતી ન હતી. પોતાની આ શક્તિ અજમાવવાનો એને શોખ હતો. તેમાં વિશેષે સ્ત્રિયો ઉપર અજમાવતો. એનાથી અંજાયલી કુલટા સ્ત્રિયો એની પાછળ ભમતી તેને એ ભમાવતો. સ્વભાવે અશુદ્ધ નહી પણ નબળાં મગજ વાળી એવી સ્ત્રિયો પણ પતંગિયાં દીવામાં પડે તેમ આના મોહના ફાંદામાં પડતી. કેટલીક બુદ્ધિશાળી સ્ત્રીઓને **માન**ચતુરની બુદ્ધિનો અને વાતચીતનો શોખ થતો. રસિક અથવા તાર્કિક સ્ત્રિયોના મગજમાં તો **માન**ચતુરની મૂર્ત્તિ અને વાતો સ્વપ્ન પેઠે રાતદિવસ તરતી હતી અને ખસવા પામતી ન હતી. આવી આવી અનેક સ્ત્રિયો **માન**ચતુર પાછળ મધમાખો મધપુડા આગળ ભમે તેમ ભમ્યાં કરતી હતી. **માન**ચતુર તેમને ભમવા દેતો, તેમને વાતો કરવા દેતો, અને તેમના મનમાં ખોટી ખોટી આશા ઉત્પન્ન કરતો પરંતુ જેવી રીતે સઉના ઉપર આ મોહજાળ પાથરવાનો એને શોખ હતો તેનાથી બમણો શોખ એ સર્વની મોહજાળમાં જાતે ન ફસાવાનો હતો. વિષયમાત્ર મને બાધ ન કરે એવી મ્હારી શક્તિ છે, વિષયને હું નચાવું છું—વિષય મને નચાવી શકતા નથી, સંસાર મ્હારો દાસ છે—હું તેનો દાસ નથી, શ્રીકૃષ્ણનીપેઠે સંસારમાં રહેવા છતાં તેમાં હું લપટાતો નથીઃ

એવા અનેક વિચારને આચારમાં આણુતો હતો અને પોતાની તેમ કરવાની શક્તિ અનુભવસિદ્ધ થઇ જોઇ અભિમાન અને આનંદ પામતો હતો. આથી એની પાછળ ભમનારી અનેક સ્ત્રિયો સાથે અણીનો વખત આણી પોતે ખડક્યામાંથી ખસી જતો હતો, હજાર પ્રસંગ ઉત્પન્ન કરી તેમાંના માત્ર એકાદ પ્રસંગે જ કોકને અનુકૂળ થતો હતો, બાકીના નવસે નવ્વાણું પ્રસંગે સઉને નિરાશ કરતો હતો, અને નિરાશ થનારને બાકી રહેલા એક પ્રસંગનું પાત્ર થવાની આશામાંથી છુટવા ન દેતો. એની જુવાનીનો આ મદ ઘડપણ સાથે ઉતરતો ગયો છતાં છેક છેલે સુધી જડમૂળથી ગયો નહી અને આવો શોખ ખોટો એવી શીખામણ ઈશ્વરે એને માત્ર છેક છેલે વખતે આપી. છેક છેલે વખતે જ્યારે એણે સર્વ પ્રસંગ ઓછો કરી દીધા જેવું થયું હતું ત્યારે એને કોઇનો રોગ લાગ્યો, તે અસાધ્ય નીકળ્યો, અને ધર્મલક્ષ્મી પોતાની આખી જુવાનીમાં પતિના દોષ અતર્ક્ય ક્ષમા રાખી વેઠતી હતી અને ગમ ખાતી હતી તે આ ને આ દશામાં વૃદ્ધ થવા પામેલી આજ આવે સમયે આખા જન્મની ક્ષમા ખોઇ બેઠી અને માંદા **માનચતુરના** ખાટલા આગળ રોતી રોતી ધર્મનો ઉપદેશ કરવા લાગી.

"અરેરે! મ્હારું ભાગ્યજ ફુટેલું છે. કેટલાકને ખાવાનો ગળકો "હોય છે અને કેટલાકને પારકી ચીજ જોઇ જોઇ ચોરી લેવાની "ઊર્મિ ઉછળે છે તેમ કેટલાંકને પરસ્ત્રીનો ચસકો હોય છે. જો એવો "ચસકો તમને હત તો હું એમ જાણત કે તમે પામર જીવ છો. "જેમ શરીર ઉપર આપણુ બળ નથી તેમ પામર જીવવાળાનો જીવ "તેમના હાથમાં નથી રહેવા પામતો. તેઓ બીચારા પોતાના દોષ "જાણે અને પસતાય તો પણ લગામ હાથમાં રાખી શકતા નથી પણ "તમારો તો જીવ સાધ્ય છે—તમે ધારો તો મ્હોટા જોગીરાજ જેટલા "નિયમ પાળી શકો એમ છે, પણ તમે તો જે કરો છો તે જાણી "જોઇને કરો છો! જાણી જોઇને કરે તેને બેવડું પાપ—તેને પ્રાયશ્ચિત્ત "પણ નહી." ઠેઠ હ્રદયમાંથી નિઃશ્વાસ મુકી વળી બોલી: "આપણે "એક બીજાના પુણ્યપાપનાં ભાગિયાં છિયે. હું તો ઘણુંયે જાણું કે "કાંઇ ધર્મ થાય—મનુષ્યદેહ કાંઇ ફરી ફરી આવવાનો છે? પણ "મ્હારું જાણ્યું શા કામનુ? હું જાણું ને તમે ન જાણો! એ તો ધુળ "ઉપર લીંપણુ! તમે જેટલાં પાપ કરો ને તેનાં ફળના અધિકારી "થાવ તેમાં યે મ્હારો ભાગ! હું ધર્મ કરું તે ધોવાઇ જાય ને ઘરમાં "કોઇ પાપ કરે તે અવશ્ય વળગે! પારકાં પાપનો ભાર મ્હારે

"આવતે અવતાર પણ તાણવો પડશે! અરે! મ્હારે તો મ્હારી જુ-
"વાનીમાંથી જ એ ભાર દેખવો પડ્યો છેઃ હું બોલી નથી—ચાલી
"નથી—તમને કોઇ દિવસ ઠપકો દીધો નથી—પણ પેલી મ્હારી
"શોક્યો દેખી મ્હારા અંતરમાં કાંઇ ભડકા નહી લાગ્યા હોય? મ્હા-
"રાપર રજ ખોટો વ્હેમ પડ્યો હતો તો આપને આટલું થયું હતું
"તો તેટલાપરથી વિચાર કરો કે મને કેવા ધીકધીકતા અંગારા ચંપાયા
"હશે? તમને તો ઈશ્વર ક્ષેમ રાખો પણ હું તો આ અવતારમાંજ
"મ્હારા ભાગનાં ફળ ભોગવી ચુકી છું—ભલે! એટલાથી જ જો
"પુરું થયું હશે તો તે ભોગવવા બીજો અવતાર નહી લેવો પડે—હાય!
"હાય! હું શું કરું! મ્હારી આંખ આગળ સઉ તરી આવે છે,
"મ્હારા કાળજામાં ચીરા પડે છે, મ્હારી આંખે અંધારાં આવે છે-
"શિવ! શિવ! શિવ!—ઓ મ્હારા બુદ્ધિશાળી કંથ!—તમે હજીયે
"નહી સમજો? આ ધોળાં પળિયાં વિચાર નહી કરાવે? આ મંદવાડ
"કંઇ નહી સમજાવે? હજી મ્હારે કપાળે શાં શાં દુઃખ લખેલાં
"હશે!" થોડી વાર બોલતી બંધ રહી. વળી કાંઇ સાંભરી આવ્યું
હોય એમ બોલવા લાગીઃ "આજ તો તમને પાંચસે રુપિયાનો પગાર
"થયો હત—હજી સુધી ટુંકા પગારમાં પગ ઘસવા પડે છે તે આ
"એક કટેવને પાપે. હજીયે કાંઇ સમજો. શરીર આજ છે ને કાલ નથી.
"મ્હારી તો ચિંતા કરતી નથી—પણ હજી તમારી પાસે કાંઇ સંગ્રહ
"થયો નથી—છોકરાં શું કરશે? ન્હાનો તો મોસાળને પ્રતાપે પણ
"કમાય તે ખરું, પણ મ્હોટો તો આ તમારી છાયામાં ઉછર્યો છે
"તેને તમે ઠેકાણે પાડ્યો છે તે ચાલે છે—પણ એના ઉપર તમારી
"છાયા બધી રીતની આવી છે. માબાપનાં પુણ્યપાપ છોકરાંને ફળે.
"તમારી કટેવો એનામાં ઉગી નીકળી છે. તમારી બુદ્ધિ નથી, તમારી
"શક્તિ નથી—પણ તમારા જેવું કરવા જાય છે, એ છોકરો કોઇ
"દિવસ ખત્તા ખાઇ બેસશે ને એને કોઇ પણ ઉગારવાનું નથી.
"તમારી છાયામાં એ ઉછર્યો તેની એ પ્રસાદી. હું તો હોરણી પ્હેરીને
"જ જાઉં તો ભાગ્યશાળી—પણ આ છોકરો શું ખાશે? જાતે કમાશે
"નહી, તમે કાંઇ મુકી જવાના નથી, ને ખુણેખોચલે પડ્યું રહ્યું હશે
"તે નરઘાંસારંગીના સાદ ભેગું તણાઇ જશે કે પારકા ઘરની રાંડોનાં
"છોકરાં ખાશે. એ બધું તો બળ્યું—જેતું લાગ્યું જે ભોગવશે, પણ
"તમારે યે આવતો અવતાર છે તે વખત તમારું શુ થશે! જરી
"તો વિચારો! થયું તે તો થયું—પણ હવે તો કાંઇ સમજો!—મ્હારે

"શું! હું તો આજ છુ ને કાલ નથી! ઘડીના છઠ્ઠા ભાગમાં આયુષ્ય "પુરું થશે ત્યાં સુધી ઋણાનુબંધ છે તે જોડાઇ છું—પછી કાંઇ "જોડાઇ રહેવાનું હાથમાં છે?"

ખાટલાની પાંગથ પર બેસી ડોસીએ આ સઉ રોતે રોતે કહ્યું અને કહી રહેવા આવી તેમ તેમ આંસુ લ્હોતી લ્હોતી શાંત થઇ ગઇ અને ડોસાના સામુ જોઇ રહી. એણે કહેવા માંડયું કે તરત તો ડોસાને ક્રોધ ચ્હડી ગયો અને ક્રોધમાં રાતો રાતો થઇ ગયો. "રાંડ, આ તે કહેવાનો વખત છે?" એ વચન તેના ઓઠસુધી આવી ચુકયું હતું, અને ડોસી બંધ રહે કે કહું એ વિચારે અટકાવી રાખ્યું હતું. ડોસીનાં વાક્ય વધારે ચાલ્યાં; અને ડોસાના અપવિત્ર જીવનનાં ફળ તેના કુટુંબને ચાખવાં પડેછે અને છોકરાએ પણ બાપના માર્ગપર જવા માંડયું છે એ સર્વ વિગતનો ચીતાર ડોસીએ જેમ જેમ ખડો કર્યો તેમ તેમ પોતાના દુરાગ્રહે કરેલી ભુલોથી શત્રુના મુખમાં સેનાસહિત આવી પ-ડેલો સેનાધિપતિ પોતાની ભુલોના ભાનથી પોતાના ઉપર ખીજાય અને પોતાની બુદ્ધિ ઉપર તિરસ્કાર કરે તેમ **માનચતુરને** થયું. જેમાં પોતે વર્ષોનાં વર્ષો સુધી પરાક્રમ માનેલું તે રીતભાત અને તે કરણીથી પોતાના કુટુંબમાં ઝેરનાં ઝાડ રોપાઇ ગયાં દેખાતાં **માનચતુર** સુતો સુતો ઓઠ અને હાથના પ્હોંચા કરડવા લાગ્યો—અને ધર્મલક્ષ્મી ઉપરનો ક્રોધ પશ્ચાત્તાપે ડાબી નાંખ્યો. રોગ અને પશ્ચાત્તાપે કંપાવી દીધેલું અભિમાન શિથિલ થતાં ધર્મનો ઉપદેશ તેમાં પગપેસારો કરવા પામ્યો; અને ઘણા દિવસના હવડ પડેલા ગોઝારા ઘરનાં બારણાં ઉઘડે તેમ **માનચતુરનાં** મગજનાં બારણાં ઉઘડ્યાં, અને એવા ઘરમાં કોઇ એક હાથમાં દીવો અને એક હાથમાં ઝાડુ લેઇ પેસે ને જે દીઠું તે સાફ કરવા માંડે તેમ આ મગજમાં ધર્મોપદેશ પેઠો અને ફરી વળવા લાગ્યો. એના કપાળની અદલબદલ થતી કરચલિયોમાં, ઉઘાડવાસ થતી આં-ખોમાં, વારા ફરતી બેસી જતા અને ઘડીમાં ફીક્કા અને ઘડીમાં રાતા થઇ જતા ગાલમાં, ફરફડતા ઓઠમાં, અસ્વસ્થ અને પથારીમાં આમ તેમ અથડાતા ઉછળતા હાથપગમાં, અને આરામ વગર તરફડતા આખા શરીરમાં, **માનચતુરના** મનના આ સર્વ ફેરફાર બ્હાર દેખાઇ આવવા લાગ્યા. એક છેડે બાળવા માંડેલો વાળ બીજીપાસના સાજા છેડાસુધી હાલી જાય, અમળાઇ જાય, અને ચરચર થતો જાય તેમ અત્યારે ધ-ર્માગ્નિથી ડોસો થવા લાગ્યો. તેમાં પોતાની આખી જુવાનીમાં ધર્મ-લક્ષ્મીએ કેવી સહનશીલતા અને કેવી ક્ષમા રાખી હતી, અને પોતે

કેવી દુષ્ટતાથી વર્ત્યો હતો, એ દુષ્ટતાનું પોતાને ભાન સરખું ન હતું, અને પોતાનું પરાક્રમ સ્ત્રીનાં મર્મસ્થાન નિર્દય રીતે ચીરવામાં જ પર્યાપ્ત થતું: આ વિચારનો એના મનમાં આખરે ઉદય થયો. પોતે ક્ષમાને પાત્ર ન છતાં સ્ત્રિયે આટલી આટલી ક્ષમા રાખી તે વાતનું ભાન વીજળી-પેઠે તેના મગજની રાત્રિમાં ઝબુકી રહ્યું, અને છેક બાળપણમાં રોયો હશે તેને આજ આંખમાં કંઇક આંસુ આવ્યાં અને ધીમે રહી પથારી-માંથી આંખો ઉંચી કરી બોલ્યો.

"આ વચન આટલાં મોડાં છેક આજ કહ્યાં. આ ઉપદેશ છેક "મરણપ્રસંગે કર્યો કે મને હવે કંઇ પણ કામમાં નહી લાગે–આ કામ "તું આ ઘરમાં આવી તેવામાં જ કેમ કર્યું નહી? મને વેળાસર કેમ "કાંઇ કહ્યું નહી? આગ લાગતાં સુધી કુવો ન ખોદવાનો મેળ "ક્યાંથી રાખ્યો?" અર્ધ મીચેલાં પોપચાંવાળી ઘેનભરેલા જેવી આંખો આ વચનને અંતે ઉંચી રહી ગઇ—જાણે કે મળનાર ઉત્તર સાંભળ-વાનું કામ કાનનું નહી પણ આંખોનું જ હોય. મ્હોં ઉઘાડું રહી ગયું—જાણે કે ઉત્તર તેમાં લેવાના હોય. એક હાથ ઉછળી ડોસીના ખોળામાં પડ્યો—જાણે કે ક્ષમાનું દાન માગતો હોય. ડોસીએ એ હાથ ઝાલ્યો.

"હું જાણું છું કે મ્હારે તમને આ સમે ન ક્‌હેવું હોય. પણ "જો આ રોગમાંથી તમે નહી જ ઉઠો એમ હત તો ન ક્‌હેત. પણ "મ્હારો અંતરાત્મા મને ક્‌હેછે કે તમે સવારના પ્હોરમાં ખાટલામાંથી "ઉભા થશો. મ્હારું કર્મ ફુટેલું નથી. હું કપાળે ચાંલ્લો લેઇને જ-"વાની છું. જ્યારે તમને કરાર વળે ત્યારે અત્યારનું કહ્યું તમને કા-"મમાં લાગશે જાણી ક્‌હેવાનું તે અત્યારે કહું છું. આજ સુધી તમને "ન કહ્યું તેનું કારણ એ કે મ્હેં કહ્યું હત તે તમારા મનમાં વસત "નહી. પાછળથી ક્‌હેવાનું ન રાખ્યું તેનું કારણ પણ એ જ કે તમે "હતા તેવા ને તેવા થાવ એટલે મ્હારું કહ્યું સાંભળવાના નહી. મને ઘ-"ડપણ આવ્યું, મ્હારી વાસનાઓ ઉડી ગઇ, અને તમારી વાસનાઓ "ફરી થવાની. અત્યારે તમારી આંખો ઉઘાડી છે એટલે તમને જે બ-"તાવું છું તે દેખો છો, કાન ઉઘાડા છે એટલે કહું છું તે સાંભળો "છો, એ દેખાડવાથી અને સંભળાવવાથી હું તમારા જીવને દુભવું છું–"પણ હું તમને અત્યારે ન કહું ત્યારે ક્યારે કહું? જેમાં મ્હારું, ત-"મારું, અને આખા કુટુંબનું કલ્યાણ છે એવી વાત ક્‌હેવાનો મ્હારો "અધિકાર તમે ક્યારે રાખ્યો હતો જે હું કહી શકું? એ અધિકાર "પણ તમે સાજા થશો ત્યાં સુધીનો છે. પછી મ્હારો અધિકાર જવાનો.

"સોયને ઘોચે સુળીમાંથી તમે ઉગરો અને ઉગારો જાણી આટલી "સોયો ઘોચી તે તમને વાગી તો હશે—પણ ક્ષમા કરો. મ્હારો ત- "મારો અને આખા કુટુંબનો ધર્મ સચવાય—સર્વનો ધર્મ અને સર્વનું "કલ્યાણ જેમાં રહેલું છે—એવી વાત તમને કહું અને તે સફળ "થાય એવો પ્રસંગ અત્યારે જ છે. જો અત્યારે ન કહું તો પછી આ "જન્મમાં બીજે વખત નહી આવે—માટે આવો પ્રસંગ જોઇ કઠણ "થાઉં છું તે ક્ષમા કરો!" આટલું બોલતી બોલતી અત્યંત ક્ષમાવાન અને પતિવત્સળ વૃદ્ધ સ્ત્રી રોઇ પડી, અને **માનચતુરના** પગનાં તળિયાં ઝાલી વળી બોલી.

"ક્ષમા કરો! ક્ષમા કરો! આ પ્રસંગે હું વજ્ર જેવી કઠણ અને "તરવાર જેવી ક્રૂર થાઉં છું, પણ શું કરું? તમારામાં ઓછું દૈવત "નથી. તમારા જેવા દૈવતવાળા પતિને હું પરણી છું. મને ઘણા "લોકનો અનુભવ થયો છે અને ખાતરી કરી છે કે મ્હોટા ન્હાના સઉ "જીવ પામર છે. કોઇ પોતાના મનને વશ રાખી શકતું નથી. પ્ર- "સંગ નથી પડ્યો ત્યાંસુધી સઉ ડાહી ડાહી વાતો કરે એવા છે; પણ "પ્રસંગ આવ્યે પુરુષમાત્ર ન્હાનું બાળક રમકડું જોઇ ચળે તેમ ચળે "છે, નિર્દોષ અને પવિત્ર સ્ત્રિયોને ફ્સાવે છે, અને વિષયવાસનાને વશ "બની ઘેલા'તુર બને છે. પુરુષનું મન બાયલું છે તેને પ્હલળતાં ર- "જમાત્ર વાર લાગતી નથી. પારાનીપેઠે તે ગરબડી જાયછે. પુરુષને "શરમ નથી, ધર્મ નથી, સગપણ નથી, સંબંધ નથી, પોતાનું ભાન "નથી, પારકાનું ભાન નથી,—સ્ત્રીની સાથે એને માત્ર વિષયવાસનાનું "સગપણ છે—વિષયવાસનાની જ ગરજ છે. મ્હોટા મ્હોટા શાસ્ત્રીપુરાણી "જોયા, આચારવિચારવાળા અને ધર્મધ્યાનવાળા મ્હારી આંખ તળે "આવી ગયા, જ્ઞાની અને સંન્યાસી અને ભક્તરાજનાં અંતઃકરણનું "અંતઃકરણપણું ક્યાં સુધી રહેછે તે હું સમજી ગઇ છું, અને મ્હોટા "અધિકારિયોનો અધિકાર તેમની કચેરીમાં જ હોયછે—તેમના બોલ- "વામાં જ હોય છે— બાકી વિષયના તો તેઓ દાસ હોય છે. મ્હોટા "તે ખોટા. અને આ તમારા ઇંગ્રેજી ભણેલાઓ આવે છે તે લાંચ "ન લેવાની વાતો કરે છે ને ધર્મને નિન્દે છે ને ક્હેછે કે સત્ય બોલવું "એ જ ધર્મ છે ને ધર્મ તો અંતર્માં છે ને આપણા સઉના ધર્મ અને "આચારવિચાર તો માત્ર વ્હેમ અને બ્હાર દેખાડવાના ઢોંગ છે. એ "ઇંગ્રેજી ભણેલા કરતાં તો અમે બાઇડીઓ હજાર ગણી સારી. ભીંનાં "અને વગરનચોવેલાં લુગડાં ટપક ટપક થાય અને આંગળીવડે જ-

"રીફ ઉભાય એટલે એમાંથી ધરર લેઇને પાણીની ધાર ચાલે તેવા
"એ ઠગારા ઈંગ્રેજી ભણેલાઓની વૃત્તિ સ્ત્રિયો આગળ થાયછે તે ત-
"મારું અજાણ્યું નથી—તમે એ લોકને આંગળીનાં ટેરવાં પર નચાવ્યા
"છે તે મ્હારું જોયલું છે. સ્ત્રિયો કરતાં પણ નપાટ અને નબળી
"આવી પુરુષજાતમાં ખરેખરો બળવાળો અને દૃઢ મનવાળો પુરુષ તે
"એક મને મળેલો છે. એનું પુરુષપણું જોઈ મને અભિમાન આવે છે.
"એવો પુરુષ મ્હારો પતિ છે તે જોઇ હું ફુલી જાઉ છું. જ્યારે બધાં
"ગરબે ગાય છે કે "મ્હારા સ્વામીજી બાવન વીર રે!"—ત્યારે હું
"આનંદમાં આવી જાઉં છું અને મનમાં સઉ ગાનારીઓને કહું છું કે
"સઉ ખોટું બોલો છો—એવા સ્વામીજી તો મ્હારે એકલીને જ છે!"
"સ્ત્રીજાતિ તમારી પાસે જખ મારે છે; આખા જગતને મોહની લગાડે
"એવાં રૂપ કદ્રૂપાં હોય એમ તેનો તિરસ્કાર કરવાની શક્તિ એ એક
"તમારામાં છે. ખટ વિકારનું બળ તમારી પાસે પાણી ભરે છે. મ્હેં
"જેટલા પુરુષ જોયા તે સઉ ખોટાં પુતળાં છે ને તમે જ એક પુ-
"રુષ છો એનો મને પૂર્ણ અને પ્રત્યક્ષ જાતઅનુભવ છે!—" પતિની
સ્તુતિ કરતાં કરતાં ડોશીને ઉલ્લાસ આવી ગયો, એનાં આંસુ સુકાઇ
ગયાં, અને પતિનો વૈભવ અને પ્રતાપ જગતમાં જણાતો જોઇ જુ-
વાનીમાં પોતે પોતાને મ્હોટી થયેલી માનતી એ વખતના પતિ-અભિ-
માનનો અનુભવ આજ ડોશીએ ફરી ઘડપણમાં પળવાર કર્યો. સ્ત્રીને
મ્હોંયે પોતાના ખરા ગુણનાં વખાણ સાંભળી માંદો **માનચતુર** પ્રફુલ્લ
થયો, ટટાર થયો, બે હાથેલિયો પર ટેકો દેઇ બેઠો થયો, અને વ્હાલ
આણી હસતો હસતો ડોશીની આંખો સામું જોઇ રહ્યો અને બોલ્યો.
"હવે, ક્‌હે, ક્‌હે, આ બધું તું બોલી તે તો હું સમજ્યો—પણ ત્હારે
"જોઇયે છે શું? ત્હારી ઇચ્છા પુરી કરું! બોલ! શી ઇચ્છા છે? ત્હેં
"મ્હારી મરજી આજ સુધી સાચવી તો ત્હારી મરજી એક વખત
"સાચવવી એ મને નહી આવડે?"

"તમે ધારો તો તમને આવડે એવું છે તેથી તો હું આ આટલું
"કહું છું. મ્હારે તો એટલું જ જોઇએ છે કે જે તમને આવડે છે તે
"કરવાનું તમે **ધારો**! આખી પુરુષજાત તો તે હજાર વાર ધારે તો
"પણ તેને જે આવડે એમ નથી—તેનાથી જે થઇ શકે એમ નથી—
"તે કામ તમે **ધારો** એટલાથી જ સિદ્ધ થશે." ડોસાને ડોશીએ
પાણી ચ્હડાવ્યું.

"ચાલ, ધાર્યું ત્યારે આજથી!" આટલું બોલી બેઠેલો ડોસો

પથારીમાં પાછો ચતો ને ચતો પડ્યો, સુતો, અને એની આંખ મીંચાઇ. એની પ્રતિજ્ઞાથી પોતાનું અને એનું જીવન આજ સાર્થક થયું માની, એ પ્રતિજ્ઞા જુઠી પડવાની નથી એવી ખાતરીથી શાંત થઇ, આજથી એક નવો જ જન્મ ધર્યો હોય અને તેના આનંદને અનુભવવા અંતર્દૃષ્ટિ થતી હોય તેમ બાહ્યલોચન મીંચી નીચું જોઇ, સ્થાણુખનનન્યાય સમજતી હોય તેમ, ધર્મિષ્ટ ધર્મલક્ષ્મી બોલી: “ નક્કી ધાર્યું ? ”

“ હા, હા, ધાર્યું જ ! ” આંખો મીંચી નિદ્રાના ઘેનમાં આ શબ્દ બોલતો બોલતો ડોસો નિદ્રાવશ થઇ ગયો, તેનો જમણો હાથ નિદ્રામાં ઉપડ્યો અને લાંબો થઇ ડોશીના હાથમાં વચન આપતો હોય તેમ પડ્યો, ડોશી એથી જાગૃત થઇ, પતિનો હાથ ઘડીવાર ઝાલી રહી, ઉંઘતા પતિની મીંચાયલી આંખો અને પવનથી ફરકતી રુપેરી મુછો સામું જોઇ રહી, ધીમેથી એ હાથ ખાટલામાં પાછો મુકયો, બહુ સંભાળથી ઉઠી, પોતાની છાતીપર પોતાનો હાથ મુકી પળવાર વિચારમાં પડી—કંઇક વિચાર કર્યો, અને ઉંઘતા પતિનાં સર્વ શાંત અવયવોમાં નવી વિશુદ્ધિને બળે આરોગ્ય પ્રસરી જતું હોય એવું કાંઇક કલ્પતી કલ્પતી વૃદ્ધ દશાની પવિત્ર નિર્મળ અને તેજસ્વી શ્વેતતાવડે નખથી શિખસુધી અલંકૃત તપસ્વિની સતી શાંત નિદ્રા અને નવીન વિશુદ્ધિને પતિનું શરીર સોંપી, તે સુતો હતો તે ખંડનાં દ્વાર ધીમેથી વાસી, તેમાંથી ચાલી ગઇ અને ગૃહકર્મના આન્હિકમાં સુસ્થ મનથી પડી.

આમ ડોશીએ ડોસાને સુધાર્યો પણ દીકરો સુધરે એમ ન હતું. **માનચતુર**ની મનને અંકુશમાં રાખવાની શક્તિ **ગાનચતુર**માં રજ પણ ન હતી, પિતાની બુદ્ધિનું ઔજસ પુત્રથી સમજાય એવું જ ન હતું. પિતાના ગુણ વિના તેના અવગુણ સોગણા બની પુત્રમાં પ્રકટ્યા અને **નાયગરા**નો પાણીનો ધોધ ધરતીપર પડી તેને ફાડી નાંખી સર્વકાળ નિરંકુશ અને વેગવાન બની ધસ્યો જાય છે તેમ **ગાનચતુર**ની વિષયવાસના એના સુવિચારને કચરી નાંખી ન્હાનપણથી તે આજસુધી ધસ્યાં કરતી હતી. ધર્મલક્ષ્મી એને પામર જીવમાં લેખતી, એને સુધારવા પ્રયત્ન કરી થાકી હતી, અને આખરે એને એના પ્રારબ્ધને સોંપી નિરાશ બની પ્રયત્નમાત્રનો ત્યાગ કરી બેઠી હતી. માત્ર **માનચતુર**ને ક્હેતી કે તમે એને આવો કર્યો છે તે તમે એને સુધારો. આ કામ સુગમ ન હતું અને તે પાર ઉતારવા **માનચતુરે** ઘણી ઘણી રીતે બુદ્ધિ અજમાવી, પણ સફળ ન થયો. જો કે પોતે ખરેખરો સાજો તો કદી થઇ શકયો નહી, તોપણ નોકરી કરવા જેવો થયો અને તે પછી બે ચારેક વર્ષ

નોકરી થઇ અને પછી પાછો ઉથલો ખાવો પડયો ત્યારે અંતે નોકરી છોડી વિદ્યાચતુરની પાસે આવી રહ્યો હતો. એટલા અરસામાં પોતે સ્ત્રીની ઇચ્છાએ લીધેલી પ્રતિજ્ઞા તોડાવે એવા ઘણા ઘણા પ્રસંગ આવી ગયા હતા, પૂર્વના પ્રસંગમાં પરિચિત થયેલી ઘણીક લલનાઓએ તેના પરિચયને તાજો કરવા આશા રાખી ગુરુપ્રયાસ કર્યા હતા, પૂર્વે જેને પોતે પુરુષાતન માનતો હતો તે અજમાવવાના ઘણા ઘણા પ્રસંગ આવી ગયા હતા, પરંતુ એના એ માનચતુરે હવે જુદા પદાર્થમાં પુરુષાર્થ માન્યો હતો, પોતે સ્ત્રીઓથી લોભાય એવા નિર્બળ મનવાળો છે એવું ધર્મલક્ષ્મી ધારે તો તેથી પોતાના પુરુષાતનમાં ખામી ગણાઇ જવાની અને એ ખામી મ્હારામાં નથી તે દેખાડી આપવાનો એને લોભ થયો હતો, પોતાની પ્રતિજ્ઞા જાળવવાની શક્તિ દેખાડી આપવી એવો એને ઉમંગ થયો હતો, પતિવ્રતાપાસે પત્નીવ્રત થવાની એને ઘડપણમાં હોંસ ઉત્પન્ન થઇ હતી, પોતાના મનને અંકુશમાં રાખવાની શક્તિ અજમાવવા તેનું હૃદય તીવ્ર ઇચ્છા ધારણ કરતું હતું, શુદ્ધ વિશુદ્ધિવાળા જીવનના દિવસનો પણ સ્વાદ પુરી રીતે લેઇ લેવો એવો એના મનમાં તરંગ ઉપજ્યો હતો અને બાકીનો જન્મારો એજ તરંગ પ્રમાણે ગાળવા એણે નિશ્ચય કર્યો હતો, અને આ સર્વ કામ પાર ઉતારવાં એ એને મનથી કાંઇ વસાત વગરની ધૂળ જેવી અને જ્યારે ધરાય ત્યારે થઇ શકે એવી વાત હોય તેમ પોતાના હૃદય ઉપર પણ સહસા બળાત્કાર કરવાની શક્તિ એણે સિદ્ધ કરી આપી, પોતાના ઉગ્ર આગ્રહ આગળ કાંઇ અસાધ્ય નથી એવું સ્પષ્ટ દેખાડી આપ્યું, અને ધર્મલક્ષ્મીએ એને કહ્યું હતું કે “તમે ધારો તો તે જ પળે તમે તે કરી શકો એવા છો” એ વાક્યની સત્યતા અનુભવસિદ્ધ કરી આપી પત્નીનું પતિઅભિમાન પ્રફુલ્લ કર્યું. ધર્મલક્ષ્મી સર્વ ઠેકાણે ક્‌હેવા લાગી કે શ્રીકૃષ્ણ જેવા વિરક્ત હતા અને દુર્વાસામુનિ જેવા અપવાસી હતા તેવા જ મ્હારા પતિ પત્નીવ્રત છે એની કોઇ ના કહી શકે એમ નથી. અનેક સ્ત્રિયોરૂપી અભેદ્ય સળિયાવાળા પાંજરાને પોતાના ભારે પંઝાના બળથી સપાટાબંધ તોડી નાંખી પાંજરામાંથી બ્હાર નીકળી સ્વતંત્ર થઇ ઉભેલા મ્હોટા સિંહના જેવા પોતાના સ્વામીને જોઇ ધર્મલક્ષ્મી આખી જુવાનીના દુઃખનો બદલો વળ્યો ગણવા લાગી, પોતાને માથે સમર્થ સ્વામી છે એવું અભિમાન અનુભવવા લાગી, અને પતિ પાસે માત્ર આટલો જ અભિલાષ દેખાડવા લાગી કે “ગાનચતુર તમારા કરતાં વધારે મ્હોટી જાળમાં ફસાયો છે, તેનામાં તમારી શક્તિનો અંશ પણ નથી, એને એમાંથી

"જોડવો, એટલે આપણે જગતમાં બીજું કાંઇ કર્ત્તવ્ય નથી."

ગાનચતુરને સુધારવા અનુભવી અને કુશળ **માનચતુરે** ઘણા ઘણા પ્રયાસ કર્યા. પ્રથમ યોજના એવી કરી કે જ્યારે જ્યારે પુત્રને અવકાશ મળે અને તેને પોતાનો કાળ કુમાર્ગે ગાળવાનો પ્રસંગ આવશે એવું લાગે ત્યારે ત્યારે તરત પિતા તેને વાસ્તે કાંઇ ઉદ્યમ શોધી ક્‌હાડી કાંઇક કામમાં પરોવતો. ચાળણીમાંથી પાણી નીસરી જાય તેમ આવા અનવકાશમાંથી નીસરી જઇ ગાનચતુર અવકાશ મેળવવા લાગ્યો. પુત્રના મિત્રમંડળમાં ફેર કરી તેને સારા મિત્રોની સંગતિ કરાવી; પુત્રે મિત્રમંડળને પોતાના જેવું કરી દીધું. પિતાએ સારા નરતા સર્વ મિત્રો દૂર કરવા માંડ્યા; પુત્ર તેમની સાથે છાનાં સંકેતસ્થાનમાં મળવા અને પિતાને છેતરવા લાગ્યો. વિષયમાં અસાધ્ય રોગાદિના ભય હોય છે તેનાં દૃષ્ટાંત પુત્ર પ્રત્યક્ષ કરે એવી યુક્તિઓ પિતાએ રચી અને પોતાનું દૃષ્ટાંત પણ તે સમજી જાય એવું કર્યું. આ મહાભય પ્રત્યક્ષ થવા છતાં તે ભય વિષયથી અંજાયલી આંખોમાંનું ભૂત ક્‌હાડી ન શક્યું. વિષય નહી તજાય તો નોકરી જશે, ફોજદારી કામ ચાલશે, પ્રતિષ્ટા જશે, કમોતે મરવાનું આવશે, આખા કુળને લાંછન લાગશે—ઇત્યાદિ હજાર ભય દેખાડ્યાં પણ વિષયાંધ તે જોઇ શક્યો નહી. **માનચતુર** એની પાછળ ખતરવટ થઇ લાગ્યો. એની પાસે જનારી સ્ત્રિયો રોગીલી છે એવા અપવાદ ઉત્પન્ન કરવા લાગ્યો, એ સ્ત્રિયોના પતિયોએ મારા મુક્યા છે એવો શબ્દ એને કાને જાય એવી યુક્તિયો કરવા લાગ્યો, પોતે જ પુત્રની પાછળ લુચ્ચા માણસોને મોકલતો અને અમુક સ્ત્રીના પતિએ તને મારવા અમને મોકલ્યા છે એવું તે માણસો પાસે ક્‌હેવરાવતો અને તે માણસો હથિયારબંધ રાતની વખતે તેની પાછળ દોડે—તેના સુવાના ઓરડાસુધી જાય—અને આખરે કાંઇ અકસ્માતથી ન ફાવ્યા હોય અને પાછા ફર્યા હોય એમ પાછા ફરતા. **માનચતુર** દીકરાને ધમકાવે અને ગાળો દેઇ ક્‌હે કે "ઓ કમજાત, ક્યાં ત્‍હારું મોત ભમેછે કે હજી સમજતો નથી?" ગાનચતુર આખરે કાયર કાયર બની ગયો, તેની વિષયવાસના રાતદિવસના નિરંતર અને અત્યંત ભયને બળે શાંત થઇ ગઇ દેખાઇ, અને **માનચતુર** પોતાની બુદ્ધિને સફળ થઇ માનવા લાગ્યો. નોકરી ગઇ તેની સાથે ગાનચતુરને ખરેખરી સાન આવી. શરીર નિર્બળ અને ક્ષીણ થવાથી વિષયશક્તિ ઓછી થઇ, અને ન્હાનાભાઇને ઘેર ર્‌હેવામાં પરવશપણું લાગવા માંડ્યું તેના કંટાળામાં તો ધીમે ધીમે વિષયવાસના પણ દૂર થયા જેવી થઇ.

તે છતાં મનની સ્વાભાવિક નિર્બળતાએ ગોથું ખવરાવ્યું, મરી ગયેલા સંસ્કાર પ્રસંગ આવ્યે પાછા જાગ્યા, અને મરી ગયેલા વડીલ ભાઇની અનાથ સ્ત્રીને ઓળખવાસરખું ભાન ન રહ્યું. ગુણસુંદરીને ખભે અધીરાઇએ હાથ મુકાવ્યો એ ભુલથી તો હદ વળી ગઇ. ઘરનાં સર્વે માણસો ન જાણવાની વાત જાણી ગયાં અને પિતાના ધૈર્યે મર્યાદા મુકી એટલે સુધી વાત આવી ગઇ. અધુરામાં પુરું સ્ત્રીએ છાજિયાં લેઇ પુષ્પવૃષ્ટિ કરી એતો મરણપ્રસંગે મ્હેણાં ખમવાનું થયું. **ગાનચતુર** એકલો પડ્યો તેની સાથે તેના મનમાં એમ જ થયું કે આના કરતાં મરવું સારું. કમાવાની શક્તિ નહી, અને સ્ત્રી સુદ્ધાંત ઘરનાં સર્વે માણસ પરાયાં થઇ ગયાં. હવે કોઇ મ્હારું નથી,—હવે કોઇને શું મ્હોં દેખાડું?—હવે કોઇને મ્હારું શું કામ છે?—આવા અનેક વિચારના પશ્ચાત્તાપે **ગાનચતુર**નું મગજ ભમાવી દીધું. એકાંત મેડીમાં બપોરના બે વાગ્યાથી તે મોડી રાત સુધી એકલો ખાટલામાં ને ખાટલામાં બેસી રહ્યો, અધુરામાં પુરું દીવો કરવાનું પણ આજ સઉ ભુલી ગયાં, ખાવાનું ન હતું તેથી ખબર લેવા પણ કોઇ આવ્યું નહી તે જાણી જોઇને ન આવ્યું હોય એમ લાગ્યું, અને દીવા વગરની અંધારી રાતે શૂન્ય એકાંત મેડીમાં કલાકના કલાક થયાં એકલા બેઠેલા **ગાનચતુર**ને મનમાં એમ જ થયું કે આ અંધારામાં જનોઇ વડે ફાંસો ખાઇ મરું. ફાંસો ખાવા બે ચાર વાર જનોઇ ગળે વીંટી ખેંચવા માંડ્યું, પણ પુરું ખેંચતાં જીવ ન ચાલ્યો. જીવ ચાલશે એવું અમસ્તું મનમાં લાગ્યું ત્યાં બ્હારની મેડીમાં સામી ભીંત ઉપર દીવાના અજવાળાની ચોખંડી ચાદરના છેડા જેવું કાંઇ પથરાયું, અજવાળું વધવા લાગ્યું અને બે માણસના પગનો ધસારો પણ સંભળાયો.

એ આવનાર કોણ હતાં અને શા વાસ્તે આવ્યાં હતાં?

ગાનચતુરને ધમકાવી **માનચતુર** પાછો ફર્યો અને નિદ્રાવશ થયો અને ત્યારપછી રાત્રે ઘરના સર્વ સ્ત્રીમંડળમાં આનંદ વ્યાપી ગયો અને આ કુટુંબમાં માત્ર **ગાનચતુર** શીવાય સર્વે મંડળ ગઇ ગુજરી ભુલી ગયું લાગ્યું તે આપણે જોયું છે. તે દિવસ રાતને પ્હેલે પ્હોરે **માનચતુર** પાસે ધર્મલક્ષ્મી આવી બેઠી અને ડોસોડોસી વાતો કરવા લાગ્યાં, અને ચોકમાં બેઠાં બેઠાં ગુણસુંદરી, ચંડિકા વગેરે સર્વે પોતાની વાતો કરતાં કરતાં વચ્ચે વચ્ચે આ વાતો પણ સાંભળતાં હતાં.

ડોસીએ ચિંતાતુર મ્હોંયે ડોસાને **ગાનચતુર** બાબત શું ધાર્યું અને આજ આ શી નવાજુની થઇ તે પુછ્યું. બધા સમાચાર કહી

ડોસો આખરે જરા મ્હોટે સ્વરે અકળાઈને બોલ્યો "હવે એ મ્હારાથી "સુધરે એમ નથી ને સુધરે ત્હોયે મ્હારે એને સુધારવો નથી. હું તો "હવે કંટાળી ગયો. એનાં પ્રાણ અને પ્રકૃતિ સાથે જવાનાં છે. હવે "તો એને એની બાયડી સુધારે ત્યારે. બાયડી બગડે તે ભાયડાને વાંકે, "ને ભાયડો બગડે તે બાયડીને વાંકે. બીજો કશો વાંક ન હોય "તોપણ એક બીજાને સુધારે નહી એ પણ એક વાંક. હું કાંઈ જ-"ન્મારો પ્હોચવાનો નથી અને એને આત્મજ્ઞાન થવાનું નથી કે જાતે "સુધરે. આપણે શું? એ નહી સુધરે તો એની બાયડીને ભારે પડશે; "માટે એને સુધારતાં આવડે તો એની બાયડી સુધારે, ન આવડે તો "ભોગ એ બેના. ભાઈ ભાભી સારાં છે તે નભાવે છે ને નભાવશે "પણ એ કાંઈ જન્મારો પ્હોચશે? ત્હેં મને સુધાર્યો તો એને એની "બાયડી સુધારે; નીકર પડો બે જણ ખાડામાં!" આટલું બોલી ડોસો શાંત થઈ ગયો અને એને વધારે ઉશ્કેરાવા ન દેવો ઠીક જાણી ડોશી બ્હાર આવી.

ચંડિકા બ્હાર વાતો કરતી હતી તેણે આ સઉ સાંભળ્યું, અને એનું હૈયું ભરાઈ આવ્યું. એની બુદ્ધિમાં જરીક જડતા હતી તે છતાં પતિને પરસ્ત્રીપર નજર કરતો જોઈ એને સ્વાભાવિક ઈર્ષ્યા આવતી. આવી ઈર્ષ્યા આણવાના પ્રસંગ ધર્મલક્ષ્મીની પેઠે એને પણ ન્હાનપણમાંથી આવ્યા હતા, પરંતુ સાસુની ક્ષમાનો લેશ પણ એ-નામાં ન હતો અને ઈર્ષ્યાભરેલો જન્મારો ગાળવાથી એનો સ્વભાવ વ્હીડિયો થઈ ગયો હતો અને ધીમે ધીમે સઉ ઉપર ઈર્ષ્યા આણ-વાનો અને ક્રોધે ભરાવાનો એનો સ્વભાવ પડી ગયો હતો. જ્યારે એના હૃદયપર ઈર્ષ્યાનો હુમલો થતો તે વખત એ સમજતી કે મ્હા-રામાં આટલી અદેખાઈ આવી છે પણ એ હુમલાના સામા થઈ તેને અટકાવવાની એનામાં શક્તિ ન્હોતી. જેમ સુંદરગૌરીપર ગુણસુંદરીની કૃપા જોઈ અદેખાઈ આવતી, તેમ પોતે ઘરબારવગરની અને ગુણ-સુંદરી ઘરબારવાળી અને એનો પતિ આવો સારો અને એને પતિ-તરફનું આટલું સુખ અને પોતાને તેમાંનું કાંઈ નથી એ જોઈ ચંડિકા અંતર્માંથી દાઝતી, એકાંતમાં છાતી કુટી નાંખતી, ગાનચતુરને ગાળો દેતી, છોકરાંને મારતી, ગુણસુંદરીને કામમાં ન લાગતી, એના કામમાં કંઈ પણ હરકત પડી જોઈ રાજી થતી, કોઈના ટપકા ન ગણકારતી, સસરો ગુણસુંદરીનાં વખાણ કરે ત્યારે મ્હોં મરડતી; ગુણસુંદરી સા-સુનું કામ કરે ત્યારે એને માનીતી થનારી ગણી એના ચાળા પાડતી,

અને માત્ર પોતાના કરતાં વધારે અભાગણી નણંદોની અદેખાઇ કરતી નહી—કારણ તેમનામાં અદેખાઇ કરવા જેવું કાંઇ ન્હોતું. અધુરામાં પુરું આ સઉ દુર્ભાગ્યનું કારણ પણ પોતે જ છે એવું વચન સસરાના મુખમાંથી નીકળતું સાંભળી એનો બીજાજ એના હાથમાં રહ્યો નહી. આનંદની વાતો કરતાં કરતાં પોતાનો વાંક નીકળતો જોઇ એને એકદમ અત્યંત ક્રોધ ચ્હડ્યો. સસરાને સામો ઉત્તર દેવાની ગુંજાશ ન હોવાથી ક્રોધ સફળ કરી ન શકી, અને કંઇ ન ચાલતાં ગુણસુંદરી બેઠી હતી તેની પાસે અચિંતી રોઇ પડી અને રોતી રોતી બોલી: "જોયું, ભાભી? આ પણ મ્હારો વાંક! હું તે રાંડ શું કરું? બીજાની "કરેવ તે તે હું શી રીતે સુધારું? મ્હેં કંઇ કર્યું હોય તો તો ક્હેતા યે "ભલા! આ તો મ્હારી દયા આણવી જોઇયે કે બીચારી શું કરે?— "તે તો રહ્યું, પણ તેને સાટે હું જ નઠારી! ઠીક, બાપા, જે ક્હેવું "હોય તે ક્હો. મ્હારું જ પ્રારબ્ધ ફુટેલું ને તમારા ઘરમાં આવી "એટલે તમારો વાંક હોય ત્હોયે મ્હારો જ વાંક! ખરુંસ્તો! હું રાંડ શેં "મોઇ નહી?"

ચતુર ગુણસુંદરી જેઠાણીને પોતાની કરી લેવાનો આ પ્રસંગ ચેતી ગઇ. અનુભવી સસરાનું વાક્ય ખરું હતું તે સમજતાં એને વાર ન લાગી, પણ મનમાં વિચાર કર્યો કે ચંડિકાને મ્હોંયે એનો વાંક ક્હાડીશું તે એ કોઇ દિવસ નહી સમજે અને સસરાને છોડીને મ્હારા ઉપર કટક ચ્હડશે. પણ આજ સુધી જુદી ને જુદી રહેતી જેઠાણી આજ પોતાની મેળે મ્હારી પાસે રોઇ પડેછે અને પોતાનું હૈયું ઉઘાડી સલાહ પુછે છે ત્યારે એવો પ્રસંગ તે મને ક્યાં મળવાનો હતો?—આમ ગુણસુંદરી પોતાના મનમાં બોલી, અને જેઠાણીને શાંત કરવા મંડી ગઇ.

"હશે, છાનાં રહો, રોશો નહી, શું કરિયે? વડીલ છે તે ઘડી "બોલે. તમારું દુઃખ ખરું છે—બાયડીઓના મનની વાત ભાયડાઓથી "શી રીતે સમજાય?" આ શાંત મંગળાચરણથી આરંભાયલી વાતો કલાકેક પ્હોચી. ગુણસુંદરીએ ચંડિકાના મનની સઉ વાત ધીમે ધીમે ક્હડાવી અને એની વાતો સાંભળી એટલે સંભળાવનારીની સાંભળનારીપર પ્રીતિ થઇ. પ્રસંગ આવ્યે ન્હાના ઉપાયથી આ મ્હોટું કામ થયું. આખરે ગુણસુંદરીએ સઉ દુઃખમાંથી છુટવાનો ઉપાય બતાવ્યો અને ઈર્ષ્યાને ઠેકાણે પ્રીતિનો સંગ્રહ કરનારીએ તે સાંભળ્યો. ગુણસુંદરી બોલી;—"જુવો, મ્હોટાભાઇનો સ્વભાવ પડ્યો તેનું ઓસડ કરવાનું "તમારા હાથમાં છે તે બતાવું. તમારે બધી બાબતમાં એમની મ-

"રજી ઉપાડી લેવી; એમનો સ્વભાવ તો જાણો છો એટલે વખત આગે
"ચેતી જવું કે—હું, આ વખત એનું મન આ વાતમાં છે. એમને
"હાથમાં લેવા અને આંગળીને ટેરવે રમાડવા એ તમને ન આવડે
"એવું નથી. આપણે એમની મરજી ઉપાડી એટલે એ તમારા
"દાસ થયા સમજવા!"

ચંડિકા તબડકો કરી ગાજી ઉઠીઃ "ના, આપણાથી નહી બને!
"એને તો એવું જોઇયે કે રાંડો મુડકાઓ શંખણીઓ ઉપર એ નજર
"કરે ને હું બોલું નહી! આપણાથી એ નહી થાય—ચોખી ના!"

"તમે ઉકળો છો શું કરવાને? એ રાંડોનો તો પગ જ કાપવો.
"હું તો એવો રસ્તો બતાવું છું કે એ કોઇના ઉપર નજર જ ન કરે
"ને એક તમને જ દેખી રહે."

"એ તો આવતે અવતાર થશે."

"ના, એ બધાં જે રીતે એનું મન રાખે તે રીતે તમારે રાખવું
"ને કોઇના ઉપર એને નજર નાંખવા સરખો વારો પણ ન આવે
"એટલા કબજામાં રાખવા."

"હું એને કબજામાં રાખવા જાઉ એટલે તો ધડાધડ થઇ સમજવી."

"ના, એમ શું કરવા થાય? આપણે એવાં શાણી બગલી જેવાં
"થઇ વાત કરિયે કે આપણે ઉકળિયે સારે એ ઉકળેકની? આપણે
"ગોળ ખાધા સાથે કામ રાખવું. જે ક્‌હે તેની હાયે હા ભણિયે ને
"હળવે હળવે બધું કામ ક્‌હાડી લઇયે."

"એ તો મને કંઇ ન આવડે."

"અરે, મ્હારાં ચતુર ભાભીજી, તમને ન આવડે એમ તે હોય?"
એમ કહી ગુણસુંદરી હસી પડી, ચંડિકા પોતાનું વખાણ સાંભળી ખુશી થઇ ગઇ, અને હસાવી પટાવી ગુણસુંદરી એને મેડીઉપર લેઇ ગઇ. દીવો લેઇ આ બે જણ ઉપર આવ્યાં અને ગાનચતુર આપઘાત કરતો અટક્યો. ત્રણ જણે કલાક બે કલાક એકઠાં બેસી ગપાટા માર્યા, શાણી ગુણસુંદરીએ જેઠાણીને મ્હોટું પદ આપ્યું અને પોતે તેની તાબેદાર હોય તેમ વર્તવા લાગી. જેઠની ભુલ પોતાને વસી જ ન હોય—જેમ માને દીકરાની ભુલ ન વસે—તેમ પોતાને થયું હોય એવો દેખાવ ધારણ કર્યો, અને આજના એક કલાકમાં ગુણિયલના ગુણે જેઠાણીનું ઝેર ઉતાર્યું હોય તેમ દ્વેષ ઉતારી દીધો અને તેની સહી જેવી બની ગઇ, અને થોડીવાર ઉપર જે જેઠને આખા ઘરમાં પોતાનું કોઇ માણસ જડતું ન હતું તેને મન ન્હાની ભાભી મા જેવી વત્સલ વસી. સઉને આનંદમાં

નાંખી ગુણસુંદરી પ્રફુલ્લ મનથી નીચે ગઇ. મધ્યરાત્રિ થવા આવી હતી, ઘરમાં સઉ સુઇ ગયાં હતાં, પોતાની ગજાર આગળ ઉમ્મરનું અશીકું કરી સુંદરગૌરી જમીન ઉપર ઉંઘી ગઇ હતી તેને ઉઠાડી, ઠેકાણે સુવાડી, અને ગુણસુંદરી પોતાના ખાટલામાં જઇ સુતી. સુતી, પણ ઉંઘ ન આવી. કાલ એને સૂતક ઉતારવાનું હતું અને હવેથી ઘરની વ્યવસ્થા કેવી રીતે રાખવી, બ્હોળા કુટુંબને શી રીતે આનંદમાં રાખવું, પતિના મનને શી રીતે ખરેખરો આનંદ આપવો, વગેરે વિચારમાં ઉંઘ ન આવી ને વિચાર ઉપર વિચાર આવવા લાગ્યા. બાર વાગ્યા, એક વાગ્યો, એના ટકોરા થયા, પણ આંખમાં ઉંઘ ન મળે !

"હે ઈશ્વર ! આ મહાસાગરમાં તરવાનો કોઇ માર્ગ સુઝાડ. હું "મ્હોર એમ જાણુતી હતી કે ઘરમાં જેમ માણસનો ભરાવો તેમ "બધાંને એકઠાં રહેવાનો લ્હાવો. પણ આ તો લ્હાવો નથી—લ્હાળો "છે. સઉના જુદાં જુદાં મન—સઉના જુદા જુદા રંગ—સઉને જુદી "જુદી મ્હોટી ઝાડ જેવી કટેવો—અને એ કટેવો ન વેઠાય તો આ- "પણે સઉને મન ભુંડાં—પછી આપણા મનમાં ગમે તેવી પ્રીતિ હો. "સઉનાં મન સાચવવા જતાં આપણું કોઇ નહી—ધોબીનો કુતરો ન "ઘરનો ને ન ઘાટનો—એવી હું—એ જોઇ લીધું. સંસારસાગર વસમો "કહેવાય છે તે અમસ્તું નથી કહેવાતું. મને બધી જાતના અનુભવ "થઇ ગયા અને હજી કોણ જાણે શું શું બાકી હશે ? આ સસરા— "આ સાસુ—આ નણંદો—આ જેઠ—ને આ જેઠાણી : સઉમાં અક્કેકો "ગુણ અને અક્કેકો અવગુણ. આ સુંદર નીરાંતે ઉંઘે છે—ઉંઘ, બ્હેન, "ઉંઘ—મ્હારા કરતાં તું સુખી છે—ત્હારે એક ત્હારી જાતની ચિંતા– "બીજા કોઇની નહી. મ્હારે બધાંની ચિંતા. આ છોકરી વળી મ્હોટી "થશે ને કોણ જાણે શી શી ચિંતા કરાવશે ? પણ઼ ઓ મ્હારા ચતુર, "તમારે તો મ્હારા કરતાં પણ વધારે ચિંતા છે. મ્હારાથી તમારી "ચિંતા તો થઇ શકતી નથી—તમારી ચિંતામાં ભાગ લેવાય એ મ્હારાથી "બનતું નથી. અરેરે ! આજ એમનું મ્હોં કેવું લેવાઇ ગયું ? મ્હારા "એક શબ્દ ઉપરથી એમનું મ્હોં લેવાઇ ગયું. હસતા હસતા આનં- "દમાં ઘડી ગાળવા આવ્યા તે ઉતરી ગયેલે મ્હોંયે પાછા ગયા. કોણ "જાણે એમને શા શા વિચાર થઇ આવ્યા હશે ? મ્હેં ભુંડીએ પુછાયું "સરખું નહી. શું પુછવાનું હતું ? ઉઘાડી જ વાત છે સ્તો ! આ "બધા કુટુંબની એમને ચિંતા છે—બોલતા નથી, પણ આંખો છે તે "જોયા વગર રહેતા હશે કે કાન છે તે સાંભળ્યા વગર રહેતા હશે ?

"મ્હારી પણ એમને ચિંતા! ને કમાઇ ટુંકી ને ખરચ મ્હોટું! આ
"બધી ચિંતા મટે તો પછી એમની ચિંતા ઘટે! એટલું સરખું મ્હા-
"રાથી નહી થાય તો પછી હું શા કામની?"

"વડીલનો સ્વભાવ આકળો છે, વિવાહનું વર્ષ કરી મુકે છે—
"બાકી આ આખા ઘરમાં મ્હારી દયા જાણનાર એમના વગર બીજું
"કોણ છે? દયા જણાવીને શુ કામ છે? મ્હારે શાલપામરી ઓછાં
"જ હોડવાં છે; જે કરવું તે परमेश्वरप्रीत्यर्थम्! મ્હારા ચતુરનું કુટુંબ તે
"મ્હારું કુટુંબ! ગમે તેવું પણ એમનાથી પોતાનું કુટુંબ કાંઇ ક્હાડી
"નંખાવાતું છે? માટે એમનું તે મ્હારું! મ્હારી ચિંતા તો વડીલ
"કરશે—એ પોતે કરશે—પણ એમની ચિંતા હું શી કરવાની હતી?
"અત્યારે કેટલી કેટલી ચિંતા કરી થાકયા પાકયા સુતા હશે?"

"ખરે! આકળો સ્વભાવ માણસને રાક્ષસ જેવું કરી મુકે છે!
"ચંડિકા ભાભીએ આકળપણમાં સુંદરભાભીને કચરી નાંખ્યાં ને જેહને
"શાંત કરી દીધા! અરેરે! એનો યે શો વાંક ક્હાડિયે? આવા ધ-
"ણીથી એને કેટલું દુઃખ? એની આંખો અને એની છાતી કેમ ક્હ્યું
"કરે? જેહને પણ હદ છે. કેવું કામાંધ માણસ! શી લંપટતા? શી
"નિર્બળતા? હવે કેટલા પસ્તાતા હશે? કેટલી શિક્ષા ખમી? કેટલી
"શિક્ષા ખમશે? કામવિકાર બહુ નઠારો પદાર્થ છે એમાં કાંઇ વાંધો
"નહી—એના આગળ માણસનું જોર જખ મારે છે. ઓ મ્હારા ચતુર!
"જ્યાં ત્યાં એક ઘડીજ એકલાં હતાં કની? ખરે! સુવાવડમાં વિયોગ
"પાળવો એ લોકાચાર ખોટો તો નહી. પાણીથી ભરેલું વાદળું એકલું
"ગાજીને શાંત નથી થતું તેમ એકાંત મળી એટલે એકલી વાતોથી
"જંપ નથી વળતો!"

"સર્વથા વિકારમાત્ર ખોટા છે—પછી તે કામ હો કે ક્રોધ હો
"કે બીજો ગમે તે વિકાર હો! વિકારનું બળ ફાવે એટલે માણસ
"માણસ મટી પશુ થઇ જાય છે અને પોતાનો કે પારકો સ્વાર્થ કે
"પરમાર્થ કાંઇ સુઝતો નથી અને માણસ કેવળ આંધળું ભીંત થઇ
"જાય છે. નીકર સુંદર કોણ છે તે જેહને ન સુઝે? બીચારી સુંદ-
"રની અવસ્થા મ્હારા કરતાં સોગણી ભુંડી. એ શું કાંઇ માણસમાં
"નથી? એને શું ન જોઇયે?—પણ ઈશ્વરે આપેલું લેઇ લીધું! એના
"કરતાં—અને બે નણંદો કરતાં પણ મ્હારાપર ઈશ્વરની કૃપા છે—
"નીકર, ઓ મ્હારા ચતુર—તમારા વિના—"

"તમારા વિના" એ અપશકુનભરેલો શબ્દ—અપશકુનભરેલો

વિચાર—કેમ સુઝયો ? હવે શુ થવાનું હશે ? એ શબ્દ ખરા પડે તો સંસાર કેવો સુનો થઇ જાય— મ્હારા ચતુર વિના તે કેમ જીવાય ? એવા દિવસ શી રીતે ગાળ્યા જાય ?” આ અને આવા આવા અનેક પ્રશ્નો મનમાં પુછતી પુછતી, **સાહસરાય** જીવતો છતાં તેના વગરની દુઃખબાનો સ્વભાવ આવો હોય તેમાં શી નવાઇ ?—એ વાતનો પોતાની અત્યારની સ્થિતિથી અનુભવ કર્યા જેવું કરતી, “હું મરી ગઇ હત “તો મ્હારા ચતુરની કેવી વ્હલે થાત ?” એ કલ્પનાનો ચીતાર આંખ આગળ ખડો કરતી, પોતે મરી ગઇ હોય અને **વિદ્યાચતુર** એકલો જીવતો હોય તો આ ઘર એને કેવું શૂન્ય લાગે—એવા એવા અનેક વિચાર કરતી કરતી, ગુણસુંદરી આંસુથી છલકાતી મ્હોટતી આંખો મીંચવા લાગી, અને પોતાની છાતીના દુધ સાથે છાતીમાંના શોકમય ચિંતામય વિચાર પણ બાળક કુમદસુંદરીને ધવરાવતી હોય તેમ તેને છાતી સરસી રાખી કલાંઠી વાળી પોતે જ ખાટલાની એક ઇસ હોય તેમ ઇસ ભેગી લપાઇ જઇ નિદ્રાવશ થઇ ગઇ અને નિદ્રામાં ને નિદ્રામાં થોડી થોડી વારે લવતી હતી અને ઓઠમાં ને ઓઠમાં રોતી હતી.

રાત્રિ વેગભરી ચાલી જવા લાગી. **વિદ્યાચતુરના** ઘરમાં જુદી જુદી સ્થિતિમાં પડેલાં સઉ માણસોને નિદ્રારૂપી એક અવસ્થાએ ઝડપી લીધાં અને એક પછી બીજી એમ બધી ઘડિયો શાંત અને એકાંત અંધકારનાં પગલાં પેઠે ભરાવા લાગી. અંતે રાત્રિની ભરજુવાની પુરી થઇ હોય એમ પાછલી રાત જણાઇ, વૃદ્ધાવસ્થાપેઠે ઝાકળ આખા જગતને શીતળ કરી રહ્યું અને વ્હેલી ઉઠનારી ગુણસુંદરીની આંખ પાછી ઉઘડી ગઇ અને તે ઉઠી બેઠી થઇ. કોઇનો શબ્દ સરખો સંભળાતો ન હતો અને આંખ માત્ર એકલા બળતા દીવા સામું જોઇ રહી. રાત્રે કરેલી ચિંતા બીજે રૂપે સ્ફુરવા લાગી. આજ ન્હાવાનું હતું, હવેથી ઘરની લગામ પાછી પોતાના હાથમાં લેવાની હતી, અને થયેલા અનુભવનું ફળ શી રીતે લેવું તેનો વિચાર ગૃહિણી એકલી એકલી ઉત્સાહ ભરી કરવા લાગી. ટુંકામાં બધો વિચાર થઇ ગયો.

“શો વિચાર કરવાનો હતો જે ? એ તો છેસ્તો—બધું માથે ઉ-
“પાડી લેવું. ઉપરથી બધો સામન જાતે લેઇ આવવો કે સુંદરને
“જવું ન પડે ને જેઠનું મ્હો જોવું ન પડે. ઘડી ઘડી ઉપરથી આ-
“ણવો પડે તે સામન નીચે આણી મુકવો. કોઇની પાસે માગવું ન
“પડે એમ પ્હેલેથીજ સામન લેઇ રસોઇ હાથે કરી નાંખવી, ને પીર-
“સનારી તો રાણી કહેવાય માટે તે કામ વખતે બીજા કોઇને આગળ

"કરવું. સઉ જમે એટલા વખતમાં પરચુરણ કામ કરી લેવું. રસોઇ
"કરતી વખત મ્હોતું કામ શું? ઘરનાં છોકરાંને અને ચાકરોને સૂચ-
"નાઓ પણ તે વખતમાં આપી દેવી! આ બાળકની સંભાળ સુંદર
"રાખશે ને ખુશી થશે. જમ્યાપછી કલાક સુવું–શરીરની સંભાળ
"રાખીશું તો બધાંને કામ લાગીશું, દુઃખબા બ્હેન પેઠે ઓછું આણિયે
"ને જન્મારાનાં દુખિયારાં થઇએ તેમાં શું વળ્યું? ઉંઘી ઉઠી મુકેલો
"અભ્યાસ પાછો તાજો કરવો—કે મ્હારા ચતુરનું મન તે જોઇ આ-
"નંદમાં રૂહે. તે પુરો કરી ઘરનાં છોકરાંને લેઇ અર્ધો કલાક દેવદર્શન
"જઇ આવવું કે ખાધેલું પચે ને પગ છુટો રૂહે. ત્યાંથી આવી વાળુની
"તયારી વ્હેલી વ્હેલી કરી લેવી અને રાત્રે ઘરમાં સઉની સાથે ઘડી
"બેશી—પછી હું ને મ્હારો ચતુર!" આજસુધી વિચાર ન્હોતો કર્યો
તો કાંઇ સુઝયું ન હતું—આજ વિચાર કર્યો તો તરત રસ્તો સુઝયો.
વિચાર કરવાનું પણ સાંભરવું જોઇયે છે.

કામ કેમ થોડું કરી નાંખવું, કોઇના ઉપર આધાર રાખ્યા વિના
કેમ કામ નભી શકે, મ્હોટું મન કેમ રાખવું, વગેરે સમજી લેઇ એ
સમજણના કાર્યગ્રાહી ગુણો ધારણ કરી કામમાં પડેલી ગુણસુંદરીએ
ઉદ્યોગ અને આગ્રહથી ઘરકામનું વ્હાણ ઝડપબંધ આગળ ધપાવ્યું.
પોતાની શાંતિ અને ક્ષમાથી સઉનાં મ્હોં શીવી દીધાં. એનું મ્હોટું
મન દેખી પારકાંનાં મનમાંની અદેખાઇ શરમાઇ સંતાઇ ગઇ અને ભુ-
ખમરાથી મરી ગઇ. એના વ્હાલ આગળ આખું કુટુંબ એને વશ
થઇ ગયું. એણે સર્વને સ્વતંત્રતા આપી અને જાતે પરતંત્રપણું સ્વી-
કાર્યું ત્યારે સઉ એના ગુણ આગળ પરતંત્ર થઇ ગયાં અને એ પોતે
સઉની ઉપરી જેવી બની. આ સર્વ દેખી વિદ્યાચતુર સ્વસ્થ થયો,
અને પોતે એકલો હતો ત્યારે જે સુખ ભોગવતો હતો તે જ સુખ આજ
દઇ શકનારી પોતાની ગુણિયલ ઉપર વ્હાલ આવતાં કૂહેતો હતો કે
આનું નામ તે प्रभुता रमणेषु योषिताम् !

ઘરના કામમાં વખતની વ્હેંચણ કરી નાંખી બધું કામ જાતે
ઉપાડી લીધું એટલાથી ગુણસુંદરીના ધર્મકર્મની સમાપ્તિ ન થઇ. એ તો
કોઇને કંઇ કૂહેવું ન પડે અને કોઇની આશા રાખવી ન પડે અને ઘ-
રનું ગાડું ચાલ્યાં જાય એટલા જ ફળનું સાધક હતું. પરંતુ પરદુઃખ-
ભંજન થવું અને સર્વ કુટુંબનાં અંતર્દુઃખ જાણી લેઇ તેનો ઉપાય કરવો
એ પુરુષકાર્ય પણ ગુણસુંદરીએ માથે લેઇ લીધું. સર્વની દાસી થઇ
સર્વને દાસ કરી લેવાં, સર્વનાં મન રંજન કરવાં, સર્વનાં હૃદયને ઉચ્ચમાર્ગે

ન્હડાવવાં, એ કામ કરવાનું પણ ગૃહિણીએ ઇચ્છ્યું. પતિનું દ્રવ્ય ઓછું. વરે અને કુટુંબનું હિત થાય એવું મનોયત્ન ગૃહપંડિતાએ સાધવા માંડ્યું.

દિવસે પોતાના અભ્યાસમાં રામાયણ ભારત અને એવાં પુસ્તકોનો સમાસ કરી રાત્રે કુટુંબસાથે ઘડી વાર્તાવિનોદનો સમય આવે ત્યારે કુટુંબકથા અને લોકનિન્દાના વિષયને ધીમે ધીમે દેશપાર કર્યા અને તેને સ્થળે સર્વજ્ઞ જેવા સર્વ સંસારના પંડિત વાલ્મીકિ અને વ્યાસની રસિક ચતુર કથાના પ્રસંગો ક્‌હાડી ગુણસુંદરીએ સર્વનાં મન હરણ કરી લીધાં અને સર્વને આ લોક અને પરલોકનાં અવલોચક કર્યાં. આમ ગુરુ જેવી બનેલી ગુણસુંદરી કુટુંબમાં બહુમાન પામી. ધીમે ધીમે એવો પ્રસંગ આવ્યો કે એના મનને ખેદ થાય એવું કરતાં બોલતાં સર્વ કોઇ આચકો ખાવા લાગ્યું, અને બીજાં માણસ આજ્ઞા કરી–ક્રોધ કરી–કપટ કરી–બલાત્કાર કરી-શિક્ષા કરી–જે કામ નથી કરાવી શકતાં એ કામ ગુણસુંદરીનો એક કોમળ શબ્દ કરાવી શકતો. એની ઇચ્છાથી ઉલટું કામ કરતાં સઉ કોઇ મનમાંથી ખેદ પામતું અને શરમાઇ જતું અને પારકાનો ઠપકો અવશ્ય પામતું.

ગાનચતુર નોકરીવિનાનો હતો અને અપકીર્તિ પામી નોકરી ખોઇ બેઠો હતો તેનું શું કરવું તે વિદ્યાચતુરને સુઝતું ન હતું અને જ્યાં કંઇ માર્ગ સુઝતો અને પ્રયત્ન કરતો ત્યાં ગાનચતુરને કર્મે નિષ્ફળતા જ થતી. ઘણી વખત એણે જરાશંકરને કહ્યું અને જરાશંકરને બે ભાણેજ સરખા હોવા છતાં ગાનચતુરના દુર્ગુણોથી કંટાળી આવ્યો હતો, અને વિદ્યાચતુર પોતાના ભાઇની વાત ક્‌હાડે એટલે મામો એમજ કહેતો કે "બાપુ, મલ્લરાજ જેવા મહારાજના રાજ્યમાં નોકરોએ તરવારની ધાર ઉપર "ચાલવું પડે છે અને આ ત્હારા ભાઇના ગુણ આપણ સર્વનો રોટલો "ટાળે એવા છે—માટે વધારે સારું એ છે કે એને ખાવાપીવાનું ત્હારા "પગારમાંથી જ આપવું એટલે આપણા બધાનું ખાવાપીવાનું એ રૂહે "ને પગાર પણ ચાલતો રૂહે. હવે થોડાં વરસમાં એ વૃદ્ધમાં ખપશે— "ત્હારે બાપે "પેન્શન" લેઇ નોકરી છોડી—આણે પેન્શન ખોઇ નો- "કરી છોડી. એકને પાળે છે તો બીજાને પાળ." મામાનો આવો ઉત્તર વિદ્યાચતુર કોઇને જણાવી શકતો ન હતો અને ખરી વાત ન જાણે એટલે સઉને અસંતોષ સ્વાભાવિક રીતે એના પર જ રૂહેતો. પતિથી ન થયું એ કામ ઉપાડવા પત્નીએ પ્રયત્ન કર્યો.

એક દિવસ આ જ અર્થસારુ પોતે મામાને ઘેર ગઇ, અને મા- મીને તૈયાર કરી મામાપાસે વાત ક્‌હાડી. જેઠની ભલામણ કરવા

ભાભી આવે તે જોઇ મામાને એકવાર તો પુષ્કળ હસવું આવ્યું, અને પછી વિદ્યાચતુરને જે ઉત્તર દેવામાં આવતો હતો તે જ ગુણસુંદરીને આપ્યો. પુરુષ જે કહી શકતો ન હતો તે સ્ત્રીએ કહ્યું: "મામાજી, "એ બધી વાત ખરી. પણ ન્હાનપણનું અજ્ઞાન મ્હોટપણમાં અનુ- "ભવથી ખસે છે તેમ કુબુદ્ધિને અનુભવ ખસાડે છે. માણસ બારે "માસ એક સરખું રહેતું નથી. નોકરી મળશે વાસ્તે કંઇ જેઠ "જેઠાણીને ઘરમાંથી જુદાં પડવા દેનારી હું નથી—પણ બગડેલું મા- "ણસ ધંધે વળગ્યાથી સુધરે છે તો આ તો સુધરેલાને સુધારવાનું છે. "મામાજી, આપનાથી કાંઇ ખસાવાનું નથી—છોરું કછોરું થશે—માવે- "તરથી કમાવેતર થવાવાનું છે?"

ભાણેજવહુનો આગ્રહ જોઇ જરાશંકરને વધારે હસવું આવ્યું: "બેટા, તું જેહને "સર્ટીફીકટ" આપે છે તે ત્હારા ઉમંગનું છે પણ હું "તે સ્વીકારતો નથી. એ સુધર્યો ન હોય તો સુધરે એવું તું માથે "લે છે?—ચાલ, તું જામીન થાય તો હું વિચારું!"

ગુણસુંદરીએ તરત ઉત્તર દીધો: "થયું? એટલુંજ કે ની? એ "તો હું માથે લેઉછું. લ્યો! પણ બોલ્યા છો તે પળજો."

મામાથી ગુણસુંદરીને તરછોડાઇ નહી. થોડાક જ દિવસમાં રત્નનગરીમાં જ ગાનચતુરને યોગ્યતા પ્રમાણે નોકરી મળી અને આ નોકરી કેમ ન્હોતી મળતી અને કેમ મળી તે સઉ સમાચાર કેટલેક દિવસે પ્રસંગ આવ્યે મામીએ ગાનચતુરને ચંડિકાના દેખતાં કહ્યું. બે જણ મનમાંથી ગુણસુંદરીનાં દાસ થયાં, અને ભૂતકાલમાં ગુણસુંદરીને જાણ્યે અજાણ્યે દુભવવા જેવું કર્યું હશે તે સાંભરતાં ધણી ધણિયાણી બે જણ પસ્તાતાં. ગુણસુંદરીને ખભે ભુલથી હાથ મુકાઇ ગયો હતો એટલું સ્મરણ થતાં જ ગાનચતુર પૃથ્વીમાં પેસી જવા જેટલું મનમાંથી શરમાતો. સુંદરની વાતમાં પોતાનું મન બગડ્યું હતું, તે વાત ગુણસુંદરીને કાને ગઇ જાણી એનો હલકો અભિપ્રાય થયો હશે તે મટાડવો એ ગાનચતુરે ગુરુકાર્ય ગણ્યું. કશાથી ન્હોતો સુધર્યો તે માણસ આખરે ગુણસુંદરી આગળ લજ્જાનો માર્યો સુધર્યો, એના ઉપર અને એની સ્ત્રીના ઉપર હજી વધારે ઉપકાર ગુણસુંદરીને હાથે થવો નિર્મેલો હતો.

ચંડિકા એક પ્રસંગે એમ કહેતી કે "મ્હારે તે ગુણસુંદરીનું શું કામ પડવાનું હતું?" કાળ બદલાયો અને એનાં છોકરાં સુદ્ધાંતની સંભાળ ગુણસુંદરીને કરવા વારો આવ્યો. ચંડિકાનો મ્હોટો દીકરો

હરિપ્રસાદ સ્વભાવે સારો હતો પણ એની વહુ મનોહરી એનાથી મ્હોટી હતી. સસરાની નોકરી ગયા પછી મનોહરી પિયર ગઇ હતી. મનોહરી ઉછેર ધાટની, બુદ્ધિશાળી, અને મદોન્મત્ત હતી. પતિ ન્હાનો અને ઓછી બુદ્ધિનો હતો. પતિના પ્હેલાં પોતાને જુવાની આવી હતી, અને જેમ પોતાને જુવાનીનો મદ આવેલો હતો તેમ જુવાન વર્ગના પુરુષોમાં પણ એના રૂપનું આકર્ષણ વધારે હતું, અને એના પ્રસિદ્ધ કજોડાને લીધે લંપટ માણસો એનો પ્રસંગ-શોધવાથી ફાવીશું એવું ધારતા. મનોહરીના નામની લાવણીઓ જોડાઇ હતી, એનું નામ લોકની ભીંતોએ ચ્હડયું હતું, એ બ્હાર ફરવા જાય ત્યારે પવન એના કાનના પડદાસાથે બ્હાર થતી બીભત્સ વાતો અથડાવતો અને આંખો સામી પરપુરુષોની આંખોના ડોળા ફરતા. એ ગરબે ફરે ત્યારે આ-શપાશ લોકોનું ટોળું ભરાતું, એના ઉપર કાંકરા ઉડતા, અને પ્રસંગે અટકચાળી આંગળિયોથી એનું વસ્ત્ર સુદ્ધાત ખેંચાતું. એ એકલી બ્હાર નીકળી હોય તો રસ્તે જનાર એના સરશ્યો અડોઅડ થઇ ચાલ્યો જતો, અથવા એની પાછળ પાછળ આવતો, અથવા એના આગળ ચાલે અને પાછે મ્હોંયે એના સામું જુવે. મનોહરી આ સઉ ફજે-તીથી કોક વાર અકળાતી, કોક વાર ડરતી, અને કોઇ વાર તો એવાં હજાર વાનાંને ઘોળી પીતી. એના ઉપર અને એના ધણી ઉપર લો-કના ખરાખોટા નામવાળા અને નામવગરના જુદી જુદી મતલબના કાગળો આવતા. એ દેવદર્શન જાય તો મ્હોડાની, અને ભીંડમાં હોય તો ગમે તેવી, એની મશ્કરી કરવા લોક ચુકતા નહી. એ નાતમાં જમવા જતી ત્યારે મિષે મિષે અથવા ઉઘાડે છોગે લોક એની વાત કરતા. કાળક્રમે એ નફ્ટ થઇ અને એને કાંઇ લાગતું બંધ થઇ ગયું. લોકો વાતો કરતા તે ખોટું પણ ન હતું. ગામમાં કોઇ રંગીલો છેલ આવ્યો હોય તો એને મળ્યા વગર એ રહ્હેતી નહી. પોતાને માથે ધણી આવો હોય ત્યારે આવું હોય પણ ખરું!—એમ એના મનમાં રહ્હેતું. કોઇ વાર એવું પણ ઇચ્છતી કે “ક્યારે ધણી મ્હોટો થાય અને હું આ જંજાળમાંથી છુટું?” ધણીને મ્હોંયે ગામની વાતો જતી, તે ચ્હીડાતો, વહુને મારતો, વહુ મારખાઉ થઇ ગઇ, કોઇક વખત તો સામી મારતી પણ ખરી, અને કોઇક વખત માર ખાતી ખાતી હસતી અને ક્હેતી કે “હા, મારો, મારો, મ્હેં માર ખાવો ધાર્યો છે તે ખા-ઇશ—બાકી હાથ ઉપાડું તો જાણો.”

ચંડિકા આ વહુથી ગાંડા જેવી થઇ ગઇ હતી. વહુને સુધારવા

દીકરાના કાનમાં ભરાઇ લાખ વાતો કરતી અને લાખ ઉપાય ખરા-ખોટા બતાવતી. વહુ એમ જાણતી કે સાસુ વરના કાન ભરવે છે, એટલે વરના કહેવાની કાંઇ અસર થવાની હોય તે પણ ન થતી. કદીક તો ધણી મારે તે પોતાના જારને કહી દેતી અને તે લોક નિશાળમાં અથવા રસ્તામાં હરિપ્રસાદને મારતા અને એની પાસે કબુલ કરાવતા કે હવે મારીશ નહી.

આ વહુ પિયર ગઇ હતી ત્યાં સુધી ચંડિકા સુખી હતી. હવે એ પાછી વિદ્યાચતુરને ઘેર પણ આવી અને ચંડિકાને ત્રાસ પડયો કે "વળી શી નવાજુની થશે?" એક દિવસ તો સઉ જમવા બેઠાં હતાં, માત્ર ગુણસુંદરી જમ્યાવિનાની પરસાળમાં કાંઇ કામ કરતી હતી, અને મનોહરી પરસાળની મેડિયે બાળક કુમુદસુંદરીને રમાડતી રમાડતી એના ઘરમાં છચોક ઉઘાડે સ્વરે ગાતી ગાતી મ્હોટા મ્હોટા હીંચકા ખાતી હતી:

"જાયછે જાયછે જાયછે રે આ જુવાની ચાલી જાય છે!
"પાણીનો રેલો ને આભલાની હારો જેવી—જુવાની ચાલી જાયછે. ।૧
"ન્હાનો નાવલિયો ને કજોડાની નારની—જુવાની૦
"પિયુ પરદેશ એવી રાંડી સમી માંડી તણી—જુવાની૦ ૨
"સાસુ સંતાપે ને માવડિયો કંથ, એની—જુવાની૦
"સધવા રુવે—રુવે વિધવાયે! એમ બેની—જુવાની૦" ૩

ગીત સાંભળી ચંડિકા જમતી જમતી અકળાઇ—પણ શું કરે? બોલે તો સેકડો જવાબ આપે એવી વહુ હતી. બીજાં બધાં ગીત સાંભળી હસવા લાગ્યાં ને એક બીજાના મ્હોં સામું જોવા લાગ્યાં. કામ કરતું મુકી ગુણસુંદરી પરસાળમાં પળવાર ઉભી રહી હડપચીએ હાથ દેઇ પળવાર વિચારમાં પડી. મનોહરીએ હજી ચ્હડે એવું ગીત ગાવા માંડ્યું અને એ ગીતમાં હીંચકાની સાંકળોનું ગાયન ભળ્યું.

"છીરવાય નહી રે છીરવાય નહી! માડી! જુવાની આ છીરવાય નહી!
"સહિયર સમાણી મ્હારી ચમન કરે ને નીકળી પડે મ્હારી આંખોરે માડી૦
"અદેખી નાર મને કરી કજોડે, મ્હારા ન્હાનડિયા કંથને દો ઝાંખો રે! મા૦૧
"વાયદો કર્યો ચાર વરસનો હુંકડો, થશે—જવાન એ—હું ઘરડી રે મા૦
"ઉછળે જુવાની, ના ડાટો દેવાય, વાળું મન હું મરડી મચરડી રે! મા૦" ૨

ચંડિકાથી સ્હેવાયું નહી. તે જમતી જમતી ઉઠી પરસાળમાં જઇ મેડીએ ચ્હડવા લાગી. ગુણસુંદરી એનો ગયેલો મીજાજ સમજી અને અટ-

કાવીને પોતે મનોહરીને શીખામણ દેવાનું માથે લેઇ ચંડિકાને પાછી જમવા મોકલી. ઉપર ગીત મેળે બંધ થયું, પણ મનોહરી કુમદસુંદરીને બે હાથે ઉંચી કરી કુદાવતી હતી, વારંવાર ચુંબન કરતી હતી; અને હીંચકા પ્હીંડો સુધી ખાતી હતી. ગુણસુંદરી ઉપર ચ્હડી દાદરમાં ઉભી ઉભી પળવાર જોઇ રહી. મનોહરીની પુઠ હતી એટલે એણે એ જાણ્યું નહી અને તાન લાગ્યું હતું તેમાં મચી રહી. એટલામાં એના હાથમાં ઉંચી થયેલી કુમુદસુંદરીએ માને ઓળખી, હશી, પગ નચાવી, કીલકીલાર મચાવી મુક્યો, ને મા ભણી હાથ લાંબા કર્યા; તે જોઇ મનોહરીએ પાછું જોયું. પોતે ગાયેલું કાકીજીએ સાંભળ્યું હશે એવું ભાન આવ્યાથી ગુણસુંદરીને જોતાં જ મનોહરી શરમાઇ ગઇ, અને તરત ઉભી થઇ કુમદસુંદરીને રમાડતી રમાડતી સામી ગઇ. એ શરમાઇ તે એના ગાલ ઉપર આવેલા રંગથીજ ગુણસુંદરી સમજી ગઇ. એની આંખમાં શરમ છે તે સમજણ છે અને તે છે ત્યાં સુધી ઉપાય હાથમાંથી ગયો નથી એવું ધારી એ હરખાઇ. પોતે એના કરતાં પાંચ સાત વર્ષેજ મ્હોટી હતી એટલે સહીપણાંના ભાવથી વાત કરી શકે એમ હતું. સરખી વયનાં માણસથી ઉપદેશ થાય છે એટલો બીજાથી થતો નથી. વહુ ગમે તેટલી બગડી હશે તોપણ બુદ્ધિશાળીને ઉપદેશ સમજતાં વાર નહી લાગે, અને એના ઉપર પ્રીતિ રાખી કહીશું તો ધીમે ધીમે સારા ગુણનો એને પટ બેસશે એ વિચાર ગુણસુંદરીને થયો. વળી એણે એવો પણ વિચાર કર્યો કે “આને મ્હોયે એના દોષ “કહી બતાવશું અને વાંક ક્હાડીશું તો એને એકદમ નહી વસે અને “બાળક છે એટલે ઉલટો સામો ભાવ બંધાશે; માટે હાલમાં તો એના “સામા ન થવું, એનાં થઇને વાત કરવી, અને એની મેળે જ પોતાની “સ્થિતિનો વિચાર કરી ઉપદેશ લેઇ લે એવું કરવું. આપણે ન ક્હેવું, “પણ એની પાસેથી ક્હેવડાવવું. લોકરૂઢિએ કજોડું બાંધ્યું, જવાનીએ “પોતાનું કામ કર્યું, બાળક ધણીએ છોકરવાદી કરી, અને ચંડિકા“ભાભીએ પોતાના સ્વભાવ પ્રમાણે કામ કર્યું! વહુ બાપડી શું કરે? “એને કોઇ સારે માર્ગે ચ્હડાવનાર ન મળ્યું, ઉછળતી જવાનીના “છાકે બુદ્ધિને જે રસ્તે ચ્હડાવી તે રસ્તે ચ્હડી. પણ—આખરે ડાહી “છે—સુધરે એવી છે,” મનોહરીએ પોતાના સામું જોયું એટલામાં એને જોઇ ગુણસુંદરીએ આટલા વિચાર કર્યા અને હીંચકેથી ઉઠી એ સામી આવી એટલે પોતે પણ ઉપર ચ્હડી અને ઉમળકો આણી હસતી હસતી બોલી “વહુ, તમારો રાગ તો સારો છે; શું ગાતાં “તાં એ?”

મનોહરી ફરી શરમાઇ અને કેડમાંની કુમુદસુંદરી સામું જોઇ ગુણસુંદરીને કહેવા લાગી: “ એ તો કંઇ નહી—અમસ્તું–સ્હેજ-જરી” સાસુને રોકડા ઉત્તર આપતાં ડરતી ન હતી તે કાકીજી સાથે બોલી પણ ન શકી, અને મનમાંથી લેવાઇ ગઇ. છુટા રહેલા હાથની હાથેલી વીંઝી આંગળાં ખીડી દેઇ મનમાં જ બોલી: “ બળ્યું, કાકી-
“ જીએ ક્યાંથી સાંભળ્યું આ ? હું શું કહું એમને ? ” ગુણસુંદરીના ગુણે એને જીતી હતી તેનું એને ભાન હતું. બુદ્ધિમતી હતી માટે જ તે જીતાઇ હતી. ચંડિકામાં ગુણસુંદરીપણું ન હતું માટેજ મનોહરી એનાથી ન સુધરતાં બગડી હતી. મનોહરી હીંચકેથી ઉઠી, બાળકને રમાડતી રમાડતી—ચુંબન કરતી કરતી— અને છાતી સાથે ડાબતી ડાબતી, ગુણસુંદરીની પાસે આવી, અને પોતે ગાયું હતું તે વાત ઉડાવવા બોલી: “ કાકીજી, આટલી સરખી છોકરી કેવી તમને ઓળખી ગઇ ?
“ પણ તમે તો એના સામું યે જોતાં નથી ! કેવી પાંખડી જેવી છે ?
“ વ્હાલ ન આવતું હોય એવાંને પણ વ્હાલ આણાવે એવી છે ! ”

ગુણસુંદરી અને મનોહરી બે જણ હીંચકે જઇ બેઠાં અને ગુણસુંદરીએ મનોહરીને ફલાવી ફલાવી વાતો કહડાવવા માંડી. વાતો કહડાવતાં કહડાવતાં તેની મનોવૃત્તિ સાથે અથડાય નહી એવો ઉપદેશ થોડો થોડો કર્યો. આખરે એ ઉપદેશ સફળ થતો હોય એમ મનોહરી બોલી ઉઠી: “ કહો, કાકીજી, મ્હારો શો વાંક ? હું યે બાળક છું કની ?
“ પુછો સાસુજીને—કેટલી વાર એમણે એમના કાન ભરવ્યા છે ? મૂળ
“ તો “ કર્મે કજોડું-મ્હારે શ્યામજીડું ” જેવું મ્હારે કપાળે લખેલું જ
“ છે તે થયું, ને તેમાં વળી હવે જરી જરી છોકરવાદી મટવા માંડી
“ ત્યારે સાસુજી દીકરાને માવડિયો કરી નાંખે ! ત્યારે મ્હારે યે કંઇ હોંસ
“ હોય કે ન હોય ? બે પૈસાની કાંશકી મને આણી આપે તો તેટલું
“ સાસુજીથી ન ખમાય ને દીકરાને “ બાયલો ! બાયલો ! ” કરી મુકે.
“ બપોરે નીસાળેથી આવે ત્યારે ઘડીક પાણી પીવાને મેડિયે આવે તો
“ સાસુજીની આંખો ચ્હડી જાય ને બે જણને “ બેશરમાં—લાજ વગ-
“ રનાં—નફ્ફટ—નફ્ફટ ” કરી ફજેતી કરે. ત્યારે એમને કાંઇ વિચાર નહી
“ થતો હોય ? એમનો દીકરો ને મ્હારો ધણી તેની યે અદેખાઇ ! કોઇ
“ બીજાની સાથે વાત કરું તો તો બોલતાં યે ભલાં. પણ આ તો પો-
“ તાનું ન્હાનપણ જ જાણે ભુલી ગયાં હોય કેની એમ કરે છે. એતો
“ આટલાં મ્હોટાં થયાં—ને હું તો હજી ન્હાની બાળક છું. આ તમને

"કોઇ ક્‌હેશે કે ઘરનો ધંધો ઉપાડો, વૈતરું કરો, ને કાકાજી બ્હારનું
"વૈતરું કરે, પણ બે ઘડી બે જણાં બેઠાં હો ને આંખે આંખ મેળવી
"સાયતવાર વાતો કરો એવું કોઇથી ખમાય નહી તો તેની બે આં-
"ખોમાં બે આંગળિયો ઘોચી ઘાલિયે તો કાંઇ પાપ લાગે ખરું ? ક્‌હો હવે."
જમણા હાથની બે મ્હોટી આંગળિયો લાંબી કરી, જરીક કોપેલી દે-
ખાઇ, આંખો વિકસાવી, હોઠ મરડી, દાંત પીસી, ડોકું ધુણાવતી ધુણા-
વતી, ટટ્ટાર બેસી, મનોહરી ગુણસુંદરીની આંખો સામી આંખો કરી
તાકીને જોઇ રહી. એ દેખાવ જોઇ ગુણસુંદરી હસી પડી. હલકા લો-
કમાં ભમવા પામેલી અને છોકરવાદ મનોહરીને એવો વિચાર ન થયો
કે કાકીને આમ ન ક્‌હેવાય. ગુણસુંદરીને હસતી દેખી એ વિચાર થયો
અને ખસિયાણી પડી ગઇ. જો કાકીજીને ઠેકાણે સાસુજી હત તો ઝ-
ઘડો મચત અને કાકીજી શાંત રહ્યાં અને સહી ગયાં તે વિચારથી
ઓશિયાળી બની ગઇ અને જરા ફીકી પડી. હસતે હસતે ગુણ-
સુંદરી બોલી.

"ના, વહુ, તમે છો તો ખબડદાર. કેમ, બેટા, એમ જાણ્યું કે
"કાકીજીનું પોતાનું દૃષ્ટાંત આપિયે તો એમને ક્‌હેવાનું જ ર્‌હે નહી ?
"પણ, જુવો, તમારાં સાસુને તમારા કરતાં બે વર્ષ વધારે થયાં હશે
"તે વધારે સમજે, પણ એમને કાંઇ એમ જ વશ્યું હશે કે તમને કુળ-
"લાજ શીખવવી ત્યારે કાંઇ કહ્યું હશે. પણ, ચાલો, હવેથી હું એવું
"કરી આપું કે એ તમને કાંઇ ક્‌હે નહી—તો પછી તમે એવું કરશો
"કે તમને કંઇ ક્‌હેવા વારો જ એમને આવે નહી ?"

"ઠીક, એમનાથી જ કહ્યા વગર ર્‌હેવાશેસ્તો ! વહુને નહી ક્‌હે તો
"દીકરાને ક્‌હેશે. કાકીજી, તમે એમનો સ્વભાવ જાણતાં નથી. આ હું તમને
"વળગતી રહું તો એ એમ જ ક્‌હેવાનાં કે જા, કાકીજીને સાસુ ક્‌હે—
"મ્હારું શું કામ છે ? એમની આંખમાં તો શનિશ્ચર બહુ છે તે તમને
"ખબર નથી. ખબર પડશે ત્યારે જાણશો. મહાદેવના ગુણ તો ભયડો
"જાણે ને સાસુના ગુણ વહુ જાણે."

બહુબોલી વહુનું બોલવું સાંભળી, તેનું ખરાપણું મનમાં સમજી,
ગુણસુંદરી એને માથે હાથ મુકી હસતી હસતી બોલી: "પણ, વારુ,
"એ કોઇને મ્હોડે ન બોલે તો. ?"

"તો શું ? પણ એને શું ગમતું હશે તે મને શી ખબર પડે ?

"એમને તો હજાર કાલાવેડા કરવા તે મને સુઝે પે નહી ને પરવડે એ
"નહી. ને હું કાંઇ એમની બંધાયલી કે શું ? ના, એ કંઇ ન બને ! હું
"તો ઘણું ત્યારે તમારૂં કહ્યું કરૂં કે મ્હારી દાઝ જાણો છો."

"વારૂ, પણ મ્હારૂં તો કહ્યું કરશો કે નહી ?"

"હા જાવ, એટલું કરીશ. પણ તમે જાણો કે સાસુનું કહ્યું
"કરે તે થવાનું નહી. નહી—નહી—ને નહી. એમનું મ્હોં મને દીઠું ન
"ગમે. મને વીતાડવામાં બાકી રાખી નથી. તમે તો મને કાચે
"સુતરને તાંતણે બાંધો તો બંધાઉ, પણ સાસુ તો દોરડાંના બંધ બાંધે
"તેમાંથી ચસકી જાઉં, ને જોવા જેવું કરૂં તે વળી જુદું."

ગુણસુંદરીએ ધીમે ધીમે મનોહરિને હાથમાં લેઇ લીધી. ચંડિકાને સમજાવી સમજાવી પ્રથમ ઠેકાણે આણી. દીકરા વહુનો સંસાર જોઇને રાજી થવાની એને ટેવ પાડી. જુવાન છોકરાંની ભુલો ઠપકાથી નથી સુધરતી તેની ખાતરી કરી આપી. તેમને ઘટતી સ્વતંત્રતા આપવાનો સ્વભાવ પડાવ્યો. દીકરા પાસે વહુની વાત કરવી તો વખાણુજ કરવાં એવી રીત રખાવી. વહુને સુધારવી હોય તો મને ક્‌હેજો એટલે હું તમારૂં ધાર્યું પાર ઉતારી આપીશ એવું કહ્યું. ઘણા પ્રયત્નથી ઘણે દિવસે ગુણસુંદરી આટલું કરી શકી. મનોહરીને પણ પોતાની પાસેજ રાખે, પોતે બ્હાર જાય ત્યારે એને શૃંગાર સજાવી સાથે રાખે, એના જુવાન અભિલાષને થોડા થોડા પાર પાડે એટલે બાકીના અભિલાષ બ્હાર ન ક્‌હાડવાનું મનોહરી પોતેજ સમજે એમ કર્યું; જુવાનીની વાતો કરતાં તેને અટકાવે નહી; પણ તેમ જ "રસનું તે ચટકું—રસનાં કંઇ કુંડાં ન હોય" એ શાસ્ત્રની મર્યાદા બંધાવી; મનોહરી કોઇ પુરુષની વાતો કરવા જાય તો તે ન સમજે એટલી ચતુરાઇથી તે વાતો બંધ કરાવી, આડી વાતો ક્‌હાડી, એના પતિ હરિપ્રસાદની વાતો ક્‌હાડી, તેની ગુણપ્રશંસાના પ્રસંગ આણી, પતિવ્રતપણાના માર્ગ ઉપર લીધી; અને અંતે છકેલી મનોહરીનો છાક તો ન ગયો, પણ એ છાક પ્રથમ ઘરનાં માણસને ત્રાસ આપતો તેને ઠેકાણે તેમનો પક્ષ ખેંચનારો થઇ પડ્યો, અને બ્હારનાં કોઇ માણસ વિદ્યાચતુરના ઘરનું કાંઇ ખોટું બોલે તો તેટલીજ વાતમાં તે માણસો સાથે લ્હડવામાં આવી રહ્યો. હરિપ્રસાદનું શરીર જુવાની આવતાં ખીલ્યું ત્યાંસુધી મનોહરીની જુવાની સાંપની પેઠે ફુંફાડા મારતી હતી તેને ગુણસુંદરીએ ચતુરાઇથી વશ રાખી, અને વરકન્યા વયમાં અને શરીરમાં આવી મળ્યાં એટલે ગઇ ગુજરી વીસારી સુખી થાય એવો માર્ગ સવળો કરી આપ્યો.

ચંડિકા જે એક સમયે ગુણસુંદરીની ઓશિયાળી નથી એવું ખોટું ગુમાન રાખતી હતી તેને આવી રીતે ગુણસુંદરિયે ઓશિયાળી કરી નાંખી. ચંડિકા પોતાનું ગુમાન ભુલી ગઇ. જે ગુમાન જાળવી રાખવાનો એને આટલો મમત હતો તેની જાળવણી હવે માત્ર ભૂતકાળના સ્મરણમાંજ સમાઇ રહી, અને ભુલાયલું ગુમાન હવે માત્ર પશ્ચાત્તાપ સાથેજ સ્મરણમાં ખડું થતું. કોઇ પ્રસંગે તો એવું બનતું કે આવડમાં, ગુણમાં, અને ઉપકારમાં જેઠાણી બનેલી દેરાણી પાસે પોતાનું જેઠાણીપણું ભુલી જઇ દયામણું મ્હોં કરી ચંડિકા બોલી જતી. "હું તે તમારો "શો પાડ વાળું ? લોહીનો ગળકો ભુલી માત્ર દુધાધારી કોઇ થઇ જાય "એવા તમારા જેઠ થઇ ગયા છે. સાંડસામાં પકડાયલો સાપ સખનો "રહે પણ આ વહુ ડાબી ડબાય નહી ને પાતાળમાં રાખી હોય તો "ઉછાળો મારી આકાશમાં કુદી આવે તેને પણ તમે મદારીના સાપ "જેવી કરી નાંખી! હું તે તમારો શો પાડવાળું ? મ્હારો આવો નઠારો "અને આકળો સ્વભાવ—લ્યો, કહી દઉં છું— જરી અદેખો પણ "ખરો—એ સ્વભાવને પણ તમે બદલાવી દીધો. તમારા તે શા ગુણ "ગાઇયે ? તમારું નામ પાડનારનેજ ધન્ય છે!" ગુણસુંદરી હસતી હસતી બીજી વાત ક્‌હાડતી અને કદી ઉત્તર દેવો પડે તો એટલુંજ ક્‌હેતી કે "હું શું કરનારી હતી ? તમારામાંજ આટલો ગુણ કે તમે "સઉનો અર્થ સવળો લીધો. જો તમે બદલાયાં હો તો એ પણ તમારી જ "આવડ ને તમારી જ ભલાઇ!"

ગુણસુંદરીનો સંસારકારભાર હજી પુરો ન થયો. બે નણંદોની ચિંતા બાકીજ હતી. દુ:ખબા માબાપને હૈયાસગડી જેવી હતી. તેનો ધણી **સાહસરાય** હજી ગામપરગામ આથડતો હતો અને દુ:ખબાપર કાગળ સરખો લખતો ન હતો. તેમાં વળી કુમારી પરણવા લાયક થઇ હતી. ધીમે ધીમે ગુણસુંદરી દુ:ખબાની સહી જેવી બની ગઇ પણ એનું દુ:ખ કાપવું એ પૈસા વિના બની શકે એમ ન હતું અને વિદ્યાચતુરની ટુંકી આવક લાંબા કુટુંબખરચમાં વરી જતી તે પોતે જાણતી. તે સર્વનો વિચાર કરી પોતાના હાથમાંનો પોતાના ગજા પ્રમાણે ઉપાય શોધી ક્‌હાડ્યો. એક દિવસ **વિદ્યાચતુરને** સ્વસ્થ ચિત્તે બેઠેલો જોઇ દુ:ખબાની વાત ક્‌હાડી. **વિદ્યાચતુર** તે સર્વ સાંભળી રહ્યો અને કંઇ પણ આમાં કરવું જોઇએ એવું એને લાગ્યું. શું કરવું તે વાતમાં ગુણસુંદરીની પાસેથી જ સૂચના માગી.

ગુણસુંદરી આડું અવળું જોતી જોતી બોલી: "કુમારીનું લગ્ન

"કર્યા વિના તો ચાલે એમ નથી. કોઇ ક્હેતું નથી પણ આપણે
"સમજતાં નથી? આપણે આ કામ માથે નહી લઇયે તો કોણ લેશે?
"મને લાગે છે કે દેવું કરવું એ ઠીક નથી. પણ મ્હારું પલ્લું કોઇને
"ઘેર મુકી રુપિયા ઉપાડી લાવો તે તમારી પાસે ચારવર્ષે કાંઇ બચે
"ત્યારે પાછું લાવજો. એ બ્હાને સાહસરાયને પણ બોલાવાશે. રુપિયા
"આવે તે બધા લગ્નમાં નહી જાય, પણ થોડા બચશે તેમાંથી સાહસ-
રાયનું દેવું પતાવો."

વિદ્યાચતુર હસીને બોલ્યોઃ "ઠીક પલ્લું જ્યાં ત્યાં સરતું પડયું
છે! પલ્લું ગયું પછી તમે શું કરશો?"

આ પ્રશ્નથી ભવિષ્યકાળનો તર્ક ખડો થયો અને મનમાંથી કંપતી
કેડે હાથ દઇ ઉંચુ જોતી સ્ત્રી બોલીઃ "મ્હારું સૌભાગ્ય શાશ્વત હશે
"તો પલ્લાને શો ખપ છે? મ્હારું સૌભાગ્ય જ વાંકું હશે તો પલ્લું
"પણ વાંકું નહી થાય એમ કોણે કહ્યું? મ્હારે દુઃખના જ દિવસ
"લખ્યા હશે તો માણસની કારીગરી શા કામમાં લાગવાની હતી?
"પાપ કરતાં પાછું જોયું હશે તો દુઃખમાં યે ઈશ્વર કયાં આઘો થ-
"વાનો હતો? મ્હારી આંખ આગળ સુંદર ભાભીનું દૃષ્ટાંત કયાં નથી?
"માટે હું કહું છું તે કરો. તમે હશો તો લાખ પલ્લાં છે—તમે નહી હો
"એવો વિચાર તે હું શું કરવા કરું? તમારા પ્હેલી જ હું જઉં એવું
"શું મ્હારું ભાગ્ય નહી હોય? કોઇનું કલ્યાણ કરવા પ્રસંગે આપણા
"ભાવિનો વિચાર કરવો જ ન હોય!—ઉઠો—મ્હારા ચતુર!"

વિદ્યાચતુરને ઉદાર ભોજરાજા સાંભર્યો અને લાખ લાખ રુપિ-
યાનું દાન કરનાર રાજાને અટકાવનાર પ્રધાન સાથે રાજાને થયેલા
પ્રશ્નોત્તર સાંભર્યાઃ

> आपदर्थे श्रियं रक्षेत् । श्रीमतां कुत आपदः ॥
> कदापि कुप्यते दैवम् । संचितं किं न नश्यति ॥ १ ॥

વધારે પરીક્ષા કરવા પ્રશ્ન ક્હાડ્યોઃ "ભાવિને પડતું મુકો, પણ
"વર્તમાનનો વિચાર કર્યો? પલ્લા શીવાય બીજા દાગીના કરવા મને મળ્યા
"નથી અને શરીર ઉપરના બધા સોળ શૃંગાર ઉતારી આપશો તો
"પ્હેરશો શું?"

ભણેલી અને બીજી રીતે ડાહી સ્ત્રિયોને પણ અલંકાર વ્હાલો
હોય છે અને તે પ્રમાણે ગુણસુંદરીને પણ હશે એવું વિદ્યાચતુરે સ્વ-

ભાવિક રીતે ધાર્યું. તેની ધારણા બર ન આવી.

"ઓ હો હો હો હો! તમે મને હજી સુધી ઓળખી નહી હોય "એ તો મ્હેં આજ જ જાણ્યું. મને ઓળખી નહી! એ તો મ્હારા ચતુરની ચતુરાઇમાં ખામી આવી હોં!"

"શું ઓળખી નહી?"

"તમે શું એવું જાણ્યું કે બીજી સ્ત્રિયોપેઠે હું પણ સોનારુપાની "સગી છું? ના, રજ પણ નહી. અલંકાર પ્હેરવા તે શું કરવાને? "લોક આપણને શણગરાયલાં દેખી ખુશી થાય એટલા માટે? ના. "ત્યારે શું આપણા શૃંગાર આપણે દેખવા હતા? ના. આ હું અલં- "કાર પ્હેરુ તે એટલા માટે કે મ્હારામાં કંઇ રૂપગુણની ખામી છે "તો તેને સટે આવું પ્હેર્યાથી મ્હારો ચતુર કંઇ સંતોષ પામે છે?"

"ત્યારે હવે સંતોષ આપવાની કંઇ ગરજ નથી?"

"ગરજ નથી તો કેમ કહેવાય? પણ દુઃખબા બ્હેનને સારુ આ "કામ કરવું પડે એ તો મ્હારો અને તમારો બેનો ધર્મ છે, અને ધર્મ- "પ્રમાણે વર્તવું એથી તમને જેવો સંતોષ વળશે એવો બીજાથી નહી "વળે એ તો પરિપૂર્ણ જાણું છું! બોલોજી! હવે ક્યાં બાંધશો? હવે "કબુલ કરો કે હું મ્હાત થયો અને તું જીતી!"

"પતિને જીતવો એ પત્નીનો ધર્મ ખરો?"

"બધામાં નહી, પણ સ્નેહમાં ને રમતગમતમાં ખરો! સાંભરતું "નથી રતિનું વાક્ય કે

"स्मरसि स्मर मेखलागुणे- ।
रुत गोत्रस्खलितेषु बन्धनम् ॥ ?

"અલંકાર વગરની લુખી પુખી રૂપ વગરની પણ હું તમારી રતિ અને "તમે મ્હારા કામ! તમને તો જીતવા ને બાંધવા-જ! સમજ્યા? મ્હારા "ચતુર!—તમારું નામ દેતા દેતામાં તમને જીતું છું!"

ગૃહસંસારની વાતો શૃંગાર કથામાં સંક્રાંત થઇ ગઇ; એ સંક્રાંતિ- પ્રસંગે અનેક વિનોદપ્રસંગો દૃષ્ટિગોચર થયા, અને વિદ્વાન ચતુર અને રસિક ગુણિયલ સાથે વાર્તાવિહાર કરતું પતિનું અંતઃકરણ પળવાર સર્વ પ્રસંગતું સાક્ષિ બની જઇ, જુદું પડી, ગુણિયલના મુખ સામું અનિ- મિષ નેત્રદ્વારા જોતું જોતું, સ્મરતું કે,

कार्येषु मन्त्री करणेषु दासी ।
भोज्येषु माता शयनेषु रम्भा ॥

मनोनुकूला क्षमया धरित्री ।
गुणैश्च भार्या कुल मुद्धरन्ती ॥ *

"ભાર્યા એટલે ભાર ઉપાડનારી—મ્હારા કુટુંબને હાથમાં લેનારી—
"છાતી સરસું રાખનારી—તે તું જ—ગુણિયલ—તું જ! ત્હારાથી આ
"કુટુંબ કુટુંબજેવું સુખી અને સંપીલું છે—ત્હારાવિના તે કાંટાની
"પથારી જેવું હોત!"—આ વિચાર પળવાર ઉઠી આવ્યો અને દમ્પતીની વિનોદવાર્તામાં વિઘ્નકર જેવો થયો, અને એવાં એવાંજ વિઘ્ન ઉત્પન્ન કરવામાં સાધનભૂત થતી ત્યારે ગુણસુંદરી પોતાને કૃતકૃત્ય થઇ માનતી.

દુઃખબાની બાબતમાં કાંઇ રસ્તો કૂહાડવો એવું વિદ્યાચતુરના મનમાં પણ થયું. વિનોદ કરવાને તેમ સ્ત્રીની પરીક્ષા કરવાને તેણે આટલા પ્રશ્નોત્તર કર્યા છતાં શું કરવું તે વીશે તેણે મનમાં નિશ્ચય કરતાં વાર ન લગાડી. સ્ત્રીની સાથે ખુલ્લા મનથી વાત કરવામાં પોતાના મનથી કાંઇ બાધ ન હતો, પરંતુ એની બુદ્ધિ કેટલે સુધી પ્હોચે છે અને હાલ જેટલું બોલે છે તેટલું કરવાનો પ્રસંગ આવતાં એનું ચિત્ત ક્હેવું ર્‌હેછે તે જાણવામાં પોતે ગમત માનતો. આથી પોતાના મનની વાત ન કરતાં વિદ્યાચતુરે ગુણસુંદરી જેટલું કરે તેટલું કરવા દેવાનો માર્ગ પકડ્યો. માત્ર પ્રસંગે પ્રસંગે તેને ગુંચવારામાં નાંખે એવી હરકતો બતાવવી અને તેમાંથી તે કેવી રીતે છુટે છે એ જોવું, એટલું જાતે કરવાનું ધાર્યું.

ગુણસુંદરીએ કુમારીનું લગ્ન કરવાનું ધાર્યું અને પતિની સંમતિથી ઘરમાં સઉને તે વાત કરી. બધાંયે એને સાબાશી આપી, પણ માનચતુર અકળાયો. સાહસરાય આથડતો ફરે અને વિદ્યાચતુરને બીજાં લફરાં ઓછાં હોય તેમ આ લફરું પણ એણે વ્હોરવું એ ડોસાને ગમ્યું નહી. ડોસી સુવાની બ્હીક નહી, પણ જમનો રસ્તો પડવાની બ્હીક. હજી તો ચંચળનાં પણ છોકરાં પરણવાનાં બાકી હતાં. ડોસો ગુણસુંદરીને ખીજી પડ્યો. "ગુણસુંદરી, તમને તમારી દયા નથી. હજી તો
"બાળક છો અને ઘણો વિસ્તાર તમારો પોતાનો વધશે. વિદ્યાચતુરની
"કમાઇ હજી લાખે લેખાં કરિયે એટલી નથી, અને આજથી વ્યવહાર

---

* ભાર્યા—સ્ત્રી—તે કોણ? કાંઇ કાર્ય સાધવું હોય ત્યારે જાણે રાજાનો મંત્રી! કાંઇ કામમાં સાધનભૂત થવું હોય ત્યારે દાસી! ભોજનસમયે માતા શયનપ્રસંગે કેવી ચતુર અને તત્પર?—જાણે રંભા અપ્સરા જ! મન જાણી લેઇ તેને અનુકૂળ થઇ જનારી, પૃથ્વી જેવી ક્ષમાવાળી, ગુણવડે ભાર ઉપાડનારી, અને કુળનો ઉદ્ધાર કરનારી.

"વધારી મુકશો તો આગળ જતાં પ્હોચાશે નહી. આજ એકને કરશો "ને કાલ બીજાને નહી થાય તો એકને કર્યું ધુળ મળશે ને બીજાની "વખત ગાળ ખાશો. માટે આ કામ કરવું પડતું મુકો, જે વાતની "સાહસરાયને ચિંતા નહી તેની તમે શી બાબત કરો છો? તમને "જસ વ્હાલો છે તેમ જસ જાનગરો પણ છે. જસ વ્હાલો કર્યાથી "આપણાં ઘરમાં કાંઇ રંધાય નહી. જો તમને ઘણું લાગતું હોય તો "ફુહો દુઃખબાને અને સાહસરાયને બોલાવો. પણ ઘરનાં છૈયાં ઘંટી "ચાટે ને ઉપાધ્યાયને આટો એ કામ કરશો તો મ્હારે તમારે નહી "બને. દીકરીઓ માવરોને વ્હાલી હોય તે દીકરાનું ચોરી ચોરી દી- "કરીનું ઘર ભરે, તે ભોગવે જમાઇ ને દીકરિયો પાછી આપણે ને "આપણે કપાળે ન્હોટી હોય તે આવે. તમારી સાસુને તમે આથી "વ્હાલાં લાગશો, પણ મને વ્હાલાં થવું હોય તો મ્હારો દીકરો રાત- "દિવસ પગ ઘસી શેર આટો લાવે છે તેની દયા આણો. નણંદો આ- "પણે બારણે ધાન ખાવાની અધિકારી, પણ ભાણેજાં પરણાવવા બે- "સિયે તો દૈવ રુઠ્યો સમજવો."

ડોસો આમ અકળાયો તે વખત દુઃખબા સુદ્ધાંત આખું કુટુંબ હતું. ડોસો આટલું બોલ્યો છતાં દુઃખબા બોલી નહી કે "તમે આ- "ટલી ચિંતા શું કરવા કરો છો?" તે સ્વભાવે ગરીબ હોવા છતાં અતિ દુઃખને લીધે લોભી અને સ્વાર્થી બની હતી. સાહસરાયને હર- કત આવવા છતાં પોતાનું પલ્લું તેને આપ્યું નહી અને પિયર આવી હતી. ભાઇભોજાઇને ઘેર રહેવામાં તેના મનથી પાડ વસતો ન હતો. ભાઇભોજાઇ આટલી કુમારીને પરણાવી આપે તેવાં છે તો પરણાવશે એવું ધારી વિવેક સરખો પણ કરતી ન હતી કે "તમે આ ભાર શું "કરવા ઉપાડો?" ડોસાના બોલ એ સાંભળી રહી. એમ જ જાણ્યું કે વખત છે હું વિવેક કરવા જઇશ ને ગુણસુંદરી ડોસા ભણી ઢળી પ- ડશે. દીકરિયોને ખવરાવી દેવાનો આરોપ સાંભળી ધર્મલક્ષ્મીને જરી ક્રોધ ચ્હડ્યો, પણ ડોસાને ચ્હડેલો ક્રોધ દેખી ગમ ખાઇ ગયાં. બીજાં બધાં આતુરતાથી જોઇ રહ્યાં કે ગુણસુંદરી શો ઉત્તર વાળે છે. સઉની આંખો એના ઉપર વળી.

ગુણસુંદરી વૃદ્ધ શ્વસુરનો ઠપકો ગંભીર મુખથી સાંભળી રહી, તે બંધ પડ્યા એટલે, મધુર મધુર હસતી હસતી બોલી: "વડીલનું કહેવું "અમે ક્યારે ઉથામિયે છિયે જે? કુમારી બ્હેન પરણે તેનું ખરચ "ક્યાંથી કરવું તેની ચિંતા અમે સ્ત્રિયો શું કરવા કરિયે? તમે છો—

"સાહસરાય છે—બધા છો—જેમ ઠીક લાગે તેમ કરજો. પણ સા-
"હસરાયને બોલાવવામાં કાંઇ તમારે વાંધો નથી, તેમ વર શોધી ક્-
"હાડી નક્કી કરી મુકિયે તેમાં પણ તમારે કાંઇ વાંધો નથી. લગ્ન
"ઠરશે તે ઉપર ક્હેશો તે ઘરમાં સમારંભ કરીશું. તમારે પાંચે
"આંગળિયો સરખી છે—કોના ઘરમાંથી ખરચ કરવું તે ઠરશે તે પ્ર-
"માણે થશે. આજથી એનો વિચાર શો ? ક્હો, હવે કાંઇ વાંધો છે ?"

ડોસો વિચારમાં પડી બોલ્યો: "ના, એટલું કરવામાં કાંઇ હર-
"કત નથી. પણ તમારી ચતુરાઇ હું સમજું છું તે સરત રાખજો.
"મ્હારે પાંચે આંગળિયો સરખી નથી—બધી મ્હોટી ન્હાની છે ને
"જેનું કામ તે જે કરે. એ બોલથી હું આગળ ઉપર બંધાયલો રહું
"એમ ન સમજશો."

"અમારાથી તમે તે કંઇ બંધાવાના છો ? ને તમને બાંધિયે એવું
"અમારાથી થાય પણ ખરું ? અમારે તો તમારી પરવાનગી જોઇયે
"તે તમે આપી એટલે થયું !" ગુણસુંદરી હસતી હસતી કામે વ-
ળગી, સઉ વેરાઇ ગયાં અને ડોસો એકલો બેઠો બેઠો વિચાર કરવા
લાગ્યો: "આ વહુ જેવી કુલીન તેવી જ ચતુર છે. એના આગળ
"મ્હારું ચાલવાનું નથી. ધાર્યું છે તે પાર ઉતારશે. મ્હારાથી ના
"ક્હેવાય નહી એટલી વાત અત્યારે મ્હારી પાસે કબુલ કરાવી
"બાકીની વાત પડતી મુકી—અદ્ધર રાખી. ને વખત આવે એ કોણ
"જાણે શોયે ઘાટ ઉતારશે.—મ્હેં પણ ઠીક જ કર્યું કે નહી ?—એ
"બીચારી આટલું આટલું તણાઇ મરે છે ને આ બધાં ઢોર ભરાયાં
"છે તેમાંથી કોઇને ભાન નથી કે જરી વિવેક તો કરિયે ?—સાહસ-
"રાયને-ભાઇને-દેવું છે તે કંઇ ઝટ લેઇ આવે એમ નથી—ને લગ્ન તે
"ક્યાં થવાનું હતું ? એ જાણે છે કે ભાણેજનું ખરચ મામો જ ક્હાડે
"તો ! લખ્યું હશે દુ:ખબાને, અને દુ:ખબાએ ભાભીને ઉભાં કર્યાં
"હશે, ને ભાભી જસ કમાવા ઉભાં થયાં છે. પણ એ ભાભી સમ-
"જતી નથી કે આ તો આવ, કોવાડ, પગ પર—ની વાત છે. સ-
"મજે નહી એવું તો કંઇ નથી, પણ ઈશ્વરે એનું મન જ મ્હોટું કર્યું
"છે. મ્હારો દીકરો રત્નનગરીનો કારભારી હત તો આવું મન દી-
"પત—પણ—" ડોસો આવી વિચારપરંપરામાં પડી ગયો અને ધીમે
ધીમે મનની પ્રવૃત્તિ શાંત થઇ.

કુમારીના વરની શોધ ચાલી. એક દ્રવ્યવાન્ ડોસો દુ:ખબાને
ગમ્યો—તેના દ્રવ્યથી એનું મન લોભાયું. બીજો વર કજોડું પડે એવો

હતો, પણ **મ**નોહરીના દૃષ્ટાંતથી કજોડા ઉપર દુઃખબાને તિરસ્કાર આવ્યો હતો. **મ**નોહરિયે કહ્યુંઃ "જેના ભોગ હશે તે કજોડું જોશે." વૃદ્ધ-વરની વાતમાં ગુણસુંદરી સામી પડી. "બ્હેન, ડોસો ને ડાબલો જોઇ "રળવાનું નથી. ભાયડાઓનાં શરીર સંસાર ચલાવવા જેવાં ઘણાં "વર્ષ સુધી રહેછે—પણ પચાશ વર્ષે તે પણ નકામાં પડેછે. ને આ "કળિયુગમાં સાઠ વર્ષનું આયુષ્ય. માટે વર પચાશ વર્ષનો થાય ત્યારે "દુનિયામાંથી ગયો સમજવો ને ત્યાર પછી એને પરણેલી હોય તે-"નોયે સંસાર વગર ગયે ગયો સમજવો. વર સાઠ વર્ષનો થાય ત્યાં-"સુધી દીકરીને ઢાંક્યો રંડાપો ને સાઠ વર્ષ પછી ઉઘાડો રંડાપો. માટે "એ વાત તો પડતી જ મુકવી."

ગુણસુંદરીને લક્ષમાં રહ્યું નહી, પણ સુતો સુતો **માનચતુર** આ સાંભળતો હતો તે આંખો ચગાવી એકલો એકલો જોઇ રહ્યો અને વિ-ચારમાં પડ્યો કે આવી આવી વાતો આ શી રીતે જાણતી હશે?

મનોહરીથી રહેવાયું નહી તે બટકબોલી હશી પડી અને ગુણ-સુંદરીનો ખભો ઝાલી, પોતાનો એક હાથ લાંબો કરી, વચ્ચે પડી, મ્હોટે સાદે બોલી ઉઠીઃ "ઉભાં રહો, ઉભાં રહો, કાકીજી! તમે આ "વાત ક્યાંથી જાણી?—ડાહી ડાહી વાતો કરો છો તેની ના નહી—પણ "આજ પકડાયાં—ક્હો જોઇયે! તમે આ વાત ક્યાંથી જાણી ગયાં?—

"પકડાયાં–પકડાયાં! કાકી! પકડાયાં! પકડાયાં!

"બોલો! બોલો! તે વગર બીજી વાત નહી કરવા દઉં."

દુઃખબાએ **મ**નોહરીનો હાથ વછોડ્યો અને ધમકાવી કહ્યુંઃ "ખશ, "આઘી! સમજ્યું અણસમજ્યું શું વચ્ચે બોલ બોલ કરેછે જે?"

"શું છે વળી? પુછિયે પણ નહી કે? આ લ્યો! કાકીજી બો-"લતાં નથી ને તમારે શું જે?"

"તે બોલતાં નથી માટે એમણે વાંક કર્યો? કંઇ વિચાર તો "ખરી! ભસવું જ સમજે છે કે કંઇ બીજી અક્કલ છે?"

વિચારમાં પડી **મ**નોહરી સમજી. ગુણસુંદરી હસી અને બોલીઃ "વહુ, પરણ્યાં ન હઇયે પણ જાને તો ગયાં હઇયે જો! તમારા જેવાં "કોઇ ક્હેનાર હોય ને તેને પુછવા જેવું હોય ત્યારે જરી પુછ્યું પણ "હોય એટલે જાણ્યું યે હોય!"

"ખા હવે! પુછ, પુછ, પુછીને સાર ક્હાડ્યો? તને કહી કહીને "જીભના કુંચા વળી ગયા કે આ કાકીજીને છેડીશ નહી તે છેડીને લેતી "જા હવે!"—દુઃખબા બોલી ઉઠી.

મનોહરી નરમ અને ઠંડી થઇ ગઇ, ને ધીમેથી બોલી: "હા,
"બાઇ, હા, બાળક છિયે તે જરી પુછિયે પણ ખરાં. તમે કહ્યું ત્યારે
"સમજ્યાં કે ન પુછાય તે હવે નહી પુછિયે. કોણ જાણે શું છે કા-
"કીજીમાં કે જરી બોલિયે એટલે મ્હાત જ કરી દેછે. લ્યો પણ હવે,
"ફોઇજી, કાકીજીનું ક્હેવું ખોટું તો નથી. ડોસાના કજોડા કરતાં મ્હારા
"જેવું કજોડું સારું! ડોસાને પરણી રાંડે તેનો તો ઉપાય જ નહી—ને
"આ અમારું દુઃખ તે તો થોડા દિવસનું: વીશ બાવીશમે વર્ષે બે જણ
"આવી મળિયે ત્યાંસુધી દુઃખ ને પછી સઉ ભુલી જવાય! ને તમારો
"ડોસો તો પચાશ વર્ષનો થાય ત્યાંસુધી સંસાર ને પછી બાયડીને જ-
"ન્મારો ભટકવાનું! એના પઇસાને તે પછી શું બચકાં ભરવાનાં હતાં?
"એના કરતાં તો મ્હારે બહુ સારું!"

આ ઉઘાડી ના બોલવા જેવી પણ અણુસમજમાં બોલાયલી અને અનુભવની વાતથી સઉ સ્ત્રીમંડળ શરમાઇ ગયું, અને હસી પડ્યું, તેમ ખરી વાત સઉના મનમાં પણ એથી જ આવી ગઇ. કુમારીના કરતાં દશેક વર્ષે મ્હોટા અને સાધારણ સ્થિતિના છોકરા સાથે એનો વિવાહ કરવામાં આવ્યો.

સાહસરાય આખરે આવ્યો. કુમારીનાં લગ્ન થયાં. લગ્ન પ્હેલાં ગુણસુંદરીએ પોતાના અલંકાર ક્હાડી પતિને આપવા માંડ્યા, પણ તેણે લીધા નહી અને કહ્યું કે "આજથી કોઇને માલમ પડે કે ત્હારા અ-
"લંકાર ઉતારવા પડેછે તો સઉ હા ના કરે ને લગ્ન પ્રસંગે ત્હારે શ-
"રીરે કંઇ ન હોય તો આપણે પણ ઠીક ન દેખાય. હાલ તો સામન
"ઉધારે આણુવો છે. હીસાબ ચુકવવા દ્રવ્ય આપવું પડશે ત્યારે જોઇલેઇશું."

હીસાબ ચુકવવાનો પ્રસંગ આવ્યો ત્યાંસુધી ખરચ ક્યાંથી થાયછે તેનો કોઇયે પ્રશ્ન પુછ્યો નહી. ઘરમાંથી કોઇ એ બાબતની વાત જ ક્હાડે નહી. **સાહસરાય** એમ જ સમજ્યો હતો કે **વિદ્યાચતુર** સઉ ખરચ આપશે. ગુણસુંદરીએ **માનચતુરને** કહ્યું હતું કે તમારે ખરચ નહી કરવું પડે, ને ડોસો હમેશ ઉત્તર દેતો કે "જો જો તો "ખરાં!" પૈસા વીશે બે જણને ઉચાટ હતો, એક ગુણસુંદરીને અને એક ડોસાને. ગુણસુંદરીને એવો ઉચાટ હતો કે રખેને વિદ્યાચતુર મ્હારું પહેલું માગતાં આચકો ખાય! ડોસાને એવો ઉચાટ હતો કે રખેને આ ખરચનો ભાર વિદ્યાચતુરને માથે આવી પડે ને **સાહસરાય** બચી જાય! ગુણસુંદરિયે કબુલ કર્યું હતું કે "ખરચ તમારે માથે નહી પડે" એ-ટલી ડોસાને શાંતિ હતી, તોપણ તે એમ ધારતો હતો કે ગુણસુંદરી

આખરે છેતરાશે અને લોકલાજને માથે અથવા નણંદનણદોઇની દયાને લીધે એ ખરચ માથે પડ્યા વિના રહેવાનું નથી. "ખરચ તમારે માથે "નહી પડે" એનો અર્થ ગુણસુંદરીના મનમાં એવો હતો કે "તમારે "માથે નહી પડે—મ્હારે માથે લેઇશ—પલ્લું આપીશ;" અને આ અર્થની ભ્રાંતિ પણ ડોસાને હતી.

લગ્નની પૂર્ણાહુતિ થયા પછી કેટલેક દિવસે લોકો **વિદ્યાચતુર** પાસે આંકડા લેઇ આવવા લાગ્યા, અને ગુણસુંદરી તેમ જ **માનચતુર** બંને જણે તે વાત સરતબ્હાર થવા ન દીધી. એક જણ આંકડો આપી પાછો ગયો કે તરત ગુણસુંદરી મેડીપર ચ્હડી અને **વિદ્યાચતુરને** પુછવા લાગી કે તમે શો બેત ધાર્યો. વિદ્યાચતુર હસવા લાગ્યો અને બોલ્યો: "એ તો તમારે વિચારવાનું છે, મને શું પુછોછો ?"

ગુણસુંદરી મેડિયે ચ્હડી ત્યાંથી **માનચતુર** ચેતી ગયો કે આ માણસ આંકડો આપી ગયો તેની વાતચીત થતી હશે. આથી પોતે પણ ઉઠ્યો, અને કોઇ દિવસ દીકરાવહુની વાત સાંભળવા ઉભો રહેતો ન હતો તે આજ દાદર નીચે જિજ્ઞાસાથી ઉભો રહી, ઉત્કંઠિત* થઇ, કાન માંડી, ઉપર થતી વાતો સાંભળવા લાગ્યો.

વિદ્યાચતુરનો પ્રશ્ન **માનચતુરને** બહુ નવાઇ ભરેલો લાગ્યો, સમજાયો નહી. એટલામાં ગુણસુંદરીએ **વિદ્યાચતુરને** ઉત્તર દીધો.

"મ્હારા વ્હાલા, આજ તો તમે બરાબર બોલ્યા. કુમારીનું લગ્ન "થયું એ મ્હોટા ઉત્સાહની વાત. દુઃખણા બ્હેનને નીરાંત થઇ, અને "મ્હારું વચન પળે એટલે મને પણ નીરાંત થાય. ધન્ય ભાગ્ય મ્હારું "કે મ્હારા પલ્લાનો આ પ્રસંગે ઉપયોગ થશે."

માનચતુર નીચે ઉભો હતો તેણે પોતાની છાતીપર હાથ મુક્યો, હડપચી પર મુક્યો, અને અંતે તર્જની બેવડી કરી તેની બેવડમાં પોતાનો નીચલો ઓઠ પકડ્યો: "શું આ ખરચ ગુણસુંદરીના પલ્લામાંથી "નીકળે છે?"

એટલામાં **વિદ્યાચતુરનો** ચિંતાતુર જેવો સ્વર સંભળાયો: "એ "તો ધન્ય ભાગ્ય કહો કે હીન ભાગ્ય કહો; મ્હારી પાસે અત્યારે રોકડ નથી; તમારી હીમત ઉપર અને તમારા કહ્યા ઉપરથી આ ખરચ માથે લીધું છે."

માનચતુરે ઓઠ કરડ્યો, હાથ વીંઝયો, અને પગ પછાડ્યો: "ધિક્કાર છે આ દીકરાને કે વહુનું પલ્લું લેવા ઉભો થયો છે; અરેરે!

* કંઠ ઉંચો કરી, ડોક ઉંચી કરી, ઉત્કંઠા રાખી.

"મ્હારે કર્મે એક્કે દીકરો પરાક્રમી ન ઉઠ્યો! આ દીકરાની બાબતમાં "પણ હું છેતરાયો! મ્હારું કુટુંબ એક આ વહુથી ઉજળું છે, બાકી "બીજાં બધાં કુટુંબબોળું! અલ્યા પલ્લું!"

ગુણસુંદરીનો સ્વર સંભળાતાં આ ક્રોધમાં વિઘ્ન પડ્યું: "આપ "મને કંઇ તમે કહીને બોલાવો છો અને આમ નરમ થઇને બોલો છો "તે કંઇ નવાઇની વાત લાગે છે."

વિદ્યાચતુરે જરીક મ્હોં મલકાવ્યું: "ના, એ તો અમસ્તું. પણ "જો હું શું કરું? લોકની પાસે ઉધારે રકમ માગવા જઇએ અને કોઇ "હા ના ક્‌હે એટલે આપણી પ્રતિષ્ઠા કોડીની થઇ જાય. આજ સુધી "મ્હેં કોઇની પાસે કાંઇ માગ્યું નથી."

"ત્યારે તેમાં શું થઇ ગયું જે? આજ તો રાત પડવા આવી "છે, પણ કાલ હું દાગીના આપું તે વેચી આવો એટલે વગરમાગ્યે "અને વગર સપાડે બધી રકમ ઉભી થશે."

"શરીર ઉપરથી દાગીના ઉતરશે તે જગત જાણશે ને આપણી "સાખ કોડીની થઇ જશે."

"સારે કામે અલંકાર ઉતરશે તેનું પુણ્ય તમને છે, અને એ "પુણ્યે આથી સોગણા અલંકાર પ્હેરાવવાનો કાળ આવશે. બ્હેનને "સારુ આપણે અલંકાર ઉતારીશું તો આપણી પ્રતિષ્ઠા કોડીની મટી "કોટિલક્ષની થશે."

"પણ વેચવા જઇશું તો સોના સાઠ ઉપજશે."

"એટલી ખોટ ઇશ્વર પૂરી ર્‌હેશે."

"વ્યવહારની વાતમાં તે ઈશ્વર આપી ર્‌હેશે કહી કામ કરવું એ "ડ્‌હાપણ નહી."

ગુણસુંદરી હશી પડી. "ત્યારે તો નકામી જ વાતોમાં ઈશ્વ-"રને ફોસલાવવાના કે?"

વિદ્યાચતુર હાર્યો. "ના, પણ મને લાગે છે કે સઉ દાગીના "ગીરો મુકિયે."

"એમ કરો ત્યારે."

"પણ આ કામ જ કંઇ કરવા જેવું નથી."

"કેમ?"

"જગતમાં મૂર્ખ ઠરીશું."

"જગત જખ મારે છે. આપણે ક્યાં યશનેવાસ્તે કરિયે છિયે?"

"પણ ઘરમાં કોઇને ખબર પડી તો આ કામ કરવા નહી દે."

"એ વાતની ચિંતા ન કરવી. સઉ થઇ રહ્યાં પછી જ જાણુશે."

"પણ તમારા અલંકાર ઉતારવા એ મ્હારો ધર્મ નહી. હું બીજો "ગમે તે રસ્તો ક્હાડીશ."

"શું તમે મને તમારાથી જુદી ગણી ?" દયામણું મ્હોં કરી ગુ. ણુસુંદરિયે પુછ્યું.

વિદ્યાચતુર ઉભો થઇ બોલ્યો: "ના, ના, જુદી તો શું ? પણ "જોઇશું." તે કપડાં પ્હેરવા લાગ્યો.

ગુણુસુંદરિયે બેઠાં બેઠાં તેનો હાથ ઝાલી ઉભો રાખ્યો અને બોલી "ત્યારે જુદી નહી તો આ બીજું શું ?"

હાથ છુટો કરી અંગરખું પ્હેરતો પ્હેરતો વિદ્યાચતુર બોલ્યો: "ના, ના, એવા શા કુતર્ક કરે છે ? હવણાં તો જરા દરબારમાં જઇ "આવું છું. સઉ થઇ ર્‌હેશે—વખત આવ્યે."

ગુણુસુંદરી ઉભી થઇ, પાઘડી લેઇ આવી, અને તે પતિને માથે મુકતી મુકતી બોલી: "વખત બખત કંઇ આવવાનો નથી. સઉ વાત "કાલ્ય કરવાની છે. તમારે ચાલવાનું નથી."

"જોઇશું, જોઇશું"—વિદ્યાચતુર દાદર ઉપર ઉતરવા લાગ્યો. ગુણુસુંદરી તેના અંગરખાની ચાળ ઝાલી રહી અને ઉતરતો અટકાવ્યો.

"ના, તે "જોઇશું, જોઇશું" નહી. મ્હારા સમ ખાવ."

"મુક, મુક, નીચે વડીલ ઉભા છે તે જોશે."

ગુણુસુંદરિયે અંગરખું મુક્યું અને મુકતાં મુકતાં બોલી: "ઠીક, "હવણાં તો જાવ છો—પણ આખર મ્હારું જ ધાર્યું કરીશ. હજી "એક રાતનો આંતરો છે."

વિદ્યાચતુર દાદરપર ઉતરવા લાગ્યો. જતાં જતાં મનમાં બોલ્યો: "ઈશ્વરની કૃપા વિના સત્સ્ત્રી ક્યાંથી મળે! સત્સ્ત્રી હોય પણ આવી "કુટુંબવત્સલ અને સત્કર્મમાં આમ ધાર્યું કરનારી તે તો દુર્લભ જ! "ગુણિયલ! ત્હારા મનોરથ ઉંચા અને પરોપકારી છે, એ મનોરથ "પાર પાડવામાં ત્હારો આગ્રહ અને ત્હારું બળ અમને સઉને હરાવે "છે!"—"તું ધાર્યું કરનારી—તું સઉને ત્હારા ગુણુથી અને બુદ્ધિથી "અને કર્મથી સઉને જીતનારી!—તે મને મળી—માટે જ મ્હારા ઉ- "પર ઈશ્વરની કૃપા છે. દ્રવ્ય કરતાં, રાજપદવી કરતાં, ત્હારારૂપી ર- "ત્નના ધણીને અભિમાન કેમ ન ચ્હડવું જોઇએ?

"Sweet stream that winds through yonder glade,

સ્મરણશક્તિને હલમલાવી આ કવિતાનું અનુસંધાન સંભારી ક્‌હાડ્યું. નદીની ઉપમેય સત્સ્ત્રીનું ઉપમનન સંભારવા માડ્યું.

"Silent and chaste she steals along,
* * "With gentle yet prevailing force,
"Intent upon her destined course,
"Graceful and useful all she does,
"Blessing and Blest where'er she goes,
"Pure-bosomed as that watery glass,
"And heaven reflected in her face."*

"મ્હારી ગુણિયલ પણ આવી જ કલ્યાણમૂર્તિ છે !"

વિદ્યાચતુર ગયો.

ગુણસુંદરી નીચે ઉતરી ને માનચતુરે પુછ્યું.

"કેમ ગુણસુંદરી ! આ આંકડાવાળાઓ ફેરા ખાય છે તેનું ત-"મારી નણંદ પતાવશે કે નણદોઇ? ક્‌હેતાં'તાંની કે આપણે માથે "નહી પડે ?"

"ના જી, નહી પડે આપને માથે."

"ત્યારે કોને માથે પડશે? આંકડાવાળા મુકી દેવાના હતા ?"

"આપે પરિણામ થયે જોઇ લેવું. નણંદ નણદોઇ નહી આપે "ત્હોયે તમારા ઘર ઉપર ભાર નહી પડે." વધારે પુછાપુછ અટકાવવાના હેતુથી ગુણસુંદરી ચાલી ગઇ અને કામમાં પરોવાઇ.

ડોસો હડપચી ચંચવાળતો ઉભો રહ્યો.

"આણે હવે પલ્લું આપવું નક્કી ધાર્યું. એનું પલ્લું નીકળે એ-"ટલે મ્હારા ઉપર ભાર ન પડવાનો એવો એના બોલવાનો મર્મ સ-"મજવો. એ મ્હારી પાસે સાચું બોલી—કેમ જુઠું ક્‌હેવાય? સાચું "બોલી એણે મને છેતર્યો. એ પલ્લું આપવા ઉભી થશે એ કલ્પના "પણ કેમ થાય? કલ્પના ન થઇ તે હવે ખરું પડવા વખત આવ્યો. "એની કુલીનતાથી હદ વળી ગઇ. નણંદની દીકરી પરણાવવા ભો-"જાઇ આપ પલ્લું ક્‌હાડે એ અપૂર્વ વાત—જુની આંખે જોવાનો નવો "ખેલ ! હું એ થવા દેવાનો નથી. એ આટલી કુલીનતા બતાવે—"ઉદારતા બતાવે—ને મ્હારા ઘરનાં ગધેડાં તે સમજે પણ નહી ! પણ "હું યે સમજ્યાં છતાં ન સમજ્યા જેવો રહું તો હું તો ગધેડાનો "સરદાર !"

* Cowper.

"પલ્લું કરવાનો ધારો ઘરડાઓ કરી ગયા તે એટલા સારુ કે "ધણી ન હોય ત્યારે પલ્લાવાળી પગ ન ઘસે: આ રાંડ દીકરી! એનો "ધણી જીવતાં બશેરિયો ભાઇનો માથે પડી છે તો ધણી ન હોય તો"— એવું છેક અપશકુનિયાળ ન બોલવું ગણી ડોસો અટકયો. "એનું પલ્લું "એને શા કામમાં લાગવાનું છે? એનું પલ્લું અખમ રહે ને ગુણસું-"દરી કુમારીને પરણાવવા પલ્લું આપે! જો જો! બ્રહ્માને ઘેર અં-"ધારું વળી ગયું છે તે! ગુણસુંદરી ભુખે મરે તો સાહસરાય એને "ઝેર ખાવા કોડી સરખી આપવાનો હતો? અને દુઃખબાનું પલ્લું "અત્યારે ગુમડે ઘસી ચોપડવા કામનું નહી! એમ હું નહી થવા દેઉં!"

"આવો ધારો પડવા જ દેવો નહી! હજી તો ચંચળને પણ છો-"કરાં છે! એમનાં છોકરાંથી મ્હારું ઘર શું ઉઘડવાનું હતું? હજી "તો ગુણસુંદરી બાર વર્ષનાં બેઠાં છે! જો બીચારીએ પાપ કર્યું તે!"

ડોસો પોતાને ઠેકાણે ગયો. રાત્રે સઉ સુઇ ગયાં ત્યારે સાહસ-રાયને બોલાવ્યો અને ગુણસુંદરી એને સારુ પલ્લું આપવા ઉભી થઇ છે તે સમાચાર કહી ધમકાવ્યો. સાહસરાય શરમાયો, ગળગળો થઇ ગયો, અને બોલ્યો: "હું શું કરું? મ્હારી પાસે ઝેર ખાવા જેટલું "નથી? મને બહુ લાગે છે. તમે જે રસ્તો બતાવો તે પ્રમાણે કરું." ડોસાએ દુઃખબાનું પલ્લું ગીરો મુકી પૈસા આણવા કહ્યું. સાહસરાય નિઃશ્વાસ મુકી કહે: "એટલું મ્હારા હાથમાં હોય ત્યારે જોઇયે શું? "મ્હારી આબરુ સાચવવા માગ્યું ત્યારે પણ ન આપ્યું. જો એ પલ્લું "મને કામમાં આવ્યું હત તો મ્હારે આ વખત શું કરવા આવત? "બે આને તો શું પણ એક આની પતાવે એવા મ્હારા લ્હેણદારો "છે ને પલ્લું મળે તો હું કોઇની મદદ શીવાય ધંધો ચલાવું. જો "તમને આપે તો મ્હારી ખુશી છે." માનચતુરને સાહસરાયની દયા આવી અને "રાંડઅન્યાયી" દીકરી ઉપર તિરસ્કાર ઉપજ્યો. દીકરીને બોલાવી, ગુણસુંદરીના પલ્લાની વાત કહી, અને સાહસરાયને ધમકાવ્યો તેથી વધારે એને ધમકાવી પાણીછલ્લી કરી નાંખી. "રાંડ, "એક વિવેક તો કર!—તે લે એવી નથી—પણ તું વિવેકમાંથી પણ "ગઇ!—ક્યાં મુક્યાં છે ત્હારાં ઘરેણાં?"

દુઃખબા બોલી નહી.

ડોસો ખાવા ધાતો હોય તેમ બોલ્યો: "બોલવું નથી? કેમ? "ઉઠો, સાહસરાય, મને ખબર છે તે બધું લેઇ લઇએ છિયે."

દુઃખબા ભડકી, ઉઠી, અને જે પેટીમાં દાગીના હતા તે ઉપર

નજર ન જાય એમ તેની આડે ઉભી રહી. ડોસો ચેતી ગયો કે આ પેટીમાં દાગીના છે એટલે અચિંત્યો, આંખો ફ્હાડી, કુદ્યો, અને દુઃખબાનું ગળું ઝાલી, હોઠ પીસી બોલ્યો: “ કેમ, હાથે આપે છે કે અમે “ લઇયે ? ”

બ્હીનેલી દુઃખબાએ પેટી ઉઘાડી સઉ દાગીના બાપના હાથમાં મુક્યા. સસરો જમાઇ તે લેઇ ત્યાં આગળથી ચાલ્યા ગયા. દુઃખબાએ આખી રાત રોવામાં ઉજાગરો કરી ક્હાડી. પ્રાતઃકાળે ડોસો અને સાહસરાય છાનામાના ગામમાં જઇ દાગીના ગીરો મુકી આવી દ્રવ્ય લેઇ આવ્યા.

આણીપાસ તે જ વખતે ગુણસુંદરીએ પણ પોતાના શરીરપરથી અલંકાર ક્હાડી વિદ્યાચતુરને આપ્યા અને વિદ્યાચતુરે તે લેઇ પોતાની પેટીમાં મુક્યા. અલંકાર વિના અડવી થયેલી પત્નીના સામું જોઇ રહ્યો.

“ ગુણિયલ ! આ અલંકાર ઉતારી ત્હારા મનમાં કાંઇ દુઃખ નથી “ થતું ? ત્હારા મ્હોંપર શોકની છાયા દેખાય છે, ત્હારા ગાલ ઉપર દુઃ“ ખના શેરડા પડ્યા છે; હશે, હવે ત્હારો મમત રહ્યો, જાણ્યે અ“ જાણ્યે અલંકાર આપવાનું બોલાઇ ગયું તે ત્હેં પાળ્યું. તમાચો મારી “ તું ગાલ રાતો રાખે છે. હશે, એટલાથી જ હું પ્રસન્ન છું. તું મ્હોંયે “ ક્હે નહી પણ મનમાંથીએ તને દુઃખ થાય એટલું હું ઇચ્છતો નથી. “ ચાલ, હું આટલાથી પ્રસન્ન છું—લે, આ અલંકાર પાછા પ્હેર ! એના “ વિના તું શોભતી નથી. ”

ગુણસુંદરી સ્મિતહાસ્ય કરવા મંડી ગઇ.

“ જો તમે ક્હો છો એવીજ મ્હારા મનની સ્થિતિ હત તો આ “ વચન દાઝ્યા ઉપર ડ્હામ જેવાં થાત એમાં ના નહી. પણ મ્હેં “ જે કર્યું છે તે તો તમને પણ પ્રસન્ન કરવા નથી કર્યું. મમત તો “ મ્હારે એટલો ખરો કે મ્હારું ધાર્યું કરવું, તે થયું. કુમારી પરણી “ અને તમને અલંકાર આપ્યા. એટલું મ્હેં ધાર્યું હતું તે થયું. આ “ કામ કંઇ તમારી ખુશામત કરવા ન્હોતું કર્યું. અલંકાર વિના હું શો“ ભતી નહી હઉં એ વાત તો ખરી હશે—રૂપ ગુણ વગરની સ્ત્રીને “ રૂપની ખોટ પુરી પાડવાને જ અલંકાર છે. પણ મ્હારા ચતુર ! “ ચતુર થઇ કેમ ભુલો છો ? આપણે તો છોકરવાદીમાં પરણ્યાં હતાં. “ તમે મ્હારા રૂપ ગુણને કે અલંકારને પરણ્યા ન્હોતા. એક મ્હારી “ જાતને પરણ્યા હતા. કદ્રુપી કે ગુણહીન જેવી તેવી તે હું જ—હવે તો

"જેવી તેવી હું, પ્રભુ, દાસી તમારી !
"કરુણાસિન્ધુ ! લ્યો જ નીભાવી !*

આ નાટક કરતી કરતી ગુણસુંદરી અતિશય સુંદર દેખાઇ. હાથે સૌભાગ્યકંકણ એ જ અલંકારમાં હતું; શરીરે સ્વચ્છ અને સુંદર એક વસ્ત્ર; પ્રાતઃકાળમાં કપાળે ચંદ્રલેખા જેવી આડ કરેલી તે જ; કેશ કંઇક ચળકતા અને કંઇક છુટા દેખાતા હતાઃ બાકી નખથી શિખ સુધી ગોરું લલિત અંગ—એકલે મ્હોંયે નહી પણ નખથી શિખ સુધી—સ્મિત કરવા લાગ્યું, મધુર મધુર હસતું લાગ્યું. ચળકતા ભવ્ય કપાળમાં, સ્નિગ્ધ આંખોમાં અને ચંચળ કીકિયોમાં, ખંજનવાળા ગાલમાં, મલકતા ઓઠમાં, જેમાંથી તેજના અંકુર ફુટતા હતા એવી દંતકલિકાઓમાં, અલંકારશૂન્ય લાંબી દેખાતી કમ્બુકંઠીની કોટમાં, કાંચળી વિનાના લાંબા કમળનાળ જેવા હસ્તના અવર્ણ્ય વિલાસમાં, સૂક્ષ્મ વસ્ત્રમાં ઢંકાઇ પાંખ ફફડાવતા ચક્રવાકની જોડ જેવા વિલાસી વિલાસસંજ્ઞાથી ભરેલા સૂચક પયોધરયુગલમાં, કૃશોદરમાં, વસ્ત્રપટમાંથી દીસી આવતા બન્ધુર ચરણાકારમાં, અને અન્તે પગની કોમળ પ્હાનીમાં પણ, સર્વત્ર પ્રસન્નતા પ્રસન્ન થઇ સ્ફુરતી હતી; અને તેનો ઉપભોગ કરનાર ચતુર વિદ્યાચતુર, જડપદાર્થના અલંકાર છોડી, ચેતન શરીર અને ગુણની મધુરતાનો રસ નિરંકુશ પ્રીતિથી પીવા લાગ્યો. એ ગુણસુંદરી સામું જોઇ રહ્યો, ઉભો થયો, અને ખભે હાથ મુકી, એના સામું જોતો જોતો મનમાં ગાવા લાગ્યોઃ

सितांशुका मंगलमात्रभूषणा ।
मम प्रसन्ना वपुषैव लक्ष्यसे ॥

અત્યંત બળથી હૃદયદાન દેઇ ગુણસુંદરીને પોતાના કબાટ પાસે લેઇ ગયો. કબાટ ઉઘાડી, અંદર રુપિયાની ભરેલી કોથળી દેખાડી, વિદ્યાચતુર હસતો હસતો બોલ્યો: "ગુણિયલ, ત્હારા ગુણની સીમા જોવાને અને અલંકાર વિના પણ એકલા રૂપગુણથી જ તું મને સુંદર "લાગે છે કે નહી તે જોઇ લેવાનું મન થવાથી આટલું કર્યું—બાકી "બ્હેનના ખરચ સારુ રુપિયા તો ઈશ્વરે મને આપેલા જ છે. ત્હારા "અલંકાર તો પ્હેર જ !"

શરમાતી શરમાતી પણ ભુજમંડળમાં લીન થતી આર્યાએ ઉત્તર ન આપ્યો.

---

* એક ભજન ઉપરથી.

આખરે અલંકાર પ્હેર્યા વિના જ નીચે ચાલી ગઇ. તે પછી થોડીક વારે માનચતુરે વિદ્યાચતુરને બોલાવ્યો અને લગ્નમાં શું શું ખરચ થયું છે, કોને કોને કેટલા રુપિયા આપવાના છે વગેરે તપાસ કરી, અને બધી હકીકત જાણી લીધી. જમી કરી વિદ્યાચતુર બ્હાર ગયો એટલે સાહસરાયને સાથે લેઇ, સઉને ઘેર જઇ વિદ્યાચતુરને નામે ડોસો નાણું ભરી આવ્યો અને ખાતાં પુરાં કરાવી આપ્યાં. જ્યારે કેટલાક દિવસ વીતવા છતાં લોકો ઉઘરાણી ન આવ્યા ત્યારે છેવટે તપાસ કરતાં વિદ્યાચતુરને માલુમ પડ્યું કે સાહસરાય અને માનચતુરે સઉના આંકડા ચુકવી દીધા છે. પોતાનું ધાર્યું સિદ્ધ થયાથી માનચતુરનો આત્મોદ્રેક તૃપ્ત થયો. એ સર્વ એના સ્વભાવપ્રમાણે થયું.

ગુણસુંદરીના કુટુંબમાં સર્વ વાતે હવે સિદ્ધિ થઇ અને એ કુટુંબનો સંસાર ચીલે પડ્યો. માત્ર કોઇ કોઇ પ્રસંગે કંઇ નવાજુની થતી હતી. જેમકે ગુણસુંદરીને સારુ કંઇ આણ્યું હોય તો કુટુંબનાં બીજાં માણસોમાં તણાઇ જતું. એનાં મ્હોટા મનને તેથી વિનોદ જ મળતો. પરંતુ આવી આવી સર્વ બાબતોથી માત્ર એકલો માનચતુર નાખુશ રહેતો રહ્યો. એ હમેશ ક્હેવત ક્હેતો કે "ડાહી વહુ રાં-"ધણાં રાંધે અને ડાહ્યો દીકરો દેશાવર ભોગવે." એને હવે સ્પષ્ટ લાગ્યું કે ગુણસુંદરીને આ જંજાળમાંથી છુટી કર્યા વિના સંસારનું ખરું સુખ એ ભોગવી શકવાની નથી. આટલી ન્હાની વયમાં વૃદ્ધ ડોસીપેઠે તેને સદા જંજાળમાં જ રાખવી એ કામ ડોસાને કૃતઘ્ન લાગ્યું.
"મ્હેં જુવાનીનું સુખ જોયું છે, સઉને સુખ ભોગવવા મન તો થાય
"પણ એ મ્હોટા મનની છે તે મનમાં આણે નહી. એને સારુ વેણી
"આણી તે મનોહરી લેઇ ગઇ, વીંટી આણી તે દુઃખબાએ પટકાવી,
"પલંગ આણ્યો તે ચંડિકાના રંગમ્હેલમાં ગયો—કર્કશાને આટલાં
"મ્હોટાં છોકરાં થયાં ત્હોયે પલંગ જોઇયે! અને એને સારુ કાચની હાં-
"ડિયો આણી ત્યારે મ્હારી ડોસલી દેવમંદિરમાં લેઇ ગઇ! બધાંને બધું
"જોઇયે—ગુણસુંદરી બ્હરડી તે એને કાંઇ જોઇયે નહી—એને કશાનું
"મન જ ન થાય! માનચતુરને ભાન જ નથી કે હવે સ્વતંત્ર ક-
"માઇ થઇ ત્યારે ભાઇના ઉપરથી ભાર ઓછો કરવો! ભાઇને કચરી
"નાખ! જુદો રહે તો એને ખોટું દેખાય એવી તો એની બુદ્ધિ! હવે
"તો કંઇ નહી, સાહસરાયે ધંધો કરવા માંડ્યો છે ત્યાં દુઃખબાને મો-
"કલી દઉંછું, અને હું આ બધાં ઢોરને હાંકી સાથે લેઇ જાઉં મનોહ-

"રપુરીમાં; ગામડું ગામ ને ખરચ પણ ઓછું, ને અહિંઆં આ "છુટી થાય. માટે એ તો સિદ્ધ ! હું નહી સમજું ત્યારે કોણ સમજશે."

માનચતુરે ધીમે ધીમે ધારેલું કામ પાર ઉતારવા યુક્તિઓ કરવા માંડી. પ્રથમ તો એ કામ કર્યું કે સાહસરાયને પરદેશમાં હરકત પડે છે એવું નિમિત્ત ક્‌હાડી દુઃખબાને એના પરિવાર સાથે વીદાય કરી દીધી; અને સાહસરાય રત્નનગરી આવ્યો હતો ત્યારે વાતચીતમાં સસરાપાસેથી બુદ્ધિ પામ્યો હતો તેનો ઉપયોગ કરી ધંધો ચલાવી શકતો હતો, એટલે દુઃખબા એને ભારે ન પડી. તે પછી સમજાવી સમજાવી ગાનચતુરને જુદો ક્‌હાડ્યો અને ગુણસુંદરીએ તેમ ન થવા દેવા આગ્રહ કર્યો તે નિરર્થક થયો. વિદ્યાચતુરની પાડોશમાં જ બીજું ઘર ગાનચતુરનું રખાવ્યું અને ગુણસુંદરીએ પોતાના ઘરમાંથી બન્યું એટલું રાચરચીલું તેમાં નીવડાવ્યું. એમ કરતાં કરતાં માનચતુરને શરીરે કાંઇ સહજ અસુખ ર્‌હેતું થયું તેનું નિમિત્ત ક્‌હાડી પાણીફેર કરવાને મિષે માનચતુર ધર્મલક્ષ્મીને તથા ચંચળને એના વિસ્તાર સાથે જોડે લેઇ મનોહરપુરી ર્‌હેવા ગયો. ગુણસુંદરીના ઘરમાં હવે માત્ર પોતાનું કુટુંબ તથા સુંદરગૌરી એટલાં જ રહ્યાં.

આવી રીતે પક્ષિયો પ્રાતઃકાળે ઝાડપરથી વેરાઇ જાય તેમ ગુણસુંદરીના ઘરમાંથી સર્વ જતાં રહ્યાં અને તે એકલી પડી. ઘણાક દિવસ તેને ઘર શૂન્ય લાગવા માંડ્યું અને ઘણીક વખત તે એકલી એકલી સઉને સંભારી રોતી. અનુકૂળ પડ્યે મનોહરપુરી જઇ આવતી પણ ખરી.

આમ એકલી પડી તે પછી પણ એને ઘણા ઘણા અનુભવ વીત્યા. કુમુદસુંદરી પછી બે વર્ષે કુસુમસુંદરી જન્મી. ત્યાર પછી એને કંઇ સંતતિ ન થઇ. પોતે જરા વધારે મ્હોટી થઇ ત્યાંસુધી પ્રસંગે એમ થતું કે એક પુત્ર હોય તો સારું. પણ સત્પતિ, સદભ્યાસ, સદનુભવ, અને સદ્‌બુદ્ધિને બળે એ અસંતોષ મટી ગયો. કેટલાંક વર્ષે એવાં વર્ષ આવ્યાં કે કુટુંબમાંથી એક પછી એક એમ સઉ માણસ ગત થવા લાગ્યાં. પ્રથમ ધર્મલક્ષ્મી, પછી ચંચળ, પછી ચંચળનાં સર્વ છોકરાં, તે પછી દુઃખબા, તે પછી ગાનચતુર, અને આખરે ચંડિકા: એ સર્વ માણસ ધીમે ધીમે યમરાજના નગર ભણી ચાલ્યાં ગયાં. જુદે જુદે પ્રસંગે તે સઉના મંદવાડમાં, મરણકાળે, અને તે પછીનાં ક્રિયાખરચને સમયે, ગુણસુંદરીને, કાળજું કઠણ કરી, રોતે રોતે એકલે હાથે કામ કરવું પડ્યું. હાલમાં વિદ્યાચતુર અને ગુણસુંદરી બે જાતે જ

રત્નનગરીમાં રહેતાં, કુમુદસુંદરી સાસરે જતી રહી, સર્વ ગયા છતાં વૃદ્ધ માનચતુર ઘણાક ઘા ખમી જીવતો હતો અને મનોહરપુરીમાં રહેતો હતો તેની ચાકરી કરવા વૃદ્ધાવસ્થાને આંગણે આવેલી સુંદર પણ મનોહરપુરી જ રહેતી હતી અને વેશકેશનો ત્યાગ કરી પૂર્ણ વિધવાવ્રત પાળતી હતી. હરિપ્રસાદે ભણવું છોડી નોકરી લીધી હતી અને કુટુંબની જંજાળ વધ્યાથી મનોહરી, છોકરવાદી છોડી, માણસાઇમાં આવી હતી અને પરદેશમાં રહી કાકીજી સાથે પત્રવ્યવહાર રાખતી અને એને જ માને ઠેકાણે ગણતી. આ સર્વે અનુભવથી ગુણસુંદરીનું હૃદય હતું તેના કરતાં હજારગણું કોમળ અને વત્સલ બની ગયું હતું. પાછલો કાળ તેની કલ્પનાશક્તિ પાસે તાદૃશ ખડો થતો, અને મૃત્યુના પડદા પાછળના અરણ્ય જેવા એકાંત ભાસતા પ્રદેશને વાસ્તે તેને તત્પર કરી રાખતો.

ભદ્રેશ્વર જવા સુવર્ણપુરથી આવનારી દીકરીને મળવા આતુર માતા, મનોહરપુરીમાં પોતાના ઉતારામાં ઉંચી ઓસરીમાં ઉભી ઉભી આથેની ભાગોળ ભણી નજર નાંખતી હતી તે પ્રસંગે પોતે, રત્નનગરીના ઉત્તમ પ્રધાનની પત્નીનું વર્તમાન પદ ભુલી, આવી આવી જુની કુટુંબવાર્તા હૃદયમાં ખડી કરી, “ મ્હારી આ બે પુત્રિયોને લલાટે પણ “ શા શા લેખ લખ્યા હશે અને જ્યારે આટલાં બધાં મ્હારાં માણસ “ મ્હારાં મટી ચાલતાં થયાં ત્યારે આમાં પણ કોને કોનું ક્હેવું ? ” એવા વિચાર કરી, આંખમાં ઝળઝળિયાં આણતી હતી અને એને આવકાર દેવા ઉતારાની આશપાશ તરવરતી ગરીબ વસ્તી એની આંખ આગળ ઝાંઝવાના જળપેઠે માત્ર તરતી લાગતી હતી.

પ્રકરણ ૬.

મનહરપુરીમાં એક રાત્રિ.

મનોહરપુરીમાં ગુણસુંદરીના ઉતારાનું મકાન ગામડાના પ્રમાણમાં મ્હોટું અને સોઇવાળું હતું. માનચતુરને વાસ્તે, સુંદરગૌરીને વાસ્તે, ગુણસુંદરીને વાસ્તે, અને ચંદ્રકાંતને વાસ્તે, સોઇદાર જુદા જુદા ઓરડા હતા. તે શીવાય રસોડાનો ખંડ, જમવાનો ખંડ, પાણીનો તથા ન્હાવાનો ખંડ, એ પણ નીરનીરાળા હતા. વળી પાછળ એક વાડો અને આગળની ઓસરી એ તો જુદાં જ હતાં.

જે વખતે સરસ્વતીચંદ્ર અર્થદાસની સાથે ઘાસમાં પડ્યો હતો તે વખતથી તે છેક સંધ્યાકાળ સુધી ગુણસુંદરી, ઓસરીના ઓટલાપર એક આડી વળી સીડી દીધેલી હતી તેને અઠીંગી, રસ્તાપર નજર કરતી, ઉભી હતી. હજી દિવસ બરોબર આથમ્યો ન હતો અને ગામ મ્હાર આઘે ઉંચાં ઝાડના શિખરઉપર સૂર્યનાં કિરણ પાછાં પગલાં ભરતાં જણાતાં હતાં. નીચે આવતી જતી વસ્તીના છુટા છુટા પ્રશ્નને તે ભાગ્યા તુટ્યા ઉત્તર આપતી હતી પણ તેનું ચિત્ત ભાગોળ ભણીનો માર્ગ અને પોતાના કુટુંબનો ભૂતકાળ એની વચ્ચે ફેરા ખાતું હતું. છેક સાયંકાળ પડ્યો અને ચારે પાસ અંધારાની પછેડી પથરાવા લાગી ત્યારે ગામને પાધરેથી બે સ્વાર દોડતા દોડતા આવતા જણાયા ને ગુણસુંદરીની આંખ ચમકી હોય તેમ તેમની જોડે દોડવા લાગી અને પોતાની પાસે પાસે આવવા લાગી. બધે ઠેકાણે માર્ગ મેળવી, સઉનું કૌતુક ખેંચતા ખેંચતા, એ સ્વાર આવી પ્હોચ્યા; અને પ્રથમ તેમના પોશાક ઉપરથી અને આખરે નજરે નજર મળતાં તેઓ ઓળખાયા. એ સ્વાર સુવર્ણપુર મોકલેલા અબ્દુલ્લા અને ફતેહસિંગજી હતા; છેક ઓસરી આગળ આવી ઘોડાપરથી જ ફતેહસિંગજીએ ગુણસુંદરીના હાથમાં ચીઠ્ઠી મુકી તે તેણે એકદમ ફોડી અને વાંચી.

"તીર્થરૂપ અખંડ સૌભાગ્યવતી માતુઃશ્રી,

"હું આજ સંધ્યાકાળે નીકળી કાલ સવારે આપના ચરણારવિં-
"દને ભેટીશ. સઉ સમાચાર સ્વારો ક્હેશે તેથી જાણજો. અત્રે મ્હારા
"તીર્થરૂપ શ્વસુરજી કારભારી થયા છે અને જુના કારભારી બદલાયા છે.
"મ્હારાં સાસુજીએ તથા નણંદે આપને બહુ બહુ બોલાવ્યાં છે. હું
"અત્રે છું તો સુખી, પણ મ્હારું હૈયું આજ ભરાઇ આવે છે તે કાલ
"તમને મળીશ ત્યારે ખાલી કરીશ. વડીલને અને કાકીને મ્હારા
"દંડવત્પ્રણામ ક્હેજો અને બ્હેનને આશીર્વાદ. પિતાજી તો રત્ન-
"નગરીમાં હશે."

"ચૈત્ર સુદ બીજ." "લા૦ ચરણરજ કુમુદના દં. પ્ર."

કાગળ વાંચે છે એટલામાં માનચતુર, સુંદરગૌરી, કુસુમસુંદરી, ચંદ્રકાંત વગેરે મંડળ ભરાઇ ગયું; કાગળ લેઇ ફરી ફરી કુસુમસુંદરીએ મ્હોટેથી વાંચ્યો, અને એક પછી એક એમ સઉએ વાંચી જોયો. ચંદ્રકાંતે પણ હાથમાં લીધો, અને આ અક્ષર સરસ્વતીચંદ્રના હાથમાં જોવાનો અભ્યાસ સરત આવતાં ઉકળતા અંતઃકરણમાં નિઃશ્વાસ નાંખી, પાછો આપ્યો. તેટલામાં ગુણસુંદરી એક પાસથી "હૈયું ભરાઇ આવે

"છે તે ખાલી કરીશ" એ શબ્દો મનમાં ફરી ફરીને આણી હજાર તર્ક કરવા લાગી, અને બીજી પાસથી સ્વારોને સુવર્ણપુરના, વ્હેવાઇના, જમાઇના, અને દીકરીના સમાચાર પુછવા લાગી. અંતે સ્વાર રજા લેઇ ચાલ્યા ગયા, રાત્રિ એકદમ જગત ઉપર તુટી પડી, ઠેકાણે ઠેકાણે દીવાઓમાં તેજ આવ્યું અને તેનો છિન્નભિન્ન પ્રકાશ સ્ફુરવા લાગ્યો. ચારપાસની વસ્તી ધીમે ધીમે રજા લેઇ વેરાવા લાગી અને પોતપોતાના ઘરભણી પ્રધાનપત્નીની સુજનતાની વાતો કરતી વળી. તેમનો અને છોકરાંનો કોલાહલ અંધકારમાં પળવાર ગાજી રહ્યો, અને થોડાકમાં શાંત થયો. રાત્રિ એકલી જ રહી લાગી. વાળુનો વખત થયો અને **માન**ચતુરે આજ્ઞા કરી કે આજ તો સ્ત્રીમંડળે પણ મ્હારી સાથે જ બેસવું કે ઘણે દિવસે એકઠાં જમવાનો લાભ મળે. સઉ વાળુ કરવા બેઠાં. એક ગરીબ માબાપ વગરની છોકરી ગુણસુંદરીએ ઉછેરી **મન**હરપુરીમાં મ્હોટી કરી હતી તે પણ પાસે બેઠી. **માન**ચતુરને ગામડાનાં ગીતોનો રસ હતો તેથી તેણે કહ્યું એટલે વાળુની સાથે તે છોકરીએ ગીત ગાવા માંડ્યું તેમાં સઉ લીન થઇ ગયાં.

"ગુણસુંદરીબા, સાંભળજો, દીકરી સાસરેથી સંદેશો ક્હાવે છે.

"જઇ ક્હેજો મા ને બાપ, દીકરી તમારી રે,
"મરી ગઇ સાસરિયામાંય પરદેશ નાંખી રે; જઇ૦ ૧
"નણદી દેછે મ્હેણાં રોજ, સાસુ સંતાપે રે,
"મ્હારો માવડિયો ભર્તાર કાળજ કાપે રે; જઇ૦ ૨
"ક્હાડું અંતર્‌ની હો વરાળ કોની પાસે રે?
"કરું હું કુવો કે તળાવ? મન મુઝાયે રે. જઇ૦ ૩
"મ્હારો જીવવામાં નથી જીવ; પણ ઓ માડી રે!
"તને મળવા તલસે જીવ, નથી તું જતી છાંડી રે. જઇ૦" ૪

કુસુદસુંદરીનો કાગળ મન આગળ તરતો હતો તેવી ઘડિયે આ ગીત ગુણસુંદરીને ચિત્તવેધક થયું. તેની આંખ સુધી આંસુ ઉભરાયાં અને મ્હેબાકળી જેવી તે થઇ ગઇ. "પરદેશ નાંખેલી દીકરીની આ "દશા! કોઇની પાસે મનની વરાળ ક્હાડવાની નહી! સુંદરભાભી, કુ-"મુદનો કાગળ વાંચ્યા પછી મારું કાળજું ક્હ્યું નથી કરતું. ગા, છો-"કરી, ગા." છોકરીએ જરા વધારે લ્હેંકારી બીજું ગીત ગાવા માંડ્યું અને તેની સાથે ગુણસુંદરીનું હૃદય વલોવાઇ જવા લાગ્યું, વીંધાઇ જવા લાગ્યું, અને તે શુમ્મ જેવી બની સાંભળવા લાગી. અન્નનો કોળિયો તેના હાથમાંનો હાથમાં જ રહી ગયો. છોકરી બોલી.

"માવડી! એક છોડી સાસરાની બારિયે એકલી બેઠી બેઠી પિય-
"રની વાટ ભણી જોઇ જોઇ નીસાસા મુકે છે ને રસ્તામાં જનાર
"સાથે ક્‌હાવે છે.

"મ્હારા પિયરનો આ પંથ, નજર ન પ્હોચે રે,
"મ્હારૂં હૈયું ઘડીમાં આજ પિયર ભણી દોડે રે. મ્હારા. ૧
"ઓ આ મારગ જનાર! પિયર મ્હારે જાજે રે,
"જઇ ક્‌હેજે મા ને બાપ, દીકરી સંભારે રે. મ્હારા. ૨

ગુણસુંદરીએ નિઃશ્વાસ ઉપર નિઃશ્વાસ મુકવા માંડ્યા.

"ઓ વાદળના ઉડનાર! પંખી! ઉડજે રે,
"મ્હારે પિયર પરવડી ત્યાં જ જઇ ક્ષણું ર્‌હેજે રે. મ્હારા. ૩
"પંખી બેસજે પિયરને મોભ મ્હોટે મળસ્કે રે,
"મ્હારાં માબાપ ચોકની મધ્ય ઉભાં હોશે રે. મ્હારા." ૪

ગુણસુંદરી ગળામાં રોતી સંભળાઇ.

"મ્હારા બાપ તે ચૌટે જાય, માવડી પુછે રે—
"પુછતા આવજે નક્કી આજ કે દીકરી સુખી છે રે? મ્હારા. ૫
"પુછી પુછી એવું મ્હારી માત ધ્રુશકે રોશે રે!"

ગુણસુંદરીથી રોવાઇ જ ગયું.

"પંખી અબોલડા! એવું જોઇ તુંયે રોજે રે. મ્હારા. ૬

"ગુણસુંદરી બા! હું અને કુમુદબ્હેન પણે ઓસરીમાં બેશી
"પ્હોર રોજ સાંજે આ ગાતાં'તાં ને હું એમને ક્‌હેતી હતી કે તમારે
"યે આ મુંબાઈ જવાનું આવશે ને માવતરથી નોખાં પડવાનું થશે."

કરુણરસની સીમા આવી. દીકરીની પરદેશમાં શી દશા હશે તે વિચાર સાથે સરસ્વતીચંદ્ર જેવા વરની હાનિ ગુણસુંદરીના મનમાં તરી આવી અને છોકરી પાસે છેલી બે કડિયો વારંવાર ગવરાવી અને તેની સાથે પોતે રોવાયું એટલું રોઇ.

કુસુમસુંદરી માની જોડે જમવા બેઠી હતી. આજસુધી દાદા જોડે બેસતી, પણ હવે એને બારમું વર્ષ ચાલતું હતું અને શરીર કન્યાવયમાંથી બ્હાર નીકળવા લાગ્યું તેમ તેમ મન પણ વધારે સમજણું થતું ગયું. આટલું વય થતા સુધી—કન્યાકાળ થવા આવતાં સુધી—એનું લગ્ન થવા વારો આવ્યો નહી અને તેને લીધે યુવાવસ્થાના પ્રભાતે તેનાં શરીર-શિખરને સ્પર્શ કર્યાવિનાનાં રાખ્યાં હોય એવું કંઇ થયું નહી. તેને માબાપે વિદ્યાદાન દીધું હતું છતાં મદને પોતાની કળાઓ એને શીખ-વવામાં રજપણ વિલંબ કર્યો નહી. પોતે મદનને શોધતી ન હતી, દીઠે

ઓળખતી પણ ન હતી, તેની કળાઓ શાને ક્‌હેવી તે જાણતી પણ ન હતી; છતાં અણદીઠો અણપરખ્યો મદન એની નાડિયે નાડીમાં અને રુવે રુવામાં અગોપ્ય તનમનાટ નિરંતર મચાવી મુકતો હતો. મુગ્ધ શૃંગારનાં પડ પડ એમનાં એમ ર્‌હેવા છતાં તેની અંદરથી આ તનમનાટ પ્રકાશ મારી ર્‌હેતો હતો. પરંતુ હજી સુધી સઉ ભુલાવો ખાતાં અને કુસુમસુંદરી ન્હાનપણમાં જેવી મસ્તીખોર, ઉચ્છૃંખલ, અને સ્વતંત્ર હતી, વગર શીખવી કળાઓ શીખવાની ખંતીલી હતી, અને ઉઘાડી અથવા ગુપ્તરીતે એ ખંતને લીધે હરેક નવી વાત જોતામાં, સાંભળતામાં, અનુકરણ કરતામાં, વિચારતામાં અને અનુભવી જોતામાં, શીખી જતી ત્યારે જ જંપતી તેમ હાલ પણ કુસુમસુંદરી નવે રૂપે એ જુના જ ગુણો જાળવી રહી છે અને તેનામાં કંઇ નવું દૈવત આવ્યું નથી એવી જ સઉને ભ્રાંતિ ર્‌હેતી. પરંતુ એ મદનદૈવત ચકોર કુસુમના કુમળા શિરમાં ભરાઇ ર્‌હેતું, એની પાસે સોડિયું વળાવતું, વધતાં અંગ સંકોચાવતું, લજ્જારૂપી હાથવડે એનો હાથ ઝાલી એને પાછો ખેંચી રાખતું અને એના શબ્દમાં મિતાક્ષરતાને અને ચેષ્ટામાં મર્યાદાને ભરતું. જોનારનો અભિપ્રાય પણ છેક ખોટો ન હતો; કારણ મદને એને ઝાલવા માંડી હતી તેમ પોતાના બાળપણને હજી એણે ઝાલી રાખ્યું હતું, અને તે ઉભયની સાંકળોને આધારે એ હીંચકા ખાતી હતી.

ગીતની અસરથી રોતી ગુણસુંદરીને દેખી, તેની અને સુંદરની વચ્ચે ભરાઇ બેઠેલી કુસુમસુંદરી ડોકું સઉથી દેખાય એમ બ્હાર ક્‌હાડી બોલી ઉઠી: "દાદાજી, જોયું કે? ગુણિયલની આંખમાં આંસુ "આવ્યાં ને રુવે છે!"

અચિંત્યા આ પ્રશ્નથી સઉની એકાગ્રતામાં વિક્ષેપ પડ્યો, અને વૃદ્ધ માનચતુર વ્હાલી પૌત્રીના ઓઠમાંથી અક્ષર પડતાં મલકાઇ ગયા અને બોલ્યા: "બ્હેન, એ તો ત્હારી જ આબરુ ગઇ કે તું પાસે છતાં "રુવે છે!" સઉ હસી પડ્યાં.

"ના, ના, એ તો એમ નહી. જુવો, એ તો રત્નનગરીમાં "સરસ્વતીચંદ્રનું વાંકું બોલતી હતી ને ક્‌હેતી હતી કે બાપે બે બોલ "કહ્યા તેટલા ઉપરથી આટલો રોષ ચ્હડાવવો એ તો છોકરવાદી છે. "ત્યારે સાસુનણંદનાં મ્હેણાં ન સંભળાયાં અને વહુને ઓછું આવ્યું "એવું ગીત સાંભળતાં જ આવડાં મ્હોટાં ગુણિયલ રોઇ પડ્યાં ત્યારે "એ છોકરવાદી નહી? સરસ્વતીચંદ્રને તો જાતે વેઠવું પડ્યું અને "આને આ તો આટલાથી જ રોજ આવ્યું! મ્હેં તે દિવસે ગુણિય-

"લને કહ્યું કે સરસ્વતીચંદ્રને ઠપકો દેતાં પ્હેલાં વિચાર કરજો કે આ-
"પણે પોતે એને ઠેકાણે હઇયે તો કેવું લાગે?"

"ત્યારે તો એમ ક્‌હેને કે તું જીતી ને ત્હારાં ગુણિયલ હાર્યાં?"

"હાસ્તો. એક વાર નહી ને હજાર વાર."

"બ્હેન, માને જીતાય નહી, હોં!"—સુંદરગૌરી એને માથે હાથ ફેરવતી ફેરવતી બોલી.

"ના, કાકી, મ્હોટાં આગળ તો ન્હાનાં જ જીતે. જુવો ને તમે
"જ વાતો કરોછો કની કે ગુણિયલે ઘરમાં બધાંને એવાં જીતી લીધાં
"હતાં કે દાદાજી, મ્હોટાં મા, બે ફોઇયો, અને તમે બે કાકિયો—
"કોઇનાથી ગુણિયલ આગળ બોલાય નહી. એણે તમને બધાંને
"જીત્યાં ત્યારે હું એને ન જીતું?"

ચંદ્રકાંત સુદ્ધાંત સર્વેને હસવું આવ્યું. ચંદ્રકાંતને પણ એની સાથે બોલવાનું મન થયું, અને સ્મિત કરી બોલ્યો:

"બ્હેન, તમારાં માતુઃશ્રી જેનો વાંક ક્‌હાડે તેનો પક્ષપાત ત-
"મારાથી કેમ થાય?"

દીવાનું અજવાળું કુસુમસુંદરીના અર્ધા મુખ ઉપર પડતું હતું, અને અર્ધો ભાગ ગુણસુંદરીની છાયામાં ઢંકાયો હતો. અજવાળાવાળા ભાગ ઉપર ચંદ્રકાંત ઉત્તર સાંભળવાને નિમિત્તે જોઇ રહ્યો, અને સરસ્વતીચંદ્રનો પક્ષપાત કરનારી કન્યાના મુખપરની સાદાઇ અને પ્રસન્નતા ઉપર થઇને આવતા જતા ગુંચવારાવાળા વિકાર કલ્પવા લાગ્યો: "સ-
"રસ્વતીચંદ્ર, કુમુદસુંદરી ગરીબ સ્વભાવની છે—પણ ત્હારે યોગ્ય તો
"આ જ છે—કારણ એ ત્હારા માથાની નીવડશે અને ત્હારા સદાના
"ગંભીર અને આડા સ્વભાવને પાંશરો કરશે—પણ–એ દિન ક્યાં?"
નિઃશ્વાસ મુકી, મનમાં આમ બોલી, ચંદ્રકાંત જોઇ રહ્યો.

પરભાર્યો જેવા ચંદ્રકાંતની સાથે બોલવાનો પ્રસંગ આવી વાતમાં આમ અચિંત્યો આવવાથી કુસુમસુદરી પળવાર ગુંચવાઇ, જરીક શરમાઇ, કંઇક નીચું જોઇ રહી, આખરે ગંભીર ઠરેલ માણસનો આકાર ધારી ભાષણ કરતી હોય તેમ બોલી: "ચંદ્રકાંત ભાઇ, જ્યારે એમ
"હોય ત્યારે તો સરસ્વતીચંદ્રે મ્હારી બ્હેનનો ત્યાગ કર્યો છે તે બ્હે-
"નના કુટુંબ ઉપર તમ જેવા એમના મિત્રની મમતા કેમ હોય?
"જેવો તમે અમારા ઉપર પક્ષપાત રાખો છો તેવો અમે સરસ્વતી-
"ચંદ્ર ઉપર રાખિએ એ અંતઃકરણનો સંબંધ."

"ખરી વાત, બ્હેન, એવું રોજ રાખજો."

ચંદ્રકાંત મ્હાત થયો, અને, સરસ્વતીચંદ્રનો વિચાર કરી ફરી નિઃશ્વાસ મુકી, ગદ્‌ગદ થયો અને બોલતો બંધ પડ્યો. માત્ર મનમાં જ બોલ્યોઃ "ત્હારે તો આ જ જોઇયે—પણ—તું ક્યાં ?"

"સુન્દર પાસે કુમુદ ઉછરી અને મનોહરી પાસે કુસુમ ઉછરી. "મનોહરી બોલતાં હારે તો કુસુમ હારે !—કેમ કુસમ ?" ડોસાએ હસીને પ્રશ્ન પુછ્યો. ગુણસુંદરીએ બીજી વાતો ક્‌હાડી. સુવર્ણપુરમાં વ્હેવાઇનો કારભાર થયાના સમાચાર—એ મ્હોટી નવાજુની હતી; સરસ્વતીચંદ્ર સુવર્ણપુર છોડી નીકળ્યો તે ક્યાં ગયો હશે તેની કલ્પનાઓ થવા લાગી અને ચંદ્રકાંતને ચિંતાતુર બનાવવા લાગી. બ્હારવટિયાઓની વાતો, અને કાલે કુમુદસુંદરી આવવાની, એ સંધિ ભય ઉપજાવવા લાગ્યો. વાતોમાં ને વાતોમાં સર્વ જમી રહ્યાં, ઉઠ્યાં, અને પોતપોતાના શયનખંડમાં જવા વેરાયાં.

ચંદ્રકાંત અને માનચતુર એક ખંડમાં સુવાના હતા ત્યાં સુતા સુતા પરસ્પર વાતો કરવા લાગ્યા. માનચતુરે સરસ્વતીચંદ્ર શાથી ઘર છોડી નીકળ્યો એ વાતની સર્વ વીગત પુછી લીધી, અને તે વીગત પુરી પાડતાં પાડતાં ચંદ્રકાંતનો મિત્રભાવ અંતર્માંથી ખીલ્યો. સરસ્વતીચંદ્રનું નામ—એના ગુણની કથા—એની કીર્તિ—એ સર્વનો પ્રસંગ આવતો તેમ તેમ એની જીભ ઉપર આનંદની ઊર્મિયો ઉછળતી; લક્ષ્મીનંદનના મનની નિર્બળતા, ગુમાનની સ્ત્રીબુદ્ધિ, ધૂર્તલાલની નિન્દા, અને અંતે સર્વ કથાનું અતિકરુણ પરિણામ, એ પ્રસંગોએ એના ઓઠમાંથી તિરસ્કારના ફુવારા ઉરાડ્યા અને છેવટ અત્યંત શોકની ત્હાડ આણી દીધી. વિદ્યાચતુરે સરસ્વતીચંદ્રનો દોષ ક્‌હાડ્યો હતો એ વાત પણ સવિસ્તર આવી ગઇ; અને વિદ્યાચતુરનો બાપ જ એ વાત સાંભળે છે તેની પરવા રાખ્યા વિના સરસ્વતીચંદ્રના અત્યંત સ્નેહી સ્નેહપરવશ મિત્રે વિદ્યાચતુરના મતનું ખંડન રસથી, છટાથી, અને જુસ્સાથી, કરવા માંડ્યું અને મુંબાઇની સભાઓમાં તે મહાપ્રયાસ કરતાં પણ ખીલી શકતો ન હતો એટલા વેગથી અત્યારે તે ખીલ્યો, અને ગુણસુંદરી સામે આવી બેઠી હતી તે પણ ધુનમાંનેધુનમાં જોઇ શક્યો નહી. મિત્રભાવે અત્યારે એનામાં મહાન વક્તાની શક્તિ મુકી દીધી, અને સરસ્વતીચંદ્ર જેવા મહાત્મા આગળ રજવાડાના રાજ્યાધિકારિયો પાણી ભરે એટલો મ્હારો મ્હારો મિત્ર છે એવા વિષયનું વિવેચન કરતાં કરતાં, માનચતુર, ગુણસુંદરી, અને બીજાનું મંડળ ધીમે ધીમે ભરાયું હતું તે સઉનાં

અંતઃકરણને ચંદ્રકાંત ટકોરા મારવા લાગ્યો, અને ન્યાયાધીશની પાસે પક્ષવાદ કરવાની પોતાની કળાની સીમા પ્રત્યક્ષ કરાવવા લાગ્યો.

વિદ્યાચતુરે **ચંદ્રકાંત**પાસે **સરસ્વતીચંદ્રનો** દોષ ક્‌હાડ્યો હતો તે સારુ ગુણસુંદરી મનમાં પસ્તાવા લાગી; ન્હાની કુસુમ સુંદરગૌરીને ખભે પછવાડેથી વળગી ઓઠ કરડતી કરડતી શ્વાસ સરખો લીધા વગર સઉ સાંભળી રહી અને પોતાના ઉંધા મુકેલા પગ અંધારામાં પૃથ્વીપર કંઇક પછાડવા લાગી; અને અનુભવી **માનચતુર**, દંશ પામેલા સ્નેહને આશ્વાસન દેવું એ પોતાનો ધર્મ સમજી, **સરસ્વતીચંદ્રને** નિર્દોષ ઠરાવવા, પોતાના પુત્ર **વિદ્યાચતુરનો** ફેંસલો ફેરવવા, પોતાના જ પાછલા અનુભવનો આધાર બતાવવા લાગ્યો, એ જ અનુભવના બાંધેલા કાયદાના સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરવા લાગ્યો, અને **ચંદ્રકાંતે** કરેલી વકીલાતને સફળ કરી, એની મિત્રતાને ધન્યવાદ આપતાં આપતાં, પોતે બોલ્યો હતો તેનો ઉપસંહાર કરી બોલ્યોઃ

“ **ચંદ્રકાંત**, **સરસ્વતીચંદ્રનો** વિચાર બધું જોતાં ખોટો ન હતો.
“ કુમુદસુંદરી ગુમાનબાસાથે રહી સુખી ન થાત એમાં કાંઇ વાંધો
“ નથી. વિદ્યાચતુર એ વાત ન સમજે. એને ભાગ્યે અમારાં આ
“ ગુણસુંદરી મળી ગયાં છે અને ગુણસુંદરિયે એને જગતનો માર જ-
“ ણાવા દીધો નથી એટલે એવો માર કેવી વસ્તુ છે એની એને ક-
“ લ્પના જ નથી. આજ તો ગુણસુંદરી ભુલી ગયાં હશે પણ એમની
“ બાવીશ ત્રેવીશ વર્ષની અવસ્થા હતી, અને અમારા ઘરમાં તો સંપ
“ હતો છતાં કેવાં કેવાં નાટક થતાં હતાં અને એમણે એટલી ન્હાની
“ ઉમ્મરે કેવી રીતે સઉ શાંત કરી દીધું તે મને સરત છે. બાવીશ
“ ત્રેવીશ વર્ષની છોકરિયે મ્હારા આખા ઘરનો મ્હોટાંને કચરી નાંખે
“ એવો ભાર ફુલની પેઠે માથે ઝીલી લીધો, અને ન્હાનું ન્હાનું શરીર
“ રુપાની આરતી પેઠે આખા ઘરમાં ફરી વળે અને જ્યાં ફરે ત્યાં એના
“ અજવાળાનો ઝાત્કાર; તેમ એની શાંતિને ધન્ય ક્‌હો કે મ્હારા જેવા વૃ-
“ દ્ધથી મીજાજ જળવાય નહી ત્યાં એના મ્હોંમાંથી શબ્દ સરખો ની-
“ કળે નહી, ને જો નીકળે તો કેવો? શાંત, ધીમો, અને સઉને ત્હાડાં
“ પાડી દે એવો. એટલું જ નહી પણ એના મનમાં યે કંઇ લગાડે
“ નહી. કેટલાંક એવાં હોય છે કે મનમાં તો લાગ્યા વગર ન રૂહે
“ પણ બ્હાર ન જણવે, અને આ તો એવું કે એને કોઇ ખાવા ધાય
“ તો તેના ઉપર એ ન્હાની સરખી છોકરી ઉલટી પ્રીતિ રાખે અને

"સામાની સાથે સામી ન થતાં તેને અનુકૂળ થઇ જઇ તેને એવું તો
"વશ કરે કે કંઇ વાત નહી !"

પોતાના દેખતાં પોતાની સ્તુતિ થતી જોઇ ગુણસુંદરી શરમાઇ જઇ ગુંચવારામાં પડી કંઇક વિનયસૂચિત ઉત્તર દેવાનું કરતી હતી. માનચતુર તે ચેતી ગયો અને તેને બોલતી અટકાવવા, હસતો હસતો એના સામું જોઇ બોલ્યોઃ

"ગુણસુંદરી, ઉતાવળ ન કરશો. આ કંઇ તમારી પોતાની સ્તુતિ
"છે એમ સમજી ફુલાઇ ન જશો હોં ! આ તો તમારી નામરાશિ છો-
"કરી આપણા ઘરમાં કેટલાંક વર્ષ ઉપર હતી તેની વાત છે. એ છો-
"કરીને તો તમે દીઠેલીએ નહી. ક્‌હો—તમારી આંખે તમે એને દી-
"ઠેલી ?—હા—બાકી ચાટલામાં જોઇ હશે." સઉ હસી પડ્યાં.

"તમારી તો હવે મ્હારે નિન્દા કરવાની છે, તે તમારે સાંભળવી
"પડશે—વડીલ નિન્દા કરે તે તો સાંભળવી જ જોઇયે કની ?"

"હાજી હા ! વડીલ ક્‌હે તે ખરું" ગુણસુંદરીયે હસતે હસતે નરમાશથી જવાબ દીધો અને લમણે હાથ દીધો.

ડોસાએ પોતાનું કથાસૂત્ર ફરી ઝાલ્યુંઃ "ચંદ્રકાંત, શી કહિયે વાત ?
"મ્હારા ભર્યા ભાદર્યા ઘરમાં કોઇ કંઇ બોલ્યું હશે, કોઇએ કાંઇ મ્હેણાં
"દીધાં હશે, કોઇએ પાઠ ઉલાળ ગણ્યો નહી હોય, કોઇ ખડક્યામાંથી
"ખશી ગયું હશે, કોઇનું નચાવ્યું નાચવું પડ્યું હશે, પોતાને વાસ્તે
"આણેલી સારી ચીજ કોઇ પટકાવી પડ્યું હશે, કોઇયે કાયર કાયર
"કરી મુક્યાં હશે, અને આવાં આવાં કેટલાંક વર્ષ ગયાં હશે, પણ ગુણ-
"સુંદરીનો નથી ઓઠ ફરફર્યો કે નથી એમણે મ્હારા વિદ્યાચતુરને કાંઇ
"જાણવા દીધું ! વિદ્યાચતુરને તો એમણે રોજ પોતાની હરકતોથી અ-
"જાણ્યો જ રાખ્યો છે, એમનાં દુઃખ-સુખ એ કદી જાણવા પામ્યો જ
"નથી, ને કુટુંબનાં દુઃખ કેવાં હોયછે તેનો તો એ બીચારાને અનુ-
"ભવ જ થવા દીધો નથી—સ્વપ્ન સરખું પણ આવવા દીધું નથી !!
"કેવી વાત ? આ તે કંઇ સ્ત્રીનું સ્ત્રીપણું ? બીજી કોઇ સ્ત્રી એમની
"દશામાં હોય તો રોઇ રોઇને ધણીને નીરાંતે સુવા ન દે અને સંસારનું દુઃખ
"શું છે ને પરણીને પસ્તાવું તે શું તેનો પુરેપુરો અનુભવ કરાવી દે.
"એનું નામ તે સ્ત્રી કે પોતાના દુઃખનો પતિને ભાગિયો કરી દે. અને
"આ અમારાં ગુણસુંદરી તો એકલપેટાં જ ! બધું દુઃખ જાતે વેઠ્યું,
"કોઇને કહ્યું પણ નહી, સઉ વાતમાં ઘુટડા ગળી ગયાં, પોતાના દુઃ-
"ખમાં કંઇ ભાગ વિદ્યાચતુરને આપ્યો નહી અને સઉ દુઃખ જાતેજ

"વેઠી લેવું—સઉ જાતે જ એકલાં લેવું—સમજ્યાં! મ્હારા વિદ્યાભાઇ
"દુઃખના અનુભવ વગરના રહ્યા, અને સરસ્વતીચંદ્રને ઓરમાન માના
"હાથમાં ગયેલા બાપના બોલનો ચાટકો કેમ લાગ્યો હશે તે અમારા
"અનુભવ વગરના વિદ્યાભાઇના સમજ્યામાં ન આવ્યું તેનું કારણ
"અમારાં આ ગુણિયલ!—જો, આ વાત કરું છું ત્યારે કેવાં શરમાઇ
"જાય છે?—પોતાનો વાંક તે કોને ક્‌હે? એમણે મ્હારા વિદ્યાને એ-
"કલું સુખ આપ્યું છે ને દુઃખનું નામ સમજવા દીધું નથી એવું કામ
"કોઇ સજાત સ્ત્રીએ કરવું નહી! ધણીને દુઃખનો અનુભવ ન કરાવે–
"પોતાનાં દુઃખનાં રોદણાં રોઇ રોઇ કાયર ન કરે–એ તે સ્ત્રીની જાત?
"માટે ચંદ્રકાંત, તમારે મ્હારા પુત્રનાં વચન સામું જોવું નહી અને ગુણસું-
"દરીનો જ વાંક ક્‌હાડવો કે વિદ્યાના કાનમાં સુખ વગર બીજો શબ્દ
"આવવા ન દીધો!"

"આટલો દોષ એમનો. મ્હારા પુત્રનો દોષ એટલો કે એણે
"એમ જાણ્યું કે આખા જગતમાં ઘેર ઘેર ગુણસુંદરિયો જ વસતી
"હશે ને ગુણસુંદરી થવું તે રમતવાત હશે. ઘેબર ખાનાર જાર
"ખાનારની કથા ક્યાંથી જાણે? પણ હું તો જાણું છું. સરસ્વ-
"તીચંદ્રને લક્ષ્મીનંદનનાં વેણ વસમાં લાગ્યાં તે લાગે જ. એ કુમળું
"ફુલ! એ તે હિમના કડકાનો માર કેમ સહી શકે? એનું શું ગજું?
"એણે ધાર્યું તે ખોટું નહી; મ્હારી ગરીબડી કુમુદ ગુમાનના હાથ
"નીચે એકલી એકલી કચરાઇ રીબાઇ મરી જાત! ગુમાનના સામાં
"તો મ્હારાં ગુણિયલ પણ ન ટકે તો કુમુદ તે કોણ માત્ર? ગુમા-
"નને તો સામું લાંઠ માણસ જોઇયે—મ્હારી કુસુમના જેવું—કેમ કુ-
"સુમ? ગુમાનને તું પાંશરી કરે કે તને ગુમાન પાંશરી કરે?"

"હા, તે અમે એવાં પક્કાં હઇશું?" કુસુમ સુંદરને ખભેથી
ઉતરી આઘી બેસી બોલી: "દાદાજી, તમે જ પક્કા છો; ગુણિયલનો
"વાંક ક્‌હાડવાનું નામ દેઇ વખાણ કર્યાં!"

"શું પક્કાઇમાં કાંઇ ખોટું છે?"

"ના, શું કરવા? દાદા પક્કા ત્યારે દીકરી પણ પક્કી જ હોય કની?
"લ્યો, તમારી વાત કરો—આડી વાત ક્યાં ક્‌હાડી?"

માનચતુર પાછો વાતમાં પડ્યો: "ચાલો ત્યારે, હવે ત્હારી માનાં
"વખાણે નહી કરિયે ને વાંકે નહી ક્‌હાડિયે. ચંદ્રકાંત, સરસ્વતીચં-
"દ્રને રોગ પરખતાં આવડ્યો પણ ઔષધ આવડ્યું નહી એમાં તો

"તમે પણ ના નહી ક્‌હો. એમણે કુટુંબ છોડી વનવાસ લીધો એટલી
"બુદ્ધિ ઓછી. લક્ષ્મીનંદનથી જુદાં ર્‌હેવામાં કંઇ બાધ ન હતો.
"ખરું પુછો તો મને સાહેબલોકનો ચાલ ઘણો ડાહ્યો લાગે છે કે પ-
"રણે ક્યારે કે જુદાં ર્‌હેવાની તાકાત આવે ત્યારે જ, અને પરણે એ-
"ટલે જુદાં જ ર્‌હેવું. આપણો ચાલ પણ ખોટો નથી, પણ તે ક્યાં
"સુધી કે બધાંની આંખમાં અમીદૃષ્ટિ હોય ને બધાંમાં સંપ હોય ત્યાં-
"સુધી. સાહેબલોકને હુતો ને હુતીનું સુખ—પણ આપણાં કુટુંબનું
"સુખ તેઓ સમજતા નથી. આ મ્હારી આશપાશ આ બધો વિ-
"સ્તાર ભરાઇ બેઠો છે ને જે આનંદની રેલ આપણે ચાલે છે, ને હું
"જાણું છું કે મ્હારાં ગુણસુંદરી અને ગુણસુંદરી જાણે છે કે મ્હારા
"વડીલ, એ સુખનું સાહેબલોકને સ્વપ્ન પણ નહી હોં! સાહેબલોકમાં
"દીકરાને ઘેર સાસુ ને સાળી પોસાય અને ઘરડાં માબાપ એકલાં
"પગ ઘસે! આપણાં કુટુંબમાં તો ક્‌હો કે મ્હારો અને આ મ્હારી
"અનાથ ગરીબડી સુંદરગૌરી બેનો વગર ઉતરાવ્યે વીમો ઉતરાવ્યો
"છે, અને અમારી આશિષ્ છે તે ગુણસુંદરીને આનંદ જ ર્‌હેવાનો.
"અમારાં જેવાં ઘરડાં, લુલાંલંગડાં, અને નિરુદ્યમી, ગુણસુંદરીને માથે
"પડ્યાં છિયે અને વિદ્યાચતુરની ટુંકી કમાઇના દિવસ હતા ત્યારથી
"એનું લોહી ચુસી લેતાં આવ્યાં છિયે—

"શું, વડીલ, શું બોલો છો? કંઇક તો અમારા ઉપર દયા
"રાખો!" ગુણસુંદરી બોલી ઉઠી.

"સાંભળો તો ખરાં. આમ છે તે છતાં અમે પણ એમને કોઇ
"વખત કામે લાગ્યાં હઇશું અને આજ અમારાથી લોકમાં અને પ-
"રલોકમાં એમને સુકીર્તિ છે. પણ આ વખત આવતા સુધી ટકી
"ર્‌હે એવાં ગુણસુંદરી મ્હારા જ ઘરમાં છે, બીજે કોઇ ઠેકાણે નથી.
"ગરીબ અને પગ ઘસતા દીકરાઓની કમાઇ ઉપર ડબાણ મુકવું, ડાહી
"અને મ્હેનતુ વહુરોને મજુરી કરાવી કચડવી, તેમને જુવાનીનું સુખ
"અને જુવાનીનો ઉમંગ જોવા વારો જ ન આવે તેમ એમની પાસે
"રહી એમને કેદ રાખવાં, તેમના ઉગતા ડ્‌હાપણને અને તેમની
"નવી બુદ્ધિને પોતાના કોલાપણામાં છેક પરતંત્ર કરી નાંખવાં—એ-
"નાથી વધારે નિર્દયતા કેઇ હશે? અને જાણ્યે અથવા અજાણ્યે અને
"સમજ્યે અથવા અણસમજ્યે કેટલાં માબાપ અને કેટલાં સાસુસ-
"સરા આવાં નિર્દય થાયછે, તેનો મને અનુભવ છે. બોલનારી અને

"લ્હડનારી વહુરોનાં દુઃખ બધે ગવાય છે અને કપુત દીકરાઓનાં પ-
"રાક્રમ જગતજાણીતાં છે; પણ ડાહ્યો દીકરો દેશાવર ભોગવે અને
"ડાહી વહુ રાધણાં રાંધે એ ક્‌હેવત પ્રમાણે, ન બોલનારા દીકરાઓ
"અને ન બોલનારી વહુરોની ખબર કોને છે? માબાપ અને સાસુ-
"સસરાઓનો ધર્મ એ છે કે આવાં બાળકની દાઝ પોતાની મેળે જા-
"ણવી અને ન બોલે તેને બેવડો માર ન મારવો અને મીઠાં ઝાડનાં
"મૂળ ન કાપવાં. કોઇ માબાપ જાણી જોઇને માર મારતાં નથી,
"પણ જાણી જોઇને કે અજાણ્યે કચરાયં ત્હોયે ફુલ તો ચોળાય જ!
"માટે મ્હારો અનુભવ એવું ક્‌હે છે કે ઘરડાંઓનો તેમ ભાઇભાંડુ-
"ઓનો ધર્મ એવો છે કે પોતે છુટાં થવાય કે ન થવાય તોપણ સા-
"માને છુટાં થવા દેવા અવસર આવે એવી રીતે પોતે જાતે જ ખ-
"સતાં ર્‌હેવું. **સરસ્વતીચંદ્ર** મ્હોટા થયા ત્યાંથી જ એમને **લક્ષ્મીનં-**
"**દને** ભેગા ને ભેગા અને છુટા ને છુટા એમ રાખ્યા હત તો આ
"વખત ન આવત. કુસંપ થવા પ્હેલાં સંપને વખતે જ પોતે છુટાં
"થવું અને સામાને છુટું કરવું એમાં માણસની દીર્ઘદૃષ્ટિ છે, ડ્‌હાપણ
"છે, ચકોરતા છે, અને એ જ એનો ધર્મ છે. એ વાતમાં લોકલ-
"જ્જાનો પ્રતિબંધ ગણવો એ મૂર્ખતા છે. જ્યારે મોડું બ્હેલું પ્હે-
"ડિયે એ પ્હેડિયે જુદું પડ્યા વિના છુટકો નથી ત્યારે સમય સમજી
"જાતે છુટાં પડવું એ તો સંસારવ્યવહારની પ્રવીણતા રાખવા જેવું
"છે. માબાપથી કેમ જુદાં ર્‌હેવાય? એવો વિચાર **સરસ્વતીચંદ્ર** દૂર
"ન કરી શક્યા તે એટલું જ બતાવે છે કે એ ભણ્યા પણ ગણ્યા
"નહી. એમાં શી મ્હોટી વાત હતી?—જુદુ ર્‌હેવું એ સંસારનો
"રસ્તો છે તો તેમાં ઓસંગાવું શી બાબત? **સરસ્વતીચંદ્રને** એ વા-
"તમાં લાજ લાગી તેનું કારણ એ જ કે હજી એ બાળક છે. મ્હેં
"તો કેટલાક સિદ્ધાંત જ કરી મુકેલા છે તેમાં એક તો એ કે બે બ-
"ઇરાંને એક ઘરમાં ર્‌હેવા ન દેવાં અને બીજું—ક્યાં પુરુષ કે ક્યાં
"સ્ત્રી—સઉને છુટાં ર્‌હેવાં દેવાં, અને મ્હારે જાતે કેટલું કરવું કે સૂર્ય
"પોતે પૃથ્વીથી દૂર અને છુટો રહી આપણને પ્રકાશ અને તાપ બે
"વાનાં આપે છે અને લોકનાં ઢાંકેલાં છાપરાં તળે અને ખુણેખોચલે
"શું થાયછે તે જોતો નથી અને તેની ચિંતા કરતો નથી તેમ મ્હારે
"પણ કુટુંબમાં એ સૂર્યની પેઠે ર્‌હેવું; તેમાં સઉને સુખ છે, અને સ-
"ઉનું કલ્યાણ છે. કુટુંબમાં વૃદ્ધજનનો ધર્મ આ છે અને તે સઉ વૃ-
"દ્ધોએ પાળવો જોઇએ છિયે—જો પોતાના કુટુંબ ઉપર ખરી પ્રીતિ

"હોય અને જો સઉનું સુખ વાંછતા હઇયે તો. તેમ હોય તો વૃદ્ધા-
"વસ્થા મને સુખરૂપ છે તેવી થવાની; તેમ નહી હોય તો તેવા વૃ-
"દ્ધોયે છોકરાંને ગાળો દેઇ ગાવું કે "ઘડપણ કોણે મોકલ્યું?" તમે
"સર્વ વૃદ્ધ થશો માટે આટલું કહી મુકુ છું, અને આજને વાસ્તે તો
"એટલું કહું છું કે સઉના સુખને વાસ્તે ઘરમાં કે કુટુંબમાં કાંઇ ક-
"રવાનું આવશ્યક લાગે તો બાયડીઓની પેઠે અને સરસ્વતીચંદ્રની પેઠે
"આમ કેમ થાય?—કરી લજવાશો નહી, પણ જે ઠીક લાગ્યું—તે
"ધૈર્યથી અને ખબડદારીથી કરી દેવું જ અને રજ પણ આશંકા ન
"ગણવી. आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत्."

આ સર્વ વાર્તાપ્રસંગમાં શ્વશુર પાસે મર્યાદા રાખવાના સ્વભાવ વાળી ગુણસુંદરી કંઇ બોલ્યા ચાલ્યા વિના બેસી રહી હતી તે **માન**ચતુરનું ભાપણ થઇ રહ્યું એટલે મ્હોં મલકાવી ધીમે રહી બોલી: "ત્યારે મ્હારા આગ્રહનો તિરસ્કાર કરી મ્હારા જેઠને જુદા રાખ્યા "અને પાણીફેરનું નિમિત્ત ક્હાડી આપ અહિયાં ર્‌હેવા આવ્યા તેનો "મર્મ પણ આ જ કે,?"

ડોકું ઉચું કરી, આંખો વિકસાવી, મુછે તાલ દેઇ, વક્ર મુખે હસી પડી, આડંબર કરી, ડોસાએ એકદમ ઉત્તર દીધો: "હાસ્તો વળી!" મિતાક્ષર અને વેગભર્યો ઉત્તર સાંભળી ગુણસુંદરી ચુપ થઇ ગઇ.

વિદ્યાચતુરની વાતથી **ચંદ્રકાંત** જેટલો મીજાજ ખોઇ બેઠો હતો તેટલા જ પ્રમાણમાં **માનચતુરની** કંઇક અસંબદ્ધ પણ વેગવાળી અને અનુભવી વાતચીતથી તે ઠંડોગાર થઇ ગયો, અને રત્નનગરીના પ્રધાન કરતાં પ્રધાનના પિતાની બુદ્ધિ આટલી વયે આવી ઉત્તેજિત જોઇ ચકિત થઇ જોઇ જ રહ્યો—સાંભળી જ રહ્યો.

રાત ઘણી ગઇ હતી અને સર્વ પોતપોતાના શયનખંડ ભણી વેરાયાં. સર્વને મોડી વ્હેલી નિદ્રા આવી. માત્ર ગુણસુંદરી ઉઘાડી આંખે સુતી. તેનું સ્વાભાવિક ધૈર્ય આજ કુમુદસુંદરીના વિચારથી, અનિષ્ટ શંકાઓથી, અને ઉદ્વેગકારક તર્કોથી, ખસી ગયું હતું. થોડીક વારે સુંદરગૌરીની આંખ સ્હેજ ઉઘડી જતાં એણે ગુણસુંદરીને જાગતી અને રોતી જોઇ, અને જોતામાં જ તે જાગૃત બની પુછવા લાગી: "ગુણિયલ ભાભી, શું થાયછે? કેમ રુવો છો?" ગુણસુંદરી બેઠી થઇ અને સુંદરની છાતી ઉપર માથું નાંખી રોઇ પડી: "સુંદર ભાભી, આજ "મને કંઇ કંઇ વિચાર થયાં કરેછે અને રોવાઇ જવાય છે; તેમાં કુ-

"મુદનો કાગળ સંભારું છું ત્યારે કોણ જાણે શું દોહ્યલું મને ભરાઇ "આવેછે ને ર્‌હેવાતું નથી." આટલી વાતચીત થાયછે એટલાથી ચ-કોર કુસુમ ઉઠી ઉભી થઇ, અને તે ઉભી થઇ નથી એટલામાં બા-રણે કોઇ કડું ઠોકતું અને ધીમેથી બોલાવતું સંભળાયું: "ગુણસુંદરીબા, "ગુણસુંદરીબા; જરી ઉઘાડો!" સઉએ કાન માંડ્યા; કુસુમ બોલી ઉઠી: "ફતેહસંગનો સ્વર! ગુણિયલ ઉઘાડું?" હાનો ઉત્તર મળતાં એ ઉઠી અને બારણું ઉઘાડતાં ફતેહસંગ હાથમાં ફાનસ લેઇ દાખલ થયો; અને ફાનસ પાસે મુકી ગુણસુંદરીનાથી કંઇક છેટે બેસી, તરવાર ઉભી રાખી, તેની મુઠ ઉપર હાથ મુકી, બોલ્યો.

"બધાં વચ્ચે ક્‌હેવાય નહી એવી વાત હતી એટલે તે વખત "કહી નહી; તે હવે ક્‌હેવા આવ્યો છું."

સઉની આતુરતા વધી. ફતેહસંગે કુમુદસુંદરીએ સરસ્વતીચંદ્ર વીશે ક્‌હાવેલા સમાચાર કહ્યા અને બ્‌હારવટિયા એને ખેંચી ગયા ત્યાંસુધી અથ-ઇતિ કહી બતાવ્યું. છેવટ વધારે પત્તો મેળવવા હરભમજી ગયો હતો તે પણ કહ્યું.

ગુણસુંદરી અકળાઇ. "હેં, શું સરસ્વતીચંદ્ર જડ્યા એ ખરા "ને ખોવાયા પણ ખરા? શું એને બ્‌હારવટિયા ખેંચી ગયા? અરેરે!— "સુંદર! એમનો ઉતારો બુદ્ધિધનને ઘેર હતો—કુમુદના પત્રનો અર્થ "સમજ્યાં કની? હૈયું ખાલી કરવાનું એ લખે છે તે એ જ—બીજું "શું?—વડીલને અને ચંદ્રકાંતને ઉઠાડી સમાચાર કહીશું?"

"નાજી, શું કામ છે તેમને અત્યારે મોડી રાત્રે જગાડીને?" ફતેહસંગ બોલ્યો.

ચંદ્રકાંત નામના સરસ્વતીચંદ્રના ભાઇબંધ છે તે બીચારા એમને "જ શોધવા આવ્યા છે" સુંદર બોલી.

ગુણસુંદરી કંઇક શાંત થઇ, વિચારમાં પડી, નિઃશ્વાસ મુકી બોલી: "શા સારા સમાચાર ક્‌હેવાના છે? દુઃખના માર્યા અને થાક્યા "પાક્યા બીચારા અત્યારે જ સુતા છે તે સુવા દ્યો. જાગીને શું ક-"રવાના હતા? સમાચાર જાણશે એટલે આખી રાતની ઉંઘ ખોશે ને "હરભમ આવ્યા સુધી કંઇ કરવાનું નથી. જા, ભાઇ ફતેહસંગ, સ-"વારે જ સઉને જગાડીશું. પણ હરભમ આવે એટલે તરત એને "લાવજે ને અમને જગાડજે."

ફતેહસંગ બારણું વાસી ગયો, કુસુમે સાંકળ વાસી, અને ગુણસુંદરી બોલી: "સવાર સુધીમાં વળી કોણ જાણે શાયે સમાચાર આ-"વશે. ચંદ્રકાંતને ભાઇબંધનો દોષ ન વસે, પણ આવી દશામાં આવી "પડવાનું સરસ્વતીચંદ્રને શું એવું કારણ હતું?"

સુંદર બોલી: "ભાવિમાં લખેલું તે એ પણ શું કરે?"

કુસુમ ગાતી ગાતી ગણગણી: "લખ્યા લેખ મિથ્યા ન થાયે લગાર."

સુંદરગૌરીએ કુસુમને ખેંચી કેડ સરસી ચાંપી.

ફરી બારણું ખખડ્યું, સઉ ચમક્યાં, અને કાન માંડ્યા.

"કોણ?"—ગુણસુંદરી બોલી અને તેને બોલે રાત્રિ ભેદાઇ.

ફતેહસંગ ઘરમાંથી નીકળ્યો અને તરત અંધારામાં સામાં બે માણસના આકાર આવતા દેખાયા. તે આકાર ચોરના છે કે શાહુકારના, ભૂતના કે માણસના, શત્રુના કે મિત્રના, તે સમજાયું નહી ત્યાં સુધી ફતેહસંગ કમર બાંધી, સજ્જ થઇ સામો ચાલ્યો અને ખોંખારી, ઉંડા અંધકારમાં પડઘા કરાવતો, બોલ્યો: "ખમા મહારાજ મણિરાજને! "કોણ આવે છે એ?"

ઉડાણમાંથી બે મુખમાંથી એકઠો ઉત્તર મળ્યો: "ખમા મહા-"રાજ મણિરાજને!"

સઉ એકઠા થયા અને સ્વરથી સઉયે એક બીજાને ઓળખ્યા. રાત્રિના પ્રથમ પ્હોરમાં ગામના ત્રિભેટામાં બ્હારવટિયાઓનું રાવણું મળ્યું હતું તે સર્વ વાત ઝાડની ડાળમાં બેસી પ્રત્યક્ષ કરી, રાવણું વેરાયા પછી ઉતાવળે પગલે ગામમાં આવી, મુખી પટેલને મળી, એને સાથે લેઇ, ગુણસુંદરીને અને માનચતુરને સમાચાર ક્‌હેવા, ઝડપથી હરભમજી આવતો હતો તે ફતેહસંગને મળ્યો. અંધારામાં મુખ અને કાન વચ્ચે વાત ચાલી.

"કોણ? હરભમજી?"

"એ જી. કોણ? ફતેહસંગજી?"

"એ જી. પાછળ કોણ છે?"

"મુખી પટેલ."

"ઠીક થયું, ચાલો, ગુણસુંદરીબા વાટ જ જુવે છે." ફતેહસંગ સઉમાં આગળ ચાલ્યો, બારણું ઠોક્યું, અને ગુણસુંદરીના "કોણ" એ પ્રશ્નને, પ્રશ્ન નીકળતામાં જ, ઉત્તર દેવા લાગ્યો.

"બા, ઉઘાડો, એ તો હું ફતેહસંગ અને હરભમજી."

ઉત્તર પુરો થતાં પ્હેલાં બારણું ઉઘડયું અને કુસુમના હાથમાં ફાનસ હતું તેનું અજવાળુ ત્રણે પુરુષોના મુખ ઉપર બરોબર પડ્યું. બારણાં વાસી સર્વ અંદર આવ્યાં. ગુણસુંદરી અને સુંદર ખાટલામાં બેઠાં, કુસુમ તે બેની વચ્ચે ભરાઇ ગઇ, મ્હોં આગળ ખાટલા પાસે ફાનસ મુક્યું, થોડે છેટે સામા પુરુષો બેઠા, અને તેમાં જરાક આગળ ઉંધે પગે બેસી હરભમજી ખોંખારતો ખોંખારતો સમાચાર ક્હેવા લાગ્યો. અથથી તે ઇતિ સુધી બ્હારવટિયાઓની કથા અને કુસુદસુંદરીને પકડવા તેમણે કરેલો સંકેત આખર કહી બતાવ્યો, અને ક્હેતો ક્હેતો બોલ્યો:

"બા, રજ પણ ગભરાશો નહી. એક પાસ બુદ્ધિધન ભાઇની "હાક વાગે છે અને બીજી પાસ મહારાજ મણિરાજના નામથી જગત "કંપે છે. વિદ્યાચતુર ભાઇનાં છોરુ ઉપર હાથ ઉપાડનારનું ભવિષ્ય "ફરી વળ્યું સમજવું!"

સુંદરગૌરી રોઇ પડી, કુસુમ કંપવા લાગી, અને ગુણસુંદરી સજડ થઇ ગઇ: "ફતેહસંગ, એકદમ વડીલને જગાડ"—સઉ માનચતુરના શયનખંડ ભણી દોડ્યાં.

સઉના પગના ઘસારાથી જ, વગરઉઠાડ્યા માનચતુર અને ચંદ્રકાંત જાગી ઉઠયા અને બારણું ઉઘાડી બ્હાર આવ્યા અને ગભરાયલા જેવા પુછવા લાગ્યા: "શું છે? શું છે?"

ગુણસુંદરીએ ઉતાવળથી સર્વ સમાચાર કહી દીધા. સરસ્વતીચંદ્ર બ્હારવટિયાઓના હાથમાં ગયો સાંભળતાં જ ચંદ્રકાંત નરમ બની ગયો. એનું તો જે થયું તે થયું–તરત તો કુમુદસુંદરીને બચાવવાના વિચારની વધારે અગત્ય હતી—પ્રધાનની બાળાના ઉગ્ર ભાવિના શીઘ્ર કર્તવ્ય આગળ સરસ્વતીચંદ્રના સમાચાર, ભૂતકાળના સમાચાર જેવા બની, પ્રાતઃકાળના ચંદ્રોદયપ્રસંગે ચંદ્ર દેખાતામાં જ સૂર્યપ્રકાશમાં લીન થાય તેમ થયા. માત્ર ચંદ્રકાંત જ એ સમાચારથી અંતર્માં દાઝતો રહ્યો, અને ખીજવાતો ગયો; સરસ્વતીચંદ્રના હઠાગ્રહને ગાળો દેવા લાગ્યો તેમ જ પોતાની પણ મૂર્ખતાને ગાળો દેવા લાગ્યો: "મ્હેં આ ડ્હાપણ કરી પત્ર લખ્યો તે સુવર્ણપુર પ્હોચેલો- "તેમાં જ એણે સુવર્ણપુર પણ છોડ્યું." દીન બની વિચારવા લાગ્યો, "હવે મ્હારે તને ક્યાં ખોળવો?—અને એ પત્ર લેખવો ક્યાં સુઝ્યો?—

"કુમુદસુંદરી હેમક્ષેમ ગુણસુંદરીને મળે ત્યાંસુધી હવે સરસ્વતીચંદ્રના "શોધની વાત તે હું શી રીતે એમના આગળ કરવાનો હતો?" આ સર્વ પ્રશ્નોત્તર એના મનમાં જ થયા. બાહ્યપ્રસંગ કુમુદસુંદરી બાબતની ગભરામણનો જ સાક્ષી રહ્યો.

સર્વ વાત ગુણસુંદરીએ પુરી કરી, એટલે **માનચતુરે** હરભમજી સાથે કેટલાક પ્રશ્નોત્તર કર્યા, અને હવે શું કરવું તે વીશે તેની સાથે તેમજ મુખીની સાથે ટુંકી ગોટી જેવું કંઇક કર્યું. આખરે મુખી અને સ્વારોની સૂચનાઓ ઉપર સુધારા વધારા અને વિચાર કરી, પળવાર શાંત વિચારમાં પડી, વીજળી ઝબુકે તેમ કંઇ વિચાર સુઝી આવતાં, **માનચતુરે** ત્વરાથી આજ્ઞા આપી:

"મુખી પટેલ, તમારા કહેવા ઉપરથી એમ જણાય છે કે ગા-"મમાં ચાળીશેક સ્વાર અત્યારે તૈયાર છે—એ બહુ સારો જોગ બ-"ન્યો છે; હવે જુવો આ પ્રમાણે વ્યવસ્થા કરો. આપણા ચાળીશ "સ્વારોમાંથી પાંચ તુકડીઓ કરી દેવી. જ્યાં કુમુદને અટકાવવાની "ધારી છે ત્યાં આગળ વધારેમાં વધારે માણસની તુકડી રાખવી. "એક તુકડી આ ગામમાં જ રૂહે; બીજી તુકડીએ ત્રિભેટાના વડની "પાસેથી તે વાઘજી ફરતો હોય તેની પણ પેલી પાસ સુધી ફરવું. "નદીના પુલ પાસે—આ પાર—બ્હારવટિયાઓની ઢોલ હોય તેની "અને નદીનાં કોતર એની વચ્ચે ત્રીજી તુકડી રૂહે; ચોથી તુકડીને "ક્યાં રાખીશું?—હા, સુભદ્રાનદીની પેલી તીરે, જ્યાં આગળ રસ્તો "એ વનની વચ્ચે પેસી આવે છે તેની પણ પેલી પાર, સુવર્ણપુરના "રસ્તા ઉપર સુવર્ણપુરભણીની દિશામાં બને તેટલું વધારે,—એ ર-"સ્તાપરજ ચોથી તુકડીએ રૂહેવું. પાંચમી તુકડી સઉ તુકડીઓને "મુકી કુમુદ આવવાની છે તે રસ્તે જઇ તેને મળે. લઇ જવા "લાવવા ફરે."

"વળી જુવો. બીજું સરત રાખવાનું છે. મુખી પટેલ સઉ રસ્તા-"ના ભોમિયા છે માટે એણે વડપાસે રહી વડથી નદી સુધી બધે "રસ્તે હેરાફેરા કરવા. પટેલ, તમારે રૂઆબબંધ દોડાદોડ કરી મુ-"કવી અને તમારી અબડદારીથી અંજાશે તો લુચ્ચાઓની તાકાત "નથી કે ચેંચું કરવાની હીમ્મત કરે. મ્હારી ખાતરી છે કે **ચંદન-**"**દાસ** અને **વાઘજી** એ જણ ત્હારાથી સચવાશે. **મનહરપુરી**માં તુકડી "રાખવાની છે તે તો ગમે તે સાધારણ પણ સાવચેત માણસને "સોંપજો."—

હરભમ બોલી ઉઠયો:—"હા જી, બરોબર છે. વિદ્યાચતુરભા-
"ઇના બંદોબસ્તમાં કોઇની આંગળી ખુંપે એમ નથી અને મણિરાજ
"મહારાજની આણથી બધો મુલક થરથરે છે—તે ત્યાં વગર ફોજે
"ફોજ છે. આ ગામમાં માણસો રૂહે તે તો ઠીક. ગમે તેને રાખો."

પુત્રની સ્તુતિથી ઉત્કર્ષ પામતો ડોસો બોલ્યોઃ "હરભમ, મુખી
"વડથી તે નદી સુધીનો રસ્તો સાચવી શકશે, એમાં વાંધો નથી."
હરભમનો મત માગતો હોય, અને મુખીની હીમ્મત નાણી જોતો
હોય તેમ ડોસો તેમના સામું જોઇ રહ્યો. મુખીએ તરવારપર હાથ
મુકી દાંત પીસ્યા તે દીવાને અંજવાળે ચળકયા. શુભ શકુન ગણી
ડોસો બોલવા લાગ્યો.

"ફતેહસંગ, ત્હારે પુલ આગળ અને કોતરોમાં રૂહેવું અને ભી-
"મજીને અને પ્રતાપને આંચમાં રાખવા. એ તો તને આવડશે."
ફતેહસંગે પોતાની મુછો આમળી.

"હરભમ, સઉથી વધારે જરુરનું કામ તને સોંપું છું. કેમ,
"થશે કે ત્હારાથી?"

હરભમ હસ્યોઃ "ગાજ્યો મેહુલો વરસે નહી, માટે ગાજ્યું કાંઇ
"વધારે છે?"

ડોસોઃ—"ઠીક, ત્યારે વરસો. અત્યારે ને અત્યારે ત્હારે સુર-
"સંગનો પત્તો ખોળી ફ્હાડવો અને ચોથી તુકડી લેઇ એવી રીતે રૂહેવું
"કે એના સાથી એની સાથે મળવા કે સંદેશો પ્હોચાડવા પામે નહી
"અને ભાઇસાહેબ નદી કે રસ્તો ઓળંગી પેલી પાસ જવા પામે
"નહી અને જ્યાં જાય ત્યાં તને જ સામો દેખે!"

હરભમ આ મ્હોટા કામથી ખુશ થઇ બોલ્યોઃ "બસ, એ
તો થયું સમજો. પણ હજી એક તુકડી રહી."

ડોસોઃ "ત્હારા મનમાં ધીરજ નથી તે બોલવા સરખું ક્યાં દે
"છે જે? એ તુકડી અબ્દુલ્લાને સોંપું છું."

"અબ્દુલ્લો તરવાર બ્હાદુર છે પણ ત્યાં તો બુદ્ધિવાળું કપાળ
"જોઇએ. કુમુદબ્હેનને આવવાનું ત્યાં આગળ પરતાપ પણ પાસે ર-
"ખડવાનો; તે કપટ કરવાનો એ નક્કી. અબ્દુલ્લો એને નહી પ્હોચે"
હરભમ બોલ્યો.

ડોસો બોલ્યોઃ "હુ જઇશની અબ્દુલ્લા જોડે જે!" ડોસો છાતી
ફ્હાડી બોલ્યો.

હુરભમ: "ત્યારે તો ઉત્તમ."

"ના, ના, વડીલ, તમારે એ જોખમમાં પડવાનું નહી. વૃદ્ધ શરીર અને આપણો ધંધો નહી!" ગુણસુંદરી બોલી ઉઠી.

ડોસો હસ્યોઃ "વારુ, ગુણસુંદરી, ડોસાને પણ જુવો તો ખરાં! "તમારો તો જન્મ પણ ન હતો અને આ બધા દેશમાં સાહેબલોક "નવા આવતા હતા તે વખત તમારો વડીલ તરવાર બાંધી રજપુતો "ભેગો દોડતો હતો. શું કુમદને માથે હરકત આવે ને હું જોઇ રહું? "જો એમ થાય તો મ્હારો અવતાર નિષ્ફળ જ. જો હુરભમ, હું "અને અબ્દુલો અમારી તુકડી લેઇ અત્યારે નીકળીશું તે સુભદ્રા "ઓળંગી આગળ ચાલ્યા જઇશું તે જ્યારે કુમુદ મળશે ત્યારે અટ- "કીશું અને એને લેઇ આવીશું. એની સાથે પણ માણસો હશે તેને "સાવધાન કરી આગળ પાછળ ચાલીશું. જાવ, મુખી અને હરભમ, "તમે કહ્યા પ્રમાણે તૈયારી કરી પલકારામાં પાછા આવો; અને ગુ- "ણસુંદરી, તમે જરા મ્હારાં જુનાં કપડાંમાંથી પાયજામો ક્‌હડાવો "અને બીજાં કપડાં કહું તે ક્‌હડાવો. ફતેહસંગ, તું મ્હારે સારુ તમા- "રા બધાંમાંથી કોઇની તરવાર સારી જોઇને લાવ, બંધુક પણ "લાવજે, અને ......"

ડોસો વધારે બોલવા માંડે છે એટલામાં તો સર્વ શૂરમંડળ તેના હુકમનો અમલ કરવા વેરાઇ ગયું.

સ્ત્રીમંડળ ડોસાનાં કપડાં લેવા ગયું. જુના કાળમાં જ્યારે ઇંગ્રેજી રાજ્યનો અમલ બેઠો ન હતો અને બધો દેશ લુટારા લોકના ત્રાસથી બારે માસ હથિયારથી સજ્જ રૂહેતો હતો, જ્યારે બ્રાહ્મણોને અને સ્ત્રિયોને પણ પોતાનું રક્ષણ કરવા જેટલી તત્પરતા રાખવી પડતી હતી, તેવા ભયંકર સમયમાં જેની જુવાનીનો મુખ્ય ભાગ ગયો હતો તે **માનચતુર** હથિયારના ઉપયોગમાં પાવરદા હતો, અને તેના હાથને એવી રીતે કસાવાના પ્રસંગ પણ ઘણા મળ્યા હતા. **નાનાસાહેબના** બંડ પછી દેશ અશસ્ત્ર થયો છતાં, સશસ્ત્ર અવસ્થાનું શૂરાતન, બળ, અને આવડ **માનચતુર**માંથી અદૃશ્ય થયાં ન હતાં અને ઘણે વર્ષે પ્રસંગ આવ્યે સુતેલો સિંહ જાગ્યા પછી પણ સિંહ જ હોય છે તેમ **માનચતુર** આજ શૂર જનની ઉશ્કેરાયલી અવસ્થા અનુભવવા લાગ્યો.

"ચંદ્રકાંત, તમે તો ઘેર જ રૂહેજો—બધી સ્ત્રિયોનું રક્ષણ થશે "તે ભેગું તમારું પણ થશે. ખમા ઇંગ્રેજ બ્હાદુરને કે હથિયાર લેઇ

"લીધાં અને સ્ત્રિયોની તેમ જ તમારા જેવા પુરુષોની સઉ ચિંતા
"ઉપાડી લીધી!"

પોતાની ચિંતામાં પડેલો **ચંદ્રકાંત** આ વાક્યથી સાવધાન થયો, આભો બન્યો, અને દેશને અશસ્ત્ર કરનાર ધારાના વિચારમાં પડી સરકાર ઉપર મનમાં ખીજવાયો.

માનચતુર બોલ્યો: "મુંઝાશો નહી; આ ઉતાવળને પ્રસંગે વાદ-
"વિવાદ કરવાનો નથી. તંમથી કાંઇ અમારી સાથે આવી નીપજે એમ
"નથી. કાયદાની તકરારો બ્હારવટિયા સાંભળે એમ નથી. હું તમને
"બંધુક આપું પણ દારુગોળાને ઠેકાણે કાંઇ તેંમાં ચોપડીઓ ભરાય
"એવું નથી. મને વાત કરવા વખત નથી. હું હથિયાર બાંધી જાઉં
"છું. પાછો આવું એટલામાં આ વાત ઉપર એક નિબંધ લખી
"કૂહાડજો."

માનચતુર ઉત્તર સાંભળવા ઉભો ન રહ્યો પણ બીજા ખંડમાં ચાલ્યો ગયો. **ચંદ્રકાંત** શરમાઇ, ખીજવાઇ, સંજડ થઇ જઇ, બેસી જ રહ્યો. થોડીવારમાં ઘર બ્હાર થતા પગરવથી, કોલાહલથી, એકદમ આવતા જતા મસાલોના અજવાળાથી અને પાછા થઇ જતા અંધારાથી, અસ્પષ્ટ સંભળાતા ઘણાક જનના ગભરાયલા ઉતાવળા બોલથી, ઘોડાઓની ખરીઓના પડઘાથી, હથિયારોના ખડખડાટથી, સઉને અંતે "ચાલો ચાલો" એવા **માનચતુરના** દૂર જતા રહી જતાં તીવ્ર શબ્દથી, અને આખરે એ સઉને ઠેકાણે થઇ જતાં અંધકાર અને નિઃશબ્દતાથી, સઉ લશ્કરનું પ્રયાણ થયું અને પોતે એકલો રહ્યો એવું ગુંચવાયલો **ચંદ્રકાંત** સમજી ગયો, અને વિચારમાં ને વિચારમાં બેઠો હતો ત્યાં ને ત્યાં એમનો એમ રાત્રિના ત્રણ વાગતાં ઉંઘી ગયો.

પ્રકરણ ૭.

જંગલ, અંધારી રાત, અને સરસ્વતીચંદ્ર.

સરસ્વતીચંદ્રના ચિત્તની પરમાર્થવૃત્તિ કલ્પવા પણ અસમર્થ સ્વાર્થલોચનથી જ લોચનવાન્ **અર્થદાસ** મણિમુદ્રા લેઇ પલાયન કરી ગયો તે પ્રસંગે દિવસ પુરો થતાં રાત્રિ આકાશના ગર્ભસ્થાનમાંથી અર્ધી જન્મેલી હતી અને અર્ધ ભાગે આકાશના ઉદરમાં હતી. આકાશ પણ પ્રસૂતિકાળની ભયંકર અવસ્થા ભોગવતું હતું. તેને મૂર્છા આવતી હોય

અને તેની ચેતના દૂર જતી રૂહેતી હોય તેમ પક્ષિમાત્ર અધીરાં બની ટોળે મળી પૃથ્વી ભણી ઉડી આવતાં હતાં અને વૃક્ષોમાં અદૃશ્ય થતાં હતાં. કંઇક પ્રકાશ અને કંઇક અંધકાર એ બેની મેળવણી શૂન્ય અરણ્યમાં એકલા માનવીનું હૃદય કંપાવે એવી ત્રાસદાયક લાગતી હતી અને ઝાંખી દુબળી ચંદ્રલેખા પણ વિશાળ આકાશના એક ખુણામાં ઉગી, ઉગતાંવાત જ જગતના આ દેખાવથી ત્રાસી, અસ્તાચળની ઉંડી ગુફામાં ભરાઇ જવાનું કરતી હતી. તેવે પ્રસંગે **સરસ્વતીચંદ્ર** મૂર્છામાંથી જાગી ઉઠ્યો અને તેની આંખ આ આકાશ, અરણ્ય, અને દૂરથી ચીસો નાંખતી રાત્રિપર પડી. મનુષ્યવસ્તીની છેલી નીશાની **અર્થદાસ** કેઇ દિશામાં ગુમ થઇ ગઇ તે શોધવા **સરસ્વતીચંદ્ર** બેઠો થયો કે રસ્તા ઉપર એ પાસ લાંબી દૃષ્ટિ નાંખવા લાગ્યો, પ્રયત્ન નિષ્ફળ થતાં ઉપરનું આકાશ પળવાર જોવા લાગ્યો, પળવાર પવનથી ખડખડતા ચારેપાસના જંગલભણી નજર ફેરવવા લાગ્યો, અંતે જંગલના ઉંડા ઉંડાણમાં પડવા માંડતી ભયંકર પ્રાણીઓની ચીસો સાંભળી ચમક્યો, અને ભુખ્યો ન હોય, અશક્ત ન હોય, ને ખિન્ન પણ ન હોય, તેમ સફાળો એકદમ ઉભો થયો. તે જ ક્ષણે ચંદ્રલેખા પણ બ્હીની હોય તેમ સંતાઇ ગઇ અને વાઘ જેવો અંધકાર વિશ્વ ઉપર ફાળ મારી કુદી પડ્યો અને **સરસ્વતીચંદ્ર**ના પણ સામો આવી ક્રોધભરેલા ડોળા ઘુરકાવવા લાગ્યો.

પળવાર આ નવા અચિન્ત્ય સ્વપ્નથી હૃદયસ્તંભ પામી, છાતી પર હાથ મુકી, કાંઇ નવો શોધ થયો હોય તેમ **સરસ્વતીચંદ્ર** ચંચળ બની ચાર પાસે દૃષ્ટિ ફેરવવા લાગ્યો, કાન ધરવા લાગ્યો, અને તેના મુખ પર આનંદ ચમકવા લાગ્યો. "હા ! જે મહારાત્રિનાં દર્શન કરવાનો અભિ-
"લાષ હતો તે આ જ ! કુમુદ ! હવે હું તને ભુલું છું ! તું દિવસમાં
"રહી—હું રાત્રિમાં આવ્યો ! **યમરાત્રિ**ના પ્રતિબિમ્બરૂપ રાત્રિ ! **યમ**-
"**રાત્રિ** કેવી હશે તે ત્હારા દર્શનની સહાયતાથી હું અત્યારે કલ્પું છું.
"**ચંદ્રકાંત** ! તું વળી મને આમાંથી અટકાવતો હતો—અટકાવવા
"આવ્યો છે ! ગુમાનબા, આ સઉ તમારો આભાર છે ! પિતાજી !
"તમે મ્હારા ઉપરથી સ્નેહ ઉતારી મને માયાના ફન્દમાંથી મુક્ત
"કર્યો ! સંસાર, સ્નેહ, લક્ષ્મી, અને બીજી બધી માયામાંથી મુક્ત થઇ
"આખર હું આ આખરની અવસ્થા અનુભવવા પામું છું. આ નિ-
"ર્જન ઘોર અરણ્યમાં શૂન્ય રાત્રિમાં ક્રૂર પ્રાણીયો વચ્ચે માત્ર

"ઇશ્વિરસનાથ હું આવી પ્હોચ્યો અને જે દશા અંતે થવાની તે
"આજથી આણી! ગૃહ અને લક્ષ્મીનાં જાળ ચીરી નાંખ્યાં!"

"આમ જ ચૉરૉ એ દમ્ભ નૉચે,
"આમ જ એ સઉ દમ્ભ નૉચે,
"ઉતરૉ પડ્યો હું નૉચે નૉચે!
"એ જગ-દમ્ભ તણા સાગરની નૉચે નૉચે આવ્યો!
"સમુદ્રતળિયે ઉતરૉ પડ્યો, પડૉ નૉચે નૉચે આવ્યો!
"આમ જ હજી આ દમ્ભ નૉચે,
"કામણ કંઇ મુજ કાજ હૉસે;
"ધન્યભાગ્ય! આ દમ્ભ નૉચે,
"હજીય ઉતરૉ પડું નૉચે નૉચે
"નૉચે નૉચે!!"

"મુંબાઇનગરીના લક્ષાધિપતિપણામાંથી બુદ્ધિધનના ઘરમાં ક્ષુદ્ર "અતિથિની અવસ્થામાં, ત્યાંથી આ અન્ધ અરણ્યમાં—અને અંહીથી "પણ નીચે હવે જવાનું નિશ્ચિત!"

પોતે બોલે છે તેના પણ ભાન વિના આ શબ્દો બોલી, તેનો પડઘા સાંભળતો—ઉત્તર સાંભળતો હોય તેમ, મનમાં ને મનમાં આનંદ પામતો, અંધકારને જોતો, ક્રૂર ગર્જનાઓ સાંભળતો, અંધકારમાંથી શાંત તેજ નીકળતું હોય અને ગર્જનાઓને ભેદી આઘેથી ઝીણું કોમળ ગાન આવતું હોય અને તે તેજને જોવાને અને ગાનને સાંભળવાને રસિક આતુર બનતો બનતો, હૃદય ઉપર હાથનો સ્વસ્તિક રચી **સરસ્વતીચંદ્ર** કેટલીક વાર સુધી એમનો એમ ઉભો.

જે ક્ષણે **સરસ્વતીચંદ્ર** જડ જેવો, મૂર્ખ જેવો, શબ જેવો, સ્વભસ્થ જેવો, સમાધિસ્થ જેવો, આ પ્રમાણે ઉભો હતો તે પ્રસંગે રાત્રિ પણ, એના જેવી જ નિરંકુશ બની, સંસારનાં સુખ-દુઃખની ચેતના નષ્ટ કરી, નિશ્ચેતન જેવી પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી વ્યાપી રહી જડ જેવી ઉભી રહી; કર્તવ્ય–અકર્તવ્યનું—યોગ્ય–અયોગ્યનું–ભાન નષ્ટ કરી, મુકુટ ધારણ કરનારાઓને સ્ત્રીવશ કરી, પંડિતોને બુદ્ધિહીન નિદ્રાવસ્થામાં નાંખી, બ્રહ્મચર્યા અને સંન્યાસના વ્રતસ્થ પુરુષોને સ્વમસૃષ્ટિમાં રમાડી, સ્થળે સ્થળે મૂર્ખચેષ્ટા કરી રહી; વસ્ત્રહીન પ્રકાશહીન ચેતનહીન થઇ ગયેલા સંસારરૂપ આ મહાસ્મશાનમાં નિશ્ચેષ્ટ

શબરૂપે પડી પડી, ઘુવડ અને શિયાળ જેવાં પોકે પોક મુકી રોતાં સંબંધિયો વચ્ચે, કાળાગ્નિની ભડભડ બળતી અજરામર એકાંત અને ભયંકર ચિતાના મુખમાં ખવાવા લાગી; શૂન્ય જેવા દશે દિશ વ્યાપતા અંધકારના અદૃષ્ટ અવયવોમાં કલ્પનાનીપેઠે ભરાઇ મચી રહેલા જંગલો, પર્વતો, નગરો અને પ્રાણીઓના–અંતર્ગત ઠઠ ઠાઠને આંખો મીંચી જોઇ રહેતી હોય, તે મહાસ્વપ્નમાં ને સ્વપ્નમાં જ સિંહ વાઘ વગેરેની ભયંકર ગર્જનાઓને લવતી હોય, તેમ સુષુપ્તિસમયે જાગૃત સંસ્કારોમાં પ્રવાહપતિત થઇ ગઇ; બાહ્ય સંસારના પ્રપંચોને અગોચર કરી ચારે પાસે અંધકાર ભરી સરસ્વતીચંદ્રના મગજમાં કોઇ સર્વવ્યાપી એક તત્વનો લય કરી એ લયમાં જ સમાધિસ્થ થઇ ગઇ. ઘર છોડ્યું, લક્ષ્મી છોડી, પિતા છોડ્યા, મિત્ર છોડ્યો, કુમુદ છોડી અને સ્નેહ પણ છુટી ગયો; એ સર્વ પટ સરી ગયા તેની સાથે જ એ ઉપાધિપટમાં ઢંકાયલું તત્ત્વ જાતે અપ્રયાસે દૃષ્ટિગોચર થયું હોય તેમ તે જોતો સરસ્વતીચંદ્ર અત્યારે જંગલવચ્ચે અંધકાર વચ્ચે ઉભો રહ્યો અને ઉંડા વિચારમાં વિચારશૂન્ય જેવો લીન થઇ ગયો.

પરંતુ આ અવસ્થા ઘણીવાર ટકી નહી. થોડીક વારમાં શરીરયંત્રની કમાને, બળ કરી, એકાંત મનોવૃત્તિને, નદીની રેલનો પ્રવાહ કીનારાની ભેખડને તોડે તેમ, તોડી પાડી અને પોતાના પ્રવાહમાં લીન કરી.

"શરીરયંત્રને પ્રકોપકાળે શિથિલ યોગની માયા !"

આખા દિવસની ક્ષુધા વિચારમાત્રનું ભક્ષણ કરવા લાગી અને મસ્તિક ખાલી પડ્યું; તૃષા કંઠને રોકી બેઠી અને સરસ્વતીનો પ્રવાહ નીકળવા પામે તે પ્હેલાં તેનું આચમન કરવા લાગી; અંધકારે નકામી કરેલી આંખોને શરીરની અશક્તિએ ફરી મીંચાવી અને સરસ્વતીચંદ્ર મૂર્છા ખાઇ ફરી પૃથ્વીપર ઢળી પડ્યો. પશ્ચાત્તાપ કરાવનાર બુદ્ધિ અધિષ્ઠાન વિનાની થઇ પડી; ભય અને શોક કરાવનાર ભાન ઉડી ગયું. ઘણાક ઉદ્ધત પુરુષો મ્હોટી મ્હોટી વાતો કરી વાતપ્રમાણે કામ કરવાનો પ્રસંગ આવ્યે ડરી જઇ કંપારી ખાય છે; સરસ્વતીચંદ્રે તે કંપારી ખાધી ન્હોતી. તામસને વશ થયેલા ઘણાક મૂર્ખો વિચારશૂન્ય કામ કરી બેસી પશ્ચિમબુદ્ધિના કાંટા વાગતાં કર્યું ન કર્યું કરવા મથે છે; એક કુમુદસુંદરીની વાતમાં તેમ કરવા ઇચ્છા હોય તો તે પુરી પાડવી અશક્ય હતી અને બીજી કંઇ પણ વાતમાં તેમ કરવા સરસ્વતીચંદ્રને ઇચ્છા સરખી થઇ હતી નહી અને તે જ કારણથી ચંદ્રકાંતથી નાસતો ભાગતો આ જંગલના દુઃખમાં મંગળ ગણવા લાગ્યો હતો. એ સર્વ વિચિત્ર નાટકનું

વિચિત્ર અવસાન આવ્યું હોય અને પડદો પડ્યો હોય તેમ અત્યારે થયું. પોતે મૂર્ખતા કરી છે કે ઉચ્ચાભિલાપ સિદ્ધ કર્યો છે તે વિચારનાર પણ કોઇ રહ્યું નહી અને સ્થળસમયની અવસ્થા પણ સરસ્વતીચંદ્રને જગાડે એવી ન હતી.

અંધકારની સેના ચારે પાસ ઘણા જોરથી ધસારો કરતી હતી અને દશે દિશા છાઇ લીધી હતી. ઘોડેસ્વારો વેગથી સ્વારી કરતા હોય અને ઘોડાની ખરીઓના ડાબલાના ડાબકા જમીનપર દેવાતા હોય તેમ કાળરાત્રિ ગાજતી હતી. અનેક તરવારો અથડાતી હોય તેમ પવનને બળે અનેક ઝાડોનાં પાંદડાં તથા ડાળો અથડાઇ અવાજ કરતાં હતાં. મ્હોટા બાણાવળી ઉગ્રબળથી બાણ ફેંકતા હોય અને તેના સુસવાટ ચારે પાસ મચી રહ્યા હોય તેમ પવન સુસવાટા નાંખી રહ્યો હતો અને વૃક્ષો વચ્ચેના, પાંદડાં વચ્ચેના, આંતરાવચ્ચે થઇને ધસી આવતાં, ચીસો નાંખતો હતો. ચારે પાસ યુદ્ધનાં ભયંકર વાજાં વાગી રહ્યાં હોય અને યુદ્ધની બુમમાં બરોબર ન સંભળાતાં સ્થળે સ્થળે તેનો નાદ સ્ફુરતો હોય તેમ સર્વ પાસ તમરાં નિરંતર બોલતાં હતાં. ઘવાઇ ઘવાઇ, કોઇ હાથ ખોઇ, કોઇ પગ ખોઇ, પડેલા જોદ્ધાઓ દોડતા લ્હેડતા જોદ્ધાઓના પગ તળે કચરાતાં છુંદાતાં દુઃખથી અશરણ બની હૃદયવેધક ચીસો પાડી ઉઠતા હોય તેમ હરણ, સસલાં, અને અનેક ગરીબ પશુઓ, બોડમાં ઉંઘતાં પ્રાણીઓ શોધી ખાનાર વરુ જેવાં ક્રૂર ચોર પશુઓનાં પંઝામાં પોતાને અથવા નરને કે માદાને કે બચ્ચાંને ફસાયલાં દેખી, ઉંડાણમાંથી કારમી ચીસો નાંખતાં હતાં. આખા જંગલમાં શીકારી અને શીકારની દોડાદોડ મચી રહી હતી અને સિંહવાઘના પંઝા અને નખ ધબ લેઇને પડતા હતા અને ગરીબ પ્રાણીઓના કોમળ માંસમાં ખુંપી જતા હતા. શીયાળનાં ટોળાં ચારેપાસથી કાયર જોદ્ધાઓ નાસતાં નાસતાં ચીસો પાડે તેમ રોતાં હતાં. શૂરા સ્વારો પેઠે વાઘ, ન્હાનાં ઝાડ અને ઘાસ ઉપર ફાળ ભરતા, વેગથી ચાલ્યા જતા હતા અને ચોમાસાના પૂરપેઠે ઠેકાણે ઠેકાણે ઘુઘવાટ કરતા હતા. સેનાના નાયક જેવો મૃગપતિ સિંહ અંધરાત્રે રસ્તા વચ્ચે બેઠો બેઠો—મ્હોટું વાદળું ગાજતું હોય—તોપ ધડુકતી હોય—તેમ મહાગર્જના કરી રહ્યો હતો. એ ગર્જના સાંભળતાં વાઘસરખાં પ્રાણી સુપ થઇ લપાઇ જતાં હતાં, હાથીઓ અને પાડાઓ બરાડા પાડતા પાડતા નાસાનાસ કરી મુકતા હતા, ઝાડ ઉપર સુતેલાં પક્ષિયો જાગી ઉઠતાં હતાં અને કંપતાં કંપતાં કાન માંડતાં હતાં, આખા જંગલમાં અને

આગ્નેના સુંદરગિરિનાં કોતરોમાં વિકરાળ પડઘા ઉઠી રહ્યા હતા, અને ઘોરી માર્ગપર એક ઠેકાણે એકલો બેઠો બેઠો આવી મહાગર્જના કરતો મદોન્મત્ત સિંહ પશુમાત્રમાં પોતાની આણ વર્તાવતો હતો અને આખા જંગલમાં ખુણેથી ખુણે સર્વત્ર તેની હાક વાગી રહી હતી. અગ્નિના અંગારા પેઠે તેની આંખો રાતા તેજથી ચળકતી હતી અને આઘે સુધી તીવ્ર ભયંકર કટાક્ષ નાંખતી હતી. ક્રૂર પશુઓનો આ મહારાજ ઘડી ઘડી યાળ ફેંકારતો હતો અને તે વીંઝાતી તેના સ્વરથી ચમકતાં તમરાં પણ ચુપ થઇ જતાં હતાં. જે રસ્તાને એક છેડે આ વનરાજ આવી રીતે બીરાજતો હતો તે જ રસ્તાને બીજે છેડે તે જ સમયે, કાળજું કહ્યું ન કરે એવે સ્થળે ને સમયે મનસ્વી મન-રાજ **સરસ્વતીચંદ્ર** ત્રિભેટા આગળ વચ્ચોવચ એકલો પડ્યો પડ્યો નિર્ભય અને નિઃશંક મૂર્ચ્છાસમાધિ સાધતો હતો.

આ પ્રસંગે આખા જંગલમાં પેસવા કોઇ માનવીની છાતી ચાલે એમ ન હતું અને ખરા શૂરવીરો પણ રાત્રિસમયે આ ભયંકર જનાવરોને છંછેડવા હીંમત ધરતા ન્હોતા. આખા જંગલમાં માત્ર જનાવરોની કારમી ચીસો સંભળાયાં કરતી અને બ્હારવટિયાઓ રાવણું કરતા તે પણ **મનહરપુરીની** બાજુના વડમાં ભરાતા. **સરસ્વતીચંદ્ર** પડ્યો હતો તે જગા વડથી થોડે છેટે હતી અને વડ નીચે ઉઠતો શોરબકોર પણ અંધારામાં કાન ઉપર અફળાતો ત્યારે ઓછો ભયંકર ન્હોતો લાગતો. આકાશમાં તારાનાં ઝુંડ ઝબુકતાં હતાં તે પણ ભયંકર પ્રાણીઓની આંખો જેવાં વિકરાળ પ્રકાશવાળાં લાગતા હતાં અને જંગલનો આ દાક જોઇ નબળો પોચો માણસ તો ભયથી ગાંડો જ થઇ જાય. **સરસ્વતીચંદ્રની** મૂર્ચ્છા વળી, તોપણ ઉઠવાની કે બોલવાની તેનામાં શક્તિ રહી ન હતી. રસ્તાની ધુળમાં ચતોપાટ પડેલો હતો તેને કાંઇક શુદ્ધિ આવતાં, પ્રથમ કાન સચેત થવા પામતાં, સિંહની ત્રાડતી ગર્જના અને તેની સાથે જ બીજાં પ્રાણીઓની ચીસો એકદમ એ કાનમાં દોડી આવવા લાગી, અને આંખો ઉઘડતાં એ ગર્જનાઓથી ગાજતો વીંઝાતો ત્રાસ વર્ષાવતો અંધકાર અને અંધકારસાગરને પેલે કીનારે ચાંચિયાઓની તરવારોની અણિયોપેઠે ચળકતા ચમકતા તારાઓ દૃષ્ટિમાં ઉપરા ઉપરી ઉભરાવા લાગ્યા. **સરસ્વતીચંદ્રના** પંડિત વિચાર નાસી ગયા; કવિતા તો પાસે આવી જ નહી; જ્ઞાનમાર્ગ તો સુઝ્યો જ નહી; બાબાપ, **કુમુદસુંદરી**, અને **ચંદ્રકાંત** પણ એના મનની દૃષ્ટિમર્યાદામાંથી ખસી ગયાં; મરણકાળે સઉને મુકી એકલાં જ-

વાનું તેવી જ રીતે આ મહાભયપ્રસંગે પણ **સરસ્વતીચંદ્ર** એકલો અ-નાથ ભાંય નાંખેલા જેવો કાળરાત્રિના ઘોર ભયભૈરવનું ઉગ્ર સ્વપ્ન જોવા લાગ્યો. ઉઠવાની શક્તિ નહી તો નાસવાની ક્યાંથી હોય? નાસીને પણ આ અજાણ્યા જંગલમાં અંધકારે કેઇ દિશાએ જવું? ગમે તો ભુખ અને અશક્તિથી અથવા ગમે તો કોઇ ભયંકર પ્રાણીના મુખમાં આહુતિ પેઠે પડી, સંસારને છેલા નમસ્કાર કરવાનો પ્રસંગ પ્રત્યક્ષ લાગ્યો. તેની સાથે ભૂતકાળ દૃષ્ટિ આગળ ખડો થયો. પિતા, કુ-મુદસુંદરી, અને પ્રિય **ચંદ્ર**કાંતનાં દીન મુખ નેત્ર આગળ આવી ઉભાં, અને તે સર્વનાં નેત્રમાં આંસુની અખંડિત ધાર વ્હેતી દેખાઇ. બોલવાની શક્તિવગર, બોલ્યાવગર, **સરસ્વતીચંદ્ર**નો આત્મા જ આ જોઇ રોવા લાગ્યો; સઉની ક્ષમા માગવા લાગ્યો; કરગરવા લાગ્યો; બ્રહ્મહત્યા જેવી સ્નેહહત્યા ફરી ફરી સાંભરી આવી તેના આખા શરીરને કં-પાવવા લાગી; એની આંખોમાંથી આંસુ જાતે નીકળવા લાગ્યાં અને બેપાસ આંખના ખુણામાંથી લમણા ઉપર થઇ કાન આગળ થઇ પૃ-થ્વીપર પડવા લાગ્યાં; તેને શીત આવ્યા જેવું થયું; રોવાની શક્તિ હત તો પોક પોક મુકી રોવાઇ જાત, પણ રોવા જેટલી શરીરમાં શક્તિ સરખી ન હતી તેથી શરીર અને મુખ રાંક થઇ ગયાં; **લક્ષ્મીનંદન**, કુમુદસુંદરી, અને **ચંદ્ર**કાંત એ શબ્દથી ભરેલા નિઃશ્વાસ અને પ્રાણ છાતીમાં ધડકવા લાગ્યા; એ નિઃશ્વાસ અને પ્રાણ હવે તો જાય તો સારું એવું ઇચ્છી તેનો માર્ગ મોકળો કરવા ગરીબડું મુખ પ્હોળું થઇ ગયું; પગ ચુસાવા લાગ્યા પણ હલાવવાની શક્તિ ન હતી; પેટમાં દાહ ઉઠવા લાગ્યો અને યમરાજના દૂતનાં પગલાંના જેવા ધબકારા સંભ-ળાયા. અત્યારે એને કોઇ અગ્નિદાહ કરવા ન્હોતું; એના શબ પાસે મરણપોક મુકનાર પણ ન હતું. માત્ર અંધકાર ભરેલું જંગલ ભયા-નક અને ગંભીર દેખાવ ધારણ કરી ચારે પાસેથી ત્રાડો નાંખતું, મા-રેલા શીકારપાસે ગાજતો વાઘ બેઠો હોય તેમ, બેઠું હતું અને ખાવા ધાતું હતું.

એવામાં રસ્તાની એક બાજુ પરની ઝાડીમાં કાંઇક ખખડાટ થયો, અને થોડી વારમાં એક મહાન અજગર—કાળો નાગ—ફુંફવાડા મારતો ઝાડીમાંથી રસ્તાઉપર દાખલ થયો, અને ફુવારાના પાણીપેઠે ઉછળતો ઉછળતો **સરસ્વતીચંદ્ર** પડ્યો હતો એણી પાસ સમુદ્રના—અ-ટકે નહી એવા—મોજાપેઠે આવ્યો. **સરસ્વતીચંદ્ર**ના અશક્ત શરીરમાં એના ઘસારાએ અને ફુફવાડાએ અચિંતી લેશ શક્તિ આણી અને ઉ-

હાયું તો નહી પણ નાગ આવતો હતો તે ભણી દૃષ્ટિ ફેરવી અને યમદૂત જેવા નાગને એણે દીઠો અને તેની સાથે આંખો આકાશ ભણી હતી તેવી કરી દીધી. સગાંસ્નેહીના વિચાર, પશ્ચાત્તાપ, દીનતા, શોક, અને આંસુ એ સર્વ સંસારના પદાર્થોનો વીજળીની ત્વરાથી ત્યાગ કરી દીધો, અને મહામંગળસમય જેવા મરણકાળને વાસ્તે **સરસ્વતીચંદ્ર** આંખના પલકારા જેટલી વારમાં સજ્જ અને સાવધાન થઇ ગયો. આ સર્પ પોતાને ક્યારે ડસે છે તેની વાટ ધડકતા હૃદયથી જોવા લાગ્યો. સર્વ સંસારનું હવે અવસાન આવે છે સમજી, ક્ષોભ તજી, તે શાંત થઇ ગયો. વિચારનો અવકાશ મળ્યે, ઉપજેલું મરણ-ભય, અવકાશ જતો રહ્યો તેની સાથે, જતું રહ્યું. માત્ર આત્મરક્ષણની સાહજિક વૃત્તિ[1] સૂર્ય ગયા પછી પણ સૂર્યનાં કિરણ રસળે તેમ હજી રહી હતી અને એ વૃત્તિએ પણ એવું જ શીખવ્યું કે નાગની પાસે સચેતન દેખાવા કરતાં જડ દેખાઇ, જાય તે રસ્તે તેને જવા દેવો એ જ સારું છે. મહાસર્પ દોડતો દોડતો આવ્યો તે ક્ષણે **સરસ્વતીચંદ્ર** આવાં કારણથી હાલતો ચાલતો બંધ થઇ સ્તબ્ધ બની શ્વાસ રુંધી પડી રહ્યો. સર્પ આડો અવળો વાંકો થતો એની પાસે આવ્યો, પોતાના માર્ગનો અવરોધ કરતો એને દેખી એની ચારે પાસ પ્રદક્ષિણા કરવા લાગ્યો, અને અંતે પ્રથમ હતો તે પાસે આવી એની છાતીપર ચ્હડી ગયો. સાપ પાંચ છ હાથ લાંબો, ચાર પાંચ આંગળ જાડો, અને વિકરાળ હતો. તારાના તેજમાં એની તીવ્ર આંખો, ધોળી મુછો, અને કાંચળીમાંના પટા આભાસ ધરવા લાગ્યા. પોતાની પ્હોળી મ્હોટા પાંદડા જેવી અગ્રફણા ઉંચી કરી કંપાવવા માંડી **સરસ્વતીચંદ્રની** છાતીપર નાગરાજ ડોલવા અને ભયાનક ડાકલી વગાડવા લાગ્યો. **સરસ્વતીચંદ્રના** ધૈર્યની સીમા આવી ગઇ અને સાપ કરડ્યો હોય એવી જ વૃત્તિ આ દેખાવ જોઇ એને થઇ ગઇ. તેના ઓઠ, નખ, અને દાંત કાળા પડ્યા હશે તે તો અંધારામાં શું જણાય પણ તે સર્વમાં શીત વ્યાપી ગયું, કાન બ્હેરા થઇ ગયા, શરીરમાંથી લોહી ફટકી ગયું, અને આત્મા શબ જેવા શરીરમાં માત્ર સાક્ષીરૂપે રહ્યો. પાંચ સાત મીનીટ સુધી વિષમય પ્રાણી આ શરીર ઉપર આમ તેમ ફર્યો અને એના ભાર નીચે ચગદાતા ગયા તેમ તેમ શરીરના અવયવ એક પછી એક મરી ગયા જેવા થયા. અંતે એકદમ પુંછડું જોરથી **સરસ્વતીચંદ્રના** મ્હોંપર ઝાપટી, શરીર ઉપરથી ઉતરી, સાપ સામે રસ્તે ચાલ્યો ગયો. તે પળે “ઓ કરડ્યો !” એવી વેદના

---

1 Instinct of self-preservation.

સરસ્વતીચંદ્રના રહેલા ભાનના અંગારામાં [1]વિષપેઠે વ્યાપી ગઇ અને તેની સાથે એ અંગારો હોલાઇ ગયો. જંગલ પાછું હતું તેવું થઇ ગયું; સરસ્વતીચંદ્રના હૃદયના ધબકારા પણ બંધ થઇ ગયા; એને ધારણ કરનારી રાત્રિચિતામાં અંધકાર ભડભડ લાગવા માંડ્યો; અને જંગલ-સ્મશાનમાં પ્રાણી બંધુઓની પોકેપોક ચારે પાસ ગાજી રહી અને આકાશને ભેદવા લાગી. કઠણમાં કઠણ કાળજાં ચીરી નાંખે એવી મરણપોક જેવી સિંહગર્જના બીજા સર્વ નાદને ડુબાવી દેઇ એકલી સંભળાવા લાગી; અને દશે દિશાએ ઘોર શૂન્ય અંધકારમાં યમને ખોળે પડેલા સરસ્વતીચંદ્રની પ્રાણયાત્રાના અવસાનના સાક્ષીભૂત થવા, એ સુતો હતો ત્યાંથી ફરતા બે ત્રણ ગાઉ સુધીમાં, કોઇ માનવી આ ભયંકર પ્રહરે હશે એવી કલ્પના પણ થવાનું કારણ ન હતું. ચારે પાસનું જંગલ, પૃથ્વી, આકાશ, અને સર્વ દિશાઓ એકદમ આ પુરુષના પ્રાણને વાસ્તે પોકારતી હતી અને એ પોકાર અંધકારમાં પડઘા પામી ગાજી ઉઠતો હતો. “ ઓ સરસ્વતીચંદ્ર !”—“ સરસ્વતીચંદ્ર ! સરસ્વ-“ તીચંદ્ર ઓ ! ઓ !”...... એવી લંબાતી કારમી ચીસ આખા અરણ્યમાંથી ઉંચા તાડોનાં વચાળાંમાં થઇને નીકળતી લાગતી હતી, અને ઠેઠ મનહરપુરીમાં પ્હોચી ચંદ્રકાંતના હૃદયને ચીરતી હતી, અને સુવર્ણપુરસુધી પ્હોચી ગરીબ કુમુદસુંદરીની આંખોમાંથી ઉંઘને હાંકી ક્હાડી આંસુનો સાગર ઉભરાવતી હતી અને અમાત્યનો મ્હેલ અને પ્રમાદધનનું રંગભવન તેને મન સ્મશાન જેવું કરી દેતી હતી.

માનવીનો પગસંચાર આ અરણ્યમાં થવો અસંભવિત હતો તેવે આ પ્રહરે જે રસ્તે સરસ્વતીચંદ્ર શબવત્ પડ્યો હતો તે રસ્તાપર કેટલેક છેટે પૂર્વદિશામાં ભૂતાવળી જેવું એક ટોળું આવતું હતું. એ ટોળું બ્હારવટિયાઓનું ન હતું, કારણ એ લોક તો ક્યારના વડ આગળથી વેરાઇ ગયા હતા. અત્યારે રાત્રિના અગિયાર વાગ્યા હતા, અને રાત્રિ વધી તેમ તેમ ભયંકર થતી ગઇ. ભયંકર પશુઓની ચીસો વધતી ગઇ, અને ઘુવડ ઠેકાણે ઠેકાણે નીકળી પડી ઘુઘવવા લાગ્યાં. જંગલમાં પડતી ચીસોનો પ્રત્યુત્તર મનહરપુરીની શેરીઓના કુતરા મ્હોટે સાદે કરવા લાગ્યા અને તેમનું ભસવું અને રોવું આ રસ્તા સુધી સંભળાવા લાગ્યુ. આકાશમાં તારાઓના પોપડે પોપડા બંધાયા અને તેમનું તેજ એકાંત ભયસૂચક લાગવા માંડ્યું. ક્વચિત એકાદ રડીખડી કાળાશ મારતી ન્હાની વાદળી શીવાય જ્યાં જુવો ત્યાં તારા જ તારા અને વચ્ચે

---

૧ વિષ–ઝેર, પાણી.

ભયંકર કાળું આકાશ. ઝાકળ પણ પડવા માંડતું હતું અને ભયભીત જગતને શરીરે પરસેવાપેઠે એકઠું થઇ સર્વને ઠંડાંગાર કરી નાંખી કંપાવતું હતું. ત્રિભેટાની પૂર્વ ભણીથી આ ઘડિયે ભયંકર ભૂતાવળી જેવું ટોળું આવતું હતું અને રાત્રિની ભયંકરતાને વધારતું હતું.

આ ટોળાની આસપાસ કેટલાક જણ વાંસના ભારા બાંધી તેને મસાલો પેઠે સળગાવી ચાલતા હતા. એ ઉંચા વાંસની મસાલો વગરતેલે બળતી હતી અને તેના શિખરો ઉપર બળતા રાતા-પીળા ભડકા ઘણેક છેટે સુધી પ્રકાશ નાંખતા હતા, અને ઝાડો અને તાડોની વચ્ચે અંધકારના ઉંચા શિખર-કળસ જેવા લાગતા હતા. કોઇ કોઇ વખત તો વાંસોની ગાંઠો બળતાં ફુટતી અને ચારે પાસ તેના તનખા કડાકા કરતા ઉડતા હતા. આ ટોળામાં સર્વેયે માથે શિવના ગણનીપેઠે મ્હોટી જટાઓ ઉંચી બાંધી લીધી હતી અને કાળા વાળની ઉભી ગડો અજવાળામાં મ્હોટા સાપની પેઠે ચળકતી હતી અને જટાઓ ઉભા રાફડાઓ જેવી લાગતી હતી. આ ટોળું બાવાઓનું હતું અને તેમના પગનો ઘસારો ઘણે છેટેથી સાંભળીને સાપ સરસ્વતીચંદ્રના શરીરપર પળવાર સ્તબ્ધ ઉભો રહ્યો હતો અને તે ઘસારો તથા પ્રકાશ દૂરથી પાસે આવતો સમજી એકદમ ન્હાસી ગયો હતો.

નાગ ગયો અને થોડીક વાર થઇ હશે એટલામાં તો બાવાઓ સરસ્વતીચંદ્રનું શરીર પડ્યું હતું તે જગા આગળથી દૃષ્ટિગોચર થયું. આશરે ત્રીશ ચાળીશેક બાવાઓનું ઝુંડ હતું અને સઉની વચ્ચે એક રથ હતો તેને બળદ ન જોડતાં બાવાઓ જ ખેંચતા હતા. બાકીના બાવાઓમાંથી કેટલાક, હાથમાં કરતાળ, ડફ, કાંશીઓ, વગેરે લેઇ, વગાડતા હતા. કેટલાક પાસે માત્ર મસાલો જ હતી. કેટલાકની પાસે લાંબી ઉઘાડી તરવારો હતી અને તરવારવાળાઓ રથની આશપાશ અને ટોળાની આશપાશ ચોગમ આંખો ફેરવતા ફરતા હતા. એક જણની પાસે ભગવા રંગનો ઉંચો ઝુંડો હતો તે રાત્રે પણ ઉન્હાળાના પવનના સપાટાથી ફરફરતો હતો અને મસાલોના વીંઝાતા ભડકાઓની ભભક સામે વીંઝાતો હતો અને લાલ ભગવો રંગ ભડકાઓના રંગથી રંગાઇ ચારપાસના અંધકારમાં સઉથી ઉંચે જાતે એક ભડકો જ હોય તેમ ભભક મારતો હતો. રાખથી ભરેલી જટાઓ, ભસ્મથી ભરેલાં માળાઓના ભારાથી લચી પડતાં અર્ધાં ઉઘાડાં અને અર્ધાં ભગવે લુગડે ઢંકાયલાં કાળાં પ્રૌઢ બળવાન શરીર, આકાશ સુધી ગાજી નીકળતી સિંહવાઘને પણ ડરાવતી આખા વનમાં પડઘા ભરતી જાડી ફાટી ભજનની નિર્ભય બુમો, અને એકાંત ભયં-

કર જંગલમાં ભજનની લ્હેમાં ઉન્મત્ત પડતા પગના ધબકારા: આ સર્વેથી આ અલ્મસ્ત જોગિઓનું ટોળું આખા જંગલને, મ્હડાઇ કરી, સર કરતું લાગતું હતું અને સિંહવાઘનાથી ત્રાસ થાય તેના કરતાં આ સ્થળે આ સમયે તેમની આ દશાનું દર્શન માણસની છાતીને ઓછી કંપાવે તેવું ન હતું. ફાળો ભરતા ભરતા, ત્રાડો નાંખતા નાંખતા, મસાલોની ઉંચી ઝાળોની ગુફાઓમાંથી ઉછાળા મારતા હોય તેમ, ધસતા ધપતા સર્વે બીહામણા બાવાઓ **સરસ્વતીચંદ્ર**ના શરીર પાસે આવી પ્હોચ્યા. તેમના શરીરપર જુદે જુદે ઠેકાણે કરેલાં ગોપીચંદન, કંકુ, અને સિંદૂરનાં છાપાં તિલકને લીધે મ્હોટા વાઘના ટોળાના જેવા તે લાગતા હતા. તેમના ખખડતા લાંબા કાળા ચીપીઆ મ્હોટા નાગની પેઠે તેમની કેડોથી, ખભાથી, અથવા હાથથી લટકતા હતા. સઉના ખભા પાછળ હોડકાના આકારનાં જાડાં લાંબાં લાકડાનાં ભિક્ષાપાત્ર નાંખી દીધાં હતાં અને ભરેલી ભગવી ઝોળિયો સઉની બગલો નીચે ઝોળા ખાતી હતી. **મહારુદ્ર**ની આસપાસ વીંટાઇ વળી આવતા ભયંકર ગણોના ટોળાપેઠે એ ટોળું ફાળો ભરતું **સરસ્વતીચંદ્ર**ના શરીર પાસે આવી પ્હોચ્યું, અને એ શરીર ચગદાઇ જાય તે પ્હેલાં મસાલોનું અજવાળું એના પર પડવાથી સઉની આગળ ચાલતો બાવો ચમક્યો, ખચક્યો, એ શરીરપર દૃષ્ટિ નાંખી ઉભો રહ્યો, અને તેની સાથે જ સર્વ ટોળું ઉભુ રહ્યું, નિશ્ચેષ્ટ થયું, એકદમ બોલતું બંધ થઇ ગયું, અને ગાડીમાંથી જોગીશ્વરે બુમ પાડી: “**મોહનપુરી**, શું છે?” આગળ ચાલતા બાવા **મોહનપુરી**ની આશપાસ તરવારબંધ કેટલાક બાવા ભરાઇ ગયા. **સરસ્વતીચંદ્ર**ના શરીરને નીચો વળી મસાલવડે ન્યાળતો પ્રચંડ બાવો **મોહનપુરી** બોલ્યો: “ગુરુજી, માણસનું શરીર શબવત “પડેલું છે.” વધારે ન્યાળી બોલ્યો: “આજ્ઞા હોય તો સ્પર્શ કરીને “જોઉં કે જીવે છે કે શબ છે.” પરીક્ષા કરી સર્વેયે ઠેરાવ કર્યો કે જનાવરે એને માર્યો નથી અને એ મરી ગયો નથી. ગુરુજીએ ધ્યાન ધરી આજ્ઞા કરી: “બચ્ચા, એ પુરુષને ઉચકી લે. શ્રી જગદીશની ઇચ્છા “છે કે સુંદરગિરિના મઠનો આ પુરુષ ઉત્કર્ષ કરશે અને લાંના સાધુ “ગોસાંઇઓ જતે દિવસે એના આશ્રિત થઇ રહેશે. બચ્ચા, એને “જીવની પેઠે જાળવજે! એ મહાપુરુષ થશે અને સાધુસંત એના ચરણારવિંદની સેવા કરશે!”

ત્રિકાળજ્ઞાની ગણાતા જોગીશ્વરનું આ અણધાર્યું વચન સાંભળી સર્વ સ્તબ્ધ થઇ ગયા. **સરસ્વતીચંદ્ર**ના શરીરને બળવાન **મોહનપુ-**

શીએ બાળકના શરીરની પેઠે પોતાને ખભે નાંખ્યું. આવ્યા હતા તેવા જ સર્વ કીર્તન કરતા ચાલ્યા. આગળ જતાં આખું જંગલ બળતું હતું અને ગાઉના ગાઉ સુધી ભયંકર દવ પ્રકટી રહ્યો હતો. ઠેકાણે ઠેકાણે બળતા વાંસોની ગાંઠો ફુટતી હતી અને તનખા ઉડતા હતા. ન્હાનાં મ્હોટાં પશુઓ પરસ્પર-વિરોધ ભુલી જીવ સાચવવાની સર્વસામાન્ય ઇચ્છાને વશ થઇ દોડધામ કરી રહ્યાં હતાં. ઉંઘેલાં પક્ષિયો માળાની સાથે બળી જતાં કારમી મરણચીસો નાંખી શાંત ભસ્મ બની જતાં હતાં, દવના પ્રકાશથી અને ધુમાડાથી ઉભરાતા આકાશમાં પણ આગ લાગેલી જણાતી હતી. આ ભયંકર દવથી બળતા જંગલ વચ્ચે માર્ગ શોધી ક્‌હાડી આગમાં પ્રવેશ કરતું હોય, દવ વચ્ચે ચાલતું હોય, અગ્નિલોકમાં જ જીવતું હોય તેમ જોગિયોનું ટોળું પ્રકાશમાં, તાપમાં, ભડકામાં લીન થઇ ગયું, અદૃશ્ય થઇ ગયું. મોહનપુરીના ખભાઉપર પડેલા સરસ્વતીચંદ્રના ઉત્તમાંગમાં લટકતાં લોચનકમળ, તાપને બળે ઉઘડ્યાં હોય તેમ પળવાર ઉઘડી, આ ચિત્રસ્વપ્નને જોઇ, કંઇ પુછ્યા વિના, બોલ્યાવિના, વિચાર્યા વિના, પાછાં મીંચાઇ ગયાં, અને એ પણ આખરે અદૃશ્ય થઇ ગયાં.

પ્રકરણ ૮.

કુમુદસુંદરી સુવર્ણપુરથી નીકળી.

નવીનચંદ્ર સરસ્વતીચંદ્ર જ છે, ચંદ્રકાંત હવે તેને મુંબાઇ લેઇ જશે, તે પાછો મુંબાઇનગરીમાં યશસ્વીપણે વર્તશે ઇત્યાદિ વિચારથી આનંદમાં આવેલી કુમુદસુંદરી પ્રાતઃકાળે એ સર્વ આશાનું ઉચ્છેદન કરવા સુવર્ણપુરમાંથી પણ જતો રૂહેતો એને જુવે અને પોતાને તે મુગે મ્હોડે જોઇ રૂહેવું પડે એના જેવી વેદના બીજી કેઇ? બુદ્ધિધનના ઘરમાં અત્યંત ઉત્સવને ક્ષણેજ તેને આ શુભ ઘા પડ્યો અને સર્વના દેખતાં મૂર્છા ખાઇ તે ઢળી પડી હતી તે આપણે જાણિયે છિયે. પિયર જઇને આ વાત માતાપિતાને જણવું અને સરસ્વતીચંદ્રની શોધ ક્‌હાડવું એવો તેણે નિશ્ચય કર્યો અને એ નિશ્ચય નિષ્ફળ થતો અટકાવવાને જ હરભમ વગેરે સ્વારોને એણે મનોહરપુરી મોકલ્યા હતા, કારણ પોતાને તે દિવસ મુકી બીજે દિવસે નીકળવાનું હતું.

એ જવાની તે વાતથી કૃષ્ણકલિકા અને પ્રમાદધન પણ આ-

નંદમાં આવ્યાં હતાં. પણ બુદ્ધિધને તેમની વાત જાણી, એવું જાણવાથી તેમના આ રંગમાં ભંગ પડ્યો; એટલું જ નહી, પણ બુદ્ધિધને પોતાને કાંઇક શિક્ષા કરવા ધારી છે તે જાણી ગભરાટ વછુટયો. નવીનચંદ્ર મદદ કરવાની ના કહીને ચાલ્યો ગયો જાણી ગભરાટ વધ્યો, અને સલાહ લેવાનું કોઇ ન મળતાં કૃષ્ણકલિકાને શોધી ક્હાડી તેની જ સલાહ લેવા ધાર્યું. કૃષ્ણકલિકાને સંદેશો મોકલી રાજેશ્વરમાં બોલાવી; એણે અક્કલ આપી કે કુમુદસુંદરી અને નવીનચંદ્રને આડો સંબંધ છે તે વાત મ્હેં તમને કહી અને તે જાણવાથી કુમુદસુંદરીએ આ આરોપ ઉભો કર્યો છે એવું તમારે ક્હેવું. પ્રમાદધન ઘેર ગયો અને વિચાર સુઝ્યો કે આ વાત કહીશું તે કોઇ માનશે નહી. એ વાતને ટેકો આપવા શું કરવું તેનો વિચાર કરતાં કરતાં મેડીમાં ફર્યાં કર્યું અને ફરતાં ફરતાં "મર્મદારક ભસ્મ" બની ગયેલા કાગળોમાંનો એક કાગળ કુમુદસુન્દરીએ ફાડી નાંખેલો પણ તેના ઝીણા કડકા થયેલા તેમાં ચારપાંચ કડકા બાળી નાંખવા રહી ગયેલા તે પોતાના ટેબલ નીચે પડેલા હાથ આવ્યા, તેને સાંધી વાંચી જોયા, નવીનચંદ્રના અક્ષર ઓળખ્યા, વાંચવા માંડ્યાં, અને તે વાંચતાં એવું લખેલું નીકળ્યું કે

"હતી લક્ષ્મી! હતા તાત! હતી વ્હાલી! હતો ભ્રાત!"

આટલું બેસતામાં પ્રમાદધન આનંદમાં આવી ગયો;—વ્હાલી એવું "નવીનચંદ્રે લખ્યું! આથી શો બીજો પુરાવો?" વળી ક્રોધ ચ્હડ્યો: "વાહ વાહ ભણેલી! મને ખબર નહી કે નવીનચંદ્રની વ્હાલી તું હઇશ!" આ વિચાર કરે છે એટલામાં કુમુદસુંદરી આવી પ્રમાદધનની મુખમુદ્રા ઉપર કંઇક નવો જ ફેર પડેલો તે ચતુરા ચેતી ગઇ. એ કંઇ પુછે એટલામાં તો પ્રમાદધન જ ધડુકી ઉઠ્યો: "કેમ, મ્હારાં ડાહ્યાં "ને શાણાં ભણેલાં! તમે આવાં ઉઠ્યાં કે?"

કુમુદસુંદરી અત્યાર સુધીના દુઃખમાં જડ બની ગઇ હતી, બેભાન જેવી થઇ ગઇ હતી, તે આ અપૂર્વ પુષ્પાંજળિના વર્ષાદથી ચમકી જાગી ઉઠી, જોઇ રહી, ધીરજ પકડી, અત્યંત નરમાશથી ધીરે પણ સ્થિર સ્વરે બે અક્ષર બોલી: "શું છે?"

અધીરાની ધીરજ રહી નહી, અને વધારે ખીજાઇને બોલ્યો: "શું છે—શું છે—શું? આ પેલા નવીનચંદ્રની વ્હાલી થનારી તે તું! "નહી કે? વાંચ આ અને ફોડ આંખો!" કાગળના કડકા ધ્રુજતી કુમુદ ઉપર ફેંક્યા.

ગરીબ બીચારી કુમુદસુંદરી! એને બળતામાં ઘી હોમાયું, પડ્યા ઉપર પાટું થયું. એના મ્હોં ઉપરનું તેજ ઉતરી ગયું, એના પગ ધ્રુજવા લાગ્યા, પરસેવાના ઝાએઝોબ વળી ગયા, નીચું જોઇ રહી, અને આંખમાંથી ખરખર આંસુની ધારા ચાલવા લાગી. પળવારમાં પાંચસો વિચાર એના કુમળા દુઃખી મગજમાં તરવરી રહ્યા અને એના અંતઃકરણને વલોવવા લાગ્યા. "અરે! હું સાચી વાત કોને કહું અને કોણ "માનશે? મ્હારે કપાળે આ કાળી ટીલી આવવી તે પણ બાકી રહી! "જુઠું કેમ બોલું? આમને કેમ છેતરું? દમયન્તીનો હાર ચોરાયો "હતો તેના જેવી આ મ્હારી દશા થઇ! એથી પણ ભુંડું થયું. ઓ "સાચી વાત જાણનાર પરમેશ્વર! હું સર્વ વાત તને સોપું છું. ત્હારે "જે કરવું હોય તે કર—જે રસ્તે ગોળો ફેંકવા ધાર્યો હોય ત્યાં પ્હોચાડ. હું તો અપરાધી પણ નથી અને નિરપરાધી પણ નથી! શું "બોલું?" કંઇ પણ ઉત્તર દીધા વિના કાગળના કડકા પ્રમાદધનના હાથમાં પાછા મુક્યા.

પ્રમાદધન વધારે ચ્હીડાયો: "કેમ! ખરી વાત માનવી છે કે "નહી? બોલ!" કુમુદસુંદરીને એક લપડાક ચ્હડાવી દીધી. એના ઉત્તરમાં—ઉત્તર દેતા પ્હેલાં—કુમુદસુંદરીનાં આંસુ જતાં રહ્યાં, પરસેવો બંધ થયો, ધ્રુજતી રહી ગઇ, અને ગાલ પંપાળવો સરખો મુકી દઇ, એકટક આંખે પતિના સામું જોઇ એ બોલી: "શાવાસ્તે આટલો "આચકો ખાવ છો? ધોલ મારીને કેમ અટકો છો? ઓ મ્હારા સર"દાર! આ પેલા ખુણામાં તરવાર પડી છે તે મ્હારે ગળે મુકો, ત"મારી મ્હારી વચ્ચે વ્યર્થ બોલાબોલી થાય તે શું કરવા જોઇએ? તમારે "હાથે હું મરીશ તો મ્હારો મોક્ષ થશે. તમારે હાથે મરવાનું ક્યાંથી?" જાતે જ તરવાર આણી પ્રમાદધનની પાસે મુકી અને તેના આગળ ગળુ નીચું કરી ઉભી—"રખે અટકતા! મુકો આ ગળા ઉપર તરવાર! "મ્હારે ધન્ય ઘડી ને ધન્ય દ્હાડો કે આ વખત આવ્યો!"

ઉશ્કેરાયલો પતિ પોતાને મારી નાંખશે એવો નિશ્ચય કરી, અને હું આ દુઃખના ભરેલા ભવસાગરમાંથી છુટીશ એવું જાણી, પ્રતિપળે તરવારના ઘાની વાટ જોતી કુમુદ ગળું નીચું કરી રહી, અને થાકી ઉચું જુવેછે તો પ્રમાદધન મળે નહી. કુમુદસુંદરીની આવી ભયંકર સૂચનાથી આભો બની જઇ, સજડ થઇ જઇ, શું કરવું તે ન સુઝતાં, કાગળના કડકા ખીસામાં નાંખી એ ચાલ્યો ગયો. વધારે બોલવા કે

કરવાની તેની શક્તિ ન રહી. ગુંચવારામાં પડેલી, દુઃખમાં પડેલી, કુમુદ ખુરસીપર માથું ઉંધું નાંખી રોતી રોતી બેઠી.

પ્રમાદધને કૃષ્ણકલિકાને શોધી ક્હાડી, હકીકત કહી, અને શીખામણ મળી કે "હવે કુમુદસુંદરી સાથે લાંબુ કરવામાં માલ નથી, "એને ક્હો કે ત્હારી પરીક્ષા કરવા આટલું કર્યું હતું, તું બગડેલી "નથી એવી મ્હારી ખાતરી થઇ એવું ક્હો, એને વ્હાલ દેખાડો "અને છેતરી પિયર મોકલી ઘો, એ જાય એટલે આપણે એનો કાંટો "જશે, તમારા મનમાં મેલ રહ્યો એને લાગશે તો જવાનું બંધ રા"ખશે અને આપણે સાલ ર્‌હેશે, એ જાય તે પછી તમારા પિતા "આગળ મ્હારી બાબત ફરિયાદી આવે તો આ કાગળના કડકા બ"તાવજો અને ક્હેજો કે તમને કુમુદની નઠારી ચાલની ખબર પડી "એટલે એણે આ તમારા સામી વાત ચલાવી. પણ એ બધું એના "ગયા પછી કરજો."

પ્રમાદધનને આ યુક્તિ ગમી, તેણે તે સાંગોપાંગ પાર ઉતારી, કુમુદસુંદરી છેતરાઇ, અને પિયરના અને સાસરાના સ્વારોની વચ્ચે ગાડી રાખી, તેમના રક્ષણમાં રહી, સરસ્વતીચંદ્ર નીકળ્યો હતો તે દિવસ વીતતાં અડધી રાત્રિ ગયા પછી છેક પાછલી રાત્રે નીકળી. સાસુ અને નણંદ તે પ્રસંગે વહુને ભેટયાં અને સર્વે પુષ્કળ રોયાં, બુદ્ધિધન ગળગળો થઇ ગયો, અને પ્રમાદધન વગર બાકી ઘરનાં સર્વ માણસ ઉદાસ જેવાં થઇ ગયાં. બુદ્ધિધનના ઘર આગળથી ગાડી ચાલી. "કુમુદસું"દરી, વ્હેલાં આવજો," "ભાભી, જો જો, પંદર દિવસથી વધારે "એક દિવસ પણ ર્‌હેશો નહી, હોં!" "બેટા, પિયરમાં તો સઉને "આનંદ થશે પણ મારું તો ઘર તમે આવશો ત્યાં સુધી સુનું, હોં— "બેટા, જરુર વ્હેલાં આવજો—સાસુની દયા જાણજો," "ભાભી "સાહેબ, સંભાળ રાખજો ને વ્હેલાં આવજો" આવા અને એ જાતના બીજા શોકમય શબ્દોથી, બુદ્ધિધનના નિઃશ્વાસથી, સૌભાગ્યદેવીનાં ડુસકાંથી, અને અલકકિશોરીના મ્હોટે સાદે રોવાથી, વીંધાયલા અંધકારને પાછળ મુકી સર્વના શોકને સમાસ આપતી રોતી રોતી બેઠેલી કુમુદસુંદરીના રથનાં ચક્રનો સ્વર અને સ્વારોના ઘોડાઓના પગના ડાબકા અંધકારમાં સંભળાતા બંધ થઇ ગયા, તેની સાથની મશાલોનો પ્રકાશ અદૃશ્ય થયો, અને બાકી રહેલી રાત્રે ઉંઘવાનું મુકી દઇ સુવર્ણપુરના નવા કારભારીના ઘરમાં સર્વ મંડળ ચતુર અને સુશીલ વહુના ગુણની વાતોનાં કીર્તન કથા કરવા મંડી ગયું, અને માત્ર

પ્રમાદધન નીરાંત વાળી, ઉલ્લાસ પામી, ઘસઘસાટ ઉંઘી ગયો અને કૃષ્ણકલિકાનાં સ્વપ્નમાં પડ્યો.

કુમુદસુંદરીએ ગામ છોડ્યું ત્યાર પ્હેલાં તેના રથને રોકનાર માત્ર વનલીલા મળી. કૃષ્ણકલિકાને પ્રમાદધન મળ્યો હતો અને તેમની બેની વચ્ચે વાત થઇ હતી તે સર્વ એણે અકસ્માત્ સંતાઇ રહી છાનીમાની સાંભળી હતી અને કુમુદસુંદરીને કહું તો એને નકામું દુ:ખ થશે એમ જાણી તથા પ્રસંગ ન મળવાથી એણે એ વાત એને કહી ન હતી, પરંતુ આખરે એ વાત પેટમાં રાખી શકી નહી અને છેક મોડી રાત્રે વિચાર થયો કે હું જ્યારે કુમુદસુંદરીને નહી કહું ત્યારે કોણ ક્‌હેશે? આથી એણે બધી વાત કાગળપર ચીતરી ક્‌હાડી અને પાછલી રાત્રે પોતાના ઘરની બારીએ જાગતી ઉભી રહી તે જ્યારે રથ અને સ્વાર આવતા દીઠા એટલે નીચે ઉતરી રથ ઉભો રખાવી માંહ્ય ન્હડી, કુમુદસુંદરીના હાથમાં કાગળ આપી અજવાળું થાય ત્યારે વાંચવા કહ્યું, અને બોલી કે "કુમુદબ્હેન, આ કાગળમાં "સ્હેજ હકીકત લખી છે તેથી રજ ગભરાશો નહી—ટપાલમાં કા- "ગળ લખાય નહી અને આ ગાડીમાં વાત થાય નહી માટે આ "કાગળ લખી આપ્યો છે તે નીરાંતે વાંચજો. તમારા પ્રતાપથી સઉ "વાનાં સારાં થશે." વળી જતી જતી બોલી "કુમુદબ્હેન, માયા "રાખજો" "તમારો સ્નેહ ભુલાવાનો નથી," "મ્હારે તમારા વના "વાત કરવાનું ઠેકાણું નથી," "કાગળ હું લખીશ—તમે લખજો," "વ્હેલાં આવજો," "ધીરજ રાખજો," "તમારાં ગુણિયલને બો- "લાવજો" "અરેરે, માયા જ ખોટી—પાછી જવાનું કરું છું પણ "જવાતું નથી," "તમારા ગુણોવડે અમે સઉ કાચે તાંતણે બંધાયલાં "છિયે," "હાય, હાય, શું જશો જ!" આ અને એવાં અનેક કરુણ વાક્યો બોલતી રોતી વનલીલા કુમુદસુંદરીને ભેટી પડી, બેજણ રોયાં. "ઓ મ્હારી વનલીલુડી—એક રાત ત્હારી સાથે વાત કરવાની "મળી હત તો વરાળ ક્‌હાડત!—પણ હવે તો જે થયું તે ખરું"— "માયા રાખજે," "રત્નનગરી અવાય તો આવજે" વગેરે બોલતી કુમુદ ફરી ફરી ભેટી અને રોઇ, અને આખરે એ જુદાં પડ્યાં. વનલીલા રોતી રોતી ઘરમાં પેઠી; અને એણે આપેલા કાગળમાં લખેલા ભયંકર સમાચાર ન જાણી, એમાં કાંઇ ગામગપાટા હશે એમ કલ્પતી કુમુદસુંદરીએ એ કાગળ નિશ્ચિત ચિત્તથી કમખામાં મુક્યો. રથ ચાલ્યો. પિયરના, સરસ્વતીચંદ્રના, પ્રમાદધનના, સાસુસસરાના અને નણંદના,

અનેક અનેક વિચારો કરતી બાળા હાલતા ખડખડતા રથમાં શરીર અને મન થાકી જતાં ઉંઘી ગઇ, ઉંઘમાં ને ઉંઘમાં થોડી થોડી વારે જરી જરી રોવા લાગી. એનું નિર્દોષ અને દુઃખી ચિત્ત આ અનેક ખટપટથી ભરેલા દુષ્ટ સંસારમાંથી પળવાર વિરામ પામ્યું ન પામ્યું થયું. સ્વપ્ન-સંસારે પણ એની નિદ્રાને શાંત થવા દીધી નહીં. છતાં સ્ત્રીજાતનો પક્ષ ખેંચી નિદ્રામાતાએ સર્વ ક્રૂર સ્વપ્નોને કુમળા મગજમાંથી હાંકી ક્‌હાડ્યાં, અને પવિત્ર દીકરીની ધડકતી છાતી ઉપર અદૃશ્ય આશ્વાસક હાથ ફેરવવા લાગી.

અંધારી પાછલી રાત્રે તારાઓના પ્રકાશથી અને મસાલોના અજવાળાથી થતા પ્રકાશ વચ્ચોવચ, મધુરી મધુરી વ્હાડ વાતી હતી તેનું સુખ અનુભવતું અને કુમુદસુંદરી જાગે નહી માટે ધીમી ધીમી વાતો કરતું સ્વારોનું મંડળ રથની ચારે પાસે ચાલવા લાગ્યું. ગામનો દરવાજો છોડ્યો અને સઉ જંગલમાં માર્ગઉપર ચાલ્યાં. ક્રૂર માનવીઓથી થાકેલી બાળકીની દયા જાણતાં હોય તેમ ક્રૂર પશુઓ રાત પુરી થવા આવતાં શાંત થઇ સંતાઇ જતાં હતાં, તેમના સ્વર બંધ પડ્યા હતા, અને કુમુદસુંદરીને માટે આખું જંગલ નિર્ભય થઇ જતું દેખાયું. ઝાડોનાં પાંદડાંમાં, ફુલોના સુગંધમાં, સુકાતા ખખડતા ઘાસમાં, તળાવોમાં, નદિયોમાં, અને વિશાળ આકાશમાં થઇ આવતો શાંત ધીરો ઠંડો વાયુ રથના પડદાઓમાં પેંસી, સ્વપ્નમાત્રને હાંકી ક્‌હાડી, ગરીબ કુમુદના નિદ્રાવશ હૃદયની શાંતિ વધારવા અને અબળાની આશિષ લેવા લાગ્યો.

પ્રકરણ ૯.

પ્રાતઃકાળની તૈયારિયો.

સુવર્ણપુરી અને મનોહરપુરી વચ્ચેનો રસ્તો સુભદ્રા ઉપર પુલઉપર થઇને જતો હતો; એ પુલ પાકા પથ્થરનો બાંધેલો હતો અને એની નીચે કરેલી કમાન તળે થઇને નદી ઘુઘવાટ કરતી ચાલી જતી હતી. સમુદ્રપાસે હોવાથી ચૈત્રમાસ છતાં પણ પાણી માથોડું માથોડું ર્‌હેતું, અને પુલ આગળ તો ઉંડાણ હતું. ઉંડાણમાં ધસી પડતું અને કમાનમાં અટકી જોરથી માર્ગ કરતું પાણી કમાનથી બ્હાર નીકળતાં બે પાસની ભેખડોને કાપતું તે એવી રીતે કે અજાણ્યું માણસ ત્યાં ઉભું ર્‌હે તો ભેખડ ભાગે ને માણસ નદીમાં પડી જાય. અહીં આ-

ગળ નદીમાં તાણુ એટલું હતું કે મ્હોટા મ્હોટા તારાઓ તરવાની છાતી ચલવતા ન હતા.

આજની મધ્યરાત્રિ પછી આ જગાએ અંધકારમાં છાનીમાની ધામધુમ થવા માંડી. ખરેખર બારેક વાગે શંકરમહારાજ હાથમાં જાડી ડાંગ લેઇ આ રસ્તેથી સુવર્ણપુરની વાટે દોડ્યો, અને ધોરી રસ્તાથી આડું ગાઉ ઉપર સુવર્ણપુરના તાબાનું ગામડું હતું ત્યાં ફલંગો મારતો ગયો. જંગલનાં ક્રૂર પ્રાણિયોની તેમ સુરસંગની બ્હીક રાખવાનું છોડી દઇ આ શૂર બ્રાહ્મણ નકાળજો થઇ ગયો હતો, અને બીજાં વાઘવરુમાંનું એ પણ એક પ્રાણી હોય તેમ જતો આવતો. એને ગયે બે ત્રણ કલાક ભાગ્યે થયા હશે એટલામાં તો મનહરપુરીથી નીકળેલી જથાવાળી ઘોડેસ્વારોની તુકડી બેધડક સરિયામ રસ્તે થઇને આવી, પુલ છોડતા પ્હેલાં તરત એ તુકડીના બે ભાગ પડ્યા, એક ભાગને લેઇ વૃદ્ધ માનચતુર અને અબ્દુલ્લો આગળ ધસતા ચાલ્યા, બીજો ભાગ લેઇ ફતેહસંગ પુલ નીચે રસ્તાની એક પાસ રહ્યો, તેમાંથી બે ચાર જણાઓ ઘોડા ઉપરથી ઉતરી મ્હોટાં તાપણાં સળગાવવા લાગ્યા, અને ચારે બાજુએ નજર નાંખતું સાવધાન રહી સઉ મંડળ શૂરી વાતોમાં રાત્રિ ગાળવા લાગ્યું. એ પછી પા કલાક થયો નહી હોય એટલામાં તો ત્રિભેટાના વડથી આણીપાસ બબ્બે ગાઉ સુધી હેરાફેરા કરતાં મનહરપુરીનાં માણસોની બુમો સંભળાવા લાગી: “ખમા મહારાજા મણિરાજને!”, “ન્હાસો! ન્હાસો! મણિરાજના શત્રુઓ જ્યાં હોય ત્યાંથી ન્હાસો!”. જ્યારે પુલની દક્ષિણે તાપણીઓના ઉંચા ભડકાઓ ચોપાસ અને આકાશમાં વિકરાળ સિંદૂર જેવી જ્વાળાઓ ફેલાવતા હતા, ધુમાડાના ગોટેગોટ તારામંડળને રાહુપેઠે છાઇ દેતા હતા, અને તાપ ભડુક ભડુક કરતો ગાજતો હતો, ત્યારે ઉત્તર પાસે મણિરાજના વિજયધ્વનિ આવી રીતે ગાજી રહેવા લાગ્યા. માનવી તો અહીં આવે ત્યારે આવે પણ જંગલમાં આજના આ અપૂર્વ હાકથી સિંહ વાઘ જેવાં પ્રાણિયો તો અત્યારથી જ દિવસ ઉગ્યો હોય તેમ શાંત થઇ જવા લાગ્યાં, અને આશ્ચર્યથી શું થાય છે તે જોવામાં ચિત્ત પરોવવા લાગ્યાં—જંગલનાં પ્રાણિયો ઉપર તો મણિરાજની આણ વર્તાઇ ચુકી! પુલ આગળ થતા ભડકાનાં પ્રતિબિમ્બ અને આસપાસ પડતા મણિરાજના નામના વિજયધ્વનિના પ્રતિધ્વનિ એ ઉભય સુભદ્રાના વ્હેતા પાણીમાં ઉછળતાં ઉછળતાં દૂર જતાં હતાં, અને રત્નનગરીના પ્રધાનની પુત્રીના માર્ગમાંથી સર્વ અમંગળ હાંકી ક્હાડવા વીરધ્વજ ફરકાવતાં હતાં.

આણીપાસ સુરસિંહનાં માણસો રાવણામાંથી વેરાઇ પોતાના સરદારે બતાવ્યા પ્રમાણે વ્હેંચાઇ ગયાં હતાં અને દરેક તુકડી પોતાના નાયક સાથે આસપાસનાં જંગલમાં વેરાયલાં ગામડાંમાં પાંચેક કલાકની અસ્વસ્થ નિદ્રા ભોગવવા વેરાઇ ગઇ હતી. કોઇક ગામડાં ઉજડ હતાં અને ઉજડ થઇ ગયેલી વસ્તીનાં બાકી રહેલાં ગોઝારાં ઘર શીવાય તેમાં કંઇ ન હતું. કોઇક ગામડાંમાં જુજ વસ્તી હતી તો સુરસિંહનાં માણસો પડ્યાં ર્‍હેવા આવે તેને ના ક્‌હેવા છાતી ચલાવે એટલા ચોકીદારો ત્યાં ન હતા. આવી જગાઓમાં ભાંય ઉપર અથવા ઘાસ ઉપર અથવા હોડવાની ચાદર ઉપર જેને જેમ ફાવ્યું તેમ પથારી કરી, હાથ ઉપર અથવા પથરા ઉપર અથવા માથે બાંધવાનાં ફાળિયાં ઉપર અથવા ઢાલ ઉપર ઉશીકાં કરી, તરવારો કેડે રાખી, કામઠાં અને ભાલોડાં ઉપર હાથ રાખી, બરછીઓ અને ડાંગો ઉપર પગ નાંખી, અર્ધાં ઉઘતાં અને અર્ધાં જાગતાં પ્રતાપસિંહ, વાઘજી, ભીમજી અને ચંદનદાસનાં માણસો જુદે જુદે ઠેકાણે સુઇ ગયાં. તેમાંનાં થોડાંક ન્હાની ન્હાની તાપણીઓ સળગાવી, આસપાસ ભરાઇ, ચારે પાસ નજર ફેરવતા, ચોકી કરતા બેઠા, ચલમો ફુંકવા લાગ્યા, વચ્ચે વચ્ચે ઝીણી ઝીણી વાતો કરી નિદ્રાને દૂર ક્‌હાડી મુકવા લાગ્યા, અને જેમ જેમ રાત ચાલતી ગઇ તેમ તેમ ઉંચે તારાઓ ભણી નજર કરી સઉને ઉઠાડવાને અને ચાલવાને બાકી રહેલો વખત માપવા લાગ્યા.

ઉભય પક્ષનાં માણસોએ રાત્રિ અધીરાઇ અને આતુરતાના ઉજાગરામાં ગાળી. સુરસંગ અને તેનાં માણસોને કાંઇક નિશ્ચિંતતાનું કારણ એટલું હતું કે પોતાની છાની વાતની કોઇને પણ ખબર પડી હશે એવી તેમને કલ્પના સરખી પણ ન હતી. તેઓએ સઉ જાતની તૈયારી રાખી હતી, પણ આટલે સુધી તેમનાં મન તયાર ન હતાં. વિદ્યાચતુરની રાજનીતિનું એક ધોરણ એ હતું કે સઉ વાત એને પોતાને કાને આવે એટલું જ નહી પણ જેને જે કામ સોંપ્યું હોય તે માણસ તે કામ બાબત ચારેપાસથી ખબર રાખે. દેશી રાજ્યમાં ઘણું ખરું એમ બને છે કે હાથ નીચેનાં માણસો વિશ્વાસયોગ્ય હોતાં નથી ને તેમના ઉપર વિશ્વાસ રાખવામાં આવતો પણ નથી. આનું પરિણામ એવું થાય છે કે માણસોને કામ સોંપ્યા વિના તો ચાલતું નથી, છતાં અવિશ્વાસને લીધે કામ કરવાની સ્વતંત્રતા આ માણસોને આપવામાં આવતી નથી. આમ પરતંત્ર થયલાં માણસ કામ સાધવાની વૃત્તિ રાખવા કરતાં ઉપરીને ખુશ રાખી પોતાને માથે જોખમ ન આવે એવા માર્ગ

લેવા તત્પર હોય છે, આ સઉ માણસનું કામ એક ઉપરી રાજા અ-
થવા પ્રધાન કરી શકતો નથી, અને કામ બગડે છે. આવી રીતે
કામ બગડે તેનો દોષ કોઇ નિર્જીવને માથે પડે છે. ઇંગ્રેજી રાજ્ય
જેવા અતિ વિસ્તારી રાજ્યમાં સઉ માણસો ઉપર દેખરેખ રાખવી
અશક્ય છે અને તેથી માણસોની સ્વતંત્રતા તેમ જોખમ ઓછાં કરી
નાંખી "કાયદા"ને માથે કે રાજ્યધોરણને માથે દોષ નંખાય તેનો ઉ-
પાય નથી. પણ ન્હાનાં સરખાં દેશી રાજ્યમાં તો નોકરના ઉપર પુરી
જવાબદારી રાખવી, તે જવાબદારી જેટલી પુરી સ્વતંત્રતા આપવી,
અને કામ સરે એટલી દેખરેખ રાખવી, એ સર્વ બની શકે એવી વાત
છે, અને એ વાત બની શકે તો ઇંગ્રેજી રાજ્ય કરતાં ઉત્તમ રાજ્ય
થાય એવો **વિદ્યાચતુર**નો સિદ્ધાંત હતો. કેટલાક મૂર્ખ રાજાઓ નો-
કરો ઉપર અતિ વિશ્વાસ રાખે છે તેના કરતાં અર્ધદગ્ધ રાજાઓ અ-
વિશ્વાસ રાખે છે તે અતિભુંડું છે એમ **વિદ્યાચતુર** માનતો હતો,
એટલું જ નહી પણ એ ધોરણ રાજાઓને તેમ તેમના પ્રધાનોને પણ
લાગુ છે એવું માની તે પ્રમાણે વર્તતો. જુવાન **મણિરાજ**ને પ્રફુલ્લ વ-
દનથી હમેશ એમ જ કહેતો કે "યશસ્વી મહારાજ ! આપણે એવા
"શું હઇયે કે વિશ્વસનીય માણસો શોધતાં આપણને ન આવડે ? જે
"માણસ વિશ્વાસ રાખવા યોગ્ય નથી તે આપની સેવાને યોગ્ય નથી.
"જે આપના સેવક વિશ્વાસ પાત્ર હોય તો તે આપની સેવા કરવા
"જેટલી સ્વતંત્રતાને પણ પાત્ર છે. આપણે કામની સાથે કામ છે,
"કામ કરનાર આપની ઇચ્છા પ્રમાણે જ ઉઠે બેસે ને કામ કરે એવો
"કંઇ અભિપ્રાય ન હોવો જોઇએ. આપને કિયા માર્ગ અનિષ્ટ છે તે
"દરેક સેવકે જાણવું જોઇએ; તે અનિષ્ટ માર્ગથી દૂર રહી ઇષ્ટ કામ
"ગમે તે દ્વારે સાધે એટલી સ્વતંત્રતા અને પ્રવીણતાવાળાં માણસ રા-
"ખવાં એ આપનું અને આપના પેટામાં મ્હારું કામ છે. વિશ્વાસ
"વગરના અને અસ્વતંત્ર સેવકો ઉલ્લાસ વગર કામ કરેછે, ઉલ્લાસ
"વગર કોઇ સાધના થતી નથી, અને વેઠિયાવાડ થાય છે. માણસને
"સ્વતંત્રતા મળ્યાથી તેમાં ઉલ્લાસ આવે છે, ઉલ્લાસથી કામ કરવાના
"માર્ગ શોધવામાં તેની બુદ્ધિ ખીલે છે, અને બુદ્ધિશાળી સેવકો એ-
"ટલું તો સરત રાખી શકશે કે આટલી વાત ઉપરીને અનિષ્ટ છે.
"સાધારણ માણસો વ્યાપારમાં રત્ન વગેરે જડ પદાર્થોની પરીક્ષા કરે
"છે; રાજાઓનું કામ પુરુષરત્નની પરીક્ષા કરવી એ છે. જડ રત્ન
"રાજાઓના કંઠમાં અને મુકુટમાં ભૂષણરૂપ થાય છે. મહામૂલ્યવાન્

"પુરુષરત્ન રાજાઓનાં રાજ્યનાં ભૂષણ છે એટલું જ નહી પણ એ "રત્નોના પ્રકાશથી જ રાજ્યનું દારિદ્રય ફીટે છે અને રાજ્યનું અંધેર-"અંધારું નાશ પામે છે. મહારાજ! એ રત્નો વગર રાજ્ય નથી એ "વાત ખરી છે તેમ એ રત્નોના શોધનાર, પરીક્ષક, ગ્રાહક, અને ઉ-"ત્તેજક તે તો ડાહ્યા અને બુદ્ધિશાળી રાજાઓ જ છે." મણિરાજના રાજદર્પનો તિરસ્કાર ન થાય તેમ આ સર્વ બોધક વિચાર તેનાં ઉ-ત્સાહી મનમાં ભરી, તે વિચારનો આચાર ચતુર વિદ્યાચતુર કરી દે-ખાડતો હતો. જેમ ખુણેખોચલે પડેલી સંતાયલી લોહની કણિકાઓને લોહચુંબક શોધી ક્‌હાડે તેમ વિદ્યાચતુર પુરુષરત્નોને ખોળી ખોળી શોધી ક્‌હાડતો, પુરુષપરીક્ષા સૂક્ષ્મતાથી કરતો, ગુણ પ્રમાણે પરીક્ષિત જનને પ્રતિષ્ઠા આપતો—કામ આપતો—વિશ્વાસ બતાવતો—સ્વતંત્રતા આપતો—કામ લેતો—અને તેથી જ આનંદ લેતો અને આપતો. દ-રેક માણસને એમ અભિમાન ર્‌હેતું કે આ રાજ્યનો સ્તંભ તો હું છું અને તે છતાં ઉપરી પાસે મન નિરભિમાન ર્‌હેતું. ઉપરીઓ હાથ ની-ચેનાં માણસ પાસેથી, અને હાથ નીચેનાં માણસો ઉપરી પાસેથી, કામ શીખતાં અને કામ લેતાં. સદ્‌ગુણી અને શુદ્ધ રાજ્યનીતિના સામાન્ય નિયમ પરસ્પર વાતચીતથી અને પરસ્પર દૃષ્ટાંતથી સઉ ગ્રહી લેતાં. સેનાધિપતિના ધ્વજ ઉપરથી—શબ્દ ઉપરથી—દૃષ્ટિપાતથી આખી સેના એક કાર્યે સાથે લાગી સરખાં પગલાં ભરવા માંડે તેમ વિદ્યાચતુરના રાજ્યતંત્રમાં થતું. એ રાજ્યતંત્ર જાતે જ એક જા-તની શાળા થઇ પડી હતી. કુમુદસુંદરીના રક્ષણને અર્થે થયેલી યોજના આ જ શાળાનું પરિણામ હતું. ફતેહસિંહ, અબ્દલ્લો, અને હરભમ ચારે જણ રાજ્યના ન્હાના પણ કસાયલા અધિકારિયો હતા અને એમના ઘણાક ગુણ રત્નનગરીના ઘણા ખરા અધિકારિયોમાં હતા એમ કહિયે તો અતિશયોક્તિ ન થાય. એમની નીમણુક વિ-દ્યાચતુરે જાતે કરી ન હતી, પણ વિદ્યાચતુરના જ ધોરણને અનુસરી ફોજદારીખાતાના મુખ્ય અધિકારીએ કરી હતી. તેમને શું કામ કરવું તે ક્‌હેવામાં આવતું હતું, કિયે માર્ગે જવું તે બતાવવામાં આવતું હતું, અને તે માર્ગે કેમ જવું તે એમની બુદ્ધિ ઉપર વિશ્વાસથી રા-ખવામાં આવતું હતું; પણ એ વિશ્વાસ કેવી રીતે જળવાય છે તે જા-ગૃત ઉપરીઓ જાગૃત દૃષ્ટિથી તપાસતા. આવી રીતે સત્તાના સૂત્રના તાંતણા સર્વ સેવકોના હાથમાં વણાવા અપાતા. ચારચક્ષુ રાજાનું ચારકર્મ આ સેવકોએ એવી રીતે કર્યું કે પ્રધાનપુત્રીના રક્ષણનો માર્ગ

વેળાસર લેવાયો. વૃદ્ધ **માનચતુરે** તેમને યોગ્ય માર્ગ બતાવ્યો. ત્રણ સત્તાના સીમાડાઓ વચ્ચે એવો પ્રતાપ જગાડવો કે શસ્ત્ર વાપર્યા વિના શત્રુ હરી જાય અને પારકી સત્તા નીચેના પ્રદેશમાં શસ્ત્ર વાપરી પરરાજ્યમાં ન્યાયાધીશો પાસે આરોપી ન થવું પડે; શત્રુ જાણે કે માર્યાં જઇશું અને આપણે જાણવું કે તેમને મારવા ન પડે અને ધારેલું કામ પાર ઉતરે; આ અને એવાં બીજાં પ્રયોજનોવાળો માર્ગ **માનચતુરે** બતાવ્યો તેની સાથે જ સાંભળનારા સમજી ગયા અને ત્વરાથી તે માર્ગે પ્રવર્ત્યા. વધારે સૂચનાની કોઇને અગત્ય ન પડી. કળવાળા વાજાને એક ઠેકાણેથી જગાડે એટલે સર્વ ભુંગળીઓમાંથી રાગ નીકળવા માંડે તેમ **માનચતુરની** આજ્ઞાઓ ઝીલાઇ.

અબ્દુલ્લો, મુખી, અને **ફતેહસંગ** સર્વને પોતપોતાની શક્તિ બતાવવાનો ઉમંગ હતો, પણ ઉમંગનો પ્રસંગ તેમના હાથમાં ન હતો. પણ **હુરભમને** તો એ પ્રસંગ જાતેજ શોધવાનો હતો.

જ્યારે રાત્રિના પ્હેલા પ્રહરમાં બ્હારવટિયાઓ વડનીચે મળ્યા હતા ત્યારે તેમની સર્વ વાત **હુરભમેજ** વડની ડાળોમાં રહી જાણી લીધી હતી. **મનહરપુરીમાંથી** નીકળી **સુરસંગની** પુઠ લેવાનું કામ તેને માથે આવ્યું અને તે કામમાં પણ **સુરસંગનો** પત્તો મેળવવાનું તેને માથે આવ્યું. શૂરકાર્યમાં ચારકર્મ ભેળવવાનું ન્હાનું સરખું પણ દુસ્તર કામ કરવામાં **હુરભમને** કાંઇક ખાસ આનંદ મળતો અને એ આનંદથી એની બુદ્ધિ ખીલતી. જ્યારે **માનચતુર** અને બીજી સર્વ ટુકડીઓ **સુવર્ણપુરને** માર્ગે વળી ત્યારે **હુરભમ** પોતાનાં વીણી ફ્હાડેલાં માણસો લેઇ બીજે જ માર્ગે નીકળ્યો. પૂર્વ દિશાના આંબાના વનમાં કેટલેક દૂરનાં ઘણાંક ખેડાં ગામડાંમાં એણે પોતાની બુદ્ધિને મોકલી. કેટલાંક મુખ્ય ગામડાંમાં જાતે ફરી વળ્યો; કેટલાંક ગામડાંને પાદર રહી માણસો દ્વારા સમાચાર પ્રસાર્યા; કેટલાંક આઘેનાં ગામડાંમાં રાત્રિને વખત જતો આવતો કોઇ ચોર અથવા વિરલો મુસાફર મળી આવ્યો તો તેની સાથે પણ વાત કરવી ચુક્યો નહી. કોઇ ઠેકાણે સમાચાર મુક્યા, કોઇ ઠેકાણે મેળવ્યા, અને કોઇ ઠેકાણે મોકલ્યા. જ્યાં મિત્રો હતા ત્યાં ત્રણે વાનાં કર્યાં; જ્યાં અજાણ્યાં માણસો હતાં ત્યાંથી માત્ર સમાચાર મેળવ્યા; જ્યાં સુરસંગનાં માણસ હતાં ત્યાંથી સમાચાર મેળવવા પ્રયત્ન કર્યો એટલુંજ નહી પણ **સુરસંગને** પ્હોચાડવા ખરાખોટા સમાચારના ગોળા ફેંક્યા. સર્વ ગામોમાં એવાક સમાચાર ફેલાવ્યા કે **સુરસંગની** વાત **રત્નનગરી** અને **સુવર્ણપુર** સુધી પ્હોચી ગઇ છે અને પ્રાતઃકા-

ળમાં બ્હારવટિયાઓ કંઇ પણ શિક્ષાપાત્ર અપરાધ કરવો આરંભે એટલી જ વાટ જોવી એવો હુકમ લેઇ, તે વાટ જોતાં અપરાધિયો જાળમાં ફસે એટલે તેમને પકડવાને જોઇએ એટલું લશ્કર બે સંસ્થાનો તેમ ઇંગ્રેજી રાજ્યમાંથી આવેલું પ્રાતઃકાળે માલમ પડશે. સુરસંગનો પત્તો લાગવો આ અંધકારમાં જંગલમાં થોડા વખતમાં કઠણ હતો પણ હરભમે આ આટલું કામ કર્યું તેથી સુરસંગને કાને જવા પામ્યું, તેની અને તેના માણસોની હીમ્મત રાત્રિથી નરમ પડી, અને ગામે ગામના મુખિયો અને રખેવાળો પ્રાતઃકાળની વાટ જોતા પોતપોતાની હદમાં સાવધાન થઇ ગયા.

ભયંકર પ્રાણીઓવાળા આ જંગલમાં અંધકારને સમયે ફરવાની છાતી ચલવે, ઉતાવળા થયા વિના સાવધાનપણે અગમચેતી વાપરે, ચતુરાઇનું શેતરંજ રમતા પાછી પ્હાની ક્હાડે નહી—એવા વિદ્યાચતુરના અનુકારક સેવકોમાંનો આ એક હરભમ, આખી રાત આથડી, સુભદ્રા ઉપર એક એવે સ્થાને રહ્યો કે જ્યાંથી પોતાનાં અને સામાનાં સર્વ પાસનાં માણસોના સમાચાર મળે અને તેમાંથી જેમાં ભળી જવું હોય તેમાં ભળી જવાય. એણે એવી કલ્પના કરી કે સુરસિંહને કોઇ એવે ઠેકાણે રહેવું પડશે કે ત્યાંથી પ્રતાપ, વાઘજી અને ભીમજી સર્વેની દોરિયો હાથમાં રહે. આવું ઠેકાણું સુરસિંહ ક્યાં શોધી ક્હાડશે તેનું અનુમાન કરી, સુરસિંહ પોતાને ઠેકાણેથી છાનોમાનો નીકળી ન જાય પણ તેની પુઠ લેવાય એટલું એની પાસે રહેવાય એવો જોગ રાખી, એક ન્હાના સરખા ખંડેરમાં હરભમ રાત્રિના છેક ચાર વાગતાં જાગતો વીસામો લેવા પામ્યો. અંધકારમાં કાકડા સળગાવી એ અને એના સાથિયો ઘોડાઓનો થાક ઉતારવા ઉતર્યા, તેમને તાજા કરવા તેમની નોકરી કરવા મંડ્યા અને તોબરા ચ્હડાવી દીધા, અને પોતે તાજા થવા બીડિયો ફુંકવા લાગ્યા અને ધીમી ધીમી વાતો કરવા લાગ્યા. હરભમ પોતે ઘોડાને થાબડતો વાતો કરતો ખંડેરના દરવાજા આગળ બ્હાર આંખ અને કાન રાખતો એક પથરા ઉપર બેઠો. જેમ પ્રાતઃકાળની એ સઉ વાટ જોતા હતા તેવીજ રીતે એમને મળવાને આતુર દેખાતો પ્રાતઃકાળ પૂર્વ દિશાના આકાશમાં અંધકારે ભીડેલાં કમાડ પોતાના સતેજ હાથથી બ્હાર ઉભો ઉભો ઉઘાડવાનું કરતો હતો, અને તે હાથના નખ એ કમાડો વચ્ચેની તડમાં કંઇક ચળકતા હતા.

પ્રકરણ ૧૦.

બ્હારવટિયાઓનો ભેટો.

નિદ્રાવશ કુમુદસુંદરીને લેઇ રથ ચાલ્યો અને રથને વચ્ચે રાખી રવાલદાર ઘોડાઓ ઉપર બેઠેલા સ્વારો—ન ધીમે—ન ઉતાવળથી—એ રીતે ચારેક ગાઉ ચાલ્યા હશે એટલામાં રાત્રિ પુરી થઇ જવા આવી. જંગલનાં પશુમાત્ર શાંત થઇ ગયાં અને ખડબચડી જમીન આવતાં રથચક્રનીચે ધબાકા થતા, પવનની લ્હેર અને મધુરી ત્હાડથી વેગવાળા થતા ધોરી બળદનાં પગલાં વાગતાં, સ્વારોના ઘોડાઓની ખરીઓ વાગતી, ક્વચિત્ કચરાતા કાંકરા બોલતા અથવા રથમાં ભરાતાં ઝાડનાં ડાળાં ખખડતાં અને રસ્તાની બાજુએ ગામડાં આવતાં આઘે કુકડા સંભળાતા, એ શીવાય બીજો સ્વર સરખો સંભળાતો ન હતો. કુમુદ પાછલી રાતની મીઠી નિદ્રા ભોગવતી હતી. ગાડીવાળો હાથમાં રાશ અને પરાણો રાખી અર્ધો જાગતો છતાં ડોલાં ખાતો હતો, અને સ્વારો જાગૃત છતાં—ચારે પાસ નજર રાખતા હોવા છતાં—વાતો કરતા રહી ગયા હતા. ચારપાસ પૃથ્વીઉપર અંધકારમાં આછું આછું તેજ ભળતું હતું, અને રસ્તાની બે પાસે ઝાડો અને છોડવાના રંગ દીસતા ન્હોતા પણ તેના છાંયડા અને ઉભા આકાર દેખાતા હતા. પૂર્વ દિશાના આકાશમાં ધોળો તેજનો પડદો ચ્હડતો હતો. એક પછી એક તારાઓ દેખાતા બંધ થતા હતા અને આખા આકાશનો રંગ બદલાતો હતો. આ વખત આ મંડળને **માનચતુરનું** મંડળ સામેથી મળતાં સઉ સ્વારો ચમક્યા, **અબ્દુલ્લાએ** પોતાનો ઘોડો તેમની પાસે લેઇ જઇ સઉ સમાચાર ધીમે સ્વરે કહ્યા, અને સઉ મંડળ ભેળું થઇ જઇ આગળ ચાલવા માંડ્યું. **માનચતુરે** રથનો પડદો ધીમેથી ઉચકી જોયો અને કુમુદસુંદરીને ઉંઘતી જોઇ, પાછો નાંખી દેઇ, તે રથની જોડે ઘોડો રાખી ડોસાએ ચાલવા માંડ્યું. સઉ વધારે સાવધાન—સજ્જ—થઇ ગયા અને હથિયારો સંભાળતા ચાલ્યા.

અંધકારનો પડદો ઉપડી ગયો તેમાંથી જંગલનાં ચિત્રવિચિત્ર નાટકીય પાત્રો દૃષ્ટિમર્યાદામાં એકદમ ઉભરાવા લાગ્યાં. લાલ, પીળાં અને ધોળાં ન્હાનાં મ્હોટાં ફુલોને ધારણ કરનાર ન્હાના ન્હાના લીલા છોડવા માર્ગની બે પાસ આઘા પાછા રહી પવનની ધીમી લ્હેરમાં નાચવા લાગ્યા. ખેતરોની ઉપરનીચે થયેલી સંભાળ વગર રાખેલી પોતપોતાના શેઢા વચ્ચે પડી રહેલી માટી, પ્રસૂતાના ખાલી પડેલા

કરચલિયોવાળા પેટની પેઠે, માનવીના હાથમાં પોતાનો ફાલ આપી દેઇ, એકાંતમાં શાંત વિશ્રાંતિની મીઠાશ ભોગવતી જાગતી સુતી સુતી આકાશ સામું જોવા લાગી. ક્ષિતિજના છેડામાં તથા આશપાશ મ્હોટાં ન્હાનાં ઝાડો, એક બીજાના ખભા ઉપર ડોકિયાં કરી, ઉગનાર સૂર્યના સાજનની વાટ જોવા લાગ્યાં. મળસ્કાનો ઉજાસ પ્રથમ આછો આછો દેખાઇ, મદનના ચાળાઓ પેઠે, જંગલનાં સર્વ અવયવોમાં સ્ફુરવા લાગ્યો. જંગલનાં ક્રૂર પ્રાણિયો સંતાઇ ગયાં તેને સ્થાને પક્ષિયોની કોમળ જાતિયો ઝાડો ઉપર ઉડાઉડ કરવા લાગી, કલ્લોલ કરી રહી, અને જુદા જુદા મધુરા સ્વરથી ગાયન કરવા મંડી. પક્ષિવર્ગનાં નરમાદા મદનની આણ દિવસે પાળવા લાગ્યાં, અને મત્ત ખેલ મચાવી મુકયા. માદાઓ બાળક પક્ષિની ચાંચમાં ધાન્યના કણ મુકવા લાગી અને પક્ષીજાતમાં પણ માતાનો સ્નેહ દૃષ્ટાંત પામ્યો.

મળસ્કું થયું, અંધારું ગયું, પૃથ્વીના–વનસ્પતિના–અને તારાને ઢાંકનાર તેજવાળા આકાશના–રંગ અને આકાર ઉઘાડા થયા; અને રથના પડદાઓ ભેદી, આંખનાં પોપચાંમાં પેસી, પવનની લ્હેરે અને તડકા વગરના તેજે કુમુદની આંખો ઉઘાડી અને એને જગાડી. જાગતાની સાથે વનલીલાનો પત્ર કમખામાંથી કુહાડ્યો અને, જરીક બેઠી થઇ, ઉઘડતી આંખો નાજુક આંગળિયોવડે ચોળી ચોળી ઉઘાડી; કાગળ આતુરતાથી વાંચવા લાગી. સ્વભાવે રસીલી, દુ:ખમાં પણ રમતિયાળ, હેતાળ વનલીલાનો કાગળ લાંબો અને એના સ્વભાવ પ્રમાણે જ હતો. કુમુદ પ્રથમ તો કાગળને ઉપર ઉપરથી અથથી ઇતિ સુધી ઉતાવળી ઉતાવળી વાંચી ગઇ અને મતલબ જાણી લીધી. બીજીવાર કાગળની વીગત ઉપર ધ્યાન આપી પુરેપુરો અક્ષરે અક્ષર વાંચ્યો. ત્રીજી વખત તેમાંના કેટલાક ભાગ ફરી ફરી વાંચવા લાગી.

કૃષ્ણકલિકા અને પ્રમાદધનની સંતલસ આ પત્રમાં પુરેપુરી વીગતવાર લખી હતી. પોતાને પતિએ છેતરી એ ભાનથી વિપાદ થયો; પતિના મનમાંથી કિલ્મિપ ગયું નથી એટલુંજ નહી પણ હજી એના ઉપર મલિન કૃષ્ણકલિકાની સત્તા છે અને એના ઉપરના જ કલંકિત પક્ષપાતને વશ થઇ પતિએ દુષ્ટ સંકેત રચ્યો છે એ વિચારથી કુમુદના મનમાં અચિંત્યો કાંટો પેઠા જેવું થયું. આત્મપરીક્ષા ન કરનાર પ્રમાદધનના મનમાંથી કુમુદસુંદરી ઉપરનો અણસમજનો દ્વેપ જતો નથી અને જાતે દશ ગણા દ્વેષનું પાત્ર બને છે એ વિચાર આઘા કુહાડવા છતાં નિર્બળ થાકેલી બાળાના મનમાં પેઠા.

"અરેરે! પોતે તો આટલાં વાનાં કરે છે અને મજ રાંક અ-
"બળા ઉપર વિના કારણ આટલો જુલમ કરવાનો વિચાર રાખે છે
"એ તે કોનો ન્યાય?"—"શું મ્હારી પુઠ પાછળ મ્હારી ફજેતી
"કરવા ધારી?"—"દેવી અને અલકબ્હેન મને કેવી જાણશે?"
"સસરાજી શું ધારશે?"—"એ સમાચાર ગુણિયલ પાસે પણ આ-
"વવાના જ!"—"હું પાછી ફરું અને સુવર્ણપુર જાઉં?"—"શું
"સત તરી નહી આવે?"

"ઓ રે હરિ! સતતણા તું સંગાતી!
"હરિ, હું તો કંઇયે નથી સમાતી.
"હરિ, મ્હારાં કોણ જન્મનાં કર્યું?
"ઓ રે હરિ! ચોરીથી બીજું શું નરતું?"*

"દમયંતીના કરતાં પણ મ્હારે માથે ભુંડો આરોપ આવશે!
"હું સઉને શું મ્હોં દેખાડીશ? ઓ પ્રભુ, હવે તો મ્હારે એક તું
"રહ્યો." આટલું કહી વિચારમાં પડી, રોઇ પડી, આંખો લોહી, પ-
ડદો ઉઘાડી રથબ્હાર જોયું તો નવાં માણસો જોયાં અને ઘોડા ઉપર
માનચતુર પર પણ નજર ગઇ. **માનચતુર** રથ ભણી આંખ રાખતો
હતો તેણે પડદો ઉઘડતો દીઠો કે તરત ઘોડો છેક રથની પાસે લીધો.

"કેમ બ્હેન, ખુશીમાં છે?"

"હા, વડીલ, પણ તમે ક્યાંથી?" આંખો ચોળતી ચોળતી ડોકું
બ્હાર રાખી, પડદો ઝાલી રાખી, કુમુદ પુછવા લાગી.

"બ્હેન, ગુણસુંદરી ને સુંદર મનહરપુરી આવ્યાં છે ને રસ્તામાં
"કંઇ ભો સંભળાયો એટલે આ માણસો લેઇ તને જાળવવા આવ્યો છું."

કુમુદ ચમકી: "હેં—કોનો ભો છે?"

"બ્હીનીશ નહી, આપણી પાસે માણસો એટલાં બધાં છે કે
"કંઇ હરકત પડવાની નથી." વાત ઉરાડવાના પ્રયોજનથી ડોસાએ
બીજી વાત કહાડી: "ત્હારે સાસરે બધાં ખુશીમાં છે કની?"

"હા, સસરાજીને કારભાર મળ્યો ને કાલ જ શીરપાવ થયો."

"ચાલો, બહુ આનંદની વાત. ત્યારે તો હવે તને અહંકાર વ્હેળો
"હશે?" ડોસો હસવા મંડ્યો.

"વડીલનાં બાળક અહંકાર રાખવો ક્યારે સમજ્યાં છે જે? મ્હારા
"સસરાજી અને સાસુજીએ આપને નમસ્કાર કહાવ્યા છે."

આટલા શબ્દ નીકળે છે એટલામાં સુભદ્રા નદી ઉપર બુમ પડી,

* નળાખ્યાનમાંથી.

રથની આશપાસ સ્વારો કાન માંડતા સજ્જ થઇ ગયા—હથિયાર સંભાળવા મંડી ગયા—રથની આશપાસ કોટ બાંધી ઉભા, રથ ઉભો રહ્યો, સઉના મ્હોં ઉપર લોહી ચ્હડી આવ્યાં, **માન**ચતુર ઘોડા ઉપર ઉછળી ટટાર થઇ ગયો—શૌર્યના ઉકળાટથી કંપવા લાગ્યો—અને એકદમ તરવાર ઉઘાડી કરી—ઉંચી કરી—બોલી ઉઠ્યો: “સબુર! જખ મારે છે”—“બ્હેન—ડરીશ નહી—હું ત્હારી પડખે છું”—“અ-
“બ્દુલા, ચોપાસ નજર રાખજે—પળવાર અહિયાંજ ઉભા ર્‌હો!”

સઉ મંડળ ઉભું રહ્યું; સઉ બંધુકો ભરવા લાગ્યા. કુમુદસુંદરી છળી ગયા જેવી થઇ ગઇ, એનું મ્હોં બ્હાવરું થઇ ગયું, તોપણ શાંતિ ખેંચી આણી પડદા બ્હાર લાંબી નજર નાંખવા લાગી: “શું છે? વડીલ, શું છે?”

“ડરીશ નહી—બ્હેન—માથું પડદામાં ખેંચી લે—આઘે બુમ થાયછે—બીજું કાંઇ નથી—હવણાં.”......

બુમ વધારે વધારે પડવા લાગી, પાસે આવવા લાગી, બંધુકોના ધડાકા સંભળાવા લાગ્યા, આઘેના ઝાડો ઉપર ધુમાડો દેખાયો, એ જગા આગળથી પશુઓ નાસભાગ કરતાં નજરે પડ્યાં, પક્ષિયોનાં ટોળાં ગાભરાં ગાભરાં કોલાહલ કરતાં ઉડવા મંડ્યાં અને કુમુદના રથ ઉપર થઇ જવા લાગ્યાં, અને ગાભરી ગાભરી કુમુદ ધ્રુજવા લાગી, એને પરસેવો થયો, એની છાતી ધડકવા લાગી, આંખો હરણની પેઠે—પારાનીપેઠે—આમથી તેમ સરવા લાગી, મ્હોં ફ્હોળું થઇ ગયું, અને બોલવાની શક્તિ તેમ બીજાં સર્વ અવયવ શિથિલ થઇ લાચાર થઇ બંધાઇ ગયાં.

અબ્દુલ્લો આગળ જઇ ઉભો રહ્યો અને જે દિશામાંથી બુમ આવતી હતી તેણી પાસ આંખ ઝીણી કરી દઇ તાકીને જોવા લાગ્યો. થોડી વારમાં એક સ્વાર એ દિશામાંથી આવતો દેખાયો—પાસે આવ્યો તેમ તેમ ઓળખાયો. ફતેહસિંહની તુકડીમાંનો એ એક સ્વાર હતો. ઘોડો દોડાવતો દોડાવતો તે **અબ્દુલ્લા**ની પાસે આવી હાંફતો હાંફતો સમાચાર ક્‌હેવા લાગ્યો—**અબ્દુલ્લો** એને **માન**ચતુરની પાસે લેઇ ગયો.

ચતે હાથે સલામ કરી એ સ્વાર બોલ્યો: “ઘણી ખમા મહા-
“રાજ **મણિરાજ**ને! આખા જંગલમાં તેમની આણ વર્તાઇ ચુકી છે.
“સવાર પડતાં બ્હારવટિયાઓ આઘાપાછા રહી આપણી તૈયારી
“જોઇ જવા લાગ્યા. ગામો ગામ—ઇંગ્રેજી હદમાં પણ—સઉ જાગૃત

"છે અને હરામખોર લોક એકઠા થવા પામ્યા નથી. મુખી વડથી
"નદી સુધી રસ્તો સાચવે છે. ચંદનદાસ તો એ જોઇને જ જતો
"રહ્યો છે—વાણિયો સઉ સમજી ગયો. વાઘજી વડ પાસે આવતો
"નથી—આંબાઓમાં ભરાઇ રહ્યો છે ને લાગ જોયાં કરેછે. ફ્તેસં-
"ગને ભીમજીનાં માણસો મળ્યાં—પણ કંઇ હોય નહી તેમ તાડોમાં
"ચાલ્યાં ગયાં ને ભીમજી પણ તેમના ભેગો ગયો—આપણે તેને
"છેડ્યો નથી. પુલ આગળ ઢોલ લેઇ બેઠો હતો તેને પકડતાં તેણે
"ઢોલ વગાડી—એ સાંભળી એક પાસથી પરતાપ અને બીજી પા-
"સથી ભીમજીનાં માણસો આવ્યાં. ઢોલવાળો સુવર્ણપુરની હદમાં
"હતો ત્યાં જ પરતાપનાં માણસોનો ભેટો થયો......"

"કંઇ ઝપાઝપી થઇ?" માનચતુરે અધીરાઇથી પુછ્યું.

"પરતાપે આવી પુછ્યું કે ઢોલવાળાને કેમ પકડો છો? ફ્તે-
"સંગે કહ્યું—ચાલ, ચાલ, તું કોણ પુછવાવાળો છે? વળી કહ્યું કે
"આ જંગલમાં સુરસંગ અને તેના બે છોકરાઓ બ્હારવટે નીકળેલા
"છે તેમને પકડવા અંગ્રેજ સરકારનું અને ભૂપસંગનું વારંટ છે તે
"આ ત્રણે હદમાં બજાવવાનો હુકમ છે—આ ઢોલવાળો તેમનો સંગી
"છે માટે પકડ્યો છે."

"ફીર ક્યા હુઆ?" અબ્દુલ્લો બોલ્યો.

"ફ્તેસંગે દાંત પીસી કહ્યું કે તમારા બોલ ઉપરથી તમે પણ
"તેમના સંગી જણાવ છો; માટે બોલી; જાવ કે તમે કોણ છો—તમને
"પણ પકડવા પડશે!"

"ખુબ કિયા! ફ્તેસિંગ!" અબ્દુલ્લો મુછો આમળવા લાગ્યો.
"ફીર ક્યા હુઆ?"

"પરતાપ નરમ જેવો થઇ ગયો અને બોલ્યો કે ભાઇઓ અમે
"તો ભદ્રેશ્વર જવા નીકળ્યા છિયે—બ્હારવટિયાઓને ઓળખતા નથી;
"પણ આ માણસને મુકો—એ અમારા સાથમાંનો છે—મહાદેવમાં
"આ ઢોલ અમારે ભેટ મુકવાની છે."

માનચતુર હસવા લાગ્યો; "જો મ્હારો બ્હાસો!"

"ફ્તેસિંગે કહ્યું કે તે ગમે તે હો—આ માણસ કે ઢોલ કંઇ પણ
"તમને નહી મળે. આટલું બોલી એમણે હુકમ આપ્યો કે જુવો
"છો શું—સઉ બ્હારવટિયાઓના સંગી દેખાય છે—પકડો કે મારો
"હરામખોરોને!"

"સાબાસ! ફતેસંગ! સાબાસ! જેસા તેરા નામ તેસા જ તેરા "કામ હૈ"—અબ્દુલ્લો બોલ્યો.

"આ બોલ નીકળતાં આપણાં માણસો ધાયાં—હાકલ કરી—"બંધુકના બાર એક બે કર્યા—આપણો ધસારો થતાં જ પરતાપનાં "માણસ નાસવા લાગ્યાં."

"હત! બાયલાઓ!" માનચતુરે ઉદ્ગાર કર્યો.

"પરતાપને ક્રોધ ચ્હડ્યો—તે એકલો રહ્યો તો પણ તરવાર "ખેંચી ફતેસિંગના સામો આવ્યો. ધીંગાણું થવાની વાર ન હતી, "પણ નાઠેલાં માણસોમાંથી બે જણ પાછા આવ્યા અને બાંય તાણી "પરતાપને પાછો ખેંચી ગયા, આપણે તેમને જવા દીધા, અને હું "અત્રે સમાચાર ક્‌હેવા આવ્યો."

"સાલી લુગાઇયાં ભાગ ગઇ, અબ તો ચલા દે રથ, ગાડી-"બાન!" અબ્દુલ્લો બોલ્યો.

માનચતુર ક્‌હેઃ "રસાલદાર, સબુર કરો. એ લોક પાછા એ-"કઠા થશે. એ લોક બરાબર વેરાઇ જાય ત્યાં સુધી રથ ત્યાં લેઇ "જવો વાજબી નથી."—સ્વારના સામું જોઇ બોલ્યો—"તમે પાછા "જાવ; સુરસંગ અને હરભમના સમાચાર જણાય અને વાઘજી જતો "ર્‌હે એટલે મને ક્‌હાવજો. પ્રતાપ નક્કી પાછો આવવાનો—એની "સરત રાખજો. હવે નદીની આણી પાસ બ્હીક નથી—હમે સઉ "ધીમે ધીમે ચાલી આવીશું અને પુલની આણી પાસ રહીશું તે "અમારાં માણસ પણ કામ લાગશે. તમારે સઉયે એટલી સરત "રાખવી કે જો હરામખોરો પાછા આવે તો સુવર્ણપુરની હદમાં નસા-"ડવા કે લ્હડવું પડે તો પણ હરકત ન પડે. નદીની આણી પાસ તો "કોઇને આવવા જ ન દેવા. પેલી પાસ રસ્તો ખુલો થશે ત્યારે પુલ "ઓળંગીશું."

સ્વાર પાછો દોડતો ગયો. રથ અને તેનો સાથ ધીમે ધીમે સા-વચેતીથી પુલભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં માનચતુર બડબડ્યોઃ "જો ઇંગ્રેજી હદમાં મારામાર થઇ તો એ રાજ્યની કોરટોમાં ઉલટો "ચોર કોટવાળને દંડે એવું થશે. જે થાય તે તાડોમાં થાય તો જ "ઠીક." રથનો પડદો ઉઘાડી જુવે છે તો કુમુદ સઉ હકીકત સાં-ભળી ભયનાં ચિન્હોથી ઉભરાતી હતી.

"બ્હેન; અર્ધી ચિંતા ગઇ—હરામખોર વેરાઇ ગયા. હવે જે "સાવધાની રાખિએ છિયે એ તો અમસ્તી."

ડોસો વૃદ્ધ છતાં તેની દૃષ્ટિ ઘણે છેટે પ્હોચતી હતી. પશ્ચિમ દિશામાં આઘે ધુળ ઉડતી દેખાઇ. હવે તો પોતે ફતેહસંગ, અને મુખી એકઠા હોય તો જ ઠીક. એની નીશાનીથી સઉએ ઝડપ વધારી, અને થોડીક વારમાં પુલ પાસે આવી પ્હોચ્યા. ફતેહસંગનાં માણસો પુલની સામી પાસે એકઠાં થઇ ઉભાં હતાં. ફતેહસંગે બુમ પાડી: "ચિંતા ક-"રશો નહી—માખો ઉરાડી મુકી છે."

ડોસાએ પશ્ચિમ દિશામાં નીશાની કરી—એક સ્વાર એણી પાસથી આવ્યો. કુમુદસુંદરીના રથ જોડેનાં બુદ્ધિધનનાં માણસોએ તેને ઓળખ્યો તેમાંથી એકજણ બોલ્યો: "કેમ મહારાજ, તમે ક્યાંથી?"

શંકર મહારાજ બોલ્યો; "ફકર કરશો નહી. મ્હારી પાછળ "મ્હારા ગામનાં માણસ આવેછે—હમે સુરસંગને મળી જવા જઇએ "છિયે—સમજ્યા?"

"જાઓ, ફતેહ કરો—વ્હેલા આવજો."

ડોસો આ વાતનો ભેદ સમજ્યો નહી—તેણે પુછી લીધો. શંકર પોતાનાં માણસો સાથે રસ્તો ઓળંગી ભદ્રાનદી ભણી ચાલ્યો ગયો.

સુરસિંહને ચારે પાસથી ખોટા સમાચાર મળ્યા. ચંદનદાસ પ્રથમથી ન્હાસી ગયો, ભીમજી છુટો પડી ગયો, વાઘજી અને પ્રતાપ વગર બીજી તુકડીઓ ભાગી ગઇ. ગામેગામ ખબર પડી ગઇ, બુદ્ધિધન અને વિદ્યાચતુર એના સ્વાર એકઠા થઇ ગયા! હવે તો મનોરથ સિદ્ધ કરવા જતાં નાશ વિના બીજું પરિણામ ન હતું. આટલામાં એને શંકર મળ્યો કે હીમત આવી. સુરસિંહ વાઘજી, પ્રતાપ, અને શંકર ચારેજણ પોતાનાં શૂરાં માણસો લેઇ ઘોડાઓને વેગભર ચલાવતા ચાલ્યા. તેમનો વેગ અને ડરાવી નાંખે એવો પ્રતાપ જોઇ શંકર મનમાં બોલ્યો;

"જેની ફુંકે પર્વત ફાટે, આભ ઉંડળમાં ભરતા!
"જેને ચાલ્યે ધરણી ધ્રુજે તે નર દીઠા મરતા!
"હરિનું ભજન કરી લ્યો રે."

"આહા! આ લોકો આટલું આટલું દુઃખ ખમતાં આમ ધરતી "ધ્રુજાવે એમ ચાલેછે—ચ્યાર દિવસના અપવાસી છે—બબ્બે રાતના "ઉજાગરા છે—શરીરે ચીથરે હાલ છે—તોપણ આમ ચાલેછે. એ મ્હારા "મિત્રો—અરેરે! રાજસેવા કરવા જતાં મ્હારે મિત્રદ્રોહી થવું—શું એમ "કર્યા વિના આ પેટ ન ભરાય?—પણ ના—રાણાનું લુણ ખાધું છે તે"—

સુરસિંહ અચિન્ત્યો ઉભો—કાન અને આંખ ચકોર કરી દીધાં —"શંકર—પાછળ આઘે ઘોડાઓની ખરીઓ સંભળાય છે"—સઉએ કાન માંડ્યા અને ઉભાં રહી પાછળ જોવા માંડયું.

શંકર: "શું કાયર થઇ ગયા છો? અમસ્તા ભણકારા વાગે છે "—ચાલો આગળ!"

"ના, ના,......

"ના, ના, ને હા હા—ચાલો—કોઇ નથી. રથ પુલની પેલી "પાસ છે તેમાંથી કુમુદસુંદરીને ઉપાડી લ્યો એટલી વાર! હું નજરે "જોઇને આવ્યો છું."

પ્રતાપ ખુશ થઇ ગયો: "ખરી વાત! ચાલો."

સઉ આગળ ચાલ્યા—પણ સુરસિંહની આંખ પાછળની પાછળ રહી.

પોતાનો ઘોડો સુરસિંહની આગળ લાવી તેને ચલાવતો ચલાવતો શંકર બોલ્યો: "ભા, તમારી બ્હીક ખોટી નથી—છોકરાં ન સમ- "જે—પણે ફતેહસંગ અને મુખી તયાર છે; આપણે જરા દક્ષિણાતા જઇ રસ્તો ઓળંગી રથને પાછળથી પકડવો."

"હા! હા! ભીમજી પણ મળશે."—સુરસિંહે લોહચુંબક પેઠે આ વિચાર પકડી લીધો: "ચાલો, દિવસ ચ્હડે છે—દોડો."—

સુરસિંહે ઘોડો મારી મુકયો, તેની સાથે તેનો સઉ પરિવાર દોડયો, સઉ દક્ષિણ દિશામાં વળ્યા! રસ્તો ઓળંગ્યો, સુવર્ણપુરની સીમમાં બુદ્ધિધનની આણમાં આવ્યા અને તે બાબત કોઇને ભાન ન રહ્યું. ઇંગ્રેજી હદમાં રહેવાનો વિચાર શંકરે ભુલાવ્યો—શંકર એ વિચારથી મનમાં ફુલવા લાગ્યો.

માનચતુરે તે મંડળ પોતાની પાછળ બે ત્રણ ખેતરવા રહી રસ્તાની પેલી બાજુ જઇ પોતાના ભણી આવતું દીઠું—સઉ સજ્જ થઇ ગયા. ફતેહસંગ આ બાજુ અવાય એમ રથની પૂર્વ અને ઉત્તર દિશા જાળવી ઉભો, સુરસિંહની પાછળ છેટે છેટે ધુળ ઉડતી હતી—ઘોડાઓ દોડતા હતા—હરભમની તુકડી વેગભર દોડી આવતી હતી. સુરસિંહ સુવર્ણપુરની હદમાં પેઠો તેની સાથે હરભમની તુકડીનો વેગ વધ્યો. જોતા જોતામાં કુમુદસુંદરીના રથની અને સુરસિંહની વચ્ચે હરભમની તુકડી આવી ઉભી. સુરસિંહ સમજ્યો કે મારો ભેદ કળાયો

છે. કુમુદસુંદરીને પકડવા જવું તે હવે વિનાશના મુખમાં પેંસવા જેવું લાગ્યું અને બોલ્યો; "શંકર, હવે પાછા હઠો. બાજી ગઇ. કુમુદસુંદરીને "પકડ્યા પછી ધીંગાણું થાત તો હરકત ન હતી—ધીંગાણું કરતાં "કરતાં એવું ઇતિયે કે કુમુદસુંદરી આપણા હાથમાં આવી જાય એ "ધારણા મિથ્યા છે" સુરસિંહે પોતાનો ઘોડો આગળ હાંકી શંકરના કાનમાં કહ્યું.

અનુભવી બ્હારવટિયાનો તર્ક ખરો હતો. એ તર્ક ભુલાવવો એ શંકરનો હેતુ હતો, રથના ઉપર સુરસિંહ હલ્લાં કરે તો જ સુરસિંહ ઉપર સામેથી હલ્લાં થાય, અને તેમ થાય તો જ ખરું સ્વરૂપ પ્રકાશી ભૂપસિંહના શત્રુને પકડી બુદ્ધિધનની નીતિ પાર પાડવાનો પ્રસંગ મળે. રથ ઉપર હુમલો થાય નહી ત્યાં સુધી વિદ્યાચતુરનાં માણસ હથિયાર ઉઘાડે એમ ન હતું, તેમ ન થાય તો બ્હારવટિયાઓને પકડવા એટલી એકલા શંકરની તાકાત ન હતી. સુરસિંહનું બોલ્યું ન સાંભળ્યું કરી શંકર હથિયાર ઉંચું કરી બોલ્યો, "જુવો છો શું? આવો "પ્રસંગ ફરી નહી આવે—રથપાસે માણસ થોડાં છે—ફ્હાડો રથમાં "બેસનારીને ખેંચી બ્હાર—ચાલો, આવો, દોડો"......શંકરે રથભણી ઘોડો દોડાવ્યો—સુરસિંહનો સાથ પણ રસે ચ્હડી પાછળ દોડ્યો—સુરસિંહના હાથમાં લગામ ન રહી—સઉની પાછળ તે પણ ઘસડાયો. રથ પાસે પ્હોચતાં પ્હેલાં શંકરે બંધુકના ખાલી બાર કર્યા, તેથી બ્હારવટિયાઓ ભરેલા બાર કરવા લાગ્યા. તેમને શૌર્ય ચ્હડ્યું, ઝાલ્યા રહ્યા નહી. ઘોડાઓ ઉડી પડતા હોય એમ ધપવા લાગ્યા, ઘોડાઓ અને સ્વારોનાં લોહી ઉકળ્યાં, સુરસિંહ ચારપાસ જોવા લાગ્યો કે ભીમજી કે કોઇ આ બારથી આકર્ષાઇ આવે છે? પોતાનું કોઇ આવ્યું નહી, ચારે દિશાઓમાં તેણે નાંખેલી—ફરી ફરી નાંખેલી દૃષ્ટિ વ્યર્થ ગઇ. અભિમન્યુએ ચક્રવ્યૂહમાં ઉભાં ઉભાં ચાર પાસ જોઇ જોઇ બુમ પાડી હતી—"કાકા—ભીમસેનકાકા—આવો આ વખત ક્યાં ગયા?" એજ રીતે સુરસિંહના હૃદયે ભીમજી અને ચંદનદાસને આતુરતાથી, વિકલતાથી, સંભાર્યા પણ કોઇ આવ્યું નહી. માત્ર થોડી વારમાં તેને શત્રુઓયે ઘેરી લીધો. આગળ જુવે તો ફતેહસિંહ અને તેનાં માણસ, પાછળ જુવે તો હરભમ અને તેનાં માણસ. રથ તો ગોળી પ્હોચે નહી એટલે છેટે રહ્યો—રથ આગળથી સુવર્ણપુરનાં થોડાંક માણસ સુરસિંહની જમણી બાજુએ આવ્યાં.

આખરની વખતે કાયર શૂરો બને તો શૂરાને શૌર્ય ચ્હડે એમાં

શી નવાઇ! વીજળીનો ચમકારો થાય એટલી વારમાં શૂર રજપૂત સમજી ગયો કે હવે તો જીતવાનું નથી—મચવાનું છે—અને પોતાના શૌર્ય વિના કોઇ બચાવે એમ નથી. આ વિચારે તેના હૃદયને ધમધમાવ્યું, તેની આંખો વિકરાળ બની ફાટી ગઇ, આંખે તો શું પણ આખે શરીરે લોહી તરી આવ્યું, નસેનસ અને રગેરગ ધડકવા અને ચળકવા લાગી, ઓઠને દાંતે પીસ્યા, કપાળે ભૃકુટિ ચ્હડી ગઇ—કરચળિયો પડી ગઇ, ઘોડા ઉપર બેઠેલું શરીર ઉંચુ નીચું થવા લાગ્યું—કુદી પડવા તત્પર થયું, પગ ઘોડાની બે બાજુયે શૌર્યનો થનથનાટ કરવા લાગ્યા, અને તરવાર મજબુત પકડી ઉંચી કરી ફાટે સ્વરે સુરસિંહ બોલી ઉઠ્યો: "જુવોછો શું? ધસો, મ્હારા બાપુ, આ પાર કે પેલે "પાર." એક ઠેકાણે આગ લાગતાં ચારે પાસ સળગવા લાગે અને આકાશ પણ સળગે તેમ સુરસિંહનાં માણસમાં સુરસિંહનું શૌર્ય આવ્યું. એની હાકલ સાંભળી એનાં માણસો ઉછળ્યાં. અને "હો—હો"—"જો જે"—"લેતો જા"—"મારો મારો" કરતાં આંધળાં બની ચારે પાસ શત્રુનો ધસારો ઝીલવા સજ્જ થયાં. **વાઘજી** અને **પ્રતાપ** પિતાની બે પાસે ખડા થઇ ગયા. શત્રુએ ધસારો કરતાં વાર લગાડી—સુરસિંહે જ ફતેહસિંહ ભણી ધસારો કરવા માંડ્યો અને તરવાર એવા તો જોરથી મારી કે ફતેહસિંહે વચ્ચે ઢાલ ન ધરી હત તો જાતે કપાઇ જાત. ઢાલમાં જબરી ફાટ પડી. આટલો ઘા કર્યો તેની સાથે **શંકર** અને તેનાં માણસો બ્હારવટિયાઓમાંથી જુદાં પડ્યાં, અને "ખમા "**મહારાણા ભૂપસિંહની**"—કરી મ્હોટી બુમ પાડી **શંકર** ગાજી ઉઠ્યો અને કાળા વાદળામાં ઢંકાઇ રહેલી વીજળી ગાજી ઉઠે અને ચમકી નીકળે તેમ સ્વરૂપ પ્રકાશી આગળ આવ્યો.

"સુરસિંહ! મ્હારે ને ત્હારે મિત્રતા છે. પણ મ્હેં સુવર્ણપુરના "મહારાણાનું લુણ ખાધું છે અને તેની સેવા કરવા ત્હારી મિત્રતા "કરી છે. તું હવે જુવે છે કે મહાન્ ગજરાજ ખાડામાં પડે અને "સાંકળો બાંધવાની જ વાર રહે તેમ ત્હારે આ પળે થયું છે. "મરણ કે શરણ બે વિના ત્હારે ત્રીજો રસ્તો અત્યારે નથી. ત્હારૂં "શૂરવીરપણું ત્હેં સિદ્ધ કરી આપેલું છે—તેની કીર્તિમાં કાંઇ ખામી "આવે એમ નથી. ભૂપસિંહે કંઇ ત્હારો ગરાસ લીધો નથી—તેની "સાથે ત્હારે વેર નથી—એ ત્હારી કીમત સમજે છે—એનું મ્હોટાપણું "અને એની કૃપા ચ્હડેલા અને પડેલા **શઠરાય**ને ખબર છે. ભૂપ"સિંહની તું રૈયત છે. એની હદમાં ત્હારે હાથે કોઇને લોહીનું ટીપું

"નીકળશે તો તું ત્હારા રાજાનો જાણી જોઇને અપરાધી થશે, અને
"ગઇ ગુજરી વીસારી ત્હારા ઉપર મહારાણા કંઇ પણ દયા કરે એમ
"હશે તો તેનો હક્ક તું ખોઇશ. હું તને દગો નથી દેતો—મ્હારા
"રાજાની સેવા બજાવી છે— જો તું ત્હારા રાજાને શરણ થઇશ તો
"એ રાજાને પગે પડી—ત્હારા ગુણની કીર્તિ કરી—હું મ્હારી ત્હારા પ્ર-
"ત્યેની મિત્રતા બતાવીશ. જો તું શરણ નહી થાય તો હું છુટો છું. આ
"ત્હારાં માણસોનો ભૂપસિંહની કૃપાપરથી હાથ ઉઠાડવાનો અપરાધી
"તું થશે. તેમના નિરર્થક મરણની હત્યા ત્હારે શિર બેસશે. તેમનાં
"બઇરાંછોકરાંના નીસાસા જન્મજન્માંતરમાં પણ ત્હારી પુઠે બ્રહ્મહ-
"ત્યાની પેઠે ભમશે. ત્હારા આ પુત્રો છે—તે હજી જુવાન છે—
"તેમનો વિનાશ નિરર્થક થશે—ત્હારો વંશ નિર્મૂલ થશે—ત્હારો પરિ-
"વાર અસ્ત થશે. જે તને કહું છું તે આ ત્હારાં માણસોને પણ
"કહું છું. શરણ કે મરણ એમાંથી જે જેને સારું લાગે તે સઉ કોઇ
"દેખાડી દ્યો. ખમા મહારાણાને!" આ અદ્ભુત પ્રકાશથી સઉ સ્તબ્ધ
થઇ ગયા. શંકર બોલી રહ્યો એટલી વારમાં એની સાથેનું મંડળ તેમ
મણિરાજનાં માણસ જામગરિયો સળગાવી બંધુકો સજ્જ કરી બ્હાર-
વટિયાઓની ચારે પાસ ફરી વળ્યાં. શંકર પોતાના પક્ષમાં છે જાણી
રત્નનગરીના માણસોમાં વધારે શૌર્ય આવ્યું. જેટલું શૌર્ય તેમનામાં વધ્યું
તેટલું બ્હારવટિયાઓમાં ઘટ્યું. અપવાસ અને થાકથી મરી ગયેલા
જેવા ચીથરેહાલ રજપુતોનું હોલાઇ જતું શૌર્ય સુરસિંહ અને ભી-
મજીના ઉત્સાહક ભાષણે કુમુદને પકડવાની આશારૂપ જ્યોતવડે સ-
ળગાવ્યું હતું. પ્રાતઃકાળે કરેલા શોધથી, સામાવાળાઓની તૈયારિયોથી,
ચંદનદાસ અને ભીમજીની ભાળ ન લાગવાથી, વાઘજી અને પ્રતાપે
આણેલા પગ ભાગે એવા સમાચારોથી, અને ચારે પાસ ગાંમડાંઓમાં
પોતાની વાત જણાઇ ગઇ એ જાણવાથી, સુરસિંહનાં માણસો નિરાશ
થવા આવ્યાં હતાં એટલામાં વળી શંકર નવાં માણસો લેઇ આવ્યો
તેની ઉંકથી અને સુરસિંહની છેલી હાકલથી સઉમાં મરણશૌર્ય ચ્હડ્યું
હતું તે શંકર ફરી ગયો માલમ પડ્યાથી બમણું ઉતરી ગયું. શંકરના
ભાષણથી સઉ નિરાશ થયા. હવે સુરસિંહનો પક્ષ કરવાથી તેનો કે
પોતાનો સ્વાર્થ સધાશે નહી એ નિશ્ચય થયો અને ભાગલાં હથિયારો
લેઇ આટલાં માણસો સાથે લ્હડવું એ તો માત્ર બળતા અગ્નિમાં
કુદી પડવા જેવું લાગ્યું. એક જણ આગળ આવી સુરસિંહને હાથ
જોડી ક્હેવા લાગ્યો: "બાપુ, આમાં કંઇ માલ નથી; કારભારીની

"દીકરી, કંસના હાથમાંથી વીજળી ગઇ તેમ, તમારા હાથમાંથી જતી "રહી; જીવતો નર લાખેણી પામશે; શંકર ખરું ક્‌હે છે; સુકા કુવામાં "પડ્યે તરસ છીંપવાની નથી ને તેમાં પડવાથી મરવા વગર ફળ "નથી; સઉને બઇરાં છોકરાં છે: અત્યાર સુધી તમને લાભ થાય એમ "હતું તો અમારાં ગળાં તમને આપ્યાં; હવે તો શરણમાં જ લાભ "છે—મરણમાં નથી; આજ સુધી તમારું કહ્યું કર્યું—આજ તમે "મ્હારું કહ્યું કરો! શંકર મહારાજ! માર કે ઉગાર—આ તરવાર "તને સોંપું છું." કેટલાકે એનું કર્યું કર્યું; કેટલાક વિચારમાં પડ્યા. આમાંથી કુમુદ મળે એમ નથી એવો વિચાર આવતાં પ્રતાપ સઉની નજર ચુકાવી છાનોમાનો અદૃશ્ય થઇ ગયો; સઉની દૃષ્ટિ શંકરના ઘોડા આગળ થયેલા હથિયારોના ન્હાના સરખા ઢગલા ઉપર હતી—ધીમે ધીમે, ડરતા, વિચારતા વિચારતા કોક કોક બ્હારવટિયાઓ ઢગલા પાસે આવી તેમાં ઉમેરો કરતા હતા અને હથિયાર છોડનાર માણસો એક પાસ શરમાઇ જઇ—નીચું જોઇ—સુરસિંહની પુઠ કરી અથવા આડી આંખ કરી એકઠા ઉભા. શંકરનાં બે માણસોએ ઢગલો પુરો થતાં ઉપાડી લીધો.

સઉની દૃષ્ટિ સુરસિંહ ભણી વળી. પોતાનું ભાગ્ય ફરી વળ્યું જોઇ, માણસો દગો દેતાં જોઇ, સુરસિંહ નિરાશ થયો, ક્રોધને વશ થયો, ચારે પાસ નજર ફેરવવા લાગ્યો, હથિયાર છોડનારાં માણસો ઉપર તિરસ્કાર ભરી આંખો કરી ઓઠ કરડવા લાગ્યો, ઘોડા ઉપર પગ અને ઝંઘા અફાળવા લાગ્યો, પ્રતાપને આંખ વડે શોધવા લાગ્યો, શોધતાં શોધતાં "જીવતો ર્‌હે તો આનું વેર લેજે" એમ તેને મનમાં ક્‌હેવા લાગ્યો, પોતાના પક્ષમાં રહેલા એક જ માણસ પુત્ર વાઘજીને જોઇ સંતોષ અને શૌર્ય ધરવા લાગ્યો, હથિયારપર હાથ મુકવા લાગ્યો, પોતાનો નાશ નિશ્ચિત જોવા લાગ્યો, છતાં એ નાશપ્રસંગે શૌર્યની કીર્તિનો પ્રસંગ ખડો થતો જોઇ ઉત્સાહી થવા લાગ્યો, અને અંતે ઘોડાપર ઉંચો થઇ, ઘોડાને ઉંચો કરી, ભ્રમર ચ્હડાવી, આંખો રાતી અંગારા જેવી કરી, સાથે સ્વાર થયેલા સ્વાર વાઘજીનો ખભો થાબડી, શંકરના સામે તીવ્ર કટાક્ષ ફેંકી, પોતાનો ઘોડો ફેરવેછે, પાછળ હરભમને જુવેછે, હરભમે ગઇ કાલ આપેલો પ્રહાર સાંભરતાં તેના ભણીથી બીજી પાસ ફરેછે, ઘોડાનો વેગ વધારી મુકી તેને ચોપાસ ચક્રાકારે દોડાવે છે, હાથમાંની તરવાર ચારે પાસ વીંઝી મુકી સ્વારની—શસ્ત્રધારીની—પટા ખેલનારની—કળાઓની સીમ આણી મુકે છે,

તે જોઇ તેના પક્ષનાં હથિયાર છોડનાર માણસો શરમાય છે, પસ્તાય છે, હથિયાર નિરર્થક શોધેછે અને પાછાં ખસેછે. પ્રતિપક્ષિયો સજડ થઇ જાયછે, જોઇ રહેછે, અને એના ઘોડાને અવકાશ આપવા મ્હોટું કુંડાળું ખાલી રહેવા દેછે. સુરસિંહે શૌર્યની—વીરકળાની—સીમા દેખાડી. એના દેખાવે સઉને મ્હાત કર્યા. એની છાતીમાં, એના માથામાં લોહી ઉકળી આવ્યું, દોડવા લાગ્યું, ચ્હડી આવ્યું. પાસે ઉભેલા **વા**ઘજીએ શૂર પિતાનું શૌર્ય વધારવા ચારણકૃત્ય કર્યું. "સાબાશ, સાબાશ, "બાપા, સાબાશ! સાબાશ! ધ્રુજે ધરતી! ધ્રુજે વેરી! ફતેહ! ફતેહ! રાખ્યો રજપુતરો રંગ!" "રંગ" શબ્દ પુરો થતાં જ, ફરતાં ફરતાં **શંકર** સામો દીઠો ત્યાં "દગલબાજ!" એ શબ્દ ગર્જી, ઘોડો કુદાવી, શંકરની નજર ચુકાવી; તેના ઘોડા ઉપર આકાશમાં ઘોડો કુદાવી, શંકરની છાતી ભણી તરવાર ધસાવી, સુરસિંહે એવો ધસારો કર્યો કે આંખના પલકારામાં એનો ઘોડો **શંકર**ના ઘોડાના માથા ઉપર ઉંચેથી પડ્યો, **શંકર**નો ઘોડો દબાઇ ગયો—બેસી ગયો, ઘોડાના માથા ઉપર ઘોડો અને તેના ઉપર ઉંચો કુદેલો સુરસિંહ મહાન્ ગજરાજના કુંભસ્થળ ઉપર ચ્હડી હોદ્દામાં બેઠેલા શીકારી સામે પંઝો ઉપાડતાં વિકરાળ સિંહ જેવો દેખાયો. પગના ઢીંચણ સુધી પ્હોંચતા લાંબા કરેલા હાથની હાથેલીમાંથી ફુંફવાડા મારતા નાગની પેઠે ધસતી સિદ્ધી બેધારી તરવાર જોતા જોતામાં **શંકર**ના શરીરને વીંધી આરપાર ગઇ હોય એમ દેખાઇ, સઉયે જાણ્યું કે **શંકર**નું થઇ ચુક્યું! ખરું જોતાં તો જેવી સામા સુરસિંહના જમણા હાથમાંથી તરવાર ધસી કે સુરસિંહની કળાના ભોમિયા કળાવાન્ શૂર બ્રાહ્મણે ડાબો હાથ પ્હોળો કરી શરીર ખસેડી દીધું અને તરવારને પોતાના હાથ અને શરીર વચ્ચેની ખાલી જગામાં ખુંપી જવા દીધી, ખુંપી ગઇ કે હાથ દાબી દીધો અને પોતાના જમણા હાથમાંની તરવારથી બળવાન ઘા કરી સુરસિંહનો જમણો હાથ કાપી નાંખ્યો. ઝાડપર કુહાડો પડતાં ડાળું તુટી પડે તેમ બ્હારવટિયાના પ્રચંડ શરીરમાંથી કપાયલો હાથ છુટો પડ્યો, તેના મૂળ આગળ કુત્સિત માંસનો લોચો ધસી આગળ આવ્યો અને રુધિરની ધારાઓ કપાયલી નસોમાંથી ફુવારા પેઠે ફુટવા લાગી. પળવારમાં સુરસિંહનું શરીર, એનાં વસ્ત્ર, અને એનો ઘોડો લોહીલુહાણ થઇ ગયાં. **શંકર**ની તરવાર સુરસિંહ પર પડતા પ્હેલાં શકરાબાજ પેઠે તાકી રહેલા **વાઘજી**એ ત્રાપ મારી **શંકર** ઉપર તરવારનો ઘા કર્યો, બાજુએ ઉભેલા હરભમે એ તરવાર **શંકર** ઉપર પડતાં પ્હેલાં નીચેથી પોતાની

તરવાર ઉંચી કરી તે ઉપર **વાઘજી**ની તરવાર ઝીલી. બે તરવારો અત્યંત બળથી એકબીજા સાથે અફળાતાં મ્હોટો કડાકો થયો અને **વાઘજી**ની તરવાર એના હાથમાંથી છુટી પડી આકાશમાં સઉનાં માથાં ઉપર ઉડી. ઉંચુ જોઇ, આઘાં ખસી જઇ, સઉએ એને જમીન ઉપર પડવા દીધી, અને એક જણે ઉચકી લીધી. ઘવાયલો સુરસિંહ ઘોડા ઉપરથી ગરબડી પડ્યો. તરવાર વિનાના પણ વાઘ જેવા **વાઘજી**એ પોતાનો ઘોડો સઉના માથા ઉપર કુદાવ્યો અને સઉને આશ્ચર્યમાં નાંખી એનો ઘોડો, હનૂમાને સમુદ્ર ઓળંગ્યો હતો તેમ, સઉને ઓળંગી આકાશ-માર્ગે પેલી પાર ઉઘાડી જગામાં પડ્યો, અને પડતામાં સજ્જ થઇ એટલો તો વેગથી દોડ્યો કે સર્વની દૃષ્ટિનો તિરસ્કાર કરી કેઇ દિશામાં ગયો એટલું પણ માલમ ન પડે એવી રીતે પોતાના સ્વાર સાથે અદૃશ્ય થઇ ગયો.

આશ્ચર્ય પામતું સર્વ મંડળ જોઇ રહ્યું. ઘવાયલા મૂર્છા પામેલા **સુરસિંહ**ને **શંકર**નાં માણસો ફાળિયાંમાં બાંધી જીવતો કેદ કરી એને અને એનાં શરણ થયેલાં માણસોને સુવર્ણપુરની દિશામાં લઇ ગયાં, અને "ખમા મહારાણા **ભૂપસિંહ**ને" એ ગર્જના ચારે પાસનાં ગામડાંમાં સંભળાવતાં ઉત્સાહમાં ચાલ્યાં ગયાં. **વિદ્યાચતુર**નાં માણસો અને **શંકર** **સુરસિંહ** અને **વાઘજી**ના પરાક્રમની સ્તુતિ કરતાં કરતાં કુમુદના રથ ભણી હર્ષભેર ઉતાવળે પગલે ચાલ્યા અને બુમો મારવા લાગ્યા: "ફતેહ! ફતેહ!"

પ્રકરણ ૧૧.

હોલાયલી આગનો બાકી રહી ગયેલો તનખો.

સુરસિંહના મંડળ ભણી **અબ્દુલ્લો**, ફતેહસંગ વગેરે ગયા અને **માન-ચતુર** થોડાં માણસ સાથે રથપાસે રહ્યો, અને આતુરતાથી, સજ્જતાથી, સાવધાનપણે જે દિશામાં ધીંગાણું મચવાતું હતું તેની પાસ સવિશેષ અને બીજી દિશાઓમાં વચ્ચે વચ્ચે દૃષ્ટિ ફેરવતો, શું થાય છે તેની વાટ જોતો, ઉભો. આ શૂર અને અને બુદ્ધિમાન ડોસાનાં સર્વ અંગ ફરકવા લાગ્યાં, તેના ભવ્ય કપાળમાં અપ્રમાદને દૂર રાખનારી કરચલિયો ચ્હડી આવી, તેની આંખો ઝીણી થઇ દૂરદર્શક યંત્ર જેવી બની ગઇ, ઘડી ઘડી એના દાંત ઓઠની સાથે યુદ્ધ કરી ઓઠને દળી નાંખવા લાગ્યા, તેની ધોળી મ્હોટી મુછોના કેશ અંતરના આવેગથી ઉભા

થતા હતા અને ત્રાપ મારવા તત્પર થતા ક્રૂર સિંહની મુછો જેવા દેખાયા, એના એક હાથમાં ઘોડાની લગામ હતી છતાં તે હાથ અસ્વસ્થ હતો અને લગામને અસ્વસ્થ કરવા મંડ્યો ત્યારે બીજો હાથ તરવારની મુઠ સાથે મારામારી કરવા મંડ્યો, અને એના પગ આંખોની આજ્ઞા શોધવા ઉંચા થતા હોય અને ઘોડાને પ્રેરવા નીચા થતા હોય તેમ ઉંચા નીચા થઇ તનમનાટ કરવા લાગ્યા.

કુમુદસુંદરી, રથના પડદામાંથી, ઘડીક પડદો આડો કરી, ઘડીક ઉંચો કરી, દાદાનું મુખ જોતી હતી અને એ મુખના વિકાર ઉપરથી આઘે શું થાય છે તેની કલ્પના કરતી હતી. દાદાને, વાત કરવા જેટલી—સમાચાર ક્‌હેવા જેટલી—આઘીપાછી દૃષ્ટિ કરવા જેટલી—નવરાશ ન હતી. રથ પાસે ઉભેલા સ્વારોની પણ એ જ અવસ્થા હતી—કોઇ કોઇની સાથે વાત કરતું ન હતું, ગાડીવાન પણ રાશ ઝાલી જે આજ્ઞા થાય તેનો તત્પર અમલ કરવા સજ્જ થઇ રહ્યો હતો, અને ઘોડાને હઠાવે એવા ધોરી મહાન બળદ પણ એવી જ દશામાં ઉભેલા દેખાતા હતા. આ ભયસંકલ્પને કાળે, રથને આગળ લેવો તે પણ અકાર્ય, પાછળ લેવો તે પણ અકાર્ય; એને હતો ત્યાંને ત્યાં રાખી રક્ષક મંડળ આમ ઉભું હતું, અને સર્વ પુરુષોના મનમાં "બ્હારવટિયાઓનો" વિચાર સર્વવ્યાપી થઇ, બીજા વિચારને ક્‌હાડી મુકી, દિગ્વિજયી થયો હતો. તે પ્રસંગે કુમુદસુંદરીનું હૃદય, પ્રમાદધનથી કાયર થઇ—નિરાશ થઇ—બ્હારવટે નીકળી પડ્યું હોય તેમ, આવા બ્હારવટિયાઓ વચ્ચે આ ભયંકર પ્રદેશમાં સરસ્વતીચંદ્રનું શું થયું હશે તે જાણવા અશક્ત બની તે પુરુષને શોધી ક્‌હાડવા ચદ્રકાંતની જોડે નીકળી પડ્યું હોય તેમ, શ્વશુર કુટુંબમાં દુષ્ટ 'કાળકા'ના કુભાંડથી પોતાની પ્રતિષ્ઠાની કેવી હત્યા થશે તેના વિચારથી બ્હારવટિયાઓએ પોતાને એવડી રીતે પકડી લીધી હોય અને તેથી અત્યંત કંપતું હોય તેમ, એ અનાથ અબળાનું હૃદય, એકલું પડી, અનેકધા ભટકવા લાગ્યું, અસ્વસ્થ થયું, અને અનેક સંકલ્પવિકલ્પોનો આશ્રય શોધવા લાગ્યું. ઘડીક તે પડદા બ્હાર જોતી હતી, ઘડીક તે પડદા પડતા રાખી જાગતી સુઇ જતી હતી, ઘડીક બંધ-પડદે ગાડીમાં બેસી મ્હોંએ હાથ દેઇ આંસુ પાડી રોઇ લેતી હતી, ઘડી તકિયે પડી રથની છત્રી સામું જોઇ રહેતી હતી, ઘડીક ચનલીલાનો કાગળ વાંચતી હતી, ઘડીક પડદો ઉંચો કરી આકાશ સામું જોતી હતી, ઘડીક આઘેનાં ઝાડો જોતી હતી, ઘડીક પાસેનાં ઝાડો જોતી હતી, ઘડીક નદીનો

પ્રવાહ ખળખળ થતો હતો તે સાંભળતી હતી, ઘડીક તેનાં વ્હેતાં પાણી ભણી નજર કરતી હતી, પાણીતળેનાં ઉંડાણ કલ્પતી હતી, પુલભણી જોતી હતી, નિઃશ્વાસ મુકતી હતી, અને ઘડી ઘડી વળી ધૈર્ય પણ ધરતી હતી.

"આહા ! **સરસ્વતીચંદ્ર** ! આ અત્યંત ભયાનક પ્રદેશમાં અત્યારે "ક્યાં હશો ? આટલું કષ્ટ શા માટે વેઠવું પડે છે ? શું ધ્રુવની પેઠે "તમને ઓછું આવ્યું ?—પણ તમારી તપશ્ચર્યા કેઇ શ્રદ્ધાથી સંભવે ? "શું **રોબિન્સન્** ક્રુઝોના જેવો અભિલાષ ધાર્યો ? શું **બાબર** બાદ-"શાહની પેઠે રાજ્ય જતાં કોમળ વયે વિકટ જંગલમાં કવિતા ગાવી "ગમી ? તમે તો ક્‌હો છો કે,

"પતંગો ઉડતી જેવી
"હવે મ્હારી ગતિ તેવી !

"પતંગ પૃથ્વી સાથે સૂત્રથી સંધાય છે—તમને તો તે પણ "ગમતું નથી. અરેરે !

"નહી ઉંચે—નહી નીચે
"મળે આધાર, ધન હીંચે
"નિરધાર—નિરાકાર !
"હવે મ્હારીય એ ચાલ !"

"કોને વાસ્તે આટલું બધું ? હું જ મન્દભાગિની તમને આટલા "બધા દુઃખનો હેતુ થઇ પડી છું !

"સ્ફુરે પોતે, ન દેખાય,
"કુસુદની ગંધ ગ્રહી વાય,
"અરણ્યે એકલો વાયુ,
"જીવન એ ભાવિ છે મ્હારૂં !

"મોઇ એ કુમુદ ! પત્થર ન જન્મી ! આહા ! પુરુપરત્ન ! નિર્માલ્ય "કુમુદમાં તે શું દીઠું ? એનું ટુંકુ ભાગ્ય ટુંકુ રહ્યું તેમાં તમે શાનું "પ્રાયશ્ચિત્ત કરો છો ?—અં...હં......અરેરે !!

"જહાંગીરી—ફકીરી એ !
"લલાટે છે લખાવી મ્હેં !"

"અહો મ્હારા **જહાંગીર** !

"નુરજ્હાન તુજ નુર વિનાની, તે કાજ તું ટટળે શાને ?

"પ્રમાદધનને પણ નથી ગમતી તે ગમતી તુજને શાને?"
"મુખ ઉપર દીનતા અને નેત્રમાં આંસુ નિર્ભર ઉભરાયાં.
"જહાંગીર મુજ ઘરે ફકીરી, વનચરનો સહચારી થયો.
"દુષ્ટ કુમુદને કાજ ઝુરે ને મ્હેલ છોડી વનવાસી થયો.
"હાય! હાય! હાય! હાય! હાય!"

આ વિચારમાં પળવાર નિદ્રાવશ થઇ, વળી કંઇક ચમકી ઉઠી, અને પ્રમાદધનના વિચારમાં પડી.

"ઓ મ્હારા સ્વામીનાથ! મને તે કાળે તરવારથી મારી નાંખી "હત તો મ્હારા સુભાગ્યની સીમા ન રહેત! જે મ્હારે માટે ઝુરી "ઝુરી ભટકે છે તેની હું નથી; હું મનને મારી મારી તમને વળગું "છું તેના તમે નથી: એ શિક્ષા મને યોગ્યજ છે—મને પુરી કરી "હત તો એ શિક્ષા પુરી થાત! એટલું પણ ભાગ્ય ક્યાંથી હોય?

"વ્હાલી વનલીલા! તને તે મ્હારી દયા શાની આવે છે?

"ઓ દયાળુ બ્હારવટિયાઓ! આવા ક્રૂર કેમ થાઓ છો?— "મને જીવવા કેમ દ્યો છો? અરેરે! શું તમારામાંથી એટલી પણ "કળા જતી રહી કે ત્યાંથી ગોળી મારો તે આવીને બરોબર મ્હારા "કાળજા વચ્ચે ન વાગે ને આ નિર્માલ્ય શરીરનો અંત ન આણે?"

રથના પડદા ઉંચા કરી આમ્રેનાં ઝાડો ભણી જોઇ ગણગણી: "બીગરી કોન સુધારે નાથ બિન? બીગરી કોન સુધારે રી?"— "ખરી વાત છે. પણ મ્હારી એવડી "બીગરી" તો નાથ પણ સુ-"ધારે એમ નથી." વળી બીજા વિચારમાં પડી ઝાડો ભણી દૃષ્ટિ ફેંકી મનમાં બોલી:—

"પણે ઝાડોની ઘટા છે તેની પાછળ ચંદ્ર છુપાઇ રહ્યો હોય "એમ પણ કેમ ન હોય—અરેરે! આ અરણ્યમાંનાં પ્રાણિયો વચ્ચે— "લુટારાઓ વચ્ચે—એની શી વલે થઇ હશે? એ જે થયું હોય તે "મ્હારે સારુ! એણે મ્હારે સારુ એટલું કર્યું—એને વાસ્તે હું શું "કરું? હું કૃતઘ્ન છું. હું દુષ્ટ છું. હું નિર્દય છું." રથમાં માથું ખેંચી લીધું અને પડદો પડવા દીધો. છાતી કુટી રથ વચ્ચે બેસી પડી; પાછી ટટાર થઇ ભ્રમર ચ્હડાવી. હૃદય અને મુખ ક્રોધને અપરિચિત છતાં, હૃદયમાં ક્રોધ જન્મ્યો અને કોમળ મુખ ઉપર વિકરાળ રૂપ ધરી ચ્હડી આવ્યો તેની સાથે ક્રોધથી રોવા જેવી બની બોલી: "અહો "ક્રૂર અને કૃતઘ્ન સ્ત્રી!!—તે હું જ!

*"ક્રૂર મ્હારા જેવી કોણ? સુખો જીવતાને કરવા ના મરું રે!
"ઝુરે મરે મ્હારે સારુ તેની પુઠેયે દુષ્ટ ના મરું રે!"
"ધિક્કાર આ જાત ઉપર! એને મરતાં નથી આવડતું! એને
"જીવવાનો લોભ લાગ્યો છે!

"પ્રિય ચંદ્ર તમે ઉપદેશ આપો છો કે,

"પડ્યું પાનું સુધારી લે
"છુટે ના તે નીભાવી લે"

"તમે એવું એવું ક્હો છો તે ઠીક છે. પણ મ્હારે મ્હારા
"સ્વામીનાથની આજ્ઞા તમારા ઉપદેશ કરતાં વધારે છે. સ્વામીનાથનું
"હૃદય તો મને એવી આજ્ઞા કરે છે કે,

"અરે નિર્માલ્ય નારી રે!
"હુંનો અભિલાષ જાણી લે.
"મરી જા રે! મરી જા રે!
"મને છોડી—છુટી જા રે!

"હું એમને ઝાંખરાં જેવી વળગી છું તે છુટી જાઉં એ એમની
"ઇચ્છા છે. મને પણ એ ગમતી વાત છે, કારણ કે મ્હારા મરવાથી
"કેટલા લાભ છે?

"જીવતાંને સુખ થાશે જી!
"પતિને સુખ બહુ થાશે જી!

વળી

"ચંદ્ર ઝુરે મુજ કાજે જી,
"હશે દશા શી આજે જી!
"એ સઉ મ્હારે માટે જી,
"મરીશ હું તેને સાટે જી

"વળી એથી મ્હારો કૃતઘ્નતા-દોષ છુટશે, અને મ્હારે માથે જે
"કલંક આણવાનું વાદળ ચ્હડ્યું છે તે ઉતરી જશે અને મ્હારાં માતા
"પિતા અકારણ અપયશના મહાદુઃખમાંથી ઉગરશે!!"

આનંદમાં આવતી હોય તેમ કંઇક મલકાઇ બોલીઃ "ખરે! આ
"સંસાર-સાગર દુઃખમય છે તેનો કીનારો તે મૃત્યુ, અને એ કીનારો

---

* "આવો આવો જસોદાના ક્હાન કે ગોઠડી કરિયે રે.
"રૂડી વૃંદાવનની કુંજગલનમાં ફરિયે રે."—એ રાગ.

"મુકિયે એટલે જે કોરી જમીન આવે તે મોક્ષ!—મ્હારે એ મોક્ષ
"શોધવો!"

આ વિચાર આમ બળવાન થાય છે તેની સાથે કાનમાં સરસ્વતીચંદ્ર બોલતો હોય એમ ભણકારો વાગ્યો: "વ્હાલી કુમુદ, તું "ત્હારા આત્માને વ્યર્થ ફોસલાવે છે! સન્મૃત્યુ તે મોક્ષ છે, અપમૃત્યુ "તે મોક્ષ નથી! દુ:ખમાંથી છુટવા મૃત્યુ શોધવું ને આપઘાત કરવો "તે અપમૃત્યુ! જે વાટ ફુંક મારી હોલવિયે છિયે તેમાંથી ધુમાડો "નીકળે છે, દુર્ગન્ધ પ્રસરે છે, ને કાળો કોયલો રહેછે. જે વાટ પુરે- "પુરી બળી જાયછે તે શાંત થાય છે અને તેનો ચૂર્ણ થયેલો અવ- "શેષ પંચભૂતમાં જાતે જ ભળી જાયછે. ફુંકથી હોલવાયલી વાટ "અપમૃત્યુ પામેછે. સમાપ્ત થયેલી વાટ ઈશ્વરેચ્છાને અનુસરી સ્વ- "યોનિમાં ભળેછે—એનું જ નામ મોક્ષ! વ્હાલી કુમુદ! દુ:ખથી "કાયર થઇ અપમૃત્યુ પામવું તે જે ધર્મ-કર્મ-અર્થે ઈશ્વરે જન્મ આ- "પ્યો છે તેની આજ્ઞા તોડી બંડ કરવા જેવું છે."

શરીરભયના વિચારમાંથી આવા વિચારોમાં સંક્રાંત થયેલું મન આ ક્ષણે અચિંતી બુમો સાંભળી ચમક્યું. સુરસિંહ પકડાતાં પાછું ફરેતું મંડળ આઘેથી બુમો પાડતું હતું. આ બુમો બ્હારવટિયાની હશે અને તેઓ પાસે આવતા હશે એમ કલ્પી, શરીરભય સમીપ દેખી મનના વિચાર એકદમ અસ્ત થઇ જતાં ભયમાંથી બચવાનો માર્ગ શોધી રાખવા ઇચ્છતી, રથમ્હાર ડોકું ક્હાડી, મનને કાંઇ સુઝ્યું હોય એમ અચિંતી રથમાં અર્ધી ઉભી થઇ વસ્ત્રની અંદર ચણિયાનો કચ્છ વાળી, એક ન્હાનું ખંજર કેડ આગળ સંતાડેલું હતું તે ઉપર હાથ ફેરવી, સજ્જ થઇ, અને જેણી પાસથી બુમ આવતી હતી તેણી પાસ પડદામાંથી નજર નાંખતી કુમુદસુંદરી સાવધાન બેઠી. **માનચતુર** પોતાના પક્ષનો વિજય સમજી ગયો; રથની પાસે આવી પડદો ઉપાડી વ્હાલથી બોલ્યો: "બ્હેન, ભય ગયું, આપણાં માણસ જીતીને પાછાં "ફરે છે."

માનચતુરનાં માણસ ઉમંગમાં આવી ગયાં, સામેથી આવતું મંડળ ઉડી પડતું હોય એમ વેગથી ઘોડા દોડાવતું "ફતેહ! ફતેહ!" કરતું પાસે આવ્યું, અને સઉથી આગળ આવી **શંકરના** ઘોડાની લગામ ઝાલી અબ્દુલ્લો બોલી ઉઠ્યો:

"ભાઇ સાહેબ! બુદ્ધિધનભાઇકા આદમી યહ **શંકર** મહારાજ "હે, ઉને સબ બ્હારવટિયેકું બહાદુરીસેં પકડ કર ગઠડીમેં બાંધ કર સુવ-

"ર્ણપુરકુ ભેજ દિયા! હા હા હા હા!" **અબ્દુલ્લો** ખડખડ હસવા લાગ્યો. **માનચતુરે શંકરનું** ઓળખાણ કર્યું. સઉ એક બીજાને ઓળખવા, સત્કાર કરવા, અને ભેટવા લાગ્યાં. આખરે **શંકર માનચતુરને** થયેલા બનાવનું અથ-ઇતિ વર્ણન કરવા લાગ્યો. બ્હારવટિયાઓ સાથે એણે **બુદ્ધિધનની** બુદ્ધિનું અને નીતિનું શુદ્ધ અનુકરણ કર્યું—**બુદ્ધિધનની** શાળામાં ઘડાયાની પરીક્ષામાં સફળ નીવડ્યો—यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ॥ મહારાણા **ભૂપસિંહનો** છેલો શત્રુ અસ્ત થઇ ગયો. સર્વ મંડળના મુખપર પ્રસન્નતાની છાપ પડી રહી. **માનચતુરે** કહ્યું, "મ્હારા બ્હાદુર સ્વારો, હવે જરા ઘોડાપરથી ઉતરો. આખી રાતના "થાકેલા ઘોડાઓને વિશ્રામ આપો અને **સુભદ્રાનું** તાજું પાણી પાવ, "તમે પણ પાણી પી જરા સ્વસ્થ થાવ. મુખી, તમને એકલાને આ "આરામમાંથી બાતલ કરવા પડશે. **મનહરપુરી** જાવ, અને **ગુણસુંદરી** "ચિંતાથી સમાચારની વાટ જોતાં હશે તેમની પાસે સત્વર જઇ વધામણી "ખાઓ અને ક્‌હો કે બે ચાર કલાકમાં **કુમુદને** લેઇ અમે આવિયે "છિયે." વાક્ય પુરું થતામાં મુખી અને તેનો ઘોડો વેગભર **મનહરપુરીને** માર્ગે અદૃશ્ય થઇ ગયા. બીજાં માણસો ઘોડાઓ ઉપરથી ઉતરી પડ્યાં, ઘોડાઓને થાબડવા, તેમની ચાકરી કરવા, તેમને પાણી પાવા, પોતે પાણી પીવા, વાતો કરવા, બીડીઓ પીવા, અને પાનસોપારી ખાવા મંડી ગયાં. માત્ર **શંકર** ઘોડા ઉપરથી ન ઉતરતાં ચારે પાસ ઘોડો ફેરવતો અને અને ચારે દિશામાં લાંબી નજર નાંખતો એકલો ફરવા લાગ્યો.

માનચતુર ઘોડેથી ઉતરી રથ પાસે જઇ **કુમુદસુંદરીને** ક્‌હેવા લાગ્યો: "બ્હેન, સઉ વીસામો લે છે એટલામાં ગમે તો જરી ઉતરો "અને નદી પાસે હરો ફરો. ફતેહસિંહ, નદી પાસે રથની જાજમ નંખાવ, "બ્હેન બેસે અને પાણીબાણી પિયે." **કુમુદને** હાથ ઝાલી રથમાંથી ઉતારી, પોતાને કૃતકૃત્ય માનતો ગર્વથી ફુલતો પ્રચંડ દેખાવનો શૂરવીર ડોસો નીચો વળી ધીમે ધીમે ચાલતી નાજુક પૌત્રીને જાજમ ભણી અંતત વ્હાલથી દોરી ગયો, ત્યાં એને બેસાડી, પાસે પોતે બેઠો, **હરભમ** બેઠો, બીજા બેચાર જણ જરી છેટે બેઠા, ચારે પાસના પદાર્થો **કુમુદને** બતાવવા લાગ્યા, બીજી આનંદની વાતો કરવા લાગ્યા, અને એની પાસે રુપાના કળસમાં નદીનું નિર્મલ પાણી આણી ધર્યું તે એણે રુપેરી હાથે લીધું.

આ સર્વ સ્વસ્થ દેખાવમાં **શંકરને** અસ્વસ્થ જોઇ **માનચતુર**

ધીમે રહી ઉઠ્યો, શંકરની પાસે જઇ એના ઘોડાના ગળા ઉપર હાથ મુકી કહેવા લાગ્યો: "કેમ, શંકર મહારાજ, તમે કેમ ઉતરતા નથી?"

શંકર ઉતર્યો, પણ ઉતરતાં ઉતરતાં ધીરે રહીને બોલ્યો: "ભાઇ-"સાહેબ, સઉ ચિંતા ગઇ, પણ સુરસિંહના બે દીકરા બચી ન્હાસી "ગયા છે, તેમાંથી એકની તો ચિંતા નથી—તે શૂર છે અને હલકું "કામ કરે એવો નથી. પણ બીજો દીકરો પ્રતાપ કપટી છે, દુષ્ટ "છે અને નીચ છે. તેની પાસે માણસો તો હવે નથી, પણ એકલો "એકો એકો પણ રાવણની પેઠે સઉની નજર ચુકાવી કપટ કરે એવો "છે—તે ક્યાં હશે?—અને આપણે સ્વસ્થ થઇ બેસિયે એટલામાં એ "કોઇ પણ પાસથી આવે એવું તો અત્રે નથી?—એ—હું જોઉં છું"

માનચતુર કંઇક હસ્યો: "હજી એ હીંમત કરે એવો મૂર્ખ છે?"

"એમ તિરસ્કાર કરવા જેવો નથી. કુમુદસુંદરીને પકડવાં એવી "એણે પ્રતિજ્ઞા કરી છે, એનું મન દુષ્ટ છે, અને એની બુદ્ધિ કપટમાં "કુશળ છે—હું એને સારી પેઠે ઓળખું છું."

"ઠીક, એ તો આપણે સઉ પાસથી જોતા રહીશું."

માનચતુર અને શંકર જાજમ ભણી ગયા. ચાર માણસને સઉની આસપાસ ઉભા રાખ્યા અને આજ્ઞા આપી કે ચારે પાસ અચુક દૃષ્ટિ ફેરવતાં રહેવું કે સઉની સ્વસ્થતાનો ખોટો લાભ લેવા કોઇ તત્પર ન થાય.

અત્યારે પ્રાતઃકાળના સાતેક વાગ્યા હશે પણ જંગલમાં આઠ નવ વાગ્યા જેવું લાગતું હતું. સ્વચ્છ અને ચળકતું સૂર્યબિમ્બ આકાશમાં ઉતાવળું ઉંચું ચ્હડયું જતું હતું અને દૃષ્ટિથી ખમાય નહી એવું થવા માંડતું હતું. આકાશ એક મ્હોટા ચોગાન જેવું—મેદાન જેવું—લાગતું હતું અને તે ચારેપાસ તડકાથી ચળકતી ધોળી ભુરી રેતી ભરેલું દેખાતું હતું. વાદળું તો હતું જ નહી. ચારેપાસ, પૃથ્વી ઉપર, ઝાડોની ડાળો ઉપર, નદીના પટ ઉપર, તડકો રેલાતો હતો. પાસે નદીનો પુલ હતો તેની નીચે થઇ પાણી અથડાતું સ્વર કરતું જોરથી ચાલ્યું જતું હતું. કુમુદસુંદરી ઉઠી, નદીના તીર ઉપર ઉભી, ને નદીના મૂળ ભણી તેમ મુખ ભણી કુતૂહલથી જોવા લાગી: "વડીલ, આ "પાણી કેટલું ઉંડું હશે?" કુમુદ પાણીમાં નીચું જોવા લાગી; પાણી નિર્મળ છતાં નદીનું તળિયું દેખાતું ન હતું.

હરભમ પાસે આવી બોલી ઉઠ્યો: "બ્હેન, આ પુલ આગળ "ખાડો છે ને સ્હેજ બે ત્રણ માથાં જેટલું પાણી ઉંડું હશે."

કુમુદ બોલી નહી. નદીનાં પાણીમાં, પટમાં, તેના વિચાર લીન થઇ ગયા; "સરસ્વતીચંદ્ર, તમે સાહસ તો નથી કર્યું? આ પાણીમાં "ઝંપલાવ્યું તો નથી?"

નદીમાં સરસ્વતીચંદ્રને શોધતી શોધતી પાણીના પ્રવાહપર એક સ્થળે સ્થિર દૃષ્ટિ કરી મનમાં ગણગણવા લાગી.

"જહાંગીર મુજ ધરે ફકીરી, જળચરનો સહચારી થયો!
"દુષ્ટ કુમુદને કાજ ઝુર્યો ને મ્હેલ છોડી જળશાયી થયો!"

"હો સુભદ્રા!

"રત્ન પડ્યું તુજ ખોળે જો, તો યત્ન કરી તું સાચવજે!
"પુરુષરત્નને કંઠે[1] રાખી સ્નેહ થકી તું જાળવજે!"

"અલી સુભદ્રા તું ચતુર છે?—એને નીરમાં ડુબાડીશ નહી— "એને તો કંઠે[1] જ રાખજે—ત્હારે કંઠે[1] વળગાડજે."

"સુભદ્રા, તુ આજે આટલી પ્રસન્ન કેમ છે?
"પુરુષરત્નને ઉરે ગ્રહી તું પ્રસન્ન થાય ન, તો મૂર્ખી;
"પુરુષરત્નનો ધરી સમાગમ ધન્ય ધરે આવી સુરખી!"

"અલી સુભદ્રા, મ્હારા ભાગ્યની અદેખાઇ કરવાનું ત્હારે કાંઇ "કારણ નથી હોં! મ્હારા સ્વામી છે તે મ્હારા ઉપર સ્નેહ નથી "રાખતા; મ્હારા ઉપર સ્નેહ રાખે તે મ્હારો સ્નેહી તો ખરો જ, "પણ તેના ઉપર સ્નેહ રાખવાનો મને અધિકાર નથી. એટલે હું "નહી સ્વામીની ને નહી સ્નેહીની!!"

[2]"સ્વામી શોધે બીજીને, તજી મને!
"સ્નેહી શોધે મને, તજીને મને!
"શોધે સ્નેહી તે વ્યર્થ, એને નહી મળું;
"દેહ દીધો સ્વામીને પાછો ક્યમ લઉં?
"તજે સ્વામી ત્હોયે એ સ્વામી દેહનો;
"તજે નહીંજ સ્નેહી યે બંધ સ્નેહનો.

"તજું જો હું નકામા મ્હારા દેહને,
"ભસ્મ એથી કરું હું જો આ સ્નેહને,

---

૧ કંઠ એટલે ગળું અથવા કીનારો.
૨ ચરા.—એ રાગ.

"સરિત! સ્નેહીનો સ્નેહ ભુલાવજે!!
"એને જીવતો ગમે તે કરી રાખજે.
"ત્હારે તીરે આવીને કદી એ રુવે,
"એનાં ઉન્હાં આંસુ, ઓ નદી, તું લ્હુવે.
"ત્હારી રેતીમાં આવી એ ઉભો રહે,
"મ્હારૂં નામ જપે ને આંસુડાં વહે;
"પણો એકલો વિચાર મ્હારા એ કરે,
"રોતો રોતો રેતીમાં પડીને સુવે;
"ત્હારા પાણીમાં પેંસી ન્હાશે એ કદી,
"પણો વિચારે ઘસડાશે ત્હારા વેગથી;
"નદી! દયા એવે તે સમે લાવજે,
"હૈયાસુના સ્નેહીને ઉગારજે.
"ઉભો ઉભો, નદી, એ ત્હારા નીરમાં,
"સારી આંસુ ભેળવશે ઘડીકમાં;
"લખશે આંગળિયે નીરના પ્રવાહમાં
"મ્હારા નામના અક્ષરને વિચારમાં.
"મ્હારા ઉપર એવું તે એનું વ્હાલ છે,
"મ્હારે માટે એવા તે એના હાલ છે.
"પુરો શ્રીમાન ને વિદ્વાન એ,
"મ્હારી પ્રીતમાં ખુવે છે વાન સાનને.
"શાણો મ્હારે સારૂ એ ગાંડો થયો,
"કવિતા મ્હારી કરવાને વનમાં ગયો.
"નથી સાંભળી શકતી હું એની વાતને,
"માટે અથડાવે રત્ન જેવી જાતને.
"ઉભરા ક્હાડે વનેચરના કાનમાં,
"લખે પ્રેમની કવિતા ઝાડપાનમાં.
"નદી, એવું એવું હું, જાણી, જોઇ રહું,
"એનાં આંસુ વહે તે વ્હેવા દઉં,
"વ્હાલો કરૂં કૃતઘ્ન મ્હારા જીવને,
"લ્હાય લાગતી નથી આ શરીરને;

"શોધ કરતી નથી હું વ્હાલા સ્નેહોની,
"ઝાળ જંપાવતી નથી દિવ્ય દેહોની;
"મને લેજે, માટે, તું નિજ નીરમાં,
"વ્હેંચી દેજે શરીર-શબ *મીનમાં."

કુમુદસુંદરીનું હૃદય આમ નિરંકુશ થઇ દ્રવતું હતું; શરીરના સ્વામીનું સામ્રાજ્ય શરીર ઉપર જ રાખી, તેણે બ્હારવટે મોકલેલું કોમળ હૃદય હૃદયના સ્વામીની પ્રીતિ અને દશાના સંકલ્પોથી આમ ઉન્માદાવસ્થા ભોગવતું ઉત્કટ થતું હતું: તે કાળે તેનું શરીર તીરની ઉંચી ભેખડરૂપ આસન ઉપર અને આકાશરૂપ છત્ર નીચે દિવ્ય પ્રતિમા પેઠે સ્તબ્ધ હતું. નદી ઉપર વળેલી નેતર પેઠે—નાજુક વેલી પેઠે—તે ઘણીકવાર સુધી આમ ઉભી રહી. ચંદ્રગોળ નદી ઉપર આકાશમાં લટકી રહે તેમ એનું શોકના શાંત તેજથી તેજસ્વી અને નિશ્ચેષ્ટ મુખ અદ્ધર નીચું વળી નદીમાં પોતાના પ્રતિબિમ્બને જોતું હોય એમ લટકતું હતું. નદી ઉત્તરમાં કાંઇ સામો આલેખ પ્રતિબિમ્બરૂપે લખી રહી હોય એમ કુમુદને લાગતી હતી. નીચે આરસનાં જેવાં પગલાંને અગ્રભાગે રહેલી નખ-કળિયો, અને ઉપર ઉઘાડા રહેલા મુખની ઉજ્વળ દંતકળિયો, એ બે પોતાની વ-ચ્ચેના શરીરને ઉચકી જનારી પાંખોનાં પિચ્છાગ્ર હોય એમ, સામ-સામી ઉભી રહી કંઇક સંકેત કરતી દેખાતી હતી.

આ સમયે સર્વનો ઉલ્લાસ પુરો થઇ ગયો હતો; સર્વ કાંઇક શાંત થયાં હતાં; અને હવે વાધવાની તૈયારી કરવાની સૂચના ક્યારે થાય છે તેની વાટ જોતાં હતાં. **માન**ચતુર પણ એવી સૂચના કરવાના જ વિચારમાં તીર ઉપર તરવારને ટેકી ઉભો હતો. **શંકર** એની એક પાસ ઉભો હતો ને કુમુદસુંદરી ઉભી હતી તે જગાની નીચેની ભેખડો ભણી તાકીને જોઇ રહ્યો હતો.

આમ સઉ સ્વસ્થ અને શાંત હતાં તે વચ્ચે એકદમ **શંકર** કુદ્યો અને શીકારી ગરુડ પર્વતના શિખર ઉપરથી અચિંત્યો પૃથ્વી ઉપર જાય તેમ **શંકર** નદીમાં ઉડી પડ્યો. "શું થયું?" "શું થયું?" કરી સર્વ ત્યાં આગળ ગયાં તો નદીના પ્રવાહમાં પુલભણી ત્રણ જણ ખેંચાય!—આગળ અર્ધી ડુબતી કુમુદસુંદરી, પાછળ તરતો બ્હારવ-ટિયો **પ્ર**તાપ, અને તેની પાછળ લાંબા વામ ભરતો બળવાન **શંકર**! બીજાં એક બે માણસ પાછળ પડ્યાં, પણ નદીનો વેગ એટલો હતો

* માછલાંમાં.

કે તે પાછળ રહ્યાં ને આગળનાં ત્રણ માણસ ને તેમની વચ્ચે ઘણો અંતર પડી ગયો. માનચતુરને નદીમાં પડવાનો વિચાર વીજળી જેવી ત્વરાથી જેવો થયો તેવો જ તરત તે વિચાર ખોટો લાગતાં બંધ થઇ ગયો. આ નદીમાં પાછળ પડવાથી પાછળ પડી જવાનું નક્કી ને કુમુદ હાથમાંથી જતી રહેવાની. પુલની પેલી પાસ કુમુદ ખેંચાય તે પ્હેલાં ત્યાં જઇ સામેથી નદીમાં પડવા માનચતુર ઘોડાપર એકદમ સ્વાર થઇ દોડ્યો. બીજાં માણસ પણ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વર્તવા દોડ્યાં.. નદી અર્ધા ગાઉ સુધી વાંકી વળી પાછી વળતી હતી. તે સ્થળે સામાં પડવા બે ચાર સ્વાર દોડ્યા. બે જણ મનહર-પુરી દોડ્યાં.

રથ એમનો એમ રહ્યો. ગાડીવાન સુવર્ણપુરનો હતો અને પ્રમાદધનની ખાનગી વાતોનો કંઇક ભોમિયો હતો. કુમુદસુંદરી ઉભી હતી ત્યાં એ ગયો ને ચારે પાસ તથા નીચે નદીમાં જોયું. આગળ કુમુદ-સુંદરી અને પાછળનાં સર્વ માણસ એક પછી એક જોતાજોતામાં પુલ તળે પાણીમાં તણાઇ અથવા તરી અદૃશ્ય થઇ ગયાં. જ્યાં કુમુ-દસુંદરી ઉભી હતી ત્યાં આગળ તપાસતાં ગાડીવાનને શંકા થઇ કે, ભેખડ ભાગી પડવાથી પગ સરતાં ભાભી પડી ગયાં હશે કે બ્હાર વટિયે પગ ખેંચી ધસડ્યાં હશે કે ભાઇથી કંટાળી આપઘાત કર્યો હશે? તેને કંઇ સુઝ્યું નહી, જાજમ સંકેલી ગાડીમાં નાંખી, કુમુદસુંદરીની ગાંસડી ને કાગળો એકઠા બાંધી રત્નનગરીનો એક સ્વાર રથ જોડે રહ્યો હતો તેને આપ્યાં, ને કહ્યું: “આ ગુણસુંદરીને આપજો. સુવર્ણપુર “લઇ જવાનું કામ નથી. આપણે પુલ આગળ વાટ જોઇએ છિયે. “નદીના વેગ આગળ મને કાંઇ આશા પડતી નથી. જો ઇશ્વર સામું “જુવે તો તો સઉ સારાં વાનાં છે તે મનહરપુરી જઇશું. જો વિપ-“રીત થશે તો હું સુવર્ણપુર જઇશ—તમે આ ગાંસડી લઇ મનહરપુરી “જજો. સમાચાર મળે ત્યાં સુધી થોભવું.”

સ્વાર આંખો લ્હોતો લ્હોતો ગાંસડી લેઇ ઘોડે ચ્હડ્યો. ગાડી-વાને બળદ જોડ્યા ને નિઃશ્વાસ મુકી બને જણ પુલ આગળ રસ્તા વચ્ચે ઉભા ને કુમુદસુંદરીના ગુણ સંભારવા લાગ્યા. સ્વાર ક્‌હેવા લાગ્યો: “અરેરે, બ્હારવટિયાને સઉ પુરા પડ્યા ત્યારે આમ થયું! “ન્હાનપણમાંથી આવું શાણપણ!—કુમુદસુંદરી તો કોક અલૌકિક “કારમો જ અવતાર! એ તે મૃત્યુ લોકને કેમ છાજે! જ્યાં જાય

"ત્યાં એને પગલે પગલે લક્ષ્મી! બોલે તો જાણે મોતી ખરે! ભાઇ,
"એ તો સાક્ષાત્ જગદમ્બા જ! બુદ્ધિધનભાઇએ શઠરાય જેવાને
"મ્હાત કર્યો તે એની જ શક્તિથી!" ગાડીવાન બોલ્યો: "ખરી વાત
"છે, ભાઇ. એનામાં મહામાયાનો અંશ તો ખરો.. આવાં અલેકમ્હેન
"તે પણ ભાભીસાહેબને પગલે પગલે ભમતાં. એમણે તો ચારે પાસ
"કાંઇ માયાની જાળ નાંખી હોય નહી? એમ જે એને જુવે તેનો
"એમના ઉપર ભાવ થઇ જતો. બુદ્ધિધનભાઇ પણ એમ જ જાણે કે
"કુમુદસુંદરી તે શી વાત! એનાં પગલાં તો દુધે ધોઇને પીયે એવાં!
"એમને પેટે તો અવતાર લઇયે એવા એમના ગુણ! જો એમનો
"પત્તો જ ન લાગ્યો તો ગજબ થશે. ઓ ભગવાન! એમનો વાંકો
"વાળ થવા દઇશ નહી ને ગમે તે કરી હતાં એમનાં એમ અમને
"એ પાછાં સોંપજે. અમે પાછા જઇ શું મ્હોં દેખાડીશું?"

સરસ્વતીચંદ્રને જોગી લોક લેઇ ગયા ત્યારે કુમુદને આમ નદી લેઇ ગઇ. એના માર્ગ જુદા હતા; દિશા એક હતી. અનેક આંખો એમની પાછળ ખેંચાતી હતી અને એમના માર્ગ શોધતી હતી. પણ દૈવની ઇચ્છા કેઇ દિશામાં દોડે છે તેની તો માત્ર કલ્પના જ હતી.